
આનંદ.



अर्पणपत्रिका.

અખંડ સૌભાગ્યવંતા સ્વર્ગવાસી મણિબાઈ.

આપે અલ્પ જીવનમાં જે સદ્ગુણો દર્શાવી આપ્યા છે, તે દરેક શ્રાવિકાએ અનુકરણ કરવા યોગ્ય છે. ધાર્મિકવૃત્તિ, પતિ તથા ગુરૂજન તરફ ભક્તિભાવ અને શીલપાલન વગેરે ઉત્તમ ગુણોથી આપ અલંકૃત થયાં હતાં અને તેથી આપ આપના વિદ્વાન્ પતિ શા. છગનલાલના પવિત્ર પ્રેમના પાત્ર બન્યા હતા. એવા આપના પરલોક વાસી આત્માના સતત સ્મરણ રૂપ ભાલ અલંકાર રૂપે આ શ્રાવિકાભૂષણનો તૃતીય અલંકાર આપને અર્પણ કરી અમે હૃદયમાં આનંદિત થઈએ છિએ.

અમો છીએ,

શ્રી જૈન ધર્મ પ્રસારક વર્ગના,

વ્યવસ્થાપકો.

પ્રસ્તાવના.



શ્રાવક કુટુંબને પવિત્ર અને પ્રેમી કરી, સદ્‌ગુણરૂપી પવિત્ર શણગારથી શણગારવાને તથા ગૃહસંસારને સુખરૂપ કરી આલોક—પરલોક સુધારવાને સાધનરૂપ એવો આ શ્રાવિકા ભૂષણનો તૃતીય અલંકાર સાધર્મિ બહેનોના કરકમળમાં મુકતાં અમને વિશેષ આનંદ ઉત્પન્ન થાય છે. અર્વાચીન કાળના વિદ્વાનોએ એવો સિદ્ધાંત કર્યો છે કે, "સર્વ પ્રજાની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિનો આધાર સ્ત્રીકેળવણી ઉપરજ છે." તેથી સ્ત્રીકેળવણીની વૃદ્ધિ થાય, તેવા ગ્રંથરૂપ સાધનો વધારવાની પૂર્ણ આવશ્યકતા છે. જે આવશ્યકતા આ શ્રાવિકાભૂષણના અલંકારોથી પરિપૂર્ણ કરવાની અમને ઉત્તમ અભિલાષા પ્રાપ્ત થાય છે.

શ્રાવિકા ભૂષણના પ્રથમ અને દ્વિતીય અલંકારને સર્વ જૈન વર્ગ તરફથી સારો આવકાર મળ્યો છે. જૈન મુનિઓ, જૈન ગુણપરીક્ષક વિદ્વાનો અને સાક્ષરા શ્રાવિકાઓએ તેને માટે પ્રશંસાના પત્રો લખી અમોને અતિ ઉત્સાહ આપ્યો છે. કેટલાએક બન્ધુઓએ અને બહેનોએ એ ગ્રંથોની તેના સૌંદર્ય અને જ્ઞાન માટે તારીફ કરી છે, અને તેની અંદર આપેલા આખ્યાનોની અતિ રસિકતાને સાનંદવદને સ્વીકારી છે. કેટલીએક બાળા અને તરૂણ શ્રાવિકાઓ તેના મંજુલ—મધુર ગીતોની રસિક બની રહી છે અને સદા એ મનોહર અલંકારોથી પોતાના મનોભાવને અલંકૃત કરી પોતાનું ભવિષ્ય સુધારવાને તત્પર થઇ રહી છે.

આ ઉપરથી અમને ખાત્રી થાય છે કે, આ કેળવણીરૂપ કલ્પલતાને ખીલવનારા અને શ્રાવિકાઓના ભાવ સૌંદર્યને વધારનારા આવા ગ્રંથો પ્રગટ કરવામાં થયેલો અમારો શ્રમ સર્વ રીતે સાર્થક થયેલો છે. તે સાથે વિશેષ ઉત્સાહ પ્રાપ્ત કરવાને અમારે એટલું જણાવવું પડે છે કે, દરેક શ્રાવક કુટુંબમાં જો આવા ગ્રંથો વંચાશે તો સાંપ્રતકાળમાં તથા ભવિષ્યમાં તેમની કીર્તિ અચળ પ્રસરશે. એટલુંજ નહીં પણ તેમની આ સંતતિ તેના ઉત્તમ સંસ્કારથી હૃદયને ભૂષિત કરી શ્રાવિકા નામને યથાર્થ રીતે દીપાવશે.

શ્રાવકમાતા કે શ્રાવક બહેની પોતાની જ્ઞાતિની સર્વ અવસ્થાનું હિત સ્વધર્મ મર્યાદાએ તેટલુંજ નહીં પણ તે તે હિત તેઓના વ્યવહાર

ઉપર પડયું તેને દષ્ટાંતોથી સાકાર કરી તે પોતાની સમક્ષ તાદશ ખડું કરી શકે તેવી યોજનાથી આ લેખ લખવામાં આવ્યો છે. અને તેમાં સ્ત્રી સ્વભાવની જુદી જુદી રેખાઓ કલ્પિત છતાં ઉચ્ચ આદર્શ અને મનોરંજક કરવામાં આવી છે. મુખ્ય કથાની સાથે અવાંતર કથાઓના પ્રસંગોની અંદર એકથી તે બીજા છેડા સુધી આરપાર વહ્યો જતો કથાનો સ્વાદિષ્ટ રસ પ્રસંગાનુસાર વિવિધ રાગની ગરબીઓ તથા ધાર્મિક વૃત્તિનું પોષણ એ બધા ગુણરૂપ રત્નોથી જડેલો આ તૃતીય અલંકાર સર્વને પ્રિય થવાની વિશેષ આશા બંધાય છે.

આ તૃતીય અલંકારમાં ચૌદમા દિવસથી તે ઓગણીશમા દિવસ સુધીના પ્રસંગો વર્ણવેલા છે. ચૌદમા દિવસમાં આનંદાના મુખથી પ્રેમદાની દીકરી પોતી સંબંધી વાર્તા શરૂ થાય છે અને તે પ્રસંગે શ્રાવક કોમમાં ચાલતા **સવેલી** કન્યા પરણવાના કુરીવાજનો ધિક્કાર દર્શાવ્યો છે. અને તે ઉપર કેશરપુરના **દેવચંદ** શેઠ અને તેની સ્ત્રી **રૂખી** અને તેની દીકરી **જશોદાનું** ઉપાખ્યાન આપવામાં આવેલું છે. તે આખ્યાનમાં તેજ નગરના નિવાસી **શાંતિલાલ** નામના શ્રાવક પુત્રની સાથે થયેલ જશોદાનું વેવિશાળ તોડી **ફકીરચંદ** નામના એક વૃદ્ધ વરની સાથે પૈસા લઈ કરવામાં આવતાં તે પ્રસંગે દેવચંદને તેની સદ્ગુણી શ્રાવિકા રૂખીએ આપેલો બોધ મનન કરવા જેવો છે અને તે પ્રસ્તુત વિષયમાં **ફકીરચંદ**ની પ્રથમની સ્ત્રીની પુત્રી **ચંદન** કે જે જશોદાની સહાધ્યાયિની હતી. તેની દ્વારા **ફકીરચંદે** કરેલો **જશોદાનો** મેળાપ અને તેની અંદર થયેલ વાતો ઘણી બોધક અને અસરકારક છે. આ વિષયમાં પણ **કન્યાવિક્રય**ના મહાપાપનું બ્યાન કરવામાં આવ્યું છે. અને તે પ્રસંગે **લલિતા**ના મુખથી કન્યાવિક્રયનું સુંદર ગીત ગવરાવી એ કથાનક પૂર્ણ કરવામાં આવ્યું છે. તે પછી **આનંદાએ** ગૃહ—વ્યવહારમાં પૈસાની વ્યવસ્થા કરવાનો અને **લોભ** ન રાખવાનો બોધ આપી કેટલુંએક સ્ત્રી શિક્ષણને લગતું વિવેચન કરી **વિનોદચંદ**નું બીજું ઉપાખ્યાન આપેલું છે. સ્ત્રીના કહેવાથી માતપિતાને તરછોડી, જુદા રહેનારા પુત્રવધૂ ઉપર આ દ્રષ્ટાંત પૂર્ણ રીતે લાગુ પાડેલું છે. અને તેની અંદર વિવિધ પ્રકારના સ્ત્રીબોધનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે વાર્તામાં **કલ્યાણ, વાણી, વિનોદચંદ્ર** અને **જડાવ** નામના પાત્રોની યોજના કરી જનસ્વભાવનું ઉત્તમ ચિત્ર ચિતારવામાં આવ્યું છે. આ પ્રસંગે ધર્મના પ્રભાવનું ગીત આપી વાચક વર્ગના હૃદયમા ધર્મની અ-

સર ગાય લેવી યોજના કરેલી છે. તે પછી પ્રસ્તુત વિષયને પુષ્ટિ આપવા **શ્રી-ચંદ્ર** શેઠના દીકરા **દાનચંદ્રનો** અવાંતર પ્રસંગ વર્ણવી અજ્ઞાન સ્ત્રીની મુષ્ટિ તથા અજ્ઞાનનો મહાન શુષ્ણ દર્શાવ્યો છે, વળી તેજ વાતોમાં માબાપોએ પોતાના સંતાનોની સાથે કેમ વર્ત્તવું જોઈએ ? એ વિષે વિવેચન કરી એક મનોહર કવિતા આપવામાં આવી છે, અને એજ કથાનકને અંતે ગોદમા દિવસની સમાપ્તિ કરવામાં આવી છે.

પંદરમા દિવસના આરંભે **જયા** અને તેના પતિ **સોમચંદની** વાર્તાના પ્રસંગનો આરંભ કરવામાં આવ્યો છે. અને તે પ્રસંગે **ભાવચંદ** નામના શ્રાવકની પુત્રી **છબી** અને તેના પતિ **સાકરચંદની** અવાંતર કથા આપવામાં આવી છે અને તેની અંદર નઠારી સાસુઓ અને તેમના પ્રસંગમાં આવતી શ્રાવિકાઓના પ્રવર્તનનો ચિતાર આપેલો છે. તેમાં **ગરીડ** નામના એક મશ્કરા શ્રાવકના મુખથી કેટલાંએક બોધક વચનો દર્શાવી એ પ્રસંગને સારી રીતે પલ્લવિત કરેલો છે. તે પછી એજ દિવસના આરંભમાં છબીની વાર્તા ચાલુ રાખી **ગોમતી** નામના એક નવા પાત્રની યોજના કરી. " જૈન સાધ્વી કેવાં જોઈએ ?" એ વિષે ચર્ચા કરી તેની રસિક કવિતા આપવામાં આવેલી છે. તે પછી સારી અને નઠારી ગૃહસ્થિતિ વિષે આનંદાના મુખથી બોધ દર્શાવી તે પ્રસંગે વસંતપુર નગરના **દેવશર્મા** બ્રાહ્મણની સ્ત્રી ગોદાવરીની વાર્તા આપેલી છે. અને તે વાર્તાને પ્રસંગે ગોદાવરીએ કહેલ **ભાનુ** અને સતી શોભાની ઉપકથા ઘણી રસિક અને શીળવ્રતને દઢ કરનારી ઉપન્યસ્ત કરી છે. અને તેથી ' જીવતા નર સો ભદ્રા પામે ' એ કહેવત સિદ્ધ કરી બતાવી છે. આ પ્રસ્તુત વિષયમાં " નિર્ધન અને દુઃખી અવસ્થામાં સ્ત્રીએ કેવી રીતે વર્ત્તવું જોઈએ ?" એ વિષે એક મધુર રાગની ગરબી આપી એ દિવસની સમાપ્તિ કરવામાં આવી છે.

સોળમા દિવસમાં પ્રભુના સ્મરણનું પ્રભાત ગીત આપી **લક્ષ્મીચંદ** અને તેની સ્ત્રી તારાનો વાર્તા સંબંધ લઈ તેમાં દુર્બળ ગૃહસ્થિતિમાં સ્ત્રીના પ્રવર્તનનો ચિતાર આપ્યો છે. તે પછી ઉપદેશ વાર્તાના આરંભમાં પ્રભુભક્તિનું ગીત આપી આનંદાના મુખથી શુભાશુભ કર્મ વિષે સુબોધક વિવેચન આપેલું છે. તે પછી કમળા અને પાર્વતીનો પ્રસંગ લાવી સ્ત્રીઓની બાળ, તરૂણ અને વૃદ્ધ અવસ્થાના પ્રવર્તનનો ક્રમ બતાવી સ્ત્રીએ સગર્ભાવસ્થામાં

[illegible] કરવામાં આવ્યું છે અને તે ઉપર એક સુંદર [illegible] આપવામાં આવી છે. તે પછી [illegible] પ્રસંગે [illegible] વામાં આવ્યો છે.

સત્તરમા દિવસમાં [illegible] સામાયિકનો પ્રસંગ લઇ [illegible] ધાર્મિક [illegible] વિવેચન કરવામાં આવ્યું છે. તે પ્રસંગે [illegible] અને વિશેષ [illegible] નિપુણચંદ્ર [illegible] કેશવચંદ્ર નામે [illegible] અને તેની સ્ત્રી સુમતિ [illegible] કથા આપવામાં આવી છે. એ પ્રસંગે [illegible] આપવામાં આવેલું છે. તે પછી [illegible] ધર્મસિંહની પાસે જતાં શિવચંદ્ર શેઠને તેની પત્ની આનંદીની આશાનું એક હૃદયભેદક ગીત આપેલું છે. તે પછી ઉપદેશવાર્તાના આરંભમાં જ્ઞાનશ્રીનો પ્રસંગ લાવી સતી રોહિણીની મનોહર અને બોધક કથા આપેલી છે. તે પછી ઘડીઆળ ઉપર બોધક વિવેચન કરી તપસ્યાના પ્રભાવની એક મધુર ગરબી દર્શાવવામાં આવી છે. આ પ્રસંગે **અજવાળી** અને **તારાના** સંવાદમાં **દીવાળી** નામના એક નવા પાત્રની યોજના કરી " ગૃહકાર્યના શિક્ષણ વગરની એકલી સ્ત્રીકેળવણી નકામી છે." એ વાત સિદ્ધ કરી બતાવી છે. અને તે ઉપર અજવાળીના મુખથી તેના મામા **અમરચંદની** દીકરી **જેકુંવરની** ઉપકથા આપવામાં આવી છે અને ત્યાં સત્તરમા દિવસની સમાપ્તિ કરી છે.

અઢારમા દિવસમાં પોતાની નણંદ પાર્વતીનો પ્રસંગ લઇ આનંદાની ઉપદેશવાર્ત્તાનો આરંભ કરવામાં આવ્યો છે. ત્યાં પાર્વતીના બાળપુત્રનો પ્રસંગ લઇ સ્ત્રીઓએ બોધ થવાને બાળરક્ષણનો ઉત્તમ પ્રકાર દર્શાવ્યો છે. તેના જુદા જુદા પંદર પ્રકાર પાડી તે વિષયને સારી રીતે પલ્લવિત કરવામાં આવ્યો છે. તેને અંતે ' માતાએ છોકરાને કેમ ઉછેરવાં ?' તે વિષેનું એક સુંદર ગીત આપી અને પછી મણિના મુખથી શ્રી વીર ભગવાનની આરતી ગવરાવી એ દિવસને સમાપ્ત કરવામાં આવ્યો છે.

ઓગણીશમા દિવસમાં આનંદાની નાની પુત્રી કુમુદનો પ્રસંગ લઇ વિદ્યાભ્યાસ કરતી બાળ શ્રાવિકાઓને ઉત્તેજન આપવાનું માહાત્મ્ય દર્શાવી

નવ દંડકનો ઉપયોગી વિષય દાખલ કર્યો છે અને તેના વિવિધ ભેદ આપી તેની ઉત્તમ પ્રકારે સમજુતી આપવામાં આવી છે. ત્યારબાદ નવ દંડકનો વિષય સંક્ષેપમાં સ્મરણ રહે તેવી એક કવિતા આપી તે દિવસના પ્રસંગ સાથે આ શ્રાવિકા ભૂષણનો તૃતીય અલંકાર સમાપ્ત કરવામાં આવ્યો છે.

પૂર્વના બે અલંકારથી વિલક્ષણ ચિતાર આપનારો આ તૃતીય અલંકાર દરેક શ્રાવિકાને મનન કરવા યોગ્ય છે. આ અલંકારમાં આપેલા બોધક પ્રસંગોની અસર જો વાંચનારી બ્હેનોના મગજપર રહી જાય તો તે થોડી આકર્ષક નથી. વળી શ્રાવિકા વર્ગને ઉપયોગી એવા આવાં પુસ્તકો જૈન સાહિત્યના સંગીન વધારામાં ઉપયોગી છે. કેળવણી રૂપ કલ્પલતાના મધુર ફળનો સ્વાદ લેવાને ઇચ્છા રાખનારી શ્રાવિકાઓના હાથમાં જો આવાં આવાં પુસ્તકો મુકવામાં આવશે તો શ્રાવક સંસારનું શુદ્ધ સ્વરૂપ કે જે આપણે અત્યારે જોઈ શકતા નથી; તે જોવાને આપણે સમર્થ થઇશું.

ધાર્મિકમાતાઓને અને બ્હેનોને તેમના અવકાશના કાળમાં નીતિ, બોધક રસિક વૃત્તાંત રૂપે લાયક એવું વાંચન પૂરું પાડવાની ઇચ્છા ધરાવનારા અને શ્રાવિકાઓમાં શારદા દેવીની પ્રતિષ્ઠા કરાવવાની હોંશ રાખનારા જે ગૃહસ્થો અમારા આ કાર્યને ઉત્તેજન અને અનુમોદન આપવા સદા ઉત્સુક રહે છે, તેમને અમે પૂર્ણ ધન્યવાદ આપીએ છીએ. તેમાં ખાસ કરીને આ તૃતીય અલંકાર શેઠ હીરાચંદ લીલાધરના ઉદાર આશ્રયને આભારી છે. તે સદ્‌ગૃહસ્થે આ ગ્રંથની પ્રસિદ્ધિના ઉત્તેજનમાં (૨૭૫) બસોને પંચોતેર રૂપીઆ અર્પણ કરેલા છે. આવા શ્રેયસાધક જ્ઞાનસેવને પુષ્ટિ આપનાર એ ગૃહસ્થ શ્રાવકને અમે અભિનંદન આપી બીજા ગૃહસ્થોને તેમનું અનુકરણ કરવાની વિનંતિ કરીએ છીએ.

છેવટે પોતાના અમૂલ્ય સમયનો ભાગ આપી જ્ઞાનોલ્લાસની વૃદ્ધિ કરવાની ઇચ્છા રાખનારા અને 'શ્રાવિકાનો ઉદ્ધાર એ સર્વ સંઘનો ઉદ્ધાર છે,' એવા સિદ્ધાંતને પ્રતિપાદન કરનારા ઉપકારશીલ મહા મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજે આ ગ્રંથને આદ્યંત વાંચી તે ઉપર શુદ્ધિની મુદ્રા સ્થાપિત કરી છે, તેને માટે અમે એ મહાનુભાવનો પૂર્ણ આભાર માની આ ગ્રંથના ઉપોદ્ઘાતનો લેખ સમાપ્ત કરીએ છીએ.

સંવત્ ૧૯૬૯ શ્રાવણ કૃષ્ણ દ્વાદશી. પર્યુષણપર્વ.	શ્રી જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.

અખંડ સૌભાગ્યવંતા સ્વર્ગવાસી શ્રાવિકા મણિબાઈનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત.

धर्मोद्यमेन नश्यन्ति यस्य स्यादिह निश्चये ।
प्रत्येति स्वं दर्शनं कृत पुरुषि संपत्ति ॥ १ ॥

સમરાદિત્ય સંક્ષેપ.

શ્રાવિકા મણિબાઈનો જન્મ વિક્રમ સંવત્ ૧૯૪૪ના વર્ષમાં જ્યેષ્ઠ માસની કૃષ્ણ પંચમી અને ગુરૂવારે થયો હતો. તેમના પિતા શાહ પાનાચંદ શાંતિદાસ કાઠિયાવાડમાં આવેલા શ્રી ભાવનગર શહેરના નિવાસી છે. વીશા-ઓશવાલ જ્ઞાતિમાં આવેલું તેમનું કુટુંબ જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક તરીકે ઓળખાય છે. આવા શુદ્ધ જૈન કુટુંબમાં જન્મેલાં સૌ. મણિબાઈ એ કુળ-ક્રમને અનુસરી ધાર્મિક વિષયનું કેટલુંએક જ્ઞાન મેળવવાને ભાગ્યશાળી થયાં હતાં. તેઓ બાલ્યવયથી ચંચળ અને શાંત હતાં. તેમનામાં સ્વભાવિક રીતે વિનય, વિવેક અને નમ્રતા વિગેરે સદ્‌ગુણો સ્વતઃ પ્રાપ્ત થયેલા હતા. પુત્રીના સ્વાભાવિક ગુણોને જોઈ તેમના પિતાએ તેઓને જમાનાને અનુસરતું કેટલું-એક વ્યવહારિક શિક્ષણ આપ્યું હતું. તે શિક્ષણ સંપાદન કરી મણિબાઈએ પોતાના અલ્પ જીવનમાં પણ સારી કીર્તિ પ્રાપ્ત કરી હતી.

સૌ. મણિબાઈ જ્યારે યોગ્ય ઉમરનાં થયાં, ત્યારે તેમના પ્રેમી પિતાએ તેમને માટે યોગ્ય પતિની શોધ કરવા માંડી. "આ બાળ શ્રાવિકા જો કોઈ યોગ્ય પતિને પ્રાપ્ત થાય તો ભવિષ્યમાં સર્વ રીતે સુખી થાય" આવા ઉત્તમ ઈરાદાથી કુલીન શ્રાવકગૃહની તપાસ કરતાં એક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ગૃહસ્થનું કુટુંબ તેમના જોવામાં આવ્યું હતું. તે ગૃહસ્થ શા. **અમરચંદ જેવંત** હતા. જેઓ સુપ્રસિદ્ધ લાલનના કુટુંબ માંહેલા એક ગણાય છે. અને **લાલન** એવા પ્રખ્યાત ઉપનામથી તેઓ પણ ઓળખાય છે. તે અમરચંદ જેવંતના પુત્ર શાહ **છગનલાલ**ની જોડે સૌ. મણિબાઈના લગ્ન કરવામાં આવ્યાં હતાં. શા. છગનલાલ એક સારા સદ્‌ગુણી અને વિદ્વાન્ શ્રાવક છે.

તેમની સાથે સૌ. મણિબાઈનો પવિત્ર સંબંધ જોડાવાથી સુવર્ણ અને સુગંધનો યોગ થયો હતો.

સૌ. મણિબાઈએ જ્યારે શ્વસુરગૃહમાં વાસ કર્યો, ત્યારે તેમના વિદ્વાન્ પતિને એક સુશિક્ષિત શ્રાવિકાના સંસારનો અનુપમ સ્વાદ પ્રાપ્ત થવા લાગ્યો. એ વિદ્વાન્ જોડાએ સાથે રહી મનુષ્ય જીવનના મહત્ત્વનું, સાધુતાનું અને વિનય ભાવનું ચિત્ર ખડું કર્યું અને પરસ્પર તેમના હૃદયમાં પુણ્ય, પવિત્રતા પ્રેમ અને દયાની મનોહર છબી પડી ગઈ. "ભવિષ્યમાં મનુષ્ય જન્મની સાર્થકતા કેવીરીતે કરી શકાય" એમ જાણનારા એ વિદ્વાન્ દંપતીએ અલ્પ સમયમાં પોતાના વડિલ અને સગા સ્નેહીઓનાં નયન તથા મનને એવી તૃપ્તિ આપી કે જેથી તેઓએ તેમને માટે જન કલ્યાણની સારી આશા બાંધી હતી.

સૌ. મણિબાઈ અને તેમના પતિ શા. છગનલાલનો શ્રાવક સંસાર સારી રીતે પ્રવર્ત્યો હતો. ધર્મ પ્રમાણે ગૃહાવાસમાં વર્તનારા તે વિદ્વાન્ જૈન દંપતીએ નીચેના પદ્યને યથાર્થ કરી બતાવ્યું છેઃ—

यदा भर्त्ता च भार्या च परस्परवशानुगौ ।
तदा धर्मार्थकामानां त्रयाणामपि संगतम् ॥ १ ॥

અર્થ:—જ્યારે પતિ અને પત્ની અન્યો અન્યને અનુસરી વર્ત્તનારા હોય છે, ત્યારે ધર્મ, અર્થ અને કામ ત્રણેનું સંમીલન થાય છે. ૧

એ વિદ્વાન્ દંપતીના સંબંધમાં પણ તેવી રીતે બનતું હતું. સૌ. મણિબાઈ પોતે વ્યવહારિક કેળવણી સાથે ધાર્મિક કેળવણી પામેલા હોવાથી પોતાની પતિ પ્રત્યેની ફરજને સારી રીતે સમજતાં હતાં. અને તે પ્રમાણે સ્વધર્મ પાળી પોતાના ગૃહસ્થાવાસને એક દૈવી આવાસમાં ફેરવી નાંખવાને સમર્થ થયા હતા. યુવાવસ્થામાં પણ તેમની પ્રતિદિન ધર્મ તરફ પ્રીતિ વધતી જતી હતી અને સંસાર તરફ ઉપેક્ષા પ્રગટ થતી હતી. પોતાના પત્નીને એક સદ્ગુણી શ્રાવિકા જોઈ તેમના વિદ્વાન્ પતિ હૃદયમાં ખુશી થતા અને તેમને ધાર્મિક કાર્યોમાં અનુમોદન આપતા હતા. પતિના અનુમોદનથી સૌ. મણિબાઈ પોતાની શ્રાવિકાજીવનને સાર્થક કરનારી ઉમદા અભિલાષાઓને પાર પાડી શકતા હતા.

આવા ઉત્તમ પ્રકારથી સૌ. મણિબાઈના હૃદયમાં ધાર્મિક વૃત્તિના પ્રભાવવડે જ્ઞાનાનંદ વૃદ્ધિ પામતો ગયો. જેમ જેમ જ્ઞાનાનંદનો અખંડ પ્રવાહ

તેમના હૃદયમાં વ્હેતો થયો, તેમ તેમ તેમને તેનો દિવ્ય અનુભવ થવા લાગ્યો અને તેથી પોતાની સાધર્મિ બ્હેનોને એ અનુપમ જ્ઞાનાનંદનો લાભ આપવાની તેમની ઉત્કંઠા જાગ્રત થઇ હતી. એ ઉપયોગી વિષયમાં મથન કરવાની શરૂઆત કરવાનો બરાબર સમય પ્રાપ્ત થયો, પોતાના શ્રાવિકાજીવનની ઉપયોગિતા સિદ્ધ કરવાનો ઉત્તમ અવસર પ્રાપ્ત થયો, તેવામાં દુર્દૈવના યોગથી તેમના આયુષ્યનો અચાનક અંત આવી ગયો, સંવત્ ૧૯૬૧ના વર્ષમાં અશાઢ માસની શુક્લ પ્રતિપદા અને સોમવારે શ્રાવિકા મણિબાઇનો પવિત્ર આત્મા આ અસાર સંસારનો પ્રવાસ અપૂર્ણ રાખી પરલોકનો પ્રવાસી થઇ ગયો. તેમના ઉમદા આશા ભરેલા જીવનનો અકસ્માત્ અંત આવવાથી તેમના ઉભય કુટુંબમાં ભારે દિલગીરી પ્રસરી ગઇ અને એ યુવતિ શ્રાવિકાના સદ્ગુણોનું વારંવાર સ્મરણ કરી તેમના સહવાસીઓએ અને સંબંધીઓએ કરૂણાજનક કલ્પાંત કર્યું હતું.

સૌ. મણિબાઇ વિદ્યુત્‌ની જેમ પોતાના સદ્ગુણોનો પ્રકાશ પાડી સદાને માટે અદૃશ્ય થયા છે, તથાપિ તેમનું સદ્ગુણમય યશઃશરીર તેમના પરિચિત જનમાં કાયમ રહ્યું છે. આવા એક લાયક અને નાની વયમાં આટલી ઊંચા પ્રકારની યોગ્યતા મેળવનાર તે સદ્ગુણી શ્રાવિકાનું નામ કોઇ પણ તેમના પરિચયમાં આવેલ મનુષ્ય કદિપણ વિસરી શકે નહીં. તેમ વળી તેમનું આ સંક્ષિપ્ત જીવન બીજી સાધર્મિ બ્હેનોને દૃષ્ટાંતરૂપ થાય, એમ ધારી અમોએ આ શ્રાવિકાઓના ભાવ અલંકારરૂપ પુસ્તકની સાથે તેમનું નામ જોડવું યોગ્ય વિચાર્યું છે. જેથી આ ગ્રંથના યશોગાનની સાથે તેમના સદ્ગુણોનું યશોગાન પણ થયા કરે.

સંવત્ ૧૯૬૪. ભાદ્રપદ.	શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ,



શ્રાવિકા ભૂષણ.

તૃતીય અલંકાર.

મંગલાચરણ.

શાર્દૂલ વિક્રીડિત.

આરાધું અરિહંતના ચરણને સેવું સમાધિ ધરી,
[1]વાણી વીરજિનેશની જયવતી [2]સન્માર્ગને આદરી;
પ્રેરો શ્રી પરમેશ [3]શાસનસુરી શ્રી શ્રાવિકાધર્મને,
સાધો સંઘ સમુન્નતિ સુખકરી આપો સદા [4]શર્મને. ૧

વસંતતિલકા.

જે નારી [5]જન્મ સુકૃતેથી સુધારવાને,
ઈચ્છા કરો [6]પરમબોધ વધારવાને;
તો ધારજો હૃદયમાં શુભ સદ્વિચારો,
તો [7]શ્રાવિકા સરસ ભૂષણ કંઠ ધારો. ૧
જે હોંસ કોમનણિ ઉન્નતિ ચિત્ત ધારો,
સંસારનો પણિ ઘણો કરવા સુધારો;

૧ વીર ભગવંતની વાણીને સેવું. ૨ સારા માર્ગને આદર આપીને. ૩ જિનશાસનની દેવી. ૪ સુખને. ૫ મનુષ્ય જન્મ. ૬ [illegible] [illegible] [illegible] કંઠે ધારણ કરો.—

જીતો સદા હૃદયના અશુભ [1]વિકારો,
તો શ્રાવિકા સરસ ભૂષણ કંઠ ધારો. ૨
જો સત્પતિવ્રત ધરી જનમાં [2]પ્રસારી,
સત્કીર્તિ [3]અંતર કરો શુભવિચાર ભારી;
જો ધર્મબોધ ફળ મેળવવા વિચારો,
તો શ્રાવિકા સરસ ભૂષણ કંઠ ધારો. ૩
જો શુદ્ધભાવ ધરીને નિજનાથ સાથે,
સંસારમાં રહી કરો સુકૃતો સ્વહાથે;
[4]અન્યોપકાર કરવા મનમાંહિ ધારો,
તો શ્રાવિકા સરસ ભૂષણ કંઠ ધારો. ૪
જો [5]હાનિકાર [6]કુરિવાજ ઘણાં [7]વિદારી,
સાધર્મિ કષ્ટ હરવા મન જ્યો વિચારી;
સતશ્રાવિકા બનિ કરો સુકૃતો હજારો,
તો શ્રાવિકા સરસ ભૂષણ કંઠ ધારો. ૫
શ્રી વીરશાસન તણો જયનાદ [8]વાધો,
શ્રી શ્રાવિકા જન સહુ શુભ કાર્ય સાધો,
વિદ્યા વિવેક વિનયાદિ ગુણો વધારો,
આ શ્રાવિકા સરસ ભૂષણ કંઠ ધારો. ૬

નિત્યનો સમય થયો એટલે ધર્મદાસ શેઠ અને ગંગા શ્રાવિકાશ
ળામાં આવે છે. તે વખતે બીજી શ્રાવિકાઓ પણ એકઠી થાય
ધર્મદાસ શેઠ શ્રાવિકાઓનાં સમાજ વચ્ચે આવ્યા એટલે શ્રાવિ
ઓએ ઉંચે સ્વરે (આદીશ્વર ભગવાનની જય) એવી મોટી ઘોષ
કરી પછી ધર્મદાસ શેઠ પોતાને આસને બેઠા અને નીચે પ્રમ
મંગળાચરણ બોલ્યા—

૧ હૃદયના વિકારો—કામ, ક્રોધ વગેરે. ૨ સત્કીર્તિ ફેલાવી. ૩ હૃદય
૪ પરોપકાર. ૫ હાનિકારક. ૬ નઠારા રિવાજો. ૭ નાશ કરી. ૮ વૃદ્ધિ પામો.

સ્રગ્ધરા.

આપો શ્રી વીરવાણી [1]હૃદયકમળમાં [2]ધૈર્યતા ધર્મ બુદ્ધિ,
સંસારે [3]સાર પામો સકળ જગતમાં શ્રાવિકા [4]નિત્ય શુદ્ધિ
શોભાવો [5]ભવ્યભાવે નિજમતિ મનને શ્રાવિકા ભૂષણેથી,
પામી સત્પ્રેમ સારા સફળ સહુ કરો શ્રાવિકા સંઘ જેથી. ૧

આ પ્રમાણે મંગલાચરણ કર્યા પછી ધર્મદાસ શેઠે પોતાની ઉપદેશ વાર્ત્તા શરૂ કરી—હે સદ્ગુણી શ્રાવિકાંઓ! નિત્યના નિયમ પ્રમાણે આનંદા ઉપદેશ વાર્ત્તા કરવાને તૈયાર થઈ એટલે લલિતા ચંચલ, પ્રેમ, પુતળી, જયા, અને પ્રેમદા વિગેરે બધી શ્રાવિકાઓ હાજર થઈ ગઈ. પ્રેમદાને એકલી આવેલી જોઈ ચંચળ બોલી—પ્રેમદા ભાભૂ, આજે એકલાં કેમ છો? પોતી ક્હેન ક્યાં છે?

પ્રેમદા—ચંચલ ક્હેન, આજે તો પોતીનાં ભાગ્યનોઉદય થઈ ગયો છે, તેથી નંદુ અને પોતી કામમાં રોકાઇ ગયા છે, તોપણ તે આવ્યા વિના રહેશે નહિ.

ચંચળ—ભાભૂ, એટલું બધું શું છે? તે કહો તો ખરાં.

પ્રેમદા—ચંચળ ક્હેન, પોતી ઉન્મત્ત અને છકાંછળી હતી, તેથીજ તેનાથી કંટાળીને તેનાં સાસૂસસરાએ પોતીનાં વરનું બીજે ઠેકાણે વેવિશાળ કર્યું હતું, તે કન્યા આપણા કાંતિપુરની હતી. અને ઉમરમાં મોટી હતી. આ વર્ષમાં તે કન્યાનો વિવાહ પણ થવાનો હતો, તેવામાં એક મોટું તોફાન જાગ્યું છે; જો કે તે તોફાન છે, તે છતાં તેથી આપણી પોતીના ભાગ્યનો તો ઉદય થઈ ગયો છે.

ચંચળ—ભાભૂ, એવા તોફાનમાં પોતીના ભાગ્યનો ઉદય શી રીતે થાય? જ્યાં તોફાન હોય, ત્યાં સારૂં ફળ શી રીતે થાય?

૧ હૃદયરૂપી કમળ. ૨ ધીરજ. ૩ શ્રેષ્ઠ. ૪ હમેશાં શુદ્ધિ ૫ ભવ્યપણે.
૬ પોતાની બુદ્ધિ તથા મનને.

ને કન્યાનો અમુક અંશે પતિ થઈ ચુક્યો છે, તે પતિને છોડી બીજો પતિ કરવો એ ઠીક ન કહેવાય. કેટલાએક અધર્મિ શ્રાવકો એવી સગેલી કન્યા બીજે આપે છે અને પોતાના કુળધર્મની પ્રતિષ્ઠાને ગુમાવે છે. એવા શ્રાવકો શુદ્ધ શ્રાવકો નથી પણ તેઓ નીચ વર્તનના શુદ્ર જેવા છે. એક ઠેકાણે દીકરીનો સંબંધ કરી જનસમૂહની વચ્ચે વાગ્દાન આપી પછી અમુક મુદ્દતે તે મોટી થયેલી કન્યાને બીજે પરણાવવી—એ કેટલો અન્યાય અને અધર્મ કહેવાય છે? એવાં નીચ માબાપો પોતાની પુત્રીના ખરેખર નાતરાં કરે છે. એમ કહેવું કાંઈજ ખોટું નથી. એ દુરાચાર પુર્નલગ્નના જેવોજ છે. બહેન ચંચળ, તે વિષે તને કેટલું કહું, હવે એ દુરાચાર કેટલાએક શ્રાવકોમાં પ્રવર્તવા લાગ્યો છે. કેટલાએક પુરૂષો તો માત્ર પૈસા લેવાની લાલચથી એવું નઠારૂં કામ કરે છે, બાળપણથી કરેલો સંબંધ કન્યાવિક્રય કરવાની લાલચથી તોડી નાખે છે અને મનમાનતા પૈસા લઈને તે સગેલી કન્યા બીજા પુરૂષને આપે છે. વળી કોઈ વાર તો કોઈ પુરૂષે પૈસા આપી એક કન્યાની સાથે વાગ્દાન કર્યું હોય, અને જ્યારે કન્યા લાયક ઉમરની થાય ત્યારે જો કોઈ વધારે પૈસા આપનાર મળે તો તે કન્યા તેને આપવામાં આવે છે. આવા વિપરીત કાર્ય કરવાથી કેટલાએક શ્રાવકો જગત્માં ઘણાંજ નિંદાપાત્ર બને છે.

ચંચળ—પ્રેમદાબાઈ એવાં નઠારાં કામ કરનારા પુરૂષને જૈન કે શ્રાવક કહેવા નહીં. પણ શ્રાવકના નામને ધારણ કરનારા રાક્ષસો કહેવા જોઈએ. બાઈ, હું તો આ વાત સાંભળીને આશ્ચર્ય પામી ગઈ છું. આપણ શ્રાવકની કોમ જગત્માં ઉંચી કોમ ગણાય છે. તેમાં આવાં નઠારાં કામ બને, એ કેવી શરમની વાત કહેવાય?

પ્રેમદા— એક વખત તેવી એક વાત મેં નજરે જોઈ છે. તે સાંભળવા જેવી છે.

ચંચળ—આનંદાભાહૂ, એ વાત કહો. મારે સાંભળવી છે.

પ્રેમદા—ચંચળ બ્હેન આપણા ગામથી વીશ ગાઉ ઉપર કેશરપુર નામે એક નગર છે. તેમાં મારૂં મોશાળ છે, એક વખતે હું કેશરપુરમાં મારા મામાને ઘેર ગઇ હતી. ત્યાં મારા મામાના પાડોશમાં દેવચંદ કરીને એક શ્રાવક રહેતો હતો. તે દેવચંદને જશોદા નામે એક દીકરી હતી. યશોદા નાનપણમાંથી બુદ્ધિવાળી અને ચતુર હતી. તેણીએ કન્યાશાળામાં સારી કેળવણી લીધી હતી. દેવચંદ શ્રાવક હતો પણ તે નામનોજ શ્રાવક હતો. શ્રાવકના ધર્મને તે બીલકુલ જાણતો નહોતો. માત્ર જેવો તેવો નવકાર મંત્ર જાણી શ્રાવક નામને ધરાવતો હતો. દેવચંદનું કુટુંબ પહેલાં સારૂં ગણાતું પણ પાછળથી તેને વેપારમાં મોટી નુકશાની થવાથી તે નઠારી સ્થિતિમાં આવી ગયું હતું, દેવચંદના હૃદયમાં ધર્મના સંસ્કાર ન હોવાથી તે પોતાનો ઘરસંસાર ચલાવાને અવળા અવળા વિચાર કરવા લાગ્યો. પોતાના કુટુંબની આજીવિકા ચલાવી શકાય, તેવો સારો ઉદ્યોગ તે કરી શકે તેમ હતું, તે છતાં પૈસાદાર થવાની લાલચમાં તે લપટાયો હતો.

તે દેવચંદને રૂખી નામે સ્ત્રી હતી, રૂખીનું પીયર સારા કુળનું કહેવાતું હતું. રૂખીનો પિતા ખરેખરો શ્રાવક હતો. તે જૈનધર્મ ઉપર પૂર્ણ આસ્તાવાળો હતો. તે સાથે તેણે ધર્મ સંબંધી સારૂં જ્ઞાન સંપાદન કર્યું હતું પિતાના ધાર્મિક કુટુંબના સંસ્કારો રૂખીમાં સારી રીતે પ્રાપ્ત થયા હતા. રૂખી હમેશાં દેહેરે ઉપાશ્રયે જતી અને સામાયિક લઇ સારી રીતે સજાય ધ્યાન કરતી હતી. માતાના સહવાસથી તેની પુત્રી યશોદા પણ ધર્મની રાગી થઇ હતી. યશોદાના હૃદયમાં ધાર્મિક અને સાંસારિક કેળવણી દૃઢ થઇ હતી. તેનું વય માત્ર તેર વર્ષનું હતું, તોપણ તેણીનામાં સારી કેળવણી આવેલી હતી. મુગ્ધભાવ છતાં

તેણીનામાં પ્રૌઢતાની છાયા દેખાતી હતી. અને તેના સુંદર મુખ ઉપર ગંભીરતાનો ઉત્તમ દેખાવ છવાઈ રહ્યો હતો.

આ યશોદાનું વેવિશાળ તેજ નગરમાં એક શાંતિલાલ નામના યુવાન શ્રાવક પુત્રની સાથે કરવામાં આવ્યું હતું. શાંતિલાલે બાળવયથીજ સારી કેળવણી લીધી હતી. શાંતિલાલનું કુટુંબ સાધારણ સ્થિતિનું હતું, પણ લાજ આબરૂમાં તે સારી વિખ્યાતિને પામેલું હતું. શાંતિલાલ સ્વભાવે શાંત, વિદ્વાન્ અને પરોપકારી હતો. તે હમેશાં સાર્વજનિક કામમાં સારો ભાગ લેતો અને જનસમૂહનું સર્વ પ્રકારનું હિત કરવાને આગળ પડતો હતો. યશોદા જ્યારે ઉમર લાયક થઈ ત્યારે દેવચંદને તેની સ્ત્રી રૂખીએ કહ્યું, સ્વામી, હવે યશોદાના લગ્ન કરો. ઉમર લાયક થયેલી છોકરી આપણા ઘરમાં રહે તે ઠીક ન કહેવાય, હવે ગામમાં આપણી વાતો થાય છે. વળી આપણા જમાઈ શાંતિલાલ પણ લાયક ઉમરના અને સમજુ છે. તેમજ શાંતિલાલના માબાપ લગ્ન કરવાની ઉતાવળ કરે છે.

રૂખીનાં આવાં વચન સાંભળી મલીનહૃદયનો દેવચંદ બોલ્યો—હે સ્ત્રી, તેં કહ્યું, તે વાત બરાબર છે, પણ શાંતિલાલની સાથે યશોદાનાં લગ્ન કરવાં તે મને યોગ્ય લાગતું નથી. કારણકે, શાંતિલાલના ઘરની સ્થિતિ સારી નથી. તેનો બાપ એક સાધારણ સ્થિતિનો માણસ કહેવાય છે, લોકોમાં તેના ઘરની આબરૂ સારી ગણાય છે, પણ તેની સ્થિતી ઉપરથીજ સારી લાગે છે. અંદરખાને બધી પોલ છે. એવા ગરીબ સંસારમાં યશોદાને આપવી એ મને યોગ્ય લાગતું નથી. આપણી યશોદા મોંઘી અને લાડકી છે, તેને ગરીબ કુટુંબમાં આપી દુઃખી કરવી, એ મને ઉચિત લાગતું નથી.

પતિનાં આવાં વચન સાંભળી રૂખી નાખુશી બતાવીને બો-

સ્ત્રી—સ્વામી, આ શું બોલો છો? બાળપણનું વેવિશાળ તોડવાની હલકી વાત કહેતાં તમને શરમ કેમ આવતી નથી? આપણું કુટુંબ ઊંચું ગણાય છે તો એવી હલકી વાત કરવાથી પણ આપણા કુટુંબને કલંક લાગશે. વળી શાંતિલાલ જેવા ધર્મી અને વિદ્વાન પુરૂષનો સંબંધ છોડવો, તે કોઇ રીતે યોગ્ય ગણાય નહીં. જે એક વાર આપણો જમાઇ કહેવાયો; તે હવે બદલી શકાય નહીં. તમે શાંતિલાલના ઘરને સાધારણ સ્થિતિનું ગણો છો, પણ તે ઊંચું કુટુંબ છે. વળી શાંતિલાલ વિદ્વાન્ ગુણી અને ધર્મી છે. તેવા ઉત્તમ પુરૂષની સાથે ગૃહવાસમાં જોડાએલી આપણી યશોદા સર્વ રીતે સુખી થશે. યશોદા પણ સુશીલ, અને નમ્ર છે, તો શાંતિલાલના સહવાસથી તેના ગુણો ખીલી નીકળશે. તેમનો શ્રાવકસંસાર સારીરીતે દીપી નીકળશે. સ્વામી, આવા કનિષ્ટ વિચાર લાવો નહીં. તમારા જેવા કુલીન પુરૂષમાં આવા હલકા વિચાર પેદા થાય, એ આપણી અધમ સ્થિતિ થવાનું સૂચવે છે. પતિ, આ વિષે દીર્ઘ વિચાર કરી જુવો. સાહસ કરો નહીં. શાંતિલાલના જેવા સદ્ગુણી શ્રાવકનો સંબંધ તોડવાની વાત હવેથી હૃદયમાં પણ લાવશો નહીં. તમારા મુખમાંથી આવાં અનુચિત વચનો નીકળવા ન જોઇએ. તમારા ધર્મને, તમારા કુળને, તમારી ખાનદાનીને અને તમારા વડીલોની કીર્ત્તિને હૃદયમાં વિચારી જુવો. એ ચાર બાબત ખરેખરી વિચારવાની છે. જે માણસ એ ચાર બાબતનો વિચાર કરતો નથી, અને તેનું ઉલ્લંઘન કરી પ્રવર્ત્તે છે, તે જગત્માં અને કુળમાં નિંદાપાત્ર બની પોતાના જીવનને મલિન કરી નાખે છે. સ્વામી, હું અલ્પબુદ્ધિવાળી સ્ત્રી આપને વધારે કહેવાને યોગ્ય નથી. હવે આપ પોતેજ તેનો વિચાર કરો.

રૂખીનાં આવાં વચન સાંભળી દેવચંદ ક્ષણવાર વિચારમાં પડયો પણ છેવટે રૂખીનાં ઉપદેશવચન તેના લોભીહૃદયમાં ઉતર્યાં નહીં. તે ઉંચે સ્વરે બોલી ઉઠયો—હે સ્ત્રી, તારા જેવી સમજણી અને

તમારે શું કહેવું. પણ બૈરાંઓની બુદ્ધિ ઓછી હોય છે, એ વાત તારા બોલવા ઉપરથી સાબિત થાય છે. વળી સ્ત્રીઓનો સ્વભાવ આગ્રહી અને હઠીલો હોય છે. જે વાત ઉપર તેણીને આગ્રહ બંધાઈ જાય, તે વાત તે કદી પણ છોડતી નથી. જો આપણી યશોદા ઉપર તને પ્રેમ આવતો હોય, અને તેને એક ધનાઢ્યના ઘરમાં સુખી થતી જોવાની તારી પૂર્ણ ઇચ્છા હોય તો શાંતિલાલ જેવા નિર્ધન જમાઇ કરવાનો આગ્રહ રાખીશ નહીં. કદિ પુરૂષ, વિદ્વાન, ગુણી અને સુશીલ હોય પણ જો ધનસંપન્ન ન હોય, તો તે શા કામનો છે? લક્ષ્મી એ પુરૂષની ઉત્તમમાં ઉત્તમ શોભા છે. લક્ષ્મીના સૌંદર્યની આગળ વિદ્યા કે ગુણ કાંઈ પણ હીસાબમાં નથી. લક્ષ્મીના વૈભવની આગળ વિદ્યા તથા ગુણ હલકામાં હલકા છે. તેથી મારો વિચાર શાંતિલાલ વિષે બદલાઇ ગયો છે. યશોદા જેવી સુંદર અને ચંચળ કન્યાને માટે એ પતિ જરાપણ યોગ્ય નથી. તેણીને માટે તો ધનવાન વરની યોજના થવાની જરૂર છે અને તે યોજના મેં તૈયાર પણ કરેલી છે. જે તું થોડા દિવસમાં તારી નજરે જોઇ શકીશ. પતિનાં આવાં વચન સાંભળી રૂખી ગભરાઇ ગઇ અને નિસ્તેજ થઇને બોલી —સ્વામી, શું તમે એ વિપરીત જનાપણું તૈયાર કરી છે? એ બહુજ અપશોષની વાત છે. તમારા જેવા કુલીન પુરૂષને આવા વિપરીત વિચારો ક્યાંથી પ્રગટ થયા? આપણાં કયા પાપ પ્રગટ થયાં! શું યશોદા જેવી સુંદર અને કુલીન શ્રાવકબાળાને આમ થવાનો વિપરીત પ્રસંગ આવ્યો? અરે કર્મ, તારી ગતિ વિચિત્ર છે. શાંતિલાલ જેવા સદ્દગુણી શ્રાવકને દૂર કરી બીજા વરની સાથે યશોદાનાં લગ્ન કરવાં, એ કેવું વિપરીત? આ પ્રમાણે બોલતાં બોલતાં રૂખીના નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલવા માંડી, તેના શરીરમાં કંપારી છુટી અને તે બેશુદ્ધ થઇને પૃથ્વી ઉપર ઢળી પડી,

આ બધું યશોદા મેડી ઉપર ઉભી ઉભી સાંભળતી હતી. પોતાના

માતાપિતા વચ્ચેની વાતચીત સાંભળી તે બાળા ચિંતામાં પડી ગઈ હતી. યશોદાએ કેળવણી લીધેલી હોવાથી તેણીએ કેટલુંએક સાંસારિકજ્ઞાન સંપાદન કરેલું હતું. તે મુગ્ધા હતી તોપણ વિશેષવય તથા જ્ઞાનને લઈને તેણીનામાં સારા નરસાનું જ્ઞાન સ્વભાવથી થયેલું હતું. શાંતિલાલ ઘણે પ્રસંગે પોતાના સાસરા દેવચંદને ઘેર આવતો તેથી યશોદા તેને ભાવથી નિરખતી અને તેની ઉપર તેણીએ પોતાના પવિત્ર પ્રેમને સ્થાપિત કર્યો હતો. શાંતિલાલના રૂપ, ગુણ અને સ્વભાવની છાયા યશોદાની ઉપર પડેલી તેથી યશોદા શાંતિલાલ ઉપર સારો પ્રેમ ધરાવતી અને ભવિષ્યમાં તેની સાથે સંસારસુખ લેવાના નવાનવા મનોરથો કરતી હતી. જ્યારે તેણીએ પોતાના પિતાના વિપરીત વિચાર સાંભળ્યા ત્યારે તેના હૃદયમાં ઘણીજ ચિંતા થવા લાગી. તેણીએ તે વખતે પોતાના મનમાં નિશ્ચય કર્યો કે, શાંતિલાલ શિવાય બીજા પતિને કદિ પણ મારે વરવું નહીં. છેવટે લાજ છોડીને પણ પોતાની ઈચ્છા પિતાને દર્શાવવી તેમ કરતાં જો પિતા બળાત્કાર કરી બીજાની સાથે પરણાવે તો આ શરીરને પાડી નાખવું, આવો નિશ્ચય કરી યશોદા તે વિષેનાજ વિચાર કરવા લાગી.

હવે દ્રવ્યના લોભી દેવચંદે તે ગામમાં **ફકીરચંદ** નામના એક ધનાઢ્ય શ્રાવકની સાથે યશોદાનો ફરી સંબંધ કરવાની વાત ચલાવી હતી. ફકીરચંદની ઉમર પચાશ વર્ષની હતી. તે કાપડનો એક ધનાઢ્ય વેપારી હતો. ફકીરચંદની પેહેલી સ્ત્રી એક વર્ષ પેહેલાં ગુજરી ગઈ હતી. અને તેને પેહેલી સ્ત્રીના બે પુત્રો અને બે પુત્રીઓ —એમ ચાર સંતાનો હતાં. આવી ઉજળી પ્રજા છતાં માત્ર ગૃહસ્થપણાની શોભાની ખાતર તેમજ વિષયની વાંછનાને લઈને ફકીરચંદ ફરીવાર પરણવાને તૈયાર થયો હતો. જે ગૃહસ્થો પોતાને ઉજ્વળ પ્રજા હોય, તે છતાં મોટી વયે ફરી પરણવાની ઈચ્છા કરે છે, તેઓનો પાછલો સંસાર ઘણે ભાગે દુઃખરૂપ થઈ પડે છે.

કબૂલ કરી અને અમુક દિવસે કન્યા જોવાને ફકીરચંદે દેવચંદને ઘેર આવવું, એવો નિશ્ચય કરવામાં આવ્યો.

ફકીરચંદ અને દેવચંદની વચ્ચે યશોદાના સંબંધની વાત છુપી રાખવામાં આવી હતી, પણ ફકીરચંદ કન્યાના ગુણદોષ જાણવાને માટે દેવચંદના સંબંધીઓને અને આડોશી પાડોશીને યુક્તિથી પુછતો, તેથી તે વાતની ચર્ચા ચારે તરફ થવા લાગી હતી. દેવચંદે પોતાની સ્ત્રી રૂખીને પણ ફકીરચંદની વાત જણાવી ન હતી, તોપણ લોકોની ચર્ચામાંથી તે વાત રૂખીના જાણવામાં આવી હતી અને રૂખી ફકીરચંદને ઓળખતી, તેથી ફકીરચંદના વય, ગુણ, તથા સ્વભાવને જાણી તેણીના મનમાં તેની તરફ ઘણોજ તિરસ્કાર છુટતો હતો.

ફકીરચંદને **ચંદન** કરીને એક છોકરી હતી, તે યશોદાનીસાથે કન્યાશાળામાં એકજ વર્ગમાં ભણતી હોવાથી યશોદાએ કોઈ કોઈ વાર ફકીરચંદને કન્યાશાળામાં ચંદનની ખબર પુછવા આવવાને પ્રસંગે જોયો હતો. એક વખતે લુબ્ધ બનેલા ફકીરચંદના જાણવામાં આવ્યું કે, દેવચંદની પુત્રી યશોદા શિક્ષણ લેવા જાય છે અને તે પોતાની પુત્રી ચંદનની સાથે એકજ વર્ગમાં ભણે છે. તેથી તેના મનમાં આવ્યું કે, યશોદાને ચંદનની મારફત પોતાને ઘેર બોલાવવી અને તેના ગુણની બરાબર પરીક્ષા લેવી. આવું ચિંતવી ફકીરચંદે ચંદનને કહ્યું હતું કે, તારી સાથે જે યશોદા નામની છોકરી ભણે છે, તેને કોઈ યુક્તિથી આપણે ઘેર તેડી લાવજે, મારે તેને કેટલુંએક પુછવાનું છે. ચંદન પોતાના પિતાનો ઇરાદો જાણતી ન હતી, વળી તેણીનામાં મુગ્ધભાવ વિશેષ હોવાથી તેવો કાંઈ પણ વિચાર તેના મનમાં આવ્યો ન હતો. સરળ હૃદયની બાળા ચંદન પિતાની આજ્ઞાથી એક વખત યશોદાને સમજાવી પોતાને ઘેર તેડી લાવી.

યશોદા એક તેજસ્વી કુમારિકા હતી, તેનામાં રૂપ અને ગુણ બન્ને વાસ કરીને રહ્યાં હતાં. તેણીના સુંદર મુખ ઉપર બાળિકાપણાનું ચળકતું તેજ પ્રકાશી રહ્યું હતું. સર્વ અંગમાં ગંભીરતાની સાથે ચંચળતા દેખાઈ આવતી હતી. આવી સુંદર બાળિકાને જોઈ ફકીરચંદના મોહમાં વધારો થઈ આવ્યો, તેની અંતરની આશા પલના ખીલી નીકળી. પોતે આપવાને નિર્ણય કરેલા પાંચ હજાર રૂપિયાની રકમને માટે તેને સંતાપ થયો તરતજ તે લુબ્ધ શ્રાવકે યશોદાને પોતાના એકાંત સ્થાનમાં બોલાવી તેની સાથે પોતાની નિર્બુદ્ધિના ચંદન પણ ભરાવી. ફકીરચંદે કંઈપણ કામનું બાનું બતાવી ચંદનને ત્યાંથી દૂર કરી એટલે ચંદન બાલાની થઈ ગઈ. યશોદા પણ તેની સાથે જવા લાગી એટલે ફકીરચંદે કહ્યું, યશોદા તમે અહીં બેસો. મારે તમારું કામ છે.

યશોદા—કાકા. તમારા જેવા મોટાઓને મારા જેવી છોકરીની સાથે શું કામ હોય?

ફકીરચંદ—તમે મને કાકા કહો નહીં.

યશોદા—ત્યારે કાકા ન કહું, તમે મારી બહેનપણી ચંદનના પિતા થાઓ એટલે મારા કાકાજ કહેવાઓ.

ફકીરચંદ—યશોદા, એ વાત ખરી છે, પણ તમારે મને કાકા કહેવા ન જોઈએ. તેનાં કેટલાંએક કારણો છે, કે, જે તમારા જાણવામાં હજુ આવ્યાં નથી.

યશોદા—તેવાં શાં કારણો છે?

ફકીરચંદ—હે સુંદર બાળા, તે કારણો તમને કહેવામાં અડચણ નથી, ને છતાં તમારે મોઢે ખુલ્લાં કરવાં તે મને વાજબી લાગતું નથી; કારણકે; તમે હજુ નાની વયનાં છો, તેથી તમારી આગળ ખુલ્લે ખુલ્લું કહેવાથી વખતે તે વાત બાહેર પડે તો ઘણું વિપરીત બને.

યશોદા—કાકા, મારા જેવી છોકરીની આગળ તેવી વિપરીત વાત કહેવાની શી જરૂર છે? અમારે છોકરાંને તેવી વાતમાં શામાટે પડવું જોઇએ?

ફકીરચંદ—યશોદા, તમે મને કાકા કહો છો, તે મને બીલકુલ ગમતું નથી; કારણકે, તમારો અને મારો જુદી રીતનો સંબંધ થવાનો છે.

યશોદા—કાકા, જુદી રીતનો સંબંધ શો થવાનો છે? તે જરા જણાવો તો ખરા?.

ફકીરચંદ—યશોદા, તમે કુવારાં છો કે પરણેલાં?

ફકીરચંદનાં આવાં વચન સાંભળી યશોદા શરમાઈ ગઇ અને તે નીચું મુખ કરીને ઉભી રહી. તે વખતે તેણીના ચતુરમનમાં વિચાર આવ્યો કે, "આ ફકીરચંદે મને આવા સવાલો શામાટે પુછયા હશે? વળી મારા પ્રિયપતિ શાંતિલાલના સંબંધની વાત તે જાણતા હશે કે નહીં? વખતે આમની આગળ વાત કરવાથી વિશેષ ખુલાસો થશે, માટે તેમના બધા સવાલોના ઉત્તર આપવા જરૂરના છે," આવું ચિંતવી યશોદા નીચે પ્રમાણે બોલી—

યશોદા—કાકા, હું કુંવારી છું.

ફકીરચંદ—યશોદા, વળી મને કાકા શા માટે કહે છે?

ફકીરચંદને કાકા કહેવાથી ચીડાતો જોઇ તે ચતુરબાળાએ પાછો વિચાર કર્યો કે, "આ વાતમાં કાંઇક શંકા પડતું છે, વળી મારી બ્હેનપણી ચંદનને મા નથી, તેથી વખતે આ ફકીરચંદની મને પરણવાની ઈચ્છા તો નહીં થઈ હોય?" આવું વિચારી તે બાળા બધી વાત જાણવાને હીંમત કરીને બોલી—

યશોદા—તમને હું કાકા કહું છું, તે પસંદ નથી તેનું શું કારણ છે? તે કહો.

ફકીરચંદ—યશોદા, જો તમે બધી વાત મનમાં રાખો તો હું કહું.

યશોદા—હું બધી વાત મનમાં રાખીશ. તમે ખુશીથી કહો.

ફકીરચંદ—પહેલાં તો હું જે પુછું, તેનો ઉત્તર આપો.

યશોદા—પુછો, હું ખુશીથી ઉત્તર આપીશ.

ફકીરચંદ—કહો, યશોદા, તમે કુંવારાં છો કે પરણ્યાં છો?

યશોદા—હું કુંવારી છું.

ફકીરચંદ—તમારૂં કોઈ ઠેકાણે સાસરૂં કર્યું છે કે નહીં?

યશોદા—હા, મારૂં સાસરૂં કરેલું છે.

ફકીરચંદ—જે ઠેકાણે તમારૂં સાસરૂં કરેલું છે, તે ઠેકાણું તમને પસંદ છે?

યશોદા—હા, મને પસંદ છે.

ફકીરચંદ—યશોદા, મેં ગામમાંથી સાંભળ્યું છે કે, જે ઠેકાણે તમારૂં સાસરૂં કરેલું છે, તે ઠેકાણું તમને અને તમારા માબાપને પસંદ નથી, તેથી તમારૂં સાસરૂં બીજે ઠેકાણે કરવાની ગોઠવણ થાય છે, એ વાત સાચી છે?

યશોદા—કાકા, એ વાત કેમ બને? કુલીનશ્રાવકની કન્યાનો કરેલો સંબંધ કદિપણ તોડી શકાતો નથી, મારાં માબાપ કુળવાન્ હોવાથી તેઓ એવું વિપરીત કામ કેમ કરી શકે?

ફકીરચંદ—યશોદા, તમને ના પાડ્યા છતાં વારંવાર મને કાકા કહો છો, તે ઠીક ન કહેવાય. તેવું કહેવાથી તમને દોષ લાગે છે.

યશોદા—મારી બ્હેનપણી ચંદનના તમે બાપા થાઓ, તેથી હું તમને કાકા કહું, તેમાં દોષ શાનો?

ફકીરચંદ—તે વાત તમારી આગળ ખુલ્લી કરીશ એટલે તમને માલમ પડશે.

યશોદા—ત્યારે તમે ખુલ્લી કરો.

ફકીરચંદ—પછી કરીશ, અત્યારે તો મારા સવાલનો ઉત્તર આપો.

યશોદા—કહો, શેનો ઉત્તર આપું ?

ફકીરચંદ—યશોદા, મને ખબર છે કે, તમારૂં વેવિશાળ શાંતિલાલ નામના એક શ્રાવકની સાથે થયેલું છે, પણ તે શાંતિલાલના ઘરની સ્થિતિ સારી નથી. તેવા ગરીબ કુટુંબમાં તમારો સંબંધ થાય, એ કોઈ રીતે યોગ્ય ન કહેવાય. કારણકે, તમારા જેવી ચતુર અને ગુણી બાળાનો બધો ભવ બગાડવો એ વાત તમારાં સુજ્ઞ માબાપો કેમ કરે ?

યશોદા—કાકા, તે વિષે તમારી આગળ વધારે કહેતાં મને શરમ થાય છે, પણ એટલું તો મારે કહેવું પડે છે કે, કુળવાન્ શ્રાવકની દીકરીનો એક ઠેકાણે સંબંધ થયો હોય, તે તોડી બીજે ઠેકાણે કરવો એ ઘણી ધર્મવિરૂદ્ધ વાત છે. જે પુરૂષની સાથે સર્વ લોકોની સમક્ષ સંબંધ કરવામાં આવ્યો હોય, તે કન્યાનો વિવાહ કર્યા જેવું કહેવાય છે. વિવાહિત કરેલી કન્યાને બીજા પુરૂષની સાથે પરણાવવાથી જેટલો દોષ લાગે છે, તેટલો દોષ તેમાં પણ લાગે છે. એ કુળવાન્ શ્રાવકની છોકરીઓનો સંબંધ તોડી તેમને [illegible] પતિને બદલે બીજા પતિને આપવામાં આવે તો પછી [illegible] કન્યા કુળની કે જ્ઞાતિની મર્યાદા શી રીતે રહેશે ? કાકા, આવી વિપરીત વાત મારા જેવી શ્રીમંતની વણીક છોકરીની [illegible] નહીં. તેમજ તમારા જેવા વૃદ્ધ અને કુળવાન પુરૂષોએ તેવી [illegible] [illegible] મનમાં [illegible] ન જોઈએ.

ફકીરચંદ—યશોદા, તમે હજુ નાની ઉમરનાં છો, ત્યાંસુધી તમને તે વિષેની ખબર પડતી નથી, પણ જ્યારે પ્રૌઢવયનાં થશો, ત્યારે તમને તે વાતની વધારે સમજૂતી પડશે. ડાહ્યાં અને લાંબો વિચાર કરનારાં તમારાં માબાપોએ તમારે માટે સારો વિચાર કર્યો છે, અને શાંતિલાલ જેવા ગરીબ અને આબરૂ વગરના શ્રાવકના ઘરમાંથી તમને મુક્ત કરવાનો નિશ્ચય કર્યો છે.

યશોદા—વૃદ્ધ કાકા, જો કે મારાં કુલીન માબાપ એવી ધર્મ વિરૂદ્ધ વાત કરે નહીં, તે છતાં કદિ કોઇના ભંભેરવાથી મારા બેઃ-ણાદિલના પિતાએ જો તેવા વિપરીત વિચાર કર્યો હશે, તો તે કદિ પણ બનવાનો નથી. વળી ગરીબ અને પૈસાદાર વિષે કાંઇ જોવાનું નથી. કારણકે, ગરીબ અને તવંગર થવું, એ તો નશીબની વાત છે. જેવાં કર્મ કર્યા હોય તેવાં ફળ મળે છે. જો આપણાં પુણ્ય ઓછાં હોય તો પૈસાદારને ઘેર પણ ગરીબાઈ આવી જાય છે અને જો પુણ્ય સારાં હોય તો ગરીબને ઘેર પૈસો થઈ જાય છે. વૃદ્ધ કાકા, તમે મારાથી પુખ્તવયના શ્રાવક છો, મારા જેવી અલ્પમતિવાળી છોઃ-કરીએ તમારી આગળ વધારે કહેવું, તે યોગ્ય નથી.

ફકીરચંદ—યશોદા, તું મને વારંવાર કાકા કહે છે, તેથી મારે ખુલ્લું કહેવું પડે છે કે, હવેથી તું મને કાકા કહીશ નહીં. તમારા પિતા દેવચંદ મારી સાથે તમારો સંબંધ કરવા ધારે છે. તમે હવે મારા સમૃદ્ધિવાન ઘરની મુખ્ય શેઠાણી થવાનાં છો. આ વાત હજુ સુધી છુપી રાખવામાં આવી છે. કોઇને જણાવશો નહીં અને મારી સાથે વાતચીત કરતાં હવે મને કાકા કહેશો નહીં.

ફકીરચંદનાં આવાં વચન સાંભળી યશોદા ચમકી ગઇ. તે સમજૂ બાળાના મનમાં ક્રોધ અને શોક બન્ને ઉત્પન્ન થઈ આવ્યા.

શાંતિલાલ જેવા સદ્‌ગુણી અને યુવાન પતિનો સંબંધ તોડી આવા અજ્ઞાની, લુબ્ધ અને વૃદ્ધની સાથે પોતાનો સંબંધ થવાનો

છે, આ વાત જાણી તેણીના મનમાં ઘણો અફશોષ અને જુસ્સો થઈ આવ્યો. તરતજ તે બાળા જુસ્સો લાવીને બોલી—વૃદ્ધ કાકા, આ શું બોલો છો? હું તમારી દીકરી સમાન ગણાઉં. ક્યાં તમે અને ક્યાં હું, આ વાત ઘણીજ વિપરીત છે. જ્યાંસુધી મારા શરીરમાં પ્રાણ છે, ત્યાંસુધી એ વાત બનવાની નથી. મારા પિતાની ધારણા જો આવી હોય તો તેમની બુદ્ધિ ભ્રષ્ટ થઇ એમ મારે કહેવું જોઇએ. છોકરાંઓએ પોતાના માતાપિતાની આજ્ઞા માનવી જોઇએ, એ વાત ધર્મ તથા નીતિમાં કહેલી છે, તોપણ જો માતા કે પિતા ધર્મ કે નીતિ વિરૂદ્ધ કામ કરતાં હોય, તો સંતાનોએ, તેવી આજ્ઞા માનવી ન જોઇએ. કાકા, હું એક કુળવાન્ શ્રાવકની દીકરી છું. જ્યાં મારૂં વાગ્દાન થઇ ગયું છે, તે ખરેખરૂં છે, હવેથી બીજી વાત બનવાની નથી. શ્રાવકની સુતા આમ અનુચિત કરશે નહીં. વેવિશાળ એ પણ વિવાહના જેવોજ છે, મન વચન અને કાયાથી ધારેલા પતિને છોડી બીજા પતિની સાથે જોડાવું, એ ધર્મ, નીતિ અને જ્ઞાતિની વિરૂદ્ધ છે. જ્યાં મારો સંબંધ થઇ ચુક્યો છે, તેજ મારૂં પતિગૃહ છે, કદિ તે નિર્ધન હોય, દુઃખી હોય કે અજ્ઞાની હોય, તોપણ મારે તે યાવજ્જીવિત માન્ય છે, આર્યકુળની બાળિકા એકજ પતિને વરે છે, તે કદિપણ બીજો પતિ કરતી નથી. આર્ય શ્રાવક બાળિકાનું જીવન એકજ પતિની સાથે પ્રસાર થાય છે. સતી સ્ત્રીઓ માત્ર મનથી ધારેલા પતિને અંગીકાર કરે છે, તો સર્વ જનની સમક્ષ વાગ્દાનથી નિશ્ચિત થયેલા પતિને છોડી બીજા પુરૂષની સાથે સંબંધ કરવો એ ખરેખરો વ્યભિચાર છે. કાકા, તમે આવી વાત કોઇને કહેશો નહીં. તેમ તેવી અધર્મની વાતમાં તમે સામિલ પણ થશો નહીં. તમારા જેવા વૃદ્ધને આવો અધર્મ શામાટે કરવો જોઇએ? બનતા સુધી તો તમારે ફરીવાર પરણવું ન જોઇએ, તેમ છતાં કદિ ફરી પરણવાની જરૂર હોય તો કોઇ કુંવારી કન્યાને પરણો. વાગ્દાનથી વિવાહિત થયેલી કન્યાની સાથે પરણી નરકના

અધિકારી થશો નહીં. એવી તમને મારી વિનંતિપૂર્વક પ્રાર્થના છે.

યશોદાનાં આવાં વચન સાંભળી ફકીરચંદ વિચારમાં પડી ગયો. વળી તે સાથે એક નાની વયની છોકરી ધર્મ તથા નીતિથી ભરપૂર વચન કહી શકે છે તે જાણી તેને ઘણુંજ આશ્ચર્ય ઉત્પન્ન થઇ આવ્યું. અને તેના મનમાં વિચાર થયો કે, "આ છોકરીને જે ખરી વાત હોય તે કહેવી જોઇએ. ખરું કહેવાથી વખતે તેણીના મનમાં સારી અસર થઇ શકશે. તેમ વળી તેને પરણનાર તરીકે જો હું મારું નામ જાહેર કરું તો તેની મારી ઉપર પ્રત્યક્ષ પ્રીતિ ઉત્પન્ન થશે." આવો અવળો વિચાર કરી ફકીરચંદ બોલ્યો—બાળા, તમે ખોટો દુરાગ્રહ રાખો છો, વેવિશાળ કરેલી કન્યા ગમે તે બીજા પતિને આપી શકાય છે, તેમાં કોઇ જાતનો દોષ નથી. બાળપણમાં કરેલું વેવિશાળ ફોગટ થઇ શકે છે, કારણકે, જ્યાંસુધી પતિની વય નાની હોય, ત્યાંસુધી તેના ગુણદોષ કે, તેના ઘરની સ્થિતિ વિષે સારું અજવાળું પડી શકતું નથી. જ્યારે તેની મોટી ઉમર અને પરિચય થવાથી તેના ઘરની સ્થિતિ જાણવામાં આવે ત્યારેજ તે સર્વ રીતે નાલાયક લાગે તો પછી બીચારી પરાધીન અબળાને તેવા કુવામાં ફેંકી દેવી, તે સુજ્ઞ માબાપો કેમ કરી શકે? યશોદા, તમે લાંબો વિચાર કરી જુવો. વેવિશાળએ કાંઇ ખરેખરો વિવાહ નથી. પણ તે સંબંધ છે અને જોને ફેરવવો હોય તો ફેરવી શકાય. હવે આ પ્રસંગે મારે તમને ખુલ્લેખુલ્લું જે કહેવાનું છે, તે તમે ધ્યાન દઇને સાંભળજો. તમારા પિતા દેવચંદે શાંતિલાલને નાલાયક ગણ્યો છે અને તેના ઘરની સ્થિતિ નઠારી હોવાથી ભવિષ્યમાં તમે સુખી ન થાઓ, એવું ધારી તે સંબંધ તોડવાનો પણ નિશ્ચય કર્યો છે અને મારી સાથે તમારો પવિત્ર સંબંધ જોડવાનો વિચાર પણ કર્યો છે. બાળા, હવે હું તમારો પતિ થવાનો છું, એ. મારો લાખો રૂપીઆનો વૈભવ તમારે આધીન થવાનો છે. મારા બંગલાઓ અને મારા બગીચાઓ તમને મોટા માનથી

બોલાવશે અને આપણા શ્રાવકવર્ગમાં તમે એક શેઠાણીની મહાન પદવી ધારણ કરશો. હે સુંદરબાળા, તમારૂં રૂપ, ગુણ અને ચાતુર્ય પ્રત્યક્ષ જોવાને માટે મેં તમને મારી દીકરી ચંદનની મારફત અહીં બોલાવ્યાં છે. તમારૂં રૂપ, ગુણ અને ચાતુર્ય જોઇ હું ઘણોજ ખુશી થઇ ગયો છું. તમારા જેવી સુંદરબાળા જેના ઘરમાં હોય, તે પુરૂષ ભાગ્યવાન્ અને પુણ્યવાન્ ગણાય છે. તેવું ભાગ્ય અને પુણ્ય મારા ગૃહમાં પ્રગટ થયું છે. પ્રિયા એથીજ કરીને મેં તમને કાકા કહેવાની ના પાડી હતી; કારણ કે, જે પુરૂષ ભવિષ્યમાં તમારો પતિ થવાનો છે, તેને તમે કાકા કહો તે દૂષિત વાક્ય ગણાય છે.

ફકીરચંદનાં આવાં ખુલ્લાં વચન સાંભળી યશોદા કંપાયમાન થઇ ગઇ અને તેણીના મનમાં ઘણોજ તિરસ્કાર અને ક્રોધ ઉત્પન્ન થઇ આવ્યો. યશોદા ધ્રુજતી ધ્રુજતી બોલી—

કાકા, તમે વિચારીને બોલો. હું તમારે ચંદનને ઠેકાણે છું. પુત્રીની આગળ પિતાએ અયોગ્ય વચન ન બોલવાં જોઇએ. જે ધારણા તમે રાખી છે, તે કદિપણ પાર પડવાની નથી. હું એક કુળવાન્ શ્રાવકની પુત્રી છું, કુલીનશ્રાવકબાળા એક પતિને છોડી બીજા પતિને કેમ વરશે? શ્રાવકની સુતા શીલવતી સતી હોય છે અને સતી સ્ત્રી પોતાના પ્રાણનો નાશ થાય તોપણ પોતાના શીલનો ભંગ કરતી નથી. કાકા, તમારે નઠારાં કર્મ ઉદય આવ્યાં લાગે છે કે, જેથી તમે આવા વિપરીત વિચાર કરો છો. તમે ધર્મપૂર્વક વિચાર કરો. મન, વચન અને કાયાથી બીજાને વરેલી બાળાને પરણવાની ધારણા કરવી, એ ખરેખરો વ્યભિચાર છે. તમે શ્રાવક થઇને એવો વ્યભિચાર કરો નહીં. એથી તમારા કુળને, તમારા ધર્મને, તમારી જ્ઞાતિને અને તમારા કુટુંબને મોટું કલંક લાગશે. કાકા, આપણા જૈનધર્મના તત્વજ્ઞાનનો વિચાર કરો. આ મનુષ્ય ભવ ચિંતામણિ સમાન છે, તે જન્મમાં જેટલાં સત્કર્મ કરીએ, તે-

રહી થઇ શકે તેમ છે અને તેનાથી કાર્યસિદ્ધિ પણ સત્વર થઈ શકે છે, એ અમૂલ્ય મનુષ્ય જન્મને કૃતાર્થ કરવાને ધર્મનાં અને પરોપકારનાં કામ કરો. આવા અધર્મના વિચાર કરો નહીં. તમારે ઘેર પુત્ર પુત્રીનો પરિવાર છે, તમારો વંશ ચાલે છે, અને તમારા વૈભવના વારસ વિદ્યમાન છે, તે છતાં આટલી મોટી વયે શામાટે સંસારના નવા દુઃખની ખાણમાં પડો છો? તમારે પરણવાની કાંઇ પણ જરૂર નથી. તે છતાં જો તમે મોહ તથા કામને વશ થઇને પરણવાનો વિચાર કરતાહો તો ખુશીથી પરણો, પણ મારા જેવી પરકન્યા ઉપર એવી નઠારી વૃત્તિ કરો નહીં. આવા પાપના માર્ગને અનુસરો નહીં. તમારા જેવા ગૃહસ્થ શ્રાવકો જો આવા અધર્મના માર્ગને અનુસરશો તો પછી સંઘની, જ્ઞાતિની અને કુળની મર્યાદા શી રીતે રહેશે? કાકા, હું તમને વિનંતિપૂર્વક જણાવું છું કે, તમે આવો અધર્મ કરશો નહીં. તેમજ આવા ધર્મવિરૂદ્ધ કામ કરાવાને મારા પિતાના જેવા ભોળા દિલના માણસોને પ્રેરશો નહીં.

યશોદાનાં આવાં વચન સાંભળી ફકીરચંદ મનમાં ક્ષોભ પામી ગયો તોપણ તે મોહને વશ થઇ પાછો હૃદયમાં આશા રાખી બોલ્યો—

બાળા, તમે આગ્રહી જણાઓ છો. તમારાં દરેક વચન વિચાર વગરનાં છે. મારા ઘરમાં પુત્ર પુત્રીનો પરિવાર છે, પણ સ્ત્રી વિના મારી જીંદગી પરાધીન છે. તેમજ મારા ધનાઢ્ય ઘરમાં અનેક જાતની ચીજો રહેલી હોય છે, તે ગૃહસ્વામિની વિના કોઇનાથી સંભાળી શકાતી નથી, તે શિવાય મારા ઘરની લક્ષ્મીની શોભા સ્ત્રી વિના સારી લાગતી નથી. અને મારા સંતાનોની સંભાળ પણ સ્ત્રી વિના લઇ શકાતી નથી, તેથી મારે સ્ત્રી પરણવાની પૂરે પૂરી આવશ્યકતા છે. બાળા, તમે મારી સ્થિતિ જાણતાં નથી, તેથી આવું બોલો છો, જો તમે મારી સ્થિતિ જાણતાં હોત તો કદિ

પણ આવો વિચાર જણાવત નહીં. હું તમારા જેવી સુલક્ષણા સ્ત્રીને પરણવાની ઇચ્છા રાખું છું, તમારા જેવી સુંદર અને સુલક્ષણા સ્ત્રી હોય તો મારી છેલ્લી અવસ્થા સુધરી શકે તેમ છે. જો તમારી ઇચ્છા હોય તો મારે તમનેજ પરણવું છે, તમારા શિવાય બીજી બાળશ્રાવિકાની સાથે વિવાહ કરવાનો મારો વિચાર નથી. બાળા, તમે કૃપા કરી મારો સંબંધ કબુલ કરજો. તમારા પિતાની મારી તરફ પૂર્ણ લાગણી છે, વળી મારી સાથે સંબંધ જોડવાથી તમારા પિતાને બીજો પણ સારો લાભ મળે છે. જો તમે હઠ કરી મારી સાથે પરણવા તૈયાર નહીં થાઓ તોપણ તમારા પિતા તમને પરણાવ્યા વગર રહેશે નહીં. જ્યારે તમારા પિતાની ઇચ્છા થઇ તો પછી તમારા જેવા બાળકનું શું ચાલવાનું છે? તેમ વળી તમે સ્વતંત્ર કહેવાઓ નહીં. જો કે તમને તો તમારા પિતા મારા સુખીગૃહમાં આપવા તૈયાર થયા છે, પણ જો કદિ તેઓ કોઇ ગરીબ નિર્ધન કુટુંબમાં તમને આપવા ધારે તોપણ તમારે જવું પડે. આપણામાં કહેવત છે કે, "ગાય અને દીકરી દોરે ત્યાં જાય." તેથી હે બાળિકા, તમે લાંબો વિચાર કરી મારો સંબંધ કબુલ કરજો. કોઈ જાતના દુરાગ્રહ રાખશો નહીં. તમારા પિતા દેવચંદની આજ્ઞાને તાબે થજો, તેમજ પિતાના પવિત્ર વચનને માન આપજો.

ઋષીચંદનાં આવાં કોમળ પણ કઠોર વચનો સાંભળી યશોદા વધારે તપી ગઇ અને તેણીએ પોતાના પવિત્રહૃદયનો આવેશ બાહેર કાઢ્યો અને તે ઊંચે સ્વરે બોલી—કાકા, આ શું બોલો છો? અને તે થાય તોપણ એ વિપરીત વાત બનવાની નથી. મારા પિતા મારે માન્ય અને પૂજ્ય છે, અને તેમની આજ્ઞા મારે મસ્તકપર ચડાવવા યોગ્ય છે, પણ જો તેઓ આવો વિપરીત વિચાર કરતા હોય તો હું તેમનાથી જુદી પડીશ. અને પિતાના વિપરીત વિચારને ફેરવવાનો યથાશક્તિ પ્રયત્ન કરીશ. તેમ છતાં જો તેઓ

નહીં માને તો પછી આ બાળિકા પોતાનું હૃદયબળ પ્રગટ કરી તેના આત્માને અધર્મના મહાપાપમાંથી બચાવશે. જો કોઇ રીતે તેનું બળ ચાલશે નહીં તો છેવટે આત્મઘાતના મહાપાપને પણ તે વ્હોરી લેશે. કાકા, તમે એવી નઠારી ધારણા રાખશો નહીં. હું તમારી પુત્રી છું અને તે કાયમ પુત્રીવત્ રહેવાની છું. મારી ઉપર બીજી દૃષ્ટિ નાખશો નહીં. તે વિષે હું તમને વધારે કહેવા ઇચ્છતી નથી. ટુંકામાં સમજી લેજો.

કાકા, આ શ્રાવક બાળિકાનો જે પુરૂષની સાથે સંબંધ થયો છે, તેજ તેનો મન, વચન અને કાયાની શુદ્ધિથી શુદ્ધપણે વરેલો પતિ છે, તેજ આ બાળિકાના જીવનનો માલીક અને નિયંતા છે, તેની પ્રેમમય મૂર્ત્તિની પ્રતિષ્ઠા આ બાળિકાના મનોમંદિરમાં થઇ ચુકી છે. હવે તે મૂર્ત્તિ તે મનોમંદિરમાંથી કદિ પણ ખસવાની નથી. તેમ બીજી કોઈ મૂર્ત્તિને તે મંદિરમાં જગ્યા મળવાની નથી. કાકા, કદિ તમારા જેવા કોઈ સ્વાર્થી માણસે મારા પિતાને સમજાવી અવળે માર્ગે ચડાવ્યા હોય તો વખતે તેવે માર્ગે તેઓ ચડ્યા હશે, પણ મારી પવિત્ર માતા કૃપી તે વાતને કદિ પણ ટેકો આપશે નહીં. મારી માતા કુલીનશ્રાવકની પુત્રી છે અને આર્હત ધર્મના અને નીતિના સ્વરૂપને જાણનારી છે. તે સુશિક્ષિત માતા આવા અધર્મના કામમાં કદાપિ સામિલ થશે નહીં, એ મને પૂરેપૂરી ખાત્રી છે.

યશોદાનાં આવાં વચનો અને વારંવાર તેણીએ કહેલ કાકા એવા શબ્દો સાંભળી ફકીરચંદ પાછો વિચારમાં પડ્યો અને તેની આશા જરા મંદ થવા લાગી. તથાપિ મોહનીજાળમાં સપડાએલો ફકીરચંદ પાછો જરા મંદસ્વરે બોલ્યો—બાળા યશોદા, તું ખરેખર ઉદ્ધત લાગે છે. તારાં વચનો કેટલાંએક ધર્મને લગતાં છે, તે ઉપરથી તું એમ કહેવા માગે છે કે. હું ખરેખરી ધર્મીશ્રાવક;

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

હરિશ્ચંદ્ર—વહાલી, હવે માત્ર તને એટલુંજ કહેવું છે. તારો પિતા હરિશ્ચંદ્ર અત્યારે દુઃખી અવસ્થામાં છે, તેને પોતાની પૂરેપૂરી જરૂર છે. જો તું મારી સાથે તારો સંબંધ કરીશ તો હું તને તારા બદલામાં પૈસાની મોટી રકમ આપવાનો છું. જેથી તારા પિતા સારી સ્થિતિમાં આવી જશે. જો તું મારી આજ્ઞા નહીં માને તો તારા પિતાને તે રકમ આપીશ નહીં અને તેથી તે દુઃખી રહેશે. બાળા, આ વાતનો પૂરેપૂરો વિચાર કરજે. અને તારા ઉપકારી પિતાને સહાય આપવાને તત્પર તૈયાર થઈ જજે. પિતાને સહાય આપવી એ છોકરાંની પવિત્ર ફરજ છે. હરિશ્ચંદ્રનાં આવાં વચન સાંભળતાં યશોદા હૃદયમાં ચમકી ગઈ. તરતજ તેણીનાં નેત્રમાંથી આંસુની ધારા ચાલવા લાગી અને તે હાથ તથા

આવેશથી બોલી- અરે શેઠજી, હવે હું તમને કાંઇ પણ
હું, તમારા જેવા અધર્મી આજ્ઞાને કાંઇ કહેવા ને જ
નથી. શું તમે મારા પિતાની પાસે કન્યાવિક્રય કરાવવા છો ?
શ્રાવક અગ્રેશ્વાણીની વાત છે ! શેઠજી, વિચાર કરો. આવી
તે બુદ્ધિ કેમ કરો છો ? તમે પોતે નારકીના અધિકારી થઇ
પિતાને પણ શામાટે નારકીના અધિકારી કરો છો ? અમા
રૂ શ્રાવકકુળને કલંકિત કરો નહીં. આવા ઉત્તમકુળમાં
નું વૃક્ષ રોપાયો નહીં. જે કુળમાં કે વંશમાં કોઇ પણ પુ
ન્યાવિક્રય કર્યો નથી, કોઇ પણ પુરૂષ બીજાની વિધવાણ કરેલી ક
પરણ્યો નથી, અને કોઇ પુરૂષે જ્ઞાન દ્રવ્ય, દેવ દ્રવ્ય અને સાર્વજ
દ્રવ્ય ખાધું નથી, તેવા પવિત્ર કુળને મલિન કરવાને તમે શામાટે
થયા છો. અરે વૃદ્ધપુરૂષ તમારી, આવી વિપરીત બુદ્ધિ
ી થઇ છે ? મને લાગે છે કે, તમારા ઘરમાં અન્યાયનું, દેવનું
ું કે કોઇ શુભ ખાતાનું દ્રવ્ય આવ્યું હશે. એ દ્રવ્યન
ાથી તમારી આવી મલિન બુદ્ધિ થઇ લાગે છે. અરે મને
ભય લાગે છે કે, મારી બુદ્ધિ રખેને વિપરીત થઇ જાય, કાર
, તમારી દીકરી ચંદનના સહવાસથી મેં ઘણીવાર તમારા
પાણી પીધેલું છે. હે જૈનશાસનદેવતા ! મારી રક્ષા કરજો
હૃદયમાં કે મારી બુદ્ધિમાં મલિન વિચાર લાવવા દેશો નહીં
તમારા આર્હતધર્મની કુળ બાળિકાને અધર્મના કામમાંથી બ
જો. શેઠજી, તમે મારી સખી ચંદનના પિતા થયા છો તેમ વ
મારાથી વયોવૃદ્ધ છો, તેથી હું તમને વધારે કહી શકતી નથી
પણ હૃદયની બળતરાથી એટલું તો કહેવું પડે છે કે, તમારા જે
નઠારા વિચારવાળા પુરૂષો આ જગતમાં જન્મતા ન હોય તે
શાસનના ઉદ્યોત વધારે થાત. તમારા જેવા ધનાઢ્ય શ્રાવકે
ા વિપરીત વિચાર કરનારા હોવાથી જૈનસંઘની ધર્મમર્યાદા રહેત

ારવા લાગી. તેણીનો દૃઢ નિશ્ચય જોઈ ફકીરચંદ એવો ઝાંખો પડી ગયો કે, પછી તે જરા બોલી શકયો પણ નહીં. ફકીરચંદના ાંજ યશોદા નીચે ઉતરી એટલે તેણીની રાહ જોઈ બેઠેલી ચંદન ી સામે આવી બોલી—બ્હેન યશોદા. કુશી રહે. આટલી વાર તું મારા બાપાની સાથે રોકાણી હતી, તેમાં મને શો લાભ? ે થોડીવાર મારી પાસે બેશ અને વાતચિત કર્ય.

ચંદન એક સદ્‌ગુણી અને ડાહી છોકરી હતી, પોતાનો બાપ ીરચંદ ફરીવાર પરણે છે, એ વાતની તેને જરા પણ ખબર ન હ- ા. તેમાં વળી આ યશોદાની સાથે તેના સંબંધની વાત ચાલે છે, ે વાતની તો તેણીને બીલકુલ ખબર કયાંથી હોય? પોતાના ેતા ફકીરચંદે યશોદાની સાથે આટલી બધી શી મશલત કરી શે, એ વિચાર ચંદનના સમજુ હૃદયમાં આવેલો, પણ તે નિર્દોષ ાળાના મનમાં તેના પિતાના વિપરીત ભાવની છાયા પણ પડી ન તી. તેણીએ એમજ જાણેલું કે, મારા બાપા યશોદાને તેના ઘરની ાંઈક ખાનગી વાત જાણવાને પુછતા હશે. વળી તે શાણી છોકરી ેટલું પણ સમજતી હતી, કે કોઇએ છુપી રીતે કહેલી વાત, ાણવાને કોઇને પૂછવું ન જોઇએ તેમજ બીજાની છાની વાત જા- ણવાની ઇચ્છા પણ ન રાખવી જોઈએ. આવી સારી સમજણને ઇને ચંદને યશોદાને તે સંબંધી કાંઇ પૂછયું ન હતું

ચંદનનાં વચન સાંભળી યશોદા ખેદસહિત બોલી—બ્હેન ચંદન, મને અહીં આવ્યા ઘણી વાર થઈ છે, તેથી મારાથી હવે રોકાઇ શકાશે નહીં. માટે મને જલદી જવા દે.

ચંદન—બ્હેન, ના એમ ન થાય, ઘડી વાર બેસ, અને પાણી તો પી.

યશોદા—બ્હેન ચંદન, મારે પાણી પીવું નથી. મારે જવાની ઉતાવળ છે. મારા મનમાં મોટા ઉચાટ પેશી ગયા છે; તેથી મને ચેન પડતું નથી.

ચંદન—બ્હેન, એવા શા ઉચાટ તારા મનમાં પેઠા છે? આપણુ છોકરીઓને વળી ઉચાટ શા? કારણકે, જ્યાંસુધી આપણી ઉપર આપણા વડીલો છે,ત્યાંસુધી આપણે શેના ઉચાટ રાખવાનાછે.

યશોદા—બ્હેન, એ ખરી વાત છે, મારે કાંઇ ઘરના ઉચાટ નથી પણ મારી પોતાની જાતના ઉચાટ છે.

ચંદન—બ્હેન, તારી જાતના તારે શા ઉચાટ હોય? તારે તો તારી મા છે, જ્યાંસુધી માથા ઉપર મા જીવતી હોય, ત્યાંસુધી દીકરીને ઉચાટ શેના હોય? કદિ જો ઉચાટ હોય તો મારે હોય, કારણકે, મારે મા નથી. હું મા વગરની દીકરી છું. મા વગર દીકરીને કેવું દુઃખ પડે છે, તેનો મને પૂરેપૂરો અનુભવ છે. મારા બાપા મને ગમે તેટલું રાખે તોપણ મારી માની ખોટ કોઇ રીતે પૂરાતી નથી. બ્હેન યશોદા, મારે નશીબે મારા પિતા ફરી વાર પરણુતા નથી, એટલું સારૂં છે, પણ જો તેઓ ફરી વાર પરણે તો પછી મારા શા હાલ થાય? અપરમાતાનું દુઃખ ઘણું ભોગવવું પડે છે. બ્હેન, જો કોઇ સારા કુળની દીકરી કેળવણી પામેલી હોય, તેની સાથે પિતા પરણે તો કદિ તે દુઃખ ન આપે, પણ જો કોઇ નઠારા કુળની અને કેળવણી વિનાની દીકરી બાપને પરણી ઘરમાં આવે તો ઓરમાન છોકરીના પૂરા ભોગ મળે છે. કોઈ મા વગરની દીકરી થશો નહીં. પોતાની જનેતાના જેવું કોઇ બીજીને હેત આવતું નથી. દીકરીને ખરેખરો આશ્રય માતાનો છે. માતાની શીતળ છાયામાં રહેલી દીકરી પૂર્ણ સુખ પામે છે અને અનેક જાતના લાડ ભોગવે છે, બ્હેન, તે વિષે તને હું વધારે શું કહું, જ્યારે તેવા અવળા વિચારમાં મારૂં મન ચડી જાય છે, ત્યારે મને ઘણુંજ અફસોસ થાય છે. મારા કરતાં તું સો દરજ્જે સુખી છે: તે છતાં તું કહે છે કે, મને મારી જાતના ઉચાટ થાય છે, તેનું શું કારણ? તે સમજાતું નથી.

ચંદનનાં આવાં વચન સાંભળી યશોદા લાંબો નિશ્વાસ મૂકીને બોલી:—

યશોદા—બ્હેન ચંદન, તારી વાત સાંભળી મને ઘણોજ અફસોસ થાય છે, તારા જેવી સદ્ગુણી આજ્ઞાધારિકા દુઃખ ન પામે એવી હું ઇચ્છા રાખું છું.

આટલું કહી યશોદાએ મનમાં વિચાર કર્યો કે, આ બીચારી તેના પિતાના નઠારા વિચારથી અજાણ છે. જો હું તેણીને તેના પિતાનાં કુવિચાર જણાવું તો તેને વધારે અફસોસ થાય, વળી તેના પિતાની વાત જાહેર કરવાથી લોકોમાં મારી, મારા પિતા દેવચંદની અને અમારા કુટુંબની નિંદા થાય, માટે આ વિચાર તેની આગળ પ્રગટ કરવા યોગ્ય નથી.

આવું વિચારી યશોદા બીજું કાંઇ બોલી નહીં અને તરત ત્યાંથી ચાલવા લાગી—યશોદાને ચાલતી જોઇ ચંદન બોલી—બ્હેન, ઘડીવાર તો બેશ. અત્યારે મને મારી માયાળુ માતા સાંભરી આવી છે; તેથી મારો જીવ બળે છે. આટલું કહેતાંજ ચંદનની આંખોમાંથી આંસુની ધારા ચાલી—

ચંદનને રોતી જોઇ યશોદાને દયા આવી અને તે બોલી—બ્હેન ચંદન, દુઃખ લગાડ નહીં. આ સંસાર બધો દુઃખરૂપ છે. આ જગતમાં તારા જેવી અનેક દીકરીઓ મા વગરની અને અનેક પુત્રો પિતા વગરના રહે છે. કોઇને સર્વ જાતનું સુખ હોતું નથી. નિર્ધન ધનને માટે, ધનવાન્ શરીરના સુખને માટે, બળવાન્ સંતતિને માટે, નિર્બળ આશ્રયને માટે અને અજ્ઞાની જ્ઞાનને માટે અનેક પ્રકારના શોક કર્યા કરે છે. બ્હેન, તેનો અફસોસ કરીશ નહીં. કોઇ પણ પુત્ર કે પુત્રીનાં માતાપિતા કાયમ રહેતાં નથી. પુત્ર પિતાના ગૃહવૈભવનો સ્વામી થઇ પિતાને ભુલી જાય છે અને પુત્રી પતિગૃહની શેઠાણી થઇ પોતાના પિયરને ભુલી જાય છે. બ્હેન, આ

પણ આ સૃષ્ટિમાં અવતાર પરાધીન છે. આપણી જન્મભૂમિ એ આપણું નિત્યનું સ્થાન નથી. આપણું નિત્યનું સ્થાન તો પારકું ઘર છે. જ્યાં આપણે જન્મ્યાં છીએ, ત્યાં આપણે રહેવાનાં નથી. આપણી જીંદગીની શરૂઆત અને તેનો અંત જુદે જુદે ઠેકાણે થવાનો છે. બ્હેન મોહન, તું હવે થોડા માસમાં વિવાહિત થઈ સાસરે જઈશ. તારી પિયરની જીંદગી સમાપ્ત થવા આવી છે. તેથી હવે તારે [illegible] સમાપ્તિ થવાનો [illegible] છે. કદિ તારા [illegible] દુઃખ ભોગવવું નહીં [illegible] આ [illegible] નહીં.

[illegible] મનમાં [illegible] છે, [illegible] મોહન [illegible] કે, [illegible] સમાપ્તિ થતી નથી. [illegible] દુઃખ [illegible] થાય છે, [illegible] દુઃખ થાય છે [illegible] ઇચ્છા [illegible] છીએ. [illegible] થઈ [illegible] છે. [illegible]

શ્રી કરીને જે તે ગ્માસરીઆમાં દુખી થતી હોય તો માતા તેના હિતને ખાતર દીકરીને ઉંચી શિખામણ આપી સમજાવે છે અને તેણીના બધા ગુદ—સંસ્કારને સુધારવા પ્રયત્ન કરે છે.

બ્હેન યશોદા, આ શિવાય માતાનાં જેટલાં વખાણ કરીએ તે-ટલાં થોડાં છે; તેને માટે આપણા જૈનશાસ્ત્રમાં એક શ્લોક છે, કે જે મેં મારા શિક્ષક પાસેથી સાંભળ્યો છે.

યશોદા—તે કયો શ્લોક છે? તે કહો જોઈએ?

ચંદન—મને તે શ્લોક આવડતો નથી, પણ તેનો ભાવાર્થ યાદ છે.

યશોદા—કહે શો ભાવાર્થ છે?

ચંદન—તે શ્લોકનો એવો ભાવાર્થ છે કે, આ જગત્‌માં મ-નુષ્ય ગ્માણીને પાંચવાનાં મુકી શકાય તેવાં નથી જનની, જન્મભૂમિ, પાછલા પોહોરની નિદ્રા, ઇષ્ટ—મિત્રનો યોગ અને સારી ગોષ્ઠી—એ પાંચવાનાં દુર્મોચિ—દુઃખેથી મુકી શકાય તેવાં છે.

યશોદા—એ શ્લોક તો મેં ઘણીવાર સાંભળ્યો છે અને વાંચ્યો છે. તે શ્લોક ઉપરથી એક ગુજરાતી કવિતા પણ બનેલી છે અને તે મને યાદ છે.

પ્રેમદા કહે છે, હે બ્હેનો, તે પછી યશોદાએ ચંદનની આગળ તે કવિતા કહી બતાવી હતી.

ચંચળ—પ્રેમદા બાબૂ, તે કવિતા કેવી હતી? તે અમને તો સંભળાવો.

પ્રેમદા—હું બરાબર ભણેલી નથી, તેથી મને તે યાદ રહી નથી.

લલિતા, ચંચળ બ્હેન, એ કવિતા તો આપણને આવડે છે, એક વખતે મારા બાપાએ આપણ બંનેને શીખવી હતી.

ચંચળ—લલિતા બ્હેન, કહો જોઇએ? તે કઇ કવિતા?

લલિતા—તે મૂળ સંસ્કૃતમાં છે અને તેનું કવિતા રૂપે ભાષાંતર છે.

ચંચળ—ભાષાંતર કયા રાગમાં છે,

લલિતા—તે ગીતિમાં ગવાય છે.

ચંચળ—હા, મને તે યાદ આવ્યું.

લલિતા—ચંચળ બ્હેન, ત્યારે ગાઇ બતાવો જોઇએ.

ચંચળ—લલિતા બ્હેન, મને યાદ આવતું નથી, માટે તમેજ ગાઓ જોઇએ.

લલિતા—નીચે પ્રમાણે પ્રથમ શ્લોક બોલે છે—

जननी जन्मभूमिश्च निद्रा पश्चिम रात्रिजा
इष्टयोगः सुगोष्टी च दुर्मोचाः पंच देहिनाम् ॥ १ ॥

"જનની જન્મભૂમિ, પાછલી રાત્રિની નિદ્રા, ઇષ્ટ-મિત્રનો યોગ સારી ગોષ્ટી —એ પાંચ પ્રાણીઓથી દુર્મોચ્ય—દુઃખે મુકી શકાય તેવાં છે"

ચંચળ—બ્હેન, લલિતા, હા, મને તે શ્લોક અને કવિતા બરાબર યાદ આવી.

લલિતા—ચંચળ બ્હેન, ત્યારે તેના ભાષાંતરની કવિતા તમેજ બોલો.

ચંચળ—નીચે પ્રમાણે બોલે છે.

ગીતિ.

જન્મભૂમિને જનની, નિદ્રાપાછળા નિશા તણી સાથી,
મિત્ર યોગને ગોષ્ઠી, એ પાંચે નવ મૂકાય પ્રાણીથી. ૧

પ્રેમદા—ચંચળ બ્હેન, કવિતા બહુ સારી છે. આ પ્રમાણેજ ચંદાદા ચંદનની આગળ બોલી હતી.

ચંચળ—પ્રેમદા બાજુ, ને પછી શું બન્યું ? તે મારાં આગળ બતાવો.

પ્રેમદા—તે પછી ચંદનને શાંત કરી યશોદા જવાને તૈયાર થઈ, એટલે ચંદન બોલી—બ્હેન, જરા પાણી પી. અને કાંઈ-ક મુખવાસ પણ લે. એમ કહી ચંદને કેટલાક આગ્રહ કરવા માંડ્યો, એટલે યશોદા બોલી:—

યશોદા—પ્રિય બ્હેન ચંદન, મને તૃષા લાગી નથી, તેમ મારે મુખવાસ પણ લેવો નથી.

ચંદન—બ્હેન, શામાટે આમ કહે છે? શું તેં મારા ઘરની ચીજોનો ત્યાગ કર્યો છે?

યશોદા—બ્હેન, એવી કાંઇ શંકા રાખીશ નહીં. મારે અ-ત્યારે કોઇ ચીજની જરૂર નથી.

ચંદન—જો એમ હોય તો મારા વચનની ખાતર થોડું પાણી પી અને જરા સોપારી લે.

યશોદા—ના બ્હેન, એવો આગ્રહ કરીશ નહીં. મારાથી અ-ત્યારે કાંઈ લઈ શકાય તેમ નથી.

ચંદન—ના એમ નહીં થાય, કાંઇ પણ લેવું પડશે.

યશોદા, તું ગમે તેમ કહીશ તો પણ મારાથી તારા ઘરની ચીજ અત્યારે લેવાય તેમ નથી.

ચંદન—તેનું શું કારણ? શું મારા બાપાએ તને કાંઇ કહ્યું છે? કે જેથી તું રીસાણી છું.

યશોદા—બ્હેન, તે વિષે મને પુછીશ નહીં અને તેનો ખુ-લાસો પણ કરાવીશ નહીં.

ચંદન—બ્હેન યશોદા, આ બાબતમાં મને ઘણો વ્હેમ પડે

છે. જો તું તેનો ખુલાસો કર્ય તો મને ચિંતા નહીં થાય, નહીં તો મને તે વિષેની ભારે ચિતા થયા કરશે.

યશોદા—બ્હેન ચંદન, તું શ્રાવકની દીકરી છું. વળી તેં જૈન ધર્મનું કેટલુંએક જ્ઞાન મેળવ્યું છે, તેથી તું સમજે છે કે, દરેક જીવ કર્મને આધીન છે. કર્મની સત્તા આગળ કોઈની સત્તા ચાલતી નથી. જેવાં કર્મ કર્યાં હોય, તેવું ફળ મળે છે. બ્હેન, તેથી તારે કોઈ જાતની ચિંતા કરવી નહીં. કર્મનાં ફળ ભોગવવાને દરેક પ્રાણી બંધાએલ છે. બ્હેન, હવે હું રજા લઉં છું. આટલું કહી યશોદા ચાલી એટલે ચંદને તેના હાથ પકડી કહ્યું, બ્હેન યશોદા, તું મને મોટી ચિંતામાં મુકીને જાય છે? મારી ઉપર દયા રાખી ક્ષણવાર બેશ અને મારી ચિંતાને દૂર કરી દે.

યશોદા—બ્હેન, મારાથી તે બની શકે તેમ નથી. મને તારી ઉપર ઘણીજ દયા આવે છે, પણ વ્યવહારની દૃષ્ટિએ જોતાં મારાથી તારી આગળ કાંઈ કહી શકાય તેમ નથી. વળી તને જે ચિંતા અત્યારે થાય છે, તે મારા તરફથી ખુલાસો થતાં તેથી વધારે થાય તેમ છે. તારી ચિંતારૂપ અગ્નિની જ્વાળા મંદ મંદ પ્રજ્વલે છે, તે મારા ખુલાસાથી ઘીના હોમની જેમ ભડકારૂપે થઈ જશે. બ્હેન, તેથી મને નકામો આગ્રહ કરીશ નહીં. હવે હું જાઉં છું.

યશોદાનો ભારે આગ્રહ જોઇ ચંદન વિચારમાં પડી, તેણીના મનમાં થયું કે, પિતાએ યશોદાને કોઇ એવી વાત કહી છે કે, જેથી આ યશોદાનું મન ઉદાસી થઈ ગયું છે, હવે તે વિષે અત્યારે વધારે આગ્રહ રાખવો ન જોઇએ. આવું ચિંતવી તે બાળા બોલી—બ્હેન યશોદા, આ વખતે તમને હું વધારે આગ્રહ કરતી નથી. પણ પાછી ફરીવાર તું ક્યારે આવીશ ? તે કહે.

યશોદા—બ્હેન, હું તારી આગળ ખોટું બોલવા ઈચ્છતી નથી. તારી આગળ મારે સાચે સાચું જણાવવું જોઇએ, કે હવેથી

હું તારે ઘેર ફરી વાર આવવાની નથી. અને તેનું કારણ પણ કહે-વાની નથી. બ્હેન, આપણે હમેશાં કન્યાશાળામાં મળીશું અને કો-ઈ વાર તું મારે ઘેર આવીશ તો આપણ સાથે બેસી જ્ઞાનવાર્તા કરી આનંદ પામીશું.

યશોદાનાં આ વચન સાંભળી ચંદનને વધારે ખેદ થયો. તેણીના મનમાં નિશ્ચય થયો કે, આજે બાપાએ યશોદાના મનને વધારે દુભવ્યું લાગે છે. ગમે તે હો પણ તે વાત કાંઈ વિપરીત બની છે. હવે યશોદાને કોઈ જાતનો આગ્રહ કરવો યોગ્ય નથી. મોડે વ્હેલે આ વાર્તા તેની મેળેજ જણાઈ આવશે. આવું ચિંતવી ચંદન કાંઈ બોલી શકી નહીં અને યશોદા ત્યાંથી ચાલતી થઈ. યશોદાની ઉપર ચંદનનો ઘણો પ્રેમ હતો. યશોદા હવે ફરી પો-તાને ઘેર આવવાની નથી, એવું જાણી તેણીના નેત્રમાંથી આંસુની ધારા ચાલવા લાગી અને જ્યાંસુધી યશોદા જતી દેખવામાં આવી ત્યાંસુધી તે આંસુ ભરેલી આંખે તેને જોઈ રહી.

પ્રેમદા કહે છે—બ્હેનો, તે પછી યશોદા પોતાને ઘેર આ-વી અને તેણીએ ફકીરચંદની સાથે બનેલી બધી વાત પોતાની મા રૂખીને જણાવી. રૂખી તે વાત સાંભળી ઘણીજ દિલગીર થઈ અને પછી પોતાના પતિ દેવચંદની પાસે એકાંતે આવી તે નીચે પ્રમાણે કહેવા લાગી:—

સ્વામી, તમે શું કરવા ધારો છો? તમારી આવી વિપરીત બુદ્ધિ ક્યાંથી થઈ? શું તમે કન્યાવિક્રયનું મહાપાપ કરવા ધારો છો? અરે સ્વામી, તમે કોણ છો? તેનો વિચાર કરો. તમે ધર્મવીર મહાવીરના ધર્મપુત્ર છો. તમારૂં કુળ આર્યકુળમાં સર્વોત્તમ ગણા-ય છે. શ્રાવકકુળના સંતાનોએ જે ધર્મકીર્ત્તિ મેળવી છે, તેવી ધર્મ-કીર્ત્તિ ભારતવર્ષની ભૂમિ ઉપર કોઈ પણ આર્યસંતાનોએ મે-ળવી નથી. અરે નાથ, કન્યાવિક્રયના મહાપાપથી હજાર ગાઉ દૂર

રહેજો. એ મહાપાપ સાત નારકીની પીડાઓના કારણરૂપ અ
ઘોર ક્રૂરકર્મનું પ્રેરક છે. જે કુટુંબ કન્યાવિક્રયરૂપ પ્રચંડ રાક્ષસ
પંજામાં આવ્યું છે, તે કુટુંબ અનંત ગણી પાયમાલીને પ્રાપ્ત ક
છે. જો તમારે તમારા જીવનનો માર્ગ મલિન કરવો હોય, ને
તમારે તમારા આત્માને અધોગતિએ પોહોંચાડવો હોય તો, અને
જો તમારે આ અનંત સંસારનાં સંકષ્ટોને સહન કરવાં હોય તે
તમે કન્યાવિક્રયના મહાપાપને અંગીકાર કરજો.

સ્વામી, તમે જો એકવાર એ મહા પાપનું ગીત સાંભળ્યું હોય તો તમને માલમ પડશે કે, કન્યાવિક્રયનું મહાપાપ કેવુ છે? તે વિષે હું તમારી આગળ વધારે કહેતી નથી. સ્વામી, આ પ્રસંગે મારે તમને સ્પષ્ટ રીતે જણાવવું પડે છે કે, તમે પૈસાના લોભથી કન્યાવિક્રયનું મહાપાપ કરવા તૈયાર થયા છો, પણ જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે, ત્યાંસુધી હું એ મહાપાપને કદિપણ થવા નહીં દઉં. હું તમારા જેવા કુલીન શ્રાવકની સ્ત્રી છું, કુલીન શ્રાવકની સુતા છું અને ધર્મવીર વીરભગવાનના ચતુર્વિધ સંઘની શ્રાવિકા છું. મારી નજરે એ ઘોર પાપ કદિપણ બનશે નહીં. મારી યશોદા શ્રાવક કુળની બાળિકા છે, તો શાંતિલાલ જેવા શુદ્ધ શ્રાવકને વરી ચુકી છે. તેમાં કાંઇ પણ ફારફેર થવાનો નથી. પ્રિયનાથ, હું તમને વિનંતિપૂર્વક જણાવું છું કે, એ અધર્મમાં પ્રવૃત્તિ કરશો નહીં. ઘેર ઘેર ભીખ માગીને ઘર વ્યવહાર ચલાવજો પણ કન્યા-વિક્રયના મહાપાપથી પૈસાદાર થશો નહીં. એમ કહેની તે સ્ત્રી રોઇ પડી.

રૂખીનાં આવાં આવેશ ભરેલાં વચન સાંભળી દેવચંદ શરમાઇ ગયો અને તેના હૃદય ઉપર તેની સારી અસર થઇ આવી. ત્યારથી દેવચંદના વિચાર બદલાતા ગયા અને આખરે પોતાના વિચારને

પ્રેમદા—બ્હેનો, તે પછી ફકીરચંદના વિચાર પણ ફરી ગયા હતા. યશોદાનાં વચન સાંભળી તેના મનમાં સારી અસર થઈ હતી અને તેથી તેણે ફરીવાર પરણવાનો વિચાર માંડી વાળ્યો. આખરે સદ્‌ગુણી યશોદા શાંતિલાલની સાથે પરણી હતી. શાંતિલાલનો સંબંધ મુકાય છે અને તે સવેલી કન્યા ફકીરચંદ પરણે છે, આ વાત બધે ગામમાં ફેલાઈ ગઈ અને તેથી દેવચંદને અને ફકીરચંદને સારા સારા ગૃહસ્થોએ ઠપકો આપ્યો. બ્હેનો, તે વખતે હું મારા મોશાળમાં હતી અને આ વાત મેં મારી મામીના મુખથી સાંભળી હતી. મારી મામી રૂખીને સગી થતી તેથી તે વાત તેણીએ બરાબર જાણીને મને કહી સંભળાવી હતી.

ચંચળ—પ્રેમદા બાબુ, તમે કહ્યું છે કે, રૂખીએ પોતાના સ્વામી દેવચંદને કહ્યું હતું કે, "તમે જો એકવાર એ મહાપાપનું ગીત સાંભળ્યું હોય તો તમને માલમ પડશે કે,કન્યાવિક્રયનું મહા પાપ કેવું છે? તો બાબુ, એ કન્યાવિક્રયનું ગીત કયું? તે તમે જાણો છો?

પ્રેમદા—ના બ્હેન, મને એ ગીતની ખબર નથી.

લલિતા—કેમ ચંચળ બ્હેન ભુલી ગયા? એ ગીત જો આપણને આવડે છે, તે હશે.

પ્રેમદા—બહેનો, જો તમે એ ગીત જાણતા હો તો અમને ગાઈ સંભળાવો.

પછી લલિતા અને ચંચળ નીચે પ્રમાણે કન્યાવિક્રયનું ગીત ગાય છે:—

કન્યાવિક્રયનું ગીત.

વૈદરભી વનમાં વલવલે. એ રાહ.

આશો જુલમ જૈનણ ધુઓ, જાગી જુવોને લગાર;
[1]વિક્રય કન્યાનો કરી, પાપી થાઓ અપાર. આશો.(ટેક)

ઉત્તમ કુળમાંહે અવતરી, કરો હલકાં કામ;
[2]દામ ઘડો [3]દુહિતા તણાં, [4]બોળો શ્રાવક નામ. આશો ૧

બાળા વયની જે બાળકી, વેચો વૃદ્ધને દ્વાર;
બાળવયે વિધવા બને, પામે કષ્ટ અપાર. આશો. ૨

જીવ દયાના પાલ થઇ, કરો હિંસક કામ;
નાખી સુતાને [5]કૂપમાં, કરો વૈભવ [6]ધામ. આશો. ૩

ભારતના સહુ ધર્મમાં, જૈન શ્રેષ્ટ ગણાય;
શ્રેષ્ટ બનીને [7]નેષ્ટના, કામ તેમાં શું થાય. આશો. ૪

[8]નીર ભરીને નેત્રમાં, બાળા દે નિત્ય શાપ,
પાપી પિતા નરકે જશે, કર્યું આ મહાપાપ. આશો. ૫

ધિક પિતા ધિક માતને, વેચે જે સંતાન;
નિર્દય નિર્લજ તે બની, ખોવે શ્રાવકમાન. આશો. ૬

આલોયણ કહ્યાં પાપનાં, [9]જૈનમતમાં અનેક;
આલોયણ નહીં જેનું તે, કન્યાવિક્રય એક. આશો. ૭

સ્હાય કરો [10]શાસનપતિ, પાડો ધર્મની છાપ;

૧ વેચાણ. ૨ પૈસા. ૩ દીકરીના. ૪ શ્રાવકનું નામ બોળો છો. ૫ કુવામાં. ૬ દીકરીના પૈસા લઇ વૈભવ તથા ઘર કરવા. ૭ નઠારાના. ૮ પાણી—આંસુ. ૯ જૈનમતમાં અનેક પાપના આલોયણ કહેલ છે, એટલે બીજા અનેક પાપો આલોયણ લેવાથી જાય છે, પણ એક કન્યાવિક્રયનું પાપ એવું છે કે, તેનું આલોયણ નથી, એટલે તે આલોયણથી પણ જાય તેવું નથી. ૧૦ હે શાસન દેવતા.

પ્રગટ થયું જૈનકોમમાં, કન્યાવિક્રય પાપ. આશો. ૮
શરણ કરો મુનિરાજ સૌ, આપો અતિ ઉપદેશ;
પ્રબળ વધે દુરાચારનું, રહેશે ધર્મ ન લેશ. આશો. ૯
શ્રવણ કરો સાવધાન થઈ, સર્વ શ્રાવકનાર;
શ્રાવકના સંસારમાં, સહાય કરો આવાર. આશો. ૧૦

આ પ્રમાણે કન્યાવિક્રયનું ગીત ગાયું એટલે પ્રેમદા ઘણીજ ખુશી થઇ ગઈ. પછી ચંચળે વિનયથી જણાવ્યું, કે પ્રેમદા બાનુ! પછી તે યશોદા અને ચંદનનું શું થયું? તે કહો, યશોદા શાંતિદાસને પરણ્યા પછી સુખી થઇ હતી અને તેણીએ આખા કેશરપુરમાં એક સતીશ્રાવિકા તરીકે સારી કીર્તિ મેળવી હતી. અને કપૂરચંદે પોતાની દીકરી ચંદનને સ્વાર્થમાં અંધ થઇ એક હલકા કુળના અને દુરાચારી પતિ સાથે પરણાવી. હવે તે આખી જીંદગી સુધી ઘણીજ દુઃખી થઈ પડી છે, એવા ખબર મેં હમણાંજ સાંભળ્યા છે.

બ્હેનો, યશોદા ખરેખરી ભાગ્યવાળી હતી, નહીં તો તેનો દુષ્ટ પિતા તેને દુઃખની મોટી ખાણમાં નાખી દેત. દુષ્ટ બુદ્ધિવાળા લોભી દેવચંદે એ બીચારી બાળાને દ્રવ્યના લોભથી કપૂરચંદ જેવા સ્વાર્થી અને લંપટ પુરૂષને આપી હોત તો, એ બાળાની આખી જીંદગી દુઃખમય થઇ જાત. બ્હેન ચંચળ, આ પ્રમાણે સંબંધી કન્યાનો નઠારો રીવાજ આપણી શ્રાવકકોમમાં કોઇ કોઇ જગ્યાએ ચાલે છે, તેને દુરીવાજથી જૈનપ્રજા આ સંસારમાં અતિશય વધેલાય છે. તેવોજ બનાવ આ મારા પોતાના ધણીને બન્યો છે. આનંદા બ્હેનના સહવાસથી તેની સુધરી ગઇ એટલે તેણીએ સાસરીઆમાં તેનું માન કર્યું. અને તેના પતિને તેની સાથે બનાવ થયો, એવી રીતે તે મનેથી કન્યાને છોડી દીધી છે, આથી સારી

[illegible]

[illegible]

[illegible]

પાંજરાંમાં નાખ્યાં કોઇ ખોટાં કરે ત્યારે તે પોકે ને પોકે રડે છે. તેવીજ બાકીનાં નાખ્યાં પાછાં તેજ રસ્તે આવે છે. હે દીકરી, આવા લોભી લોકો પોતાના પૈસાથી પોતે સુખ ભોગવતા નથી. અને આખી જીંદગી સુધી દુઃખી થાય છે. યક્ષની જેમ ધનનું રક્ષણ કરનારા અને ધનના નાશથી શોક કરનારા એવા મૂઢ જનોને આપણા શાસ્ત્રોએ અને સજ્જનોએ ધિક્કારના પાત્રજ ગણ્યાં છે. એવા લોકોનો મનુષ્યજન્મ નિરર્થક ચાલ્યો જાય છે અને લોકોમાં તેઓ અંતે પણ નિંદાપાત્ર બને છે. માણસ ઉદાર હોય કે કૃપણ હોય પણ ક્યારે, કેવે સ્થળે અને કેટલે અંશે વપરાય તો શ્રેષ્ઠ ગણાય એ વાત ન જાણતો હોય તો તે તિરસ્કારનો પાત્ર છે, કેમકે ઉદારતા અને કૃપણતા જો મર્યાદાથી અધિક થાય તો તે દુઃખ આપનાર થઈ પડે છે. ઘણી કૃપણ સ્વભાવની સ્ત્રીઓ હોય છે, તે તો રોજ રસોઇમાં પણ કરકસર કરે છે. કેટલીક લોભી સ્ત્રીઓ પોતાના ઘરમાં એટલી બધી કૃપણતા કરે છે કે, પોતાના છોકરાની વહુ જો વધારે ખાનારી હોય તો તેના ઉપર દ્વેષ કરે છે અને તેને કસરથી ઓછું જમાડે છે. તેથી કદાપિ જો તે બીચારી ગરીબ અને શરમાળ સ્વભાવની હોય છે તો રોજ થોડી ભુખી ઉઠે છે, એમ દરરોજ ભુખ વેઠી વેઠીને તે ઘણીજ દુર્બળ થઇ જાય છે; અને તે દુષ્ટ સાસૂ તેવી દુર્બળ વહુની પાસે વધારે કામ કરાવે છે, તેથી તે ભુખ તથા દુઃખથી રીબાઇને રોગની ભોગ થઈ પડે છે. અને કોઇવાર પીડાઈને મરી પણ જાય છે. જો તે વહુ આકરા સ્વભાવની હોય તો પોતાની સાસૂની સાથે લડે છે અને તેથી સાસૂ વહુની વચ્ચે દરરોજ મોટી વઢવાડ થયા કરે છે; જેથી પરસ્પર દ્વેષ વધવાથી આખરે તે ઘર ભાંગે છે. કેટલીક વાર તો એકજ ઘરમાં તેવા કંકાસથી સાસૂ અને વહુના જુદા ચુલા મંડાય છે. તે ઉપરાંત ઘરની ઘણી ફજેતી થાય છે. જો તીખા સ્વભાવની વહુ હોય તો તે સાસૂની નિંદા કરે છે અને લોકોની આગળ કહે છે કે, મારી સાસૂ મને પૂરૂં ખાવા દેતી નથી,

હું હમેશાં ભુખે મરૂં છું. વહુએ કહેલાં આવાં વચનો જ્યારે તેની સાસૂના સાંભળવામાં આવે છે, ત્યારે તે વહુની સાથે મોટી વઢવાડ કરે છે અને એ વાત લોકોના જાણવામાં આવે છે. જો તે વહુનો પતિ સ્વતંત્ર સ્વભાવનો અને ન્યાયી હોય તો પોતાની માને અને પોતાની વહુને—બન્નેને સમાધાનમાં રાખવા યત્ન કરે છે, પણ કેટલાએક કારણોથી તેનો યત્ન નિષ્ફળ થાય છે. પ્રથમ તો તે છોકરાની મા પોતાના નઠારા સ્વભાવને લઈને પોતાની વહુના સાચા ખોટા દોષ તે દીકરાની આગળ કહ્યા કરે છે, તે એવી આશાથી કે, તે છોકરો વહુને વારંવાર શિક્ષા કરે. પણ જો તે છોકરો ન્યાયી હોય તો પોતાની માનાં વચનો સાંભળી પોતાની વહુને પુછી તેની ખાત્રી કરે છે અને પછી જો પોતાની માનો દોષ લાગે તો તે નમ્રતાથી પોતાની માને ચાર વચનો કહેવા જાય છે, પણ તેની મા તે વખતે પોતાના દુષ્ટ સ્વભાવને લઈને ઉલટી દીકરાને ઠપકો આપે છે—"અરે મૂર્ખા, તારામાં કાંઈ પણ માલ નથી, તું નમાલો છે, તું સ્રીનો વેચાણ થઈ ગયો છે, તું તો બાયડીની આંખેજ જુવે છે. બાયડી કહે એટલુંજ કરે છે, એ છકેલીને તું કાંઈ પણ કહી શકતો નથી. તેં એને માથે ચડાવી છે, તેથી તે કોઈનું કહેવું કેમ માને? અરે બાયલા, તને એણે આંધળો કરી મૂક્યો છે, પણ તું મને ઓળખે છે, હું એના જેવી દશ રાંડો તને પરણાવીને લાવું એવી છું, મૂર્ખા વિચાર કર. રાંડો તો જોઈએ તેટલી મળે પણ મા ફરીને મળવાની નથી. બૈરીનું ઉપરાણું લઈને તું મને શીખામણ દેવા આવે છે, પણ તારી એ રાંડને કેમ દાબ દેતો નથી?" આવાં આવાં વચનો કહી દીકરાને શરમાવી દે છે. વળી કોઈવાર એવું પણ કહે છે કે, "દીકરા, મેં તને ઉછેરી મોટો કર્યો, તેનું આવું ફળ હોય નહીં. બાળપણમાં ભીનેથી કોરામાં સુવાડ્યો, અને તારાં વિષ્ઠા મૂત્ર ધોયાં—એનો બદલો તું આવો આપે છે. એક બે દહાડાની બૈરીનો પક્ષ કરી આ તારી જનેતાનું અપમાન કરે છે, એનો જરા વિચાર

કર્યું. દીકરા, જો તને હુ ગમતી ન હોઉં તો મારૂં અહીં કામ નથી. અમે અમારૂં સુજતું કરીએ. કાંઇ તારી જણીના ટુંણા ખવાશે નહીં." આવાં માના વચનો સાંભળી તે પુત્ર બીચારો શરમાઇ જાય છે. અને કરવા ધારેલા સમાધાનીના પ્રયત્નમાં નિષ્ફળ થાય છે.

જો એવી રીતે તે પોતાની વહુને કહેવા જાય તો જો તે નઠારી સ્ત્રી હોય તો તે પણ પોતાના પતિને એવાં વચનો કહી પાછો પાડી દે છે. અને ઘણાં સખત અને કઠોર વચનો સંભળાવી તેના હૃદયમાં ખેદ ઉત્પન્ન કરે છે. આથી કરીને તેના ઘરમાં કલેશ વધતો જાય છે. અને તેથી તેનો સંસાર દુઃખરૂપ થાય છે. જો તેની સ્ત્રી કેળવણી પામેલી કે ભલી હોય તો તે સઘળું સહન કરે છે અને પતિની આજ્ઞા પ્રમાણે વર્ત્તી દુઃખ વેઠી દિવસો ગાળે છે પણ જો તે નઠારા સ્વભાવની હોય તો તે રીસાઇને પોતાને પિયર ચાલી જાય છે. અને પિયરમાં રહી દુર્ગુણી અને દુઃખી બને છે. આ કૃપણતા રાખવાથી એવાં નઠારાં પરિણામ આવે છે. તેથી હે દીકરી, એવી કૃપણતા કદિ પણ રાખવી નહીં. જેની મા કૃપણ હોય તેના દીકરાને કોઇ દીકરી પણ પરણાવતું નથી. લોભી માણસની જગત્માં પ્રતિષ્ઠા રહેતી નથી. લોભીપણાની હલકી ટેવ પડવાથી ઘણાના કુળ ઉંચા હોય તો પણ નીચાં ગણાય છે. કુળવાન્ માણસ પણ જો લોભ રાખે તો તેની લોકમાં એવી અવગણના થાય છે કે, કોઇ પણ માણસ તેને માન આપતું નથી. કદિ તેનામાં કુલીનપણું, વિદ્યા, અને બીજા સદ્ગુણો હોય તો પણ લોકોમાં તેની હલકાઇ વધે છે. કેટલાએક લોભી માણસો સારી સ્થિતિના હોય તો પણ તેમનાં છોકરાં કુંવારાંજ મરે છે. બ્હેનો, તમે એ લોભના દુર્ગુણને કદિ પણ ધારણ કરશો નહીં. તમારા હૃદયમાં ઉદારતાના મહાનગુણને રાખી તમે લોકોમાં સારી કીર્ત્તિ ફેલાવજો. જે સમજણી સાસૂ હોય તેણ્

આવા દોષોને ત્યજવા જોઇએ અને આપણા ઘરમાં આવેલી પારકી દીકરીને ખાવાપીવામાં સુખ આપવું જોઇએ. તેમજ જે શાણી વહુ હોય, તેણે કદિ પણ પોતાની સાસૂના દોષો હોય તો તે વિવેકથી સહન કરવા જોઇએ. પણ બહારના લોકને જણાવી તેની ફજેતી ન કરવી જોઇએ.

હે દીકરી, કેટલાએક લોભી માણસો અન્નને માટે પણ હલકા વિચારના હોય છે, જ્યારે પોતાને ઘેર કોઈ મીજમાન આવે ત્યારે તે ઘણા દિલગીર થાય છે. તેમને ખવરાવવામાં ઘણોજ સંકોચ રાખવામાં આવે છે. તેથી કોઇ કોઈ વખતે તે મીજમાનો ભુખ્યા પણ રહે છે. તેઓ મનમાં સંતાપ પામી એવું ધારે છે કે, આ મીજમાન હવે ઘરમાંથી જાય તો વધારે સારૂં. જો મીજમાન પોતાના કામ પ્રસંગે આવેલ હોય અને તેથી કરીને તે જો એક દિવસ વધારે રોકાય છે તો તે કૃપણ માણસના મનમાં ઘણોજ પરિતાપ થાય છે. કેટલીક વાર તો તેઓ તેવા મીજમાન તરફ ખુલ્લી રીતે અણગમો બતાવે છે. વળી ઘરમાં બધા માણસોને ગાળો આપી આડકતરી રીતે તે મીજમાનને સંભળાવે છે. અને હલકાં વચનો બોલે છે. હે દીકરી, એવા નઠારા દુર્ગુણથી લોકો તેની ઘણીજ હાંસી કરે છે: માટે એ કૃપણતાનો અવગુણ હમેશાં છોડી દેવો જોઇએ. કૃપણપણાથી બીજા ઘણા અવગુણો આપણામાં આવે છે લોકોમાં કહેવત છે કે, "લોભ પાપનું મૂળ છે" એ ખરેખર છે. એક લોભના દુર્ગુણથી બીજા ઘણા દુર્ગુણો ઉત્પન્ન થાય છે. જેના હૃદયમાં પાપના મૂળરૂપ લોભ ઉત્પન્ન થયો તેનામાં અદેખાઈ પણ હોય છે અને અદેખાઇથી તેનાથી કોઇનું સારૂં દેખી ખમાતું નથી તેથી તે સૌની નિંદા કરે છે: અને બીજાની નિંદા કરવી એ મોટામાં મોટું પાપ છે, તેથી નિંદા કરનાર માણસ મોટું પાપી ગણાય છે. વળી જે માણસ નિંદા કરે તેનાથી સંપ પીને રહેવાતું

નથી, તેથી તે બધાની સાથે વિરોધ કરી એકલાં રહેવા ઇચ્છે છે, તેથી તેને ઘણાં માઠાં પરિણામ સહન કરવાં પડે છે.

હે પ્રાણી ગુના, એથી તમારે કદિ પણ લોભ નામના દુર્ગુણને ધારણ કરવો નહીં. હૃદયમાં ઉદારતાનો ગુણ ધારણ કરવો. જેનામાં ઉદારતા છે, તે માણસ સારી કીર્તિ મેળવી શકે છે. ઉદાર હૃદયના માણસોની ઉપર સર્વની પ્રીતિ થાય છે. બધા લોકો ઉદાર માણસને ચાહે છે. જેઓ ઉદાર હોય છે, તેઓના વિચાર પણ ઉદાર હોય છે, તેથી ઉદારતાનો મહાનગુણ દરેક મનુષ્યે ધારણ કરવો જોઈએ. અહીં એટલી વાત યાદ રાખવાની છે કે, ઉદારતા રાખવામાં આપણી શક્તિ અને યોગ્યતાનો વિચાર કરવો. જે શક્તિ ઉપરાંતની ઉદારતા છે, તે ઉદારતાને બદલે ઉડાઉપણું કહેવાય છે. ઉદારતા અને ઉડાઉપણામાં ઘણો તફાવત છે. ઉદારતા એ મોટો ગુણ છે, ત્યારે ઉડાઉપણું અવગુણ છે. ઉડાઉ થઈ જે પુરૂષ સંસારમાં દુખી થાય છે. તેમાં ખાસ કરીને [illegible] એ દુર્ગુણથી સર્વદા દૂર રહેવાનું છે. જેની સ્ત્રી ઉડાઉ હોય તે પુરૂષના ઘરની સ્થિતિ કફોડી થઈ જાય છે. ઉડાઉ સ્ત્રીઓનો પતિ કદિ પણ સારી સ્થિતિમાં આવી શકતો નથી. ઘરના બધા ખર્ચનો નિર્વાહ સ્ત્રીના હાથે થાય છે, પુરૂષ તો માત્ર પૈસા પેદા કરી ઘેર દે છે. પેદાશ, ઘરની સ્થિતિ વિચારીને ઓછે ખરચે ઘરસંસારનું જે કરકસર કરવી અને થોડામાં પૂરું કરી સુખ ભોગવવું, એ સ્ત્રીનું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

હે દીકરી, આ પ્રસંગે મારે તને બીજી એક ખાસ વાત કહે-વાની છે, તે તું સાવધાન થઈને સાંભળજે. કેટલીએક વહુઓ એવા સ્વભાવની હોય છે કે, જ્યારે પોતાનો ધણી કમાતો થયો એટલે તેહુોના મનમાં બુરાજ વિચાર આવે છે. તે આપસ્વાર્થી સ્ત્રી એવું ધારે છે કે, મારો પતિ સારી કમાણી લાવે છે, અને તે કમાણીનો પૈસો ઘરનાં બધાં માણસો ખાઈ જાય છે; તેથી આપણે આપણા ધણીને તેનાં માબાપ તથા બાઈભાંડુથી જુદો કરાવવો કે જેથી પછી તેની કમાણી આપણા તાબામાં રહે અને આપણે ઘર-માં સ્વતંત્ર રહીએ. સારાંસારાં ઘરેણાં અને કીંમતી વસ્ત્રો ખરીદ કરા-વી પહેરીએ ઓઢીએ. અને મોજ [illegible] ખાઈએ પીએ. આવા વિપરીત વિચાર કરી તે વહુ પોતાના ધણીને આ પ્રમાણે બોધ કરે છે—“જુઓ. તમને કશી વાતની સમજણ નથી, આ ઘરનાં બધાં માણસો ખાઈને તમને ખુવાર કરવા બેઠાં છે. તમે એકલા કમાઈને લાવો છો, તે તમારી કમાણી ચાળણીની પેઠે ઉડી જાય છે. આવી રીતે વધારે દહાડા કહાડશો તો તમે વધારે ખુવાર થઈ જ-શો. તમારું કદિ પણ ઊંચું આવવાનું નથી. વળી તમે વિચાર કર-જો કે, જ્યાંસુધી તમે કમાઈને લાવશો, ત્યાંસુધી તમે એમને વહા-લા લાગશો; જો [illegible] તમે માંદા સાજા થયા તો પછી કોઈ તમારી સંભાળ લેવાનું નથી, કે કોઈ બાંડનો પૈસો તમારા વાસ્તે ખરચે તેવું નથી. એ તો સૌ મતલબનું સગું એકઠું થયું છે. જો [illegible] તમારું સારું [illegible] તો મારું [illegible] માણસો ઘરમાં [illegible] છે. તેથી જો તમે [illegible] [illegible] [illegible] નથી. તેથી જો [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] અને

બધા ભાઈઓ મળીને માબાપને ખરચ આપો કે તેમની મેળે સુખે દહાડા કાઢે. જો આમ કરશો તો સૌને કાળજી પેસશે અને પોતપોતાનું ઘર વળગશે એટલે એની મેળે જાત તોડીને મેહેનત કરશે અને ત્યારે તેમને માથે આવી પડશે અને ઘર ચલાવવું પડશે ત્યારે તેઓ પણ જાણશે કે, 'આટલી વીશે સો થાય છે.'

હે દુહિતા, આ પ્રમાણે તે સ્ત્રી પોતાના પતિને હરરોજ તેવાં વચનો સંભળાવે છે. તેથી દિનપ્રતિદિન તેના પતિના મગજમાં એવા સંસ્કાર બંધાઈ જાય છે, કે જેથી તેનું મન પોતાના કુટુંબના ઘરથી જુદું પડે છે પરિણામે તે પુરૂષ સ્ત્રીના હમેશના ભંભેરવાથી પોતાના માબાપ અને ભાઈઓથી જુદો થવા નિશ્ચય કરે છે. અને આખરે તે કુટુંબથી જુદો પડે છે. જ્યારે તે કુટુંબના કમાતા પુરૂષો પોતાની સ્વતંત્ર કમાણીનું સુખ લેવા જુદા થાય છે ત્યારે કમાવાને અસમર્થ એવા કુટુંબનાં બીજાં માણસોને નિરાશ્રિતપણું દુઃખ વેઠવું પડે છે. આ ઘણુંજ દુઃખદાયક છે. બ્હેનો, તમે વિચાર કરો કે, જે માબાપે આખર અવસ્થાએ પોતાને આધાર આપે તેવા વિચારથી પોતાના પુત્રને ઉછેરી મોટો કર્યો હોય અને તેને સારી કેળવણી આપી હુશિઆર કીધો હોય, તે પુત્ર જ્યારે પોતાની સ્વાર્થી સ્ત્રીના ભંભેરવાથી તે માબાપથી જુદો પડે અને જેના પ્રતાપથી પોતે કમાવા શીખ્યો છે, ને માબાપને તરછોડી પોતાની કમાણી જુદી રાખવાને કુટુંબથી જુદું ઘર માંડી રહે અને કમાવાને અશક્ત થયેલાં માબાપો દુઃખી થાય, એ કેવું ગેરવાજબી કહેવાય? વ્યવહારમાં કુશળ અને વિવેકી પુરૂષો આવી રીતને હૃદયથી ધિક્કારે છે, માટે હે બ્હેનો, તમે કદિ પણ તમારા પતિને એવો ઉપદેશ આપશો નહીં. પણ ઉલટો તેનાં ઉપકારી માતાપિતાની સેવા કરવાનો ઉપદેશ આપજો. કુટુંબથી જુદા રહેવાને કહેવું, એ ઉત્તમ સ્ત્રીનો ધર્મ નથી. માબાપનો આપણી ઉપર કેવો અને કેટલો

ચંચળ—પુતળી બ્હેન, પેહેલાં મેં જે કહ્યું હતું, તે મારા વિચારથી કહ્યું હતું અને ફરીથી જે આ કહ્યું છે, તે શાંતો વિચાર કરીને બોલું છું. પુતળી બ્હેન, તેથી મારૂં મન ચંચળ છે, એવું તમે ધારશો નહીં.

પુતળી—ચંચળ બ્હેન, કહો, શો શાંતો વિચારકરીને ફરેવું છે? તે સમજાવો.

ચંચળ—પુતળી બ્હેન, જે કોઇ ઉપદેશની વાત આપણને કહેવામાં આવે અને તેથી જો તેની સારી અસર આપણા મન ઉપર થાય તો આપણે એકલાંજ સુધરીએ. પણ જો તે ઉપદેશની વાત પ્રૌઢવયનાં માણસને કહેવામાં આવી હોય તો તે બીજી નાની ઉમરનાં ઘણાં માણસોને તે વાત કહી વધારે ફેલાવે છે અને તેથી કરીને આપણા જેવી ઘણી ઉછરતી છોકરીઓને લાભ થાય છે, આવો વિચાર આવવાથી મેં મારા પેહેલા વિચારને ફેરવી નાંખ્યો છે.

પુતળી—બ્હેન ચંચળ, માફ કરજો. હવે હું પણ તે વાત સમજી છું.

પ્રેમદા—આનંદા બ્હેન, હવે વિનોદચંદ્રની વાર્તા શરૂ કરો.

ધર્મદાસ શેઠ કહે છે, હે શ્રાવિકાઓ, તે પછી આનંદાએ નીચે પ્રમાણે વિનોદચંદ્રની વાર્તા શરૂ કરી. તે તમે ધ્યાન દઇને સાંભળજો. એ વાર્તામાંથી તમારે ઘણો બોધ લેવાનો છે.

આનંદા કહે છે—હે બ્હેનો, ગુર્જર દેશમાં રાજનગર નામે એક નગર છે, તેમાં કલ્યાણ કરીને એક શ્રાવક રહેતો હતો, તે કલ્યાણને વાણી કરીને એક સ્ત્રી હતી, તે વાણી ઘણીજ પવિત્ર હૃદયની અને પતિભક્તિ વાળી હતી. કલ્યાણ અને વાણી એ બન્ને ગૃહસ્થ ધર્મ પાળતાં હતાં. કલ્યાણ ઉપર વાણીનો ઘણોજ પ્રેમ હતો અને કલ્યાણ પણ પોતાની સ્ત્રી વાણીને હૃદયથી ચાહતો હતો. કલ્યાણના ઘરની સ્થિતિ સાધારણ હતી. તે ગુમાસ્તાની નોકરી કરી પોતાનો

ચંચળ—પુતળી બ્હેન, પહેલાં મેં જે કહ્યું હતું, તે ઓછા વિચારથી કહ્યું હતું અને ફરીથી જે આ કહ્યું છે, તે લાંબો વિચાર કરીને કહેલું છે. પુતળી બ્હેન, તેથી મારૂં મન ચંચળ છે, એવું નહિ ધારશો નહીં.

પુતળી—ચંચળ બ્હેન, કહો, શો લાંબો વિચાર કરીને કહેલું છે? તે સમજાવો.

ચંચળ—પુતળી બ્હેન, જે કોઈ ઉપદેશની વાત આપણને કહેવામાં આવે અને તેથી જો તેની સારી અસર આપણા મન ઉપર થાય તો આપણે એકલાંજ સુધરીએ. પણ જો તે ઉપદેશની વાત મોટવયનાં માણસને કહેવામાં આવી હોય તો તે બીજા નાની ઉમરનાં ઘણાં માણસોને તે વાત કહી વધારે ફેલાવે છે અને તેથી કરીને આપણા જેવી ઘણી ઉછરતી છોકરીઓને લાભ થાય છે, આવો વિચાર આવવાથી મેં મારા પહેલા વિચારને ફેરવી નાંખ્યો છે.

પુતળી—બ્હેન ચંચળ, માફ કરજો. હવે હું પણ તે વાત સમજી છું.

પ્રેમદા—આનંદા બ્હેન, હવે વિનોદચંદ્રની વાર્તા શરૂ કરો.

ધર્મદાસ શેઠ કહે છે, હે શ્રાવિકાઓ, તે પછી આનંદાએ નીચે પ્રમાણે વિનોદચંદ્રની વાર્તા શરૂ કરી. તે તમે ધ્યાન દઈને સાંભળજો. એ વાર્તામાંથી તમારે ઘણો બોધ લેવાનો છે.

આનંદા કહે છે—હે બ્હેનો,ગુર્જર દેશમાં રાજનગર નામે એક નગર છે, તેમાં કલ્યાણ કરીને એક શ્રાવક રહેતો હતો, તે કલ્યાણને વાણી કરીને એક સ્ત્રી હતી, તે વાણી ઘણાજ પવિત્ર હૃદયની અને પતિભક્તિ વાળી હતી. કલ્યાણ અને વાણી એ બન્ને ગૃહસ્થ ધર્મ પાળતાં હતાં. કલ્યાણ ઉપર વાણીનો ઘણોજ પ્રેમ હતો અને કલ્યાણ પણ પોતાની સ્ત્રી વાણીને હૃદયથી ચાહતો હતો. કલ્યાણના ઘરની સ્થિતિ સાધારણ હતી. તે ગુમાસ્તાની નોકરી કરી પોતાનો

નિર્વાહ ચલાવતો હતો. તેની સ્ત્રી વાણી કેળવણી પામેલી હોવાથી ઘર—સંસાર ચલાવાની સારી તાલિમ તેણીને મળી હતી. પોતાના પતિને જે પગાર મળતો હતો તેમાંથી કરકસરથી ઘરનો વ્યવહાર ચલાવી તે ચતુર શ્રાવિકા વર્ષની આખરે થોડા ઘણા પૈસા બચાવતી હતી. કલ્યાણ પોતાની સ્ત્રીની તે પદ્ધતિથી ઘણો ખુશી રહેતો અને આવી સુઘડ અને ચાલાક સ્ત્રી પોતાને મળી તેને માટે તે પોતાના આત્માને ભાગ્યશાળી અને કૃતાર્થ માનતો હતો. પોતાની સ્ત્રીનું આવું ઉત્તમ વર્ત્તન જાણી તે પોતાનો બધો પગાર સ્ત્રીને સોંપી દેતો અને પોતે ઘર–વ્યવહારના કામમાં ઘણોજ નિશ્ચિંત રહેતો હતો. ઘરમાં જે કાંઇ ચીજ જોઇએ, તે પોતે બજારમાંથી લાવી આપતો અને તે હિસાબ પોતાની વિદ્વાન્ અને વિશ્વાસપાત્ર સ્ત્રીને જણાવતો હતો.

વાણી એ ખરેખર વાણીરૂપજ હતી. જેવી તે વિદ્વાન્ હતી, તેવી તે વિનયવાળી અને સુઘડ હતી. તેણીએ પોતાની તીવ્ર બુદ્ધિના પ્રભાવથી ધર્મ, નીતિ અને ગૃહવ્યંવહારનું સારૂં જ્ઞાન મેળવ્યું હતું. જે કાંઇ નવું પુસ્તક જાણવામાં આવે અથવા સાંભળવામાં આવે તો તે શ્રાવિકા ઉમંગથી વાંચતી અને તેમાંથી સારો બોધ લેતી હતી. આ પ્રમાણે કલ્યાણ અને વાણી પોતાનો ગરીબ સંસાર ચલાવતાં હતાં. આવક પ્રમાણે ખર્ચ રાખી તેમાંથી કરકસર કરી તેઓ થોડું ઘણું બચાવવા પ્રયત્ન કરતાં પણ કોઇવાર થોડું બચતું અને કોઇવાર બીલકુલ ન બચતું—એમ તેમના ગૃહ–વ્યવહારની ગાડી ચાલતી હતી. એમ કરતાં વાણી સગર્ભા થઇ. ઘણાં વર્ષો વાટ જોવરાવી આખરે કલ્યાણ પિતાની પદવી મેળવવાને ભાગ્યશાળી થયો હતો.

યોગ્ય સમય આવ્યો એટલે વાણીએ એક પુત્રને જન્મ આપ્યો. પુત્રનો જન્મ સાંભળી સૂતિકાગૃહમાં સૂતેલી વાણી અને શુભ જન્મની રાહ જોઇ બાહેર રહેલા કલ્યાણના આનંદનો પાર રહ્યો નહીં.

સધન અને નિર્ધનનો સંસાર હર્ષ અને આનંદ મેળવવામાં સમાન છે: પુત્રજન્મ, વિવાહોત્સવ અને બીજા શુભ પ્રસંગમાં જે આનંદ ધનાઢ્ય કુટુંબમાં પ્રસરે છે, તેવોજ આનંદ ગરીબ કુટુંબમાં પણ પ્રસરે છે. પોતાના સંતાનને અનેક જાતના વૈભવ સુખ આપવાની આશામાં તલ્લીન થયેલો એક ધનાઢ્ય અને માંડ માંડ કુટુંબનો નિર્વાહ કરનાર એક ગરીબ પુરુષ આનંદ મેળવે છે. જે માણસના નિર્વાહ જેટલું કમાઇ શકનાર માણસ ત્રીજા જન્મેલા બાળકથી શામાટે ખુશી થતો હશે? એવી શંકા હૃદયમાં કરવાની નથી: પ્રત્યેક મનુષ્ય પ્રકૃતિ પોતાને પૂર્ણ માની આનંદનો અનુભવ કરી શકે છે. પ્રેમ એ શબ્દ દરેક પ્રાણીમાં સરખી રીતે રહેલ છે. "આ ઉત્તમ અને આ નીચ, આ ધનાઢ્ય અને આ ગરીબ, અને આ વિદ્વાન અને આ મૂર્ખ"—આવો ભેદ પ્રેમના પવિત્ર પ્રભાવમાં રહ્યો નથી. પ્રેમનું જીવન પ્રત્યેક પ્રાણીના જીવનની સાથે સમાન રીતે મિશ્ર થઇ રહેલું છે.

વાણીને પુત્ર થવાથી કલ્યાણ શ્રાવક ઘણોજ ખુશી થયો. સંસારના મોહથી તે પોતાના જીવનને કૃતાર્થ માનવા લાગ્યો. તેમજ હવે પોતાનો મોટો ઉદય થવાનો છે એમ તે હૃદયમાં માનવા લાગ્યો. કલ્યાણ સુજ્ઞ હોવાથી એમ પણ સમજતો કે, મારી ગરીબ સ્થિતિ છે, અને મારો નિર્વાહ માંડ માંડ ચાલે છે. મને મારા સંસારમાં સુઘડ સ્ત્રી મળી છે, તેથી આ જગતરૂપ સમુદ્રમાં મારું સંસારનાવ સારી રીતે ચાલે છે. જો આયુષ્ય યોગે આ પુત્ર મોટો થશે, તો હું તેને મારી શક્તિ પ્રમાણે વિદ્યા ભણાવી એક સારો વિદ્વાન કરીશ. વિદ્વાન થયેલો એ પુત્ર મને વૃદ્ધ અવસ્થામાં એક સહાયરૂપ થઈ પડશે.

આવા વિચારથી કલ્યાણ અને વાણી બન્ને સ્ત્રી પુરુષ આનંદમા મગ્ન થઇ એ પુત્રને ઉછેરવા લાગ્યાં. પુત્રનું નામ વિનોદચંદ્ર

પાડયું. અનુક્રમે તે પુત્ર શુક્લપક્ષના ચંદ્રની જેમ વધવા લાગ્યો. વિનોદચંદ્ર બાલવયથીજ ચાલાક અને ચતુર હતો, જ્યારે તે યોગ્ય વયનો થયો એટલે તેના હોંસીલા પિતાએ તેને કેળવણી લેવાને પાઠશાળામાં બેસાર્યો. ચતુર વિનોદચંદ્ર થોડા વર્ષમાં સારી કેળવણી લઇ તૈયાર થયો.

તે રાજનગરમાં **લક્ષ્મીચંદ** નામના એક શ્રાવકની **જડાવ** નામની એક કન્યાની સાથે વિનોદચંદ્રનો સંબંધ થયો. લક્ષ્મીચંદ પણ એક ગરીબ સ્થિતિનો શ્રાવક હતો, તેણે કલ્યાણના ઘરની સ્થિતિનો વિચાર કર્યો નહીં પણ મૂરતીઓ સારો જોઇનેજ પોતાની છોકરી તેના ઘરમાં આપી. જડાવ ચતુર હતી, પણ તેણે માત્ર ઉપર ઉપરની કેળવણી લીધી હતી. ધર્મની તથા નીતિની સંગીન કેળવણી વિનાની તેણીની કેળવણી કેવળ સુકી હતી. તે વાંચતાં લખતાં શીખી હતી પણ તેણીએ જોઇએ તેવાં સારાં બોધક પુસ્તકો વાંચ્યાં નહતાં, તેમજ તેની માતા તરફથી પણ જોઈએ તેવું બીજું સારૂં શિક્ષણ તેણીને મળ્યું નહતું. આથી જડાવના હૃદય ઉપર ઉત્તમ પ્રકારની કેળવણીની છાયા પડી નહતી. શુષ્ક કેળવણીને લઇને જોઇએ તેવા સારા સંસ્કારો જડાવ મેળવી શકી નહીં, તેથી તેણીના હૃદયમાં સ્વાર્થવૃત્તિ. છલતા અને અહંકારપણાના દુર્ગુણોએ આવી વાસ કર્યો..

વિનોદચંદ્રની સાથે જડાવનો. વિવાહ થયો. જડાવ વયમાં આવી એટલે તેણીને સાસરે મોકલવામાં આવી. પતિગૃહના દ્વારમાં આવ્યા પછી જડાવની પ્રકૃતિમાં વિકાર થવા માંડયો. અપૂર્ણ કેળવણી તેણીના સ્વાર્થી વિકારોને દબાવી શકી નહીં.

વિનોદચંદ્રની વિદ્યા જોઇ રાજનગરના એક ધનાઢ્ય વેપારીએ તેને પોતાની વેપારની પેઢીમાં નોકર રાખ્યો. અને તેને સારો પગાર કરી આપ્યો. આ વખતે તેનો પિતા કલ્યાણ વૃદ્ધ વયનો થઇ

ગયો હતો. વૃદ્ધ વયને લઇને તેની તબીયત લથડતી ગઇ હતી. અને શરીરમાં ઘણીજ અશક્તિ રહેતી હતી. જ્યારે પોતાનો પુત્ર કમાવા લાગ્યો એટલે તે વૃદ્ધ પિતા પોતાની નોકરી છોડી સંતોષ માની ઘેર બેઠા અને તે પોતાના પુત્રની કમાણીમાંથી સર્વ જાતનું સુખ મેળવવા લાગ્યો. તેની સ્ત્રી વાણી પણ પોતાના પુત્ર વિનોદચંદ્રને સારી સ્થિતિ ઉપર કમાતો જોઇ પોતાના પતિની સેવા કરી ઘેર બેને તે ઘરનાં કામ કરી સુખે રહેવા લાગી.

વિનોદચંદ્ર માતાપિતાની ભક્તિ કરવામાં તત્પર રહે તેવો હતો પણ તેનામાં દ્રઢતાનો ગુણ બીલકુલ નહતો. પોતે પોતાના વિચારમાં ચોક્કસ રહી શકતો નહીં. બીજાના દોર ઉપર દોરાઇ જવાનો તેનામાં સ્વભાવ પડી ગયો હતો. તે સાથે તેના હૃદયમાં ધર્મની સારી છાપ પણ પડી નહતી. ધર્મના પવિત્ર સંસ્કારોએ તેના હૃદયને સુવાસિત કરેલું નહતું. આથી તેના હૃદયમાં દ્રઢતાનો ગુણ રહી શકતો નહતો.

વિનોદચંદ્રની પાસે તેની વહુ જડાવનો પ્રસંગ વધતો ગયો. તે બન્ને યુવકદંપતીમાં પ્રેમનાં બીજ રોપાવા માંડ્યાં. પતિની સારી કમાણી જોઇ જડાવના હૃદયમાં સ્વાર્થનાં બીજ રોપાયાં અને થોડા વખતમાં તો એ સ્વાર્થનું મોટું વૃક્ષ નવપલ્લવિત થઇ ગયું.

આનંદા કહે છે—હે બેનો, હવે આ વાર્તાને સાવધાન થઇને સાંભળજો. બરાબર સારી કેળવણી લીધા વિના સ્ત્રીઓ કેવાં અનીતિનાં કામ કરે છે? અને કેવી હલકી વૃત્તિ, તથા કેવું એકલપેટાપણું બતાવે છે? તે અહીં જાણવાનું છે.

સ્વાર્થને સાધવામાં તત્પર અને મનની હલકાઇ દર્શાવનારી જડાવના મલિન હૃદયમાં વિચાર થયો કે, મારો પતિ સારી કમાણી લાવે છે અને આ ડોસો ડોશી પડ્યાં પડ્યાં ખાય છે, એ કેવી વાત કહેવાય? 'સાઠે બુદ્ધિ નાઠે' એ કહેવત પ્રમાણે મારા સાસ-

રાને થયું છે. તે ડોસો પોતે થોડું ઘણું કમાતો હતો. તે પણ બંધ કરી પોતાના દીકરાની કમાણી ઉપર તાગડધીન્ના કરવાને ઘરમાં પડ્યા પડ્યા ખાય છે, એ કેવી અનીતિ કહેવાય. તેમ વળી મારી સાસુ પણ કાંઇ બોલતી નથી તે પણ પોતાના ધણીને ખાવા પીવામાં સાથવી પોતે મનને પુછીને ખાય છે. જો આ પ્રમાણે ચાલ્યા કરશે તો મારા ધણીની કમાણી જણાઇ આવશે નહીં. પછી નવાં નવાં ઘરેણાં તથા સારાં સારાં વસ્ત્રો લઇ પહેરવા ઓઢવાના મારા મનોરથો ક્યારે સિદ્ધ થશે? મારા પતિનામાં તેવી સમજણ આવતી નથી. તે તો પોતાના માબાપને કાંઈ કહી શકતા નથી, માટે મારે તેમને કહેવું જોઇએ.

હે બહેનો, આ પ્રમાણે વિપરીત વિચાર કરી જડાવે પોતાના પતિ વિનોદચંદ્રને તે વિષે કહેવાનો નિશ્ચય કર્યો. એક વખતે રાત્રે વિનોદચંદ્ર પોતાની સ્ત્રી જડાવની પાસે આવ્યો. એટલે જડાવ પોતાનો ઇરાદો સફળ કરવા, ચિંતાતુર થઈ બેઠી. જડાવને ચિંતાતુર જોઈ વિનોદચંદ્ર બોલ્યો—કેમ, આજે ચિંતાતુર દેખાય છે? ચિંતાતુર થવાનું શું કારણ છે? તે જરા જણાવતો ખરી. જડાવ આજીજી સાથે વિનયનાં વચનો બોલી—સ્વામી, શું જણાવું? કાંઇ કહેવાની વાત નથી. મને તો આપણી મોટી ફિકર થઇ ગઇ છે. વિનોદ 'એવું શું છે'? એમ આક્ષેપથી બોલી ઉઠયો. તને એવી મોટી ફીકર શી થઈ પડી છે? અત્યારે આપણા જેવાં ભાગ્યવાન કોણ છે? જડાવે કહ્યું, સ્વામી, તમે તમારા આત્માને ભાગ્યવાન્ ગણો છો, પણ મારા ધારવા પ્રમાણે તમે ભાગ્યવાન્ નથી, કારણકે, તમારી કમાણી આપણા ઘરખર્ચમાં ચાલી જાય છે. જ્યાંસુધી તેમાંથી બચાવ થાય નહીં, ત્યાંસુધી તે બધી કમાણી નકામી છે. દરેક ગૃહસ્થ માણસ પોતાનું ખાધાખર્ચ પેદા કરે તેમાં કાંઇ નવાઈ નથી. કાગડા કુતરા પણ પેટ તો ભરે છે. જ્યારે ઘરનું ખર્ચ કાઢતાં વધારો રહે અને

તે વધારામાંથી સારાં સારાં ઘરેણાં અને વસ્ત્રો મને પહેરવા આડવા મળે ત્યારે તમારી ખરી કમાણી કહેવાય. હું તો હજુસુધી અંગ ઉપર અડવી છું. ફક્ત મારા પિયરના જે ઘરેણાં મળ્યા છે, તે પહેરીને હું મારા મનને સંતોષ આપું છું. તમારા ઘર તરફથી મને હજુ સારા દાગીના મળ્યા નથી. અને જે મળ્યા છે, તે કાંઇ બારે કીંમતની નથી. તેવા દાગીના અને લુગડાં તો એક ભીખારીની બઇરી પણ પેહેરે છે. પતિ, વિચાર કરો, જે સમજુ પુરૂષ હોય તે તો પ્રથમ પોતાની વહુને શણગારે છે. જેની સ્ત્રી નવનવાં સુંદર ઘરેણાં અને સુંદર સાડીઓ પેહેરી ફરે છે, તેજ પુરૂષની લોકોમાં સારી પ્રશંસા થાય છે. પેલા આપણા પાડોશી નાનચંદની વહુ કેવો મજાનો પોશાક પેહેરે છે. તેના જેવા કમખા, ચણીઆ અને સાડીઓ હજુ મારા અંગને અડી પણ નથી. જે પુરૂષની સ્ત્રીને સુંદર પોશાક મળતો નથી, તે પુરૂષને અમારાં બૈરાં લોકો નમાલો ગણે છે અને તેની બધે નિંદા થાય છે. તેથી સ્વામી, તમે જરા વિચાર કરો. તમારી કમાણી આપણા ઘરખર્ચમાં તણાઈ જાય છે. આપણ બંનેનું તો કાંઇ પણ ખર્ચ નથી પણ તમારા ડોસો ડોશી પડ્યાં પડ્યાં નકામા બધું ખાઇ જાય છે. તમારો બાપ જે પૈસા કમાતા તે પણ હવે બંધ કરી બેઠા છે. કાંઈ પણ મેહેનત વગર મનગમતું ખાવાનું મળતું હોય તો પછી નકામી મેહેનત કોણ કરે? દીકરો રળે અને બાપ પડ્યો પડ્યો ખાય. એ રીત તો મેં તમારા ઘરમાંજ જોઇ છે. તમારા જેવા હૈયાફૂટા કોણ હોય? સ્વામી, હવે આ બધો વિચાર કરી અત્યારથી ચેતી જાઓ. તો વધારે સારૂં, મારા જેવી બૈરી તમારા જેવા ડાહ્યા પુરૂષને કેટલુંક કહે. વળી તમે તમારા મનમાં એવું ધારતા હો કે, આપણે આવી કાયમ કમાણી છે તો શી હરકત છે? પણ તેવું ધારશો નહીં. વાદળાંની છાયા કાયમ રહેતી નથી. તેમ વળી શરીરનો કોઇને ભરૂંસો નથી. કોઇ વાર શરીર સાજું

માંદુ થાય તો જો પાસે હોય તો ખાટલે પડ્યા પણ ખવાશે. તે વખતે માબાપ કામમાં આવશે નહીં. સહુ સ્વાર્થનાં સગાં છે.

જડાવનાં આવાં વચન સાંભળી વિનોદચંદ્ર હૃદયમાં વિચાર કરી બોલ્યો—પ્રિયા, આ તારૂં કહેવું મને યોગ્ય લાગતું નથી. મારા માતાપિતા હવે વૃદ્ધાવસ્થાને લઈને અશક્ત થયાં છે. હવે તેમની સેવા કરવાની જરૂર છે. અત્યારે જે હું આવી સારી સ્થિતિમાં આવ્યો છું, તે પ્રતાપ મારા માતાપિતાનો છે. જો પિતાએ મને સારી રીતે ભણાવ્યો ન હોત તો મને આવો સારો પગાર ક્યાંથી મળત? બાળપણથી ઉછેરી મોટો કરનાર અને પછી કેળવણી આપી ધંધે ચડાવનાર માતાપિતાનો ઉપકાર પુત્રથી કદી પણ ભુલાય તેમ નથી. પુત્ર માતાપિતાનો યાવજ્જીવિત સુધી [1]ઋણી છે. માતાપિતાના કરેલા ઉપકારનો બદલો પુત્રથી કદિ પણ વાળી શકાય તેમ નથી. પ્રિયા, એ માતાપિતાનો ત્યાગ આપણાથી શી રીતે થઈ શકે? તારા કહેવા ઉપરથી એવું સમજાય છે કે, મારી કમાણીનો મોટો ભાગ માતાપિતાના ખર્ચમાંજ વપરાઈ જાય છે, પણ તે વાત આપણાથી બની શકે તેમ નથી. વળી જો અત્યારે ઘડપણમાં તેમનાથી આપણ જુદા રહીએ તો લોકોમાં આપણી ઘણીજ નિંદા થાય. અને વળી મારા માતાપિતા ઘણાંજ દુઃખી થાય; માટે તેવો હલકો વિચાર કરવો મને યોગ્ય લાગતો નથી. આપણી કમાણીમાંથી બચવાનું હોય તે બચે અથવા ન બચે, પણ અત્યારે માબાપથી જુદાં રહેવું, એ મને ઉચિત લાગતું નથી. પતિનાં આવાં વચન સાંભળી જડાવે જરા ગુસ્સો કરી કહ્યું, મેં તો પહેલેથીજ જાણ્યું હતું કે, મારો ધણી નમાલો છે. તેનાથી કાંઈ પણ બનવાનું નથી. હું રાંડ હેરાન થાઉં, તેમાં તમારે કાંઈ લેવા દેવા નથી. કદિ તમે તમારા માબાપથી જુદા ન થાઓ તો તમારી મરજી, પણ

1 કરજદાર.

મારાથી તો તેમની વેઠ થઇ શકે તેમ નથી. તેમને હાજીહરટી રાં ધી ખવરાવવું, પાણી આપવું, તેમના વ ચનમાં હાજર રહેવું અને ખર્ચની ખુવારીમાં ઉતરવું, એ મારે કદિ પણ પોસાય તેમ નથી.

વિનોદચંદ્ર—અરે ભલી સ્ત્રી, જરા વિચાર કર. મારાથી તે વાત શી રીતે બને ? જો તારે હાળવા ભરડવામાં મેહેનત પડતી હોય તો તે કામ હું કોઈની પાસે કરાવીશ. ફક્ત તારે તો તેમને રસોઈ કરી આપવી, બીજું કાંઇ કરવું નહીં.

જડાવ—જો તમે ઘરનાં બધાં કામ પૈસાથી કરાવશો તો પછી ખર્ચ વધી જશે અને તમારી કમાણી ધુળધાણી થઇ જશે. તમે હૃદયથી વિચાર કરો. તમારી બુદ્ધિ આવી વિપરીત કેમ થઇ ગઇ છે ? કમાણીના તો બે દિવસ છે, પછી ઘણો પસ્તાવો કરવો પડશે. તમે માબાપ માબાપ કરીને ખુવાર થઇ જશો. પછી કોઇ તમારો ધણી કરશે નહીં. તેમ કરતાં જો તમારે તમારા માબાપ ઉપર મારાથી વધારે હેત આવતું હોય તો હવે મને બોલાવશો નહીં. તમારા ઘરનું કાંઇ પણ કામ હું કરવાની નથી. હું નાહકની શામાટે દુઃખી થાઉં. જો તમારી મારી ઉપર લાગણી ન હોય તો પછી મારે પરાણે પડતું શામાટે આવવું જોઇએ. હું જે તમને કહું છું, તે કાંઇ મારે માટે કહેતી નથી, પણ તમારા હિતની ખાતર કહું છું. તમે જો તમારી કમાણી આમ ઉડાવી દેશો તો પછી આખરે દુઃખી થવાનો વખત આવશે. હે સ્વામી! પછીથી મને સંભારશો.

જડાવનાં આવાં વચન સાંભળી વિનોદચંદ્ર વિચારમાં પડી ગયો. તોપણ પોતાનાં માબાપને તરછોડવાં એ તેને યોગ્ય લાગ્યું નહીં, તેમ પોતાની સ્ત્રીનો અનાદર કરવો તે પણ ઘટિત લાગ્યું નહીં. આ પ્રમાણે શું કરવું ? એ વિચારમાં તે ગુંચાઇ ગયો. ઘણી વાર સુધી વિચાર કર્યો, તોપણ તેનું હૃદય નિર્ણય ઉપર આવ્યું નહીં. છેવટે મુંઝાઇને તેણે નિશ્ચય કર્યો કે, બનતા સુધી સ્ત્રીને સમજાવવી.

તેમ છતાં જો તે ન સમજે તો પછી માબાપને સમજાવી તેમનાથી જુદું રહેવું અને આખરે સ્ત્રીના વિચારને ન છુટકે અંગીકાર કરવો. આવો નિશ્ચય કરી વિનોદચંદ્ર બોલ્યો :—

વિનોદચંદ્ર—પ્રિયા! તારૂં કહેવું બરાબર છે. પણ માણસ માત્રને દુનિયાના વેહેવારમાં રહેવું જોઇએ. લોકોમાં નિંદા ન થાય તેવી રીતે ગૃહ—સંસારમાં રહેવું, તે સારૂં ગણાય છે. જો આપણે આપણાં ઉપકારી માબાપથી જુદાં રહીશું તો લોકો આપણી ભારે નિંદા કરશે અને આપણાં સગાંવહાલાં આપણને ઠપકો આપવાને આવશે; તેથી એ કામ લાંબો વિચાર કરીને કરવાનું છે.

જડાવ—લોકોમાં આપણી નિંદા થાય, તેથી શું થવાનું છે? તેવી નિંદાની બીક રાખીને ઘરમાં નુકસાન કરવું, એ યોગ્ય કહેવાય નહીં. કદિ કોઇ તેવા નિંદાખોર લોકો નિંદા કરે તેથી શું થઈ ગયું? પણ જે લોકો વ્યવહારકુશળ છે, તેઓ સમજે છે કે, દરેક માણસ સુખી થવાને ઇચ્છે છે. પોતે કેવી રીતે સુખી થાય? એ વાત દરેક માણસે વિચારવાની છે. માણસને જ્યારે કમાણી હોય ત્યારે તેણે કરકસર કરી પૈસાનો બચાવ કરવો જોઇએ. જેટલી આવક હોય, તેનાથી ઓછું ખર્ચ રાખવું જોઇએ. આવકથી વધારે અથવા આવકના જેટલું ખર્ચ રાખનારા માણસો નીતિ વિરૂદ્ધ વર્ત્તનારા અને મૂર્ખ ગણાય છે. જે માણસ પોતાની આવકમાંથી થોડું ઘણું બચાવે છે, તે માણસ આખરની અવસ્થામાં સુખી થાય છે.

વિનોદચંદ્ર—અરે સ્ત્રી, તેં કહ્યું તે બરાબર છે. આપણે જે કમાઇએ છીએ, તેમાંથી ખર્ચ કાઢતાં બચાવીએ છીએ. તેથી આપણે હવે વધારે કરકસર કરવાની જરૂર નથી.

જડાવ—તમે કેટલું બચાવો છો?

વિનોદચંદ્ર—આપણા ઘરનો ખર્ચ કાઢતાં દર વર્ષે સો રૂપીઆ બચે છે. એટલેથી આપણે સંતોષ માનવો જોઇએ.

જડાવ—સ્વામી, જો આપણે જુદાં રહીએ તો સોને બદલે દર વર્ષે બસો રૂપીઆનો વધારો રહે. અને તેટલો વધારો થવાથી દશ વર્ષે આપણી પાસે બે હજાર રૂપીઆની પુંજી થાય.

વિનોદચંદ્ર—માબાપથી જુદા રહી એટલી પુંજી મેળવવી તેના કરતાં માબાપની સાથે રહી અર્ધી પુંજી મેળવવી, તે વધારે સારૂં છે. કારણકે, માબાપ દુઃખી થાય અને છોકરાં પૈસાદારબને, એ ધર્મ અને નીતિની વિરૂદ્ધ છે. એટલુંજ નહીં પણ તેમ કરવાથી લોકોમાં છોકરાંની નિંદા થાય છે.

જડાવ—સ્વામી, લોકોની એવી નિંદાથી ડરી ખુવાર થવું, એ શા કામનું? લોકો તો બે મોંઢ બોલે છે. જો તમે માબાપની પાછળ ખુવાર થશો તો લોકો એમ પણ બોલશે કે, છોકરો કેવો નમાલો થયો કે, જે પોતે માબાપ માબાપ કહીને ખુવાર થઈગયો. તેણે બધું રળ્યું ખપ્યું માબાપની પાછળ ઉડાવી દીધું; તેથી લોકોના કહેવા ઉપર જરા ભરૂંસો રાખવો નહીં. લોકો તો લાકડાને મોઢે બોલે છે.

વિનોદચંદ્ર—અરે સ્ત્રી! એ વિચાર તદ્દન વિપરીત છે. તેવી રીતે બોલનારા લોકોને મૂર્ખ સમજવા. જેઓ પ્રમાણિક અને નીતિવાળા છે તે એમ કદેજ નહીં. માબાપને દુઃખી કરી પોતે સુખી થનારા છોકરાઓ કદિ પણ સારા કહેવાતા નથી.

જડાવ—બસ, મારે હવે તમને વધારે કહેવું નથી. તમારી બુદ્ધિજ ફરી ગઇ છે. જે માણસ પોતાનું હિત ઇચ્છતો નથી, તેમ સમજતો નથી, તે ઘણોજ મૂર્ખ કહેવાય છે. સ્વામી, વિચાર કરો. પાછળથી જ્યારે પસ્તાશો ત્યારે સંભારશો કે, બિચારી મારી સ્ત્રી મારા ભલાને માટે કહેતી તે ખરી વાત હતી. ખરી વખતે તમારાં

માબાપ તમને મદદ કરવા નહીં આવે. તમારા સુખ દુઃખમાં મારોજ ભાગ છે. હું જે કહું છું, તે કાંઇ મારા સ્વાર્થને માટે કહેતી નથી, પણ તમારા હિતની ખાતર કહું છું. તમારા હિતમાં મારૂં હિત સમાયેલુંજ છે. પતિ, આ રાંકડી સ્ત્રીની વાત હૃદયમાં ઉતારો અને સંસારના ભવિષ્યના સુખને માટે સાવધાન રહેવાની ઇચ્છા કરો.

આનંદા કહે છે—હે પુત્રીઓ, જડાવનાં આવાં વચન સાંભળી વિનોદચંદ્રના વિચારમાં ફેરફાર થઇ ગયો. તે વખતે માબાપથી જુદા રહેવામાં તે લોકાપવાદથી જેટલો બીતો હતો, તેટલો તે અધર્મ કે અન્યાયથી બીતો ન હતો. તેણે વિચાર્યું કે, આ સ્ત્રી જે કહે છે, તે મારા હિતની ખાતર કહે છે, એ વાત બરાબર છે. આ પ્રસંગે જો કમાણીમાંથી બચાવ કર્યો હોય તો તે કોઇ વાર દુઃખને પ્રસંગે ઉપયોગમાં આવે ખરો. જોકે માબાપને દુઃખી કરવાં તે સારૂં ન કહેવાય, પણ સુજ્ઞ માબાપે વિચારવું જોઇએ કે, મારા દીકરાને બે દિવસની કમાણી છે, તો તેને આપણે બનતી રીતે સહાય કરવી જોઇએ. તેના માથા ઉપર બોજા રૂપ થઇ પડવું ન જોઇએ. જ્યાંસુધી હાથ પગ હાલે ત્યાંસુધી પિતાએ પોતાના પુત્રના ઘરવેહેવારમાં બને તેટલી મદદ આપવી જોઇએ. મારા પિતાએ તેમ કર્યું નથી, તે ગેરવાજબી કર્યું છે. આ વિષે મને પેહેલાં તો વિપરીત લાગતું ન હતું. પણ લાંબો વિચાર કરતાં જણાય છે કે, આ બાબત મને નુકસાનકારક થઇ પડે તેવી છે. મારી સ્ત્રી જડાવ જે કહે છે, તે વ્યાજબી છે. તેની બધી વાત મારા હિતનીજ છે. તે બીચારીને મેં પાછી પાડી હતી, પણ છેવટે, તે મારા હિતમાં પૂરેપૂરી છે, એમ મને ખાત્રી થાય છે, માટે હવે મારે મારા પિતાને કહેવું જોઇએ કે, "જો તમે મને મદદગાર નહીં થાઓ અને પઆ પઆ ખાવાનીજ ઇચ્છા રાખશો તો હું તમારાથી જુદો રહીશ."

આ પ્રમાણે વિપરીત વિચાર કરી વિનોદચંદ્ર પોતાની સ્ત્રીને

કહ્યું, પ્રિયા! તું જે કહે છે, તે મને બરાબર યોગ્ય લાગે છે. તારા હૃદયમાં મારા તરફની લાગણી ઘણી છે, એવો મને હવે નિશ્ચય થયો છે. હે ભલી સ્ત્રી. તારાં બધાં વચનો કે જેને મે તોડી પાડવા યત્ન કર્યા હતા, ને હવે મને ખરેખરા સોનાના અક્ષર લાગ્યા છે. પ્રિયા, તેને માટે તું મને ક્ષમા આપજે. મારાં માબાપ કે જેઓને હમેશાં મારા હિતમાં રહેવું જોઈએ, તેઓ પોતાની પવિત્ર ફરજથી ચુકી ગયાં છે અને મને બોજારૂપ થઇ પડયાં છે.

વિનોદચંદ્રનાં આવાં વચન સાંભળી જડાવ જોરમાં આવી ગઈ અને પોતાનો ઇરાદો પાર પડયો તેને માટે તેના હૃદયમાં ઘણોજ હર્ષ ઉત્પન્ન થયો. પછી તેણીએ હર્ષભેર જણાવ્યું. સ્વામી આપે મારા વિચારોને માન આપ્યું અને તમારા વિચારોને દૂર મુકી દીધા, તે જાણી મને ઘણોજ હર્ષ થાય છે.

સ્વામીનાથ, જો તમારા મનમાં બધી વાતની ખાત્રી થઈ હોય તો હવે તે પ્રમાણે કરો. તેમાં જેટલો વિલંબ થાય છે, તેટલી આપણને નુકશાની છે.

વિનોદચંદ—પ્રિયા! હમણાંજ હું તે વિષેની ગોઠવણ કરૂં છું. તમે હવે તે વિષે જરાપણ ચિંતા રાખશો નહીં.

આનંદા—કહે છે, હે બ્હેનો, પછી સ્ત્રીનાં વચનને તાબે થઈ ગયેલો વિનોદચંદ્ર પોતાના ઘરમાં જ્યાં તેના પિતા બેઠા હતા, ત્યાં આવ્યો. કલ્યાણને ખરેખર ઘડપણ આવ્યું હતું. તેની દૃષ્ટિ નદન ઝાંખી થઈ ગઇ હતી. શરીરના બધા અવયવો શિથિલ થઈ ગયા હતા. પગમાં કળતર થયા કરતું હતું બેસતાં અને ઉઠતાં તેના શરીરમાં ધ્રુજ ચાલતી હતી. તેની પાસે વિનોદચંદ્રની માતા પાર્વતી ઉભી રહી તેની સારવાર કરતી હતી. ને વૃદ્ધ કલ્યાણ જે કંઈ માગે તે તતકાળ લાવી આપતી અને વારંવાર તેની ઈચ્છા પુર્ણ કરતી હતી.

આ વખતે સ્ત્રીએ ભંભેરેલો વિનોદચંદ્ર ઉતાવળો ઉતાવળો પોતાના પિતાની પાસે આવ્યો. વિનોદચંદ્ર અત્યારે કેવો થઇ ગયો છે, તેની પ્રકૃતિમાં કેટલો ફારફેર થઈ ગયો છે, એ વાત કલ્યાણ અને તેની સ્ત્રી વાણી બીલકુલ જાણતાં ન હતાં. વિનોદચંદ્ર તે આવેલો જોઇ ડોસાએ કપાળ ઉપર હાથની છાયા કરી જોયું, તોપણ તેની નજરે વિનોદચંદ્ર ઓળખાયો નહીં. પછી તે બોલ્યો એ કોણ આવ્યું ? વાણીએ જવાબ આપ્યો. એ તો આપણો વિનોદ છે. વિનોદનું નામ સાંભળી પ્રસન્ન થયેલા ડોસાએ કહ્યું, કેમ બેટા વિનોદ, કયાંથી આવે છે ? વિનોદચંદ્ર ઘડીવાર બોલ્યો નહીં દયાળુ અને પ્રેમી પિતાએ ફરીવાર પૂછ્યું, તોપણ તેના અવિચારી પુત્રના મુખમાંથી કાંઇ પણ શબ્દ નીકળ્યો નહીં. જ્યારે ત્રીજી વાર પૂછ્યું કે, બેટા કેમ બોલતો નથી ? ત્યારે વિનોદચંદ્ર આપેક્ષ કરતો બોલ્યો—બાપા, શું કહો છો ? મારે આજે ઘણુંય બોલવાનું છે અને તમારે ઘણુંય સાંભળવાનું છે. બેટા બોલવાનું હોય તે કહે, એમ નિષ્કપટી ડોસાએ આનંદથી જણાવ્યું. વિનોદચંદ્ર બોલ્યો—બાપા, તમે આખો દિવસ બેસી રહો છો, તેથી જો જરા કામ ધંધા કરો તો વધારે સારૂં બેઠા બેઠા ખાવું એ આળસુ અને અવિચારી માણસનું કામ છે. વિનોદચંદ્ર જેવા આજ્ઞાંકિત પુત્રના મુખમાંથી આવા શબ્દો સાંભળી તેના પિતા કલ્યાણને શોક અને આશ્ચર્ય લાગ્યું તેના હૃદયમાં અનેક જાતના વિચારો શ્રેણિબંધ ઉત્પન્ન થવા લાગ્યા. વિવિધ જાતના સંકલ્પ વિકલ્પોથી તેનું મન ગુંચવાઇ ગયું. ક્ષણવાર પછી કલ્યાણ ખેદસહિત બોલ્યો—બેટા વિનોદ, તું મારી સ્થિતિ નજરે જુવે છે. દહાડે દહાડે મારૂં શરીર ક્ષણ અને અશક્ત થતું જાય છે. આવે શરીરે મારાથી શી રીતે કામ ધંધો થઇ શકે ? આ તારી માતા મારી સેવા કરે છે અને મારા શરીરની તજવીજ રાખ્યા કરે છે, તેથી મારાથી જરા જરા ઉઠાય બેસાય છે. બેટા, મને આળસ નથી.

જ્યાંસુધી મારા હાથપગ ચાલ્યા, ત્યાંસુધી હું ઘરનો વ્યવહાર ચલાવતો પણ જ્યારે હવે અશક્ત થઇ પડ્યો, ત્યારે હવે મારાથી કાંઇ થઇ શકે તેમ નથી. બેટા વિનોદ, તારા મુખમાંથી આવા શબ્દો નીકળે છે, તેથી મને ઘણુંજ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે તારા જેવા સુપુત્રના મુખમાંથી આજ સુધીમાં કદિ આવા શબ્દો નીકળ્યા નથી, વિનીત પુત્ર જ્યારે અકસ્માત્ અવિનીત થઇ જાય, ત્યારે તેના પિતાને ઘણુંજ દુઃખ લાગે છે. બેટા, હવે મારાથી શી રીતે ધંધો થઇ શકે ? હવે તો અમારે તારો આધાર છે. માતા પિતાને વૃદ્ધાવસ્થામાં પુત્રનો આધાર છે, એ વાત ધર્મ અને નીતિમાં દર્શાવેલ છે. પિતાના આવાં વચન સાંભળી વિનોદચંદ બોલી ઉઠ્યો—બાપા, એવા ઢોંગ કરશો તે હવે નહીં ચાલે, હું ઘણા દિવસ સુધી નુકશાની ખમ્યો છું. આજ સુધી મેં મારી કમાણી પાયમાલ કરી, તોપણ તમારી આંખો ઉઘડી નહીં જે માબાપો પોતાના પુત્રોને બોજારૂપ થઇ તેની કમાણીને પાયમાલ કરે છે, તે માતાપિતા તે પુત્રોના પૂરેપૂરા શત્રુ છે. બાપા, તમે મારા હિતનો વિચાર કર્યોજ નહીં પુત્રના પૈસામાંથી મનગમતું ખાવાનું ગમે છે અને આખો દિવસ બેઠીની પેઠે પડી રહેવું સારૂં લાગે છે, એ હવે બનવાનું નથી. તમારા જેવી ખરાબ દાનતના પિતા કોઇકજ હશે. બાપા, હું હવે આજથી જુદો રહેવા માગુંછું. તમે જાણો અને તમારૂં ઘર જાણે જુદા પડ્યા સિવાય તમે સમજશો નહીં જ્યારે તમે જુદા રહેશો એટલે પછી કામધંધો એની મેળે સુજશે. માથે પડ્યા વિના કોઇની આંખ ઉઘડતી નથી. બાપા, હવે મારા તરફની કાંઈ પણ લાલચ રાખશો નહીં. મેં ઘણા દિવસ સુધી તમારી સેવા કરી છે. તમારી સેવાનું ફળ મને મળી ચુક્યું છે. આજ સુધી કરેલી કમાણીમાં મને જે નુકશાની થઈ છે, તે તમારી સેવાનું ફળ છેઃ તમે મોટા અને વડિલ છો, તેથી તમને વધારે કહી શકતો નથી. આનંદા કહે છે, હે બ્હેનો, સ્ત્રીની બુદ્ધિએ ચાલના-

રા પાપી પુત્ર વિનોદચંદ્રનાં એવાં હલકાં વચનો સાંભળી તેના પિ-
તા કલ્યાણને ઘણુંજ દુઃખ લાગ્યું. તેના વૃદ્ધ શરીરમાં કંપારી
છુટવા લાગી. અને આંખોમાંથી આંસુની ધારા ચાલી. પુત્રના
વચનો તેને વજ્રના ઘા જેવાં લાગ્યાં અને તે ક્ષણવાર તો મૂર્છિત
થઇ ગયો. પછી તે જરા સાવધાન થઇ નીચે પ્રમાણે બોલ્યો—

બેટા, આ શું બોલે છે? વિનોદના મુખમાંથી આવાં વચનો
નીકળવાં ન જોઇએ. પુત્ર ! તારી પિતૃભક્તિ ક્યાં ગઇ? તારી નિ-
ર્મળ બુદ્ધિમાં આવી મલિન છાયા ક્યાંથી પડી? અરે દીકરા, જરા
વિચાર કર. તારા મુખમાંથી આવાં! અઘટિત વચનો નીકળે અને
આ મરણ પથારીએ પડવાને યોગ્ય એવો પિતા સાંભળે, એ બ-
નાવ તારા બધા જીવનને કલંક લગાડનારો છે. વત્સ! તારા કોમળ
હૃદયમાં આવી નિર્દયતા ક્યાંથી આવી? વ્હાલા પુત્ર, લાંબો વિ-
ચાર કરી જો. બેટા, હવે અમે તારાથી જુદા શી રીતે રહી શકીએ.
મારા શરીરમાં જરા પણ તાકાત નથી, મારાથી કાંઇ પણ ધંધો
થઇ શકે તેમ અમારી સર્વ મુડી અમે તને સોંપી દીધી છે તેથી
અમારી પાસે હવે કાંઇજ નથી. બેટા, તારી ઉપરજ અમારો આ-
ધાર છે તું જીવાડ તો અમે જીવવાનાં છીએ. નહીં તો અમારા
ભુંડા હાલ થવાના છે. આ તારી મા પણ અશક્ત થઇ ગઇ છે,
તોપણ તે બીચારી ઘરમાં જે બને તે કામ કરે છે. તેનાથી પારકા
ઘરનાં કામ થઇ શકે તેમ નથી. વ્હાલા ભાઇ, જરા હૃદયમાં
દયા લાવી આ જરા જીર્ણ માબાપને આશ્રય આપ. લોકો વૃદ્ધા-
વસ્થામાં સુખી થવાને માટેજ પુત્રની ઇચ્છા રાખે છે. અને અનેક
જાતનાં દુઃખ વેઠી પુત્રને ઉછેરે છે અને તેને સારી કેળવણી આપે
છે. બેટા, તે ઉપકારના બદલો આવો ન હોવા જોઇએ. ઉપકારી
માબાપના ઉપકારનો બદલો પુત્રથી કોઇ રીતે વળતો નથી, એ
વાત તારા જાણવામાં છે અને તેં ઘણીવાર અમારે મોઢે જણાવેલ
પણ છે. દીકરા, તે વચન ફરીવાર યાદ કર અને અમારી સંભાળ

લેવા તૈયાર થા. જો તને અમારો ખર્ચ ભારે પડતો હોય તો અમે ઓછો ખર્ચ કરાવીશું. અમને હલકી જાતનો ખોરાક આપજે. જે કાંઇ જાર બાજરાનું ઢેબરૂં મળશે તે ખાઇ અમે અમારા મનને સંતોષ માનીશું બેટા, હવે અમે ક્યાં જઇએ? અને શું કરીએ? સંસારસમુદ્રના કાંઠા ઉપર બેઠેલા અમોને હવે દુઃખ પડે તો પછીથી લોકોમાં તારી નિંદા થશે. પુત્ર, તારી નિંદા એ અમારીજ નિંદા છે. સત્કીર્તિવાળા પુત્રોના જીવનથી માબાપનું જીવન સાર્થક ગણાય છે.

કલ્યાણુનાં આવાં વચન સાંભળીને પણ વિનોદચંદ્રના હૃદયમાં તેની કાંઇ પણ અસર થઇ નહીં.

આનંદા કહે છે, હે બ્હેનો, જે પુરૂષોનાં હૃદય દઢ હોતાં નથી, તે પુરૂષો ઘણા કઠોર હૃદયના થઇ જાય છે. દઢ હૃદયના પુરૂષો પોતાની સ્ત્રીનાં વચન ઉપર દોરાઇ જાય છે, સ્વાર્થી સ્ત્રીઓ પોતાનો સ્વાર્થ સાધવાને પતિના કાન ખોટી રીતે ભભેરે છે. અને પછી પોતાનો સ્વાર્થ સાધી લે છે. અલ્પબુદ્ધિના પુરૂષો સ્ત્રીના મોહપાસમાં સપડાઇ જાય છે અને પછી લોકોમાં નિંદાનાપાત્ર બને છે. પ્રિય પુત્રી, વિનોદચંદ્ર પણ તેવી રીતે પોતાની સ્ત્રી જશવના મોહપાસમાં સપડાઇ ગયો હતો. તે મોહને લઇને તેના સારા વિચારો બદલાઇ ગયા હતા. પોતાનાં ઉપકારી માતાપિતાના ઉપકારને ભુલી જઇ તેમને દુઃખ આપવાને તે ઉભો થયો હતો. અહા! કેવી અધમતા? કેવી અનાથ દશા? વૃદ્ધ અવસ્થાએ અશક્ત થઇ પડેલા અને તેથી કરગરતાં પોતાનાં ઉપકારી માબાપને તરછોડી દુઃખ આપવાને તૈયાર થયેલા વિનોદચંદ્રને હજાર વાર ધિક્કાર હજો! તેના જેવા મલિન પુત્રોનો જન્મ થશો નહીં. તેવા પુત્રોના કરતાં વાંઝીયા રહેવું હજાર દરજ્જે સારૂં છે. વળી જે સ્ત્રીઓ સ્વાર્થને માટે પોતાના પતિઓને એવા અવળા વિચાર આપી પોતા-

નાં માતાપિતા જેવાં સાસૂસસરાને દુઃખ આપાવવા તૈયાર થાય છે,
તેવી સ્વાર્થી નીચ નારીઓને પણ હજારવાર ધિક્કાર છે.! તેવી નીચ
નારીઓનો જન્મ બીજાને દુઃખ આપવાને માટેજ થાય છે. આ
જગતમાં એવા અધમમાર્ગને પ્રવર્ત્તાવનારી અને અનીતિ તથા
અધર્મને ચલાવનારી સ્ત્રીઓનું જીવન કલંકિત છે. હે બ્હેનો, તમે
તેવાં થશો નહીં અને તમારા શ્રાવિકાજીવનને કોઈ રીતે કલંકિત
કરશો નહીં. તમે તમારા પતિને તેના માતાપિતાની સેવા કરવાનો
બોધ આપજો. માતાપિતાની સેવા કરવાથી સંતાનો સારૂં પુણ્ય
બાંધે છે. અને તેમનો અનાદર કરવાથી નઠારાં કર્મ બાંધે છે, આ
વાત મનમાં લાવી તમે તમારા પતિને તેવી સારી સૂચના આપજો.
સાસૂ અને સસરો એ માતાપિતા સમાન છે. તેમની ઉપર માતા
પિતાની જેમ પૂજ્ય બુદ્ધિ રાખવી જોઇએ. બ્હેનો, આ વાત લ-
ક્ષમાં રાખી તમે તમારાસ્ત્રીજીવનને સુધારવા પ્રયત્ન કરજો.
જડાવના જેવું પાપી હૃદય રાખશો નહીં. પોતાના સ્વાર્થને માટે
જડાવે જે દુરાચાર કર્યો, તે તેના જીવનને કલંકિત કરનારો છે.
વૃદ્ધ અને અશક્ત જંગમ તીર્થરૂપ માતાપિતાનો અનાદર કરાવ-
વાને માટે જડાવે પોતાના પતિને જે ભંભેરી ઉશ્કેર્યો, તે તેણીએ
મોટામાં મોટો મલિન કર્મનો બંધ કર્યો. શ્રાવિકા થઇને એવા ન-
ઠારા કામમાં સામિલ થવું, એ ઘણુંજ વિપરીત ગણાય છે. જીવ-
દયાના ધર્મને પાળનાર શ્રાવકની સુતા પોતાનાં વૃદ્ધ સાસૂસસરાને
દુઃખ આપવા ઉભી થાય, એના જેવું બીજું નીચ કામ કયું કહે-
વાયે? એવું ઘોર કૃત્ય કરનારી સ્ત્રીને શ્રાવિકા કહેવી, તે કોઈ રીતે
યોગ્ય નથી, તે તો માનુષી રાક્ષણીજ છે. તેવી અધમ અબળાની
ચતુર્વિધ સંઘમાં ગણત્રી કદિ પણ થઈ શકે નહીં.

આનંદા કહે છે, હે બ્હેનો, વિનોદચંદ્ર અને તેના પિતા કસ્ય
ણની વચ્ચે આવી રીતે થયેલી વાતચીત વિનોદચંદ્રની માતા વાલ

ઉભી ઉભી સાંભળતી હતી. વિનોદનાં વિપરીત વચન સાંભળી એ સદ્દગુણી શ્રાવિકા ચકિત થઈ ગઈ હતી. અને તેના મનમાં અનેક જાતના સંકલ્પ વિકલ્પ કરતી હતી. પોતાના પતિ કલ્યાણે કરગરીને વિનોદચંદ્રને જે વચનો કહ્યાં, તે સાંભળી વાણીના હૃદયમાં એટલી બધી અસર થઈ ગઈ કે, તેણીના નેત્રમાંથી આંસુની ધારા પ્રવાહની જેમ ચાલવા લાગી. અને તે કોમળ વૃદ્ધાની કાયા કંપવા લાગી. તે વિચાર શીલ વયોવૃદ્ધાએ હૃદયમાં જાણી લીધું કે, મારો પુત્ર વિનોદચંદ્ર આવાં વચન કદિ પણ બોલે તેવો નહતો. તે સુપુત્રના મુખમાંથી આવા અઘટિત ઉદ્દગાર નીકળે નહીં. આ બાબતમાં તેની સ્વાર્થી સ્ત્રી જડાવનો હાથ છે. ઘણા દિવસથી જડાવની વર્ત્તણુક જુદી રીતની દેખાતી હતી. કાંઈ પણ કામ બતાવીએ ત્યારે તે છણકા કરતી અને મોઢું ચડાવતી હતી. આજે તેણીએ પોતાની હલકાઈ બતાવી દીધી. મારા સુબુદ્ધિવાળા પુત્ર વિનોદના મનમાં અમારી ઉપર અભાવ કરાવી દીધો. આવી નીચ રાંડોને લઈનેજ જગતમાં સ્ત્રીજાતિની હલકાઈ કહેવાય છે. "સ્ત્રીજાતિ નીચ અને વિશ્વાસપાત્ર નથી." એવું કલંક આવી અધમ સ્ત્રીઓએજ લગાડેલું છે. આ વખતે મારા વૃદ્ધ પતિની દયાજનક સ્થિતિ છે. ખરેખર અર્ણીને વખતે તેમની ઉપર વિપત્તિ આવી છે. વિનોદે કહેલાં વચનો બોલનારો વિનોદ પાછો સુધરે અને માબાપનો ભક્ત થાય, એ વાત પણ અશક્ય છે, તે છતાં મારે એકવાર વિનોદને સમજાવવો જોઈએ.

આ પ્રમાણે વિચાર કરી વાણીએ વિનોદને કહ્યું, દીકરા? આ તું શું બોલે છે? તારા સ્વભાવમાં અચાનક આવો શો ફારફેર થઈ ગયો છે? પુત્ર હૃદયમાં વિચાર કરી જો. તું કોણ છે? અને તારી જાતિ કેવી છે? અરે દીકરા, શ્રાવકકુળનો બાળક આવાં અવિચારી વચનો બોલે, એ કેવી દિલગીરીની વાત? આ તારા પિતાની સ્થિતિ જો. આવી હાલતમાં તું તેમને છોડવા માગે છે, એ તારી

કેવી ક્રૂરતા છે? બાપુ, વિચાર કર. આવા વૃદ્ધ પિતાને તરછોડી તું જુદો થવા તૈયાર થયો છે, એ તારા અવળા વિચારને માટે મને ઘણો શોક થાય છે. અમે માબાપો તારા આધારે જીવીએ છીએ. તને ઉછેરી મોટો કર્યો અને કેળવણી આપી સુધાર્યો, તે શાને માટે? ભવિષ્યમાં અમારી વૃદ્ધાવસ્થાને માટે બેટા, અત્યારે અમે આ સંસારસાગરને કાંઠે બેઠા છીએ. હવે થોડા વર્ષમાં અમારા આયુષ્યનો છેડો આવશે. ત્યાંસુધી તારે અમને નભાવવાં જોઈએ. દરેક માબાપો આખરઅવસ્થાને માટેજ પુત્રની ઈચ્છા રાખે છે. ભાઈ વિનોદ, જરા મનમાં વિચાર કર. આ તારા વૃદ્ધ પિતાની હાલત જોઈ તેમની ઉપર કરૂણા કર.

વાણીનાં આવાં કરૂણા ભરેલાં વચનો સાંભળ્યાં તોપણ વિનોદચંદ્રના હૃદયમાં જરા પણ અસર થઈ નહીં. તેની વજ્રના જેવી કઠોર છાતીમાં જરા પણ કોમળતા આવી નહી. તે ઉલટો વધારે ઉશ્કેરાઈને બોલ્યો—“બા, તમે ખોટો ઢોંગ કરી મને ફોસલાવો છો, પણ હું હવે અણસમજુ નથી. હું બધું સમજું છું. તમે ગમે તેટલો ઢોંગ કરશો, તોપણ મારા હૃદયમાં તેની કાંઈ પણ અસર થવાની નથી. હું ઘણો વખત ભોળવાયો. હવે મારી હિત ઈચ્છનારી સ્ત્રીએ મને બરાબર સમજાવ્યો છે. તમારા છળકપટ ભરેલાં વચનોથી હવે હું જરા પણ ઠગવાનો નથી. બા, વધારે પડતું બોલશો નહીં. હું જુદો રહીશ એટલે મારા બાપા તરત બેઠા થશે. જ્યાંસુધી મફતનું ખાવાપીવાનું મળતું હતું, ત્યાંસુધી તેઓ વૃદ્ધ, રોગી અને અશક્ત થઈ પડ્યાં હતા, હવે તેમનામાં એની મેળેજ પાછી શક્તિ આવશે. ચાલો, હવે વધારે વાર કરો નહીં. મારે પછી નોકરીએ જવાનું છે. તમે જલદી મારો છુટકો કરી દો, એટલે હું મારે રસ્તે પડું.

વિનોદચંદ્રનાં આવાં વચન સાંભળી કલ્યાણ અને વાણી બન્ને

દાશ થઇ ગયાં, પછી વાળું કીધે લુગ્ગામાં આવી. ગઇ અને ળી પોતાના પુત્રની સ્ત્રીને શિખામણ રૂપે એક કવિતા સંભળાવી ને છેવટનાં વચનો કહ્યાં તે દેતી દેતી ઘરમાં ચાલી ગઇ.

પ્રેમ—આનંદા માસી, એ કવિતા કેવી હતી? તે જો તમને દ હોય તો અમને કૃપા કરી સંભળાવો.

આનંદા—બ્હેનો, એ કવિતામાં દીકરાની વહુએ કેવી રીતે ર્તવું જોઇએ? તે બતાવી સાસુસસરાને દુઃખ આપનારી વહુને ધિક્કાર આપેલા છે.

પ્રેમ—આનંદા માસી, ત્યારે તો અમારે એ કવિતા જા-ણવી જોઇએ.

આનંદા—તે કવિતા લલિતાને અને ચંચળને આવડે છે.

પ્રેમ—લલિતા બ્હેન, તથા ચંચળ બ્હેન, એ કવિતા અમને કહી સંભળાવો.

લલિતા—બ્હેનો, અમે ખુશીથી કહી સંભળાવીશું. તમે બધાં એક ચિત્ત સાંભળજો.

ચંચળ—તે સાંભળવાની છે એટલુંજ નહીં પણ તે ભણ-વાની પણ છે.

પ્રેમ—ચંચળ બ્હેન, પછી અમે તે કવિતા લખી લઇશું અને મોઢે કરીશું.

લલિતા—ચંચળ બ્હેન, પેહેલાં તમે તે કવિતા ઉપાડો પછી હું તમારી પાછળ સ્વર પૂરાવીશ.

ચંચળ—ના, એમ નહીં, પેહેલાં તમે ઉપાડો પછી હું તમારી પાછળ સ્વર પૂરાવતી જાઇશ.

પછી લલિતા નીચે પ્રમાણે ગાય છે અને ચંચળ તેની પાછળ સ્વર પૂરાવે છે.



પુત્રવધૂએ કેવી રીતે વર્ત્તવું જોઇએ ?



કવિતા.

"નાથ કૈસે ગજકો બંધ છોડાયો." એ—રાહ.

સુણો વ્હાલી પુત્રવધૂ હિત વાણી;
નિત્ય સદ્‌ગુણ ધરજો શાણી. સુણો. એ (ટેક)

સાસૂ અને સસરાની સેવા,
નિર્મળ મનથી કરજો;
માતપિતા [1]સમ ધારી તેને,
હેત હૃદયમાં ધરજો. સુણો વ્હાલી૦ ૧

જેઠ જેઠાણી વડિલ ગણીને,
તે સાથ વિનયથી રહેજો;
દિયર દેરાણીપર પ્રેમ રાખી,
સુખ દુઃખ સાથે [2]સહેજો. સુણો વ્હાલી૦ ૨

લાજ ધરીને ઘરમાં રહેવું,
પરઘર નહીં અથડાવું;
[3]આપ મતિ નવ થાવું. સુણો વ્હાલી૦ ૩

સાસૂ નણંદ કહે [4]કટુ વચનો,
તોપણ સામું ન કહેવું;

1. માતાપિતા તુલ્ય. 2. સહન કરજો. 3 પોતાની બુદ્ધિએ ચાલનાર.
4 કડવા વેણ.

માન ધરી મનમાંહિ વડિલનું,
સદન કરીને રહેવું. સુણો બ્હાલી૦ ૪

હોય પતિ [1]પરતંત્ર કદિ તો,
સ્વાધીન થાવા ન કહેવું;
નહીં વિરોધ કરાવા તેને,
વિપરીત શિક્ષણ દેવું. સુણો બ્હાલી૦ ૫

ઉચે સ્વરે ન બોલવી વાણી,
વિનયથી વચન ઉચરવા;
[2]દુર્ગુણ નારી સંગ ન કરવો,
વ્યસન બધા દૂર કરવા. સુણો બ્હાલી૦ ૬

સ્નેહી સંબંધી સર્વ સગામાં,
સંપ ધરીને રહેવું;
સાધર્મી ઉપકારો કરવા,
તત્પર થઇ દુઃખ સહેવું. સુણો બ્હાલી૦ ૭

જે છે અધમ અબળા અવિચારી,
સાસરીઆને સંતાપે;
તે નવ પામે આ ભવમાં સુખ,
થાય દુઃખી નિજ પાપે. સુણો બ્હાલી૦ ૮

ધર્મદાસ કહે છે—હે શ્રાવિકાઓ, આ પ્રમાણે જ્યારે લલિતાએ અને ચંચળે તે કવિતા ગાઈ બતાવી તે સાંભળીને બધી શ્રાવિકાઓ ઘણીજ ખુશી થઇ ગઈ.

આ વખતે મણિએ વિનયથી જણાવ્યું, ધર્મ પિતાજી, આ કવિતા ઘણીજ બોધક અને જાણવા લાયક છે, માટે મને બધી

1 પરાધીન. 2 નઠારા ગુણવાળી.

શ્રાવિકાઓને મોઢે કરવા લખી આપશો તો ઘણોજ ફાયદો થશે. ધર્મદાસ શેઠ કહે છે—બ્હેનો, એ કવિતા અમારી શ્રાવિકા (ગંગા) તમને લખી આપશે. પછી ગંગા બોલી—બ્હેનો, આવતી કાલે એ કવિતા હું લખીને લેતી આવીશ, પછી તમે બધાં લખી લેજો. પછી ધર્મદાસ શેઠે પોતાની વાર્ત્તા આગળ ચલાવી. બ્હેનો, પછી લલિતા અને ચંચળના મુખથી તે કવિતા સાંભળી બધા ઘણાંજ ખુશી થઇ ગયાં. તે વખતે પ્રેમદા નીચે પ્રમાણે બોલી:—

પ્રેમદા—આનંદા બ્હેન, આ કવિતા જો લલિતા બ્હેન લખી આપશે તો હું મારી પોતીને તે મોઢે કરાવીશ.

આનંદા—પ્રેમદા બ્હેન, ખુશીથી લખી આપશે.

લલિતા—પ્રેમદા ભાભૂ, પોતી બ્હેનને માટે તો હું જરૂર લખી આપીશ, પણ બીજી જે કોઈ બ્હેનને શીખવી હશે તેને પણ હું લખી આપીશ.

પ્રેમદા—લલિતા, તું ખરેખરી પરોપકારી છે. જે બાળિકા પરોપકારી હોય તે આગળ જતાં એક સદ્ગુણી શ્રાવિકા બને છે. બ્હેન, લલિતા, તું ભવિષ્યમાં તારી માતા આનંદાની જેમ પરોપકારી અને સદ્ગુણી શ્રાવિકા બનીશ.

લલિતા—એ બધું મારી માને ઘટે છે, હું તો હજુ એ છોકરી છું. તમારા જેવાં વડિલોની આશીષ મળી હોય તો બા! સારૂં થાય.

પ્રેમદા—બ્હેન લલિતા, તારી ઉપર અમારા હૃદયની આશીષ છે. તું હમેશાં સુખી થા અને બીજાને સુખી કર. તે સાથે અમે જૈનશાસનના દેવતાને પણ પ્રાર્થના કરીએ છીએ કે, શ્રાવકોના ઘરમાં તારા જેવી અનેક સદ્ગુણી બાળિકાઓ પેદા થાય અને તેથી શ્રાવકનો સંસાર સુશોભિત થઇ જાય.

આ પ્રમાણે ફરી પ્રેમદાએ આનંદાને કહ્યું, આનંદા બ્હેન, હવે તમારી વાર્તા આગળ ચલાવો. વિનોદચંદ્રનાં વિપરીત વચન સાંભળી શોકાતુર બનેલાં તેનાં માતાપિતા કલ્યાણ અને વાણીનું શું થયું?

આનંદા કહે છે—હે બ્હેનો, પછી વાણી પોતાના હૃદયના ઉભરાને કવિતાથી બાહેર કાઢી ઘરમાં ચાલી ગઇ. અને વિપરીત વિચારનો વિનોદચંદ્ર તરત ત્યાંથી ઉઠીને જે ઠેકાણે પોતાની સ્ત્રી જડાવ હતી ત્યાં ગયો અને પોતે કરેલી બહાદુરી જડાવની આગળ કહી સંભળાવી. સ્વાર્થી જડાવે પોતાના પતિને સાબાશી આપી, તેના વિપરીત વિચારને ઉત્તેજન આપ્યું. બ્હેનો, તે પછી તરતજ વિનોદચંદ્ર પોતાની સ્ત્રીની સાથે પોતાનાં વૃદ્ધ માબાપથી જુદો થયો. જ્યારે વિનોદચંદ્ર જુદો થયો ત્યારે વૃદ્ધાવસ્થાથી અશક્ત થઇ ખાટલે પડેલા કલ્યાણને ઘણો શોક થવા માંડયો. હવે પોતે કેવી રીતે નિર્વાહ કરી શકશે? તેને માટે તેને ભારે ચિંતા થઇ પડી. પોતાના વૃદ્ધ પતિને ચિંતાતુર જોઇ પવિત્ર વાણીને બોલનારી શ્રાવિકા વાણી આપ્રમાણે બોલી—સ્વામી, શામાટે ચિંતા કરો છો? વિનોદ પોતાની સ્ત્રીના કહેવાથી આપણને તરછોડી ચાલ્યો ગયો, તેથી શું થયું? હૃદયમાં હિંમત રાખો. કદિ તે પુત્ર આપણને છોડીને ચાલ્યો તેમ બીજાઓ પણ આપણને છોડીને ચાલ્યા જશે, પરંતુ આપણો ધર્મ આપણને છોડીને ચાલ્યો જવાનો નથી. આપણે પુત્રને ચાહીએ છીએ તે છતાં પુત્ર આપણાથી દૂર થઇ ગયો, પણ ધર્મ, જો આપણે તેને ચાહીશું તો તે કદિ પણ દૂર થવાનો નહીં. જેમ જેમ આપણે ચાહના રાખી ધર્મની આરાધના કરીશું, તેમ તેમ એ ધર્મ આપણી તરફ વધારે વધતો જશે. પુત્ર કદિ આપણી તરફ આવશે, તો તેનાથી આપણું પોષણ થશે અને તેથી કદિ આ લોકમાં આપણા શરીરનો નિર્વાહ થશે, અને ધર્મ જો આપણી તરફ આવશે તો તે-

નાથી આપણા આ લોક અને પરલોક બન્ને સુધરશે. અને આપણા આત્માને ઘણીજ શાંતિ પ્રાપ્ત થશે. સ્વામી! પુત્રે કરેલી નીચતાને માટે વિશેષ અપશોષ કરશો નહીં. હવે આપણું નશીબ આપણી આગળ છે. જૈન ધર્મના પ્રસાદથી આપણો નિર્વાહ પણ ચાલશે. જૈન ધર્મ કલ્પવૃક્ષ છે. તેની શીતળ છાયામાં રહેલા ભવ્ય પ્રાણીઓ પરમ સુખ મેળવી શકે છે. તેથી આપણે મન, વચન અને કાયા શુદ્ધ કરી જૈન ધર્મની ઉપાસના કરવી. દેવ, ગુરૂ અને ધર્મને શુદ્ધ ભાવથી આરાધના કરનાર શ્રાવક અને શ્રાવિકા કદિ પણ દુખી થતાં નથી. સ્વામી, આપણને પુત્ર હતો, તેથી આપણે તેની ઉપર આધાર રાખી બેઠાં હતાં, પણ જેઓને પુત્ર નથી તેમ પૈસો નથી, તેવાઓનું શું થતું હશે? જગતમાં બધાનો નિર્વાહ કાંઈ પુત્રથી થતો નથી. તેથી સ્વામી, ભગવાન્ અરિહંત પ્રભુનું ધ્યાન ધરો અને શ્રાવકની શુભકરણી આચરો. જો કદિ આપને નિર્વાહ થવામાં શંકા રહેતી હોય તો, હાલ તુરત મારી પાસે નિર્વાહ ચાલે તેવાં થોડાં ઘણાં સાધન છે. મારા પિતાએ કન્યાદાન આપતી વખતે સ્રીધન તરીકે જે દાગીના આપેલા છે, તેમજ તમે પોતે પણ એક બે નાના દાગીના કરાવી આપ્યા છે, તે આપણે વટાવીશું એટલે આપણો નિર્વાહ હાલ તુરત તો ચાલી શકશે.

વાણીનાં આવાં વચન સાંભળી કલ્યાણ મંદ સ્વરે બોલ્યો—હે સાધ્વી સ્રી, તેં આવે દુઃખને વખતે જે હિંમત આપી, તેને માટે હું તને પૂરો ધન્યવાદ આપુંછું, તેમજ મધુર શબ્દોથી તેં જે ધર્મનો ઉપદેશ કર્યો, તે સાંભળીને મને ઘણોજ આનંદ થયો છે. પણ વિનોદની નિર્દયતા તરફ વિચાર કરતાં મને ઘણોજ અપશોષ થાય છે. હે સદ્ગુણી સ્રી, આપણા સ્વાર્થ કરતાં વિનોદ પોતાના કર્ત્તવ્યથી ભ્રષ્ટ થયો, એ વિચાર લાવતાં મને ઘણીજ દિલગીરી થાય છે. શ્રાવકનો પુત્ર જીવદયાનો પાળક અને પોતાના કર્ત્તવ્યને

અનુસરનારો ન થાય એ કેવો અધર્મ ? એવો પુત્ર નઠારી ગતિનો પાત્ર થાય છે. મારા ઘરમાં અવતાર લઇ વિનોદ દુર્ગતિનો પાત્ર થાય, એ મારા મનમાં વધારે દુખ થાય છે.

વાણીએ કહ્યું, સ્વામીનાથ, જેવી તમને વિનોદની ચિંતા થઇ પડી છે, તેવીજ મને તેની વહુ જડાવની ચિંતા થઇ પડી છે. જડાવ એક સારા શ્રાવકની દીકરી છે; તે પોતાના ધણીને ભંભેરી અવળે માર્ગે ચડાવે છે અને પોતાના માબાપ જેવાં સાસૂ સસરાને દુઃખ આપવાના ઉપાયો કરે છે, તો તે બીચારી પામર સ્ત્રીની શી ગતિ થશે? સ્વામીનાથ! મેં એક સાધ્વીજીની પાસેથી સાંભળ્યું હતું કે, જે સ્ત્રી પોતાના ધણીને અવળે માર્ગે ચડાવી સાસૂ સસરાને દુઃખ આપે, તે સ્ત્રી દુર્ગતિમાં પડે છે. આવાં તે સાધ્વીજીનાં વચન મને વારંવાર યાદ આવે છે અને જડાવ વહુને માટે દયા તથા અપશોષ થાય છે. દરેક શ્રાવિકાએ પોતાના ધર્મનો વિચાર કરવાનો છે. જે શ્રાવિકા પોતાના ધર્મથી ચુકે છે, તે આ લોક અને પરલોક બન્નેમાં નિંદા અને દુઃખનું પાત્ર બને છે. સ્વામી, હવે તે વિચાર છોડી દ્યો. હું પણ છોડી દઉં છું, એવો નકામો અપશોષ કરવાથી આપણને નઠારૂં ધ્યાન થયા કરશે અને તેથી આપણા આત્માનું સાધન થઇ શકશે નહીં.

કલ્યાણે ફરીથી જણાવ્યું, હે સાધ્વી સ્ત્રી, તમારૂં કહેવું બરાબર છે, વીરશાસનના દેવતા આપણું અને તે વિનોદ તથા જડાવનું કલ્યાણ કરો. વિનોદના હૃદયમાં સારી ભાવના પ્રગટ કરો. હવે આપણે આપણું કર્ત્તવ્ય કરીએ. હે શાણી સ્ત્રી, તારા સ્રીધનમાંથી નિર્વાહ કરવો, એ મને જરા પણ રૂચતું નથી. પણ નિરૂપાયે તે કરવું જોઇશે. શ્રાવિકારત્ન, તને સાબાશી ઘટે છે. તારા જેવાં સ્ત્રી રત્નો થોડાં હશે. સ્રીધનની માલિકી સ્રી શિવાય બીજાની હોતી નથી, તે ધન ઉપર કોઇનો હક નથી; તે છતાં તે ઉપરથી મોહ

ઉતારી આપત્તિને વખતે તે ધન આપવાને તું તૈયાર થઇ, તેથી તને ઘણોજ ધન્યવાદ ઘટે છે. તારા જેવી શ્રાવિકાઓ જગત્‌માં શણગારરૂપ છે.

કલ્યાણનાં આવાં વચન સાંભળી વાણી વિનયથી બોલી—સ્વામીનાથ ! આ શું બોલો છો? તમારે એવા વિચાર લાવવાજ નહીં. સ્ત્રીની પાસે જે હોય તે બધાનો માલેક પુરૂષજ છે. સ્ત્રીધન કાંઇ સ્ત્રીએ પોતે કરેલું નથી. તેમ છતાં કદિ તે સ્ત્રીએ પોતે કરેલું હોય, તોપણ તે પોતાનું નથી, એમ જાણવાનું છે. સ્ત્રીનું સર્વસ્વ તેના પતિનુંજ છે. સર્વસ્વની વાત તો એક તરફ રહી પણ સ્ત્રી પોતેજ તેના પતિને તાબે રહેનારી દાસી સમાન છે. જે સ્ત્રી પોતાના પતિને છેતરી પોતાનો સ્વાર્થ સાધવાને તત્પર રહે છે, તે સ્ત્રી દુર્ગતિનું પાત્ર બને છે. સદ્ગુણી સ્ત્રીએ તન, મન અને ધનથી પતિની સેવા કરવાની છે. પતિએ સ્ત્રીને પૂજવા યોગ્ય, માનવા યોગ્ય, અને સેવવા યોગ્ય દેવ છે. સ્વામી, આપને તે વિષે જરા પણ શંકા રાખવાની નથી. આવા આપત્તિના વખતમાં જો મારૂં ધન ઉપયોગમાં ન આવે તો પછી તે શા કામનું છે? એવી અધમસ્ત્રી કોણ હોય, કે જે પોતાના પતિને આપત્તિના વખતમાં સહાયભૂત ન થાય?

વાણીનાં અવાં વચન સાંભળી કલ્યાણે નિસાસો નાખીને કહ્યું, શ્રાવિકારત્ન, તમે તમારી પવિત્ર ફરજ બજાવી, તેને માટે મને પૂર્ણ સંતોષ થાય છે. તથાપિ મારા મનમાંથી હજુ ચિંતા તદ્દન દૂર થતી નથી.

વાણીએ વિનયથી જણાવ્યું, સ્વામીનાથ, હવે શી ચિંતા છે? તે કૃપાથી જણાવો.

કલ્યાણ આંખમાં આંસુ લાવી બોલ્યો—હે ધર્માવતાર શ્રાવિકા, આ વખતે તમે તમારૂં સર્વસ્વ આપવા તૈયાર થયાં છો, પણ

જે આપણું આયુષ્ય લાંબું હશે તો આટલું દ્રવ્ય આપણે વર્ષ બે વર્ષમાં ખાઈ જઈશું પછી પૂરેપૂરી વૃદ્ધાવસ્થામાં આપણો નિર્વાહ કેમ ચાલશે?

વાણી હિંમત લાવી બોલી—સ્વામી, કર્મની સત્તા ઉપર આધાર રાખો. તે વખતે જે બનવાનું હશે તે બની રહેશે. આર્હત ધર્મની આરાધના કરો. જૈન ધર્મના શાસનદેવતા આપણને સહાય આપશે. ધર્મનો પ્રભાવ અદ્ભુત છે. તે ઉપર મારી માતાએ મને એક ગીત શીખવ્યું છે, તે આપ એક ચિત્તે સાંભળો.

આનંદા કહે છે—હે બ્હેનો, પછી વાણી પોતાની મધુર વાણીથી ધર્મના પ્રભાવનું સુંદર ગીત ગાઈ બતાવ્યું હતું.

પ્રેમદા—આનંદા બ્હેન, એ ગીત અમને સંભળાવો.

ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, પછી આનંદાએ ધર્મના પ્રભાવનું જે ગીત ગાઈ બતાવ્યું હતું, તે ગીત અમારી શ્રાવિકા તમને ગાઈ સંભળાવશે.

મણિ વગેરે—ધર્મમાતા ગંગા કાકી, તમે એ ગીત અમને ગાઈ સંભળાવો.

પછી ગંગાએ નીચે પ્રમાણે તે આનંદાના મુખનું ગીત ગાઈ બતાવ્યું હતું.

ધર્મના પ્રભાવનું ગીત.

અંગ્રેજી વાજાની ચાલ.

વિચારો ધર્મના પ્રભાવ ધર્મને [1]ધરો;
ધર્મથી [2]અર્હંત [3]આર્ય જન્મને વરો. ૧
ધર્મથી સુરૂપ રંગ અંગમાં મળે;
રોગ દોષ [4]ભીતિ સર્વ ધર્મથી ટળે. વિચારો. ૨

૧ ધારણ કરો. ૨ તીર્થંકર ૩ આર્યદેશ ૪ ભય—બીક

ધર્મથી ધરાવિષે [૧]સુકીર્તિ મેળવે;
જ્ઞાનને કળા [૨]સુધર્મ ધારી કેળવે. વિચારી. ૩
ધર્મ કલ્પવૃક્ષ [૩]પૂર્ણ [૪]વાંછિતો કરે;
ધર્મથી તપેલ જીવ શાંતિમાં ઠરે. વિચારી. ૪
ધર્મ [૫]અંતરાય સર્વ મૂળથી હરે;
ધર્મ કાર્ય સિદ્ધ [૬]સદ્ય વેગથી કરે. વિચારી. ૫
ધર્મ માત ધર્મ તાત ધર્મ કર્મ છે;
ધર્મ બંધુ ધર્મ જ્ઞાન સર્વ ધર્મ છે. વિચારી. ૬
ધર્મથી [૭]સુરેશ ચક્રવર્ત્તી થાય છે;
ધર્મથી [૮]જિનેશ બની મોક્ષ જાય છે. વિચારી. ૭
તેથી સર્વ ભવ્ય જીવ ધર્મ આચરો;
ધર્મરૂપ [૯]નાવથી [૧૦]ભવાબ્ધિ આ તરો. વિચારી. ૮

ગંગાએ ધર્મના પ્રભાવનું ગીત ગાયું, તે સાંભળી શ્રાવિકા-
શાળાની બધી શ્રાવિકાઓ ઘણીજ ખુશી થઈ ગઈ. પછી ધર્મદાસ
શેઠ કહે છે—હે માતાઓ અને બ્હેનો, આ પ્રમાણે આનંદાએ
ધર્મના પ્રભાવનું ગીત ગાયું, તે સાંભળી પ્રેમદા, પોતી, લલિતા,
ચંચળ, જયા, પ્રેમ અને પુતળી વગેરે ઘણાંજ ખુશી થઈ ગયાં.
પછી લલિતાએ પોતાની માતા આનંદાને કહ્યું, બા, તમે મને આ
ગીત કેમ શીખવ્યું નથી?

આનંદા—પુત્રી, એ ગીત શીખવવાનું રહી ગયું છે. મારા
મનમાંજ હતું કે, હવે એક બે દિવસમાં એ ગીત લલિતાને શીખ-
વવું છે. આજે કલ્યાણ અને વાણીની વાર્તાને પ્રસંગે પાછું યાદ
આવ્યું છે, તેથી હવે હું તને આજેજ રાત્રે શીખવીશ.

ચંચળ—આનંદા કાકી, ત્યારે મને ક્યારે શીખવશો?

૧ સારી કીર્તિ. ૨ સારા ધર્મને ધારણ કરનાર માણસ. ૩ પૂરા.
૪ ઇચ્છેલાં. ૫ વિઘ્નો ૬ તત્કાળ.
૭ ઇંદ્ર. ૮ તીર્થંકર. ૯ ધર્મરૂપ વહાણથી ૧૦ આ સંસારસાગરને.

આનંદા—હું લલિતાને શીખવીશ એટલે પછી લલિતા તને શીખવશે.

પ્રેમ-પુતળી—આનંદા માશી, અમારે પણ શીખવું છે.

આનંદા—બ્હેનો, જેને શીખવું હોય, તે બધાં લલિતાની પાસેથી શીખી લેજો.

પ્રેમદા—આનંદાં બ્હેન, કહો પછી કલ્યાણ અને વાણીનું શું થયું ? તેમજ વિનોદ અને જડાવે શું કર્યું ? એ વાત આગળ ચલાવો.

આનંદા—બ્હેનો, વાણીએ ધર્મના પ્રભાવનું ગીત સંભળાવ્યા પછી કલ્યાણના હૃદયમાં ધીરજ આવી અને તેણે ધર્મ ઉપર દૃઢ આસ્તા રાખી, વિનોદની ચિંતા છોડી દીધી. પછી વિનોદ અને જડાવ તેમના ઘરમાં જુદાં રહ્યાં. નિર્દય વિનોદચંદ્રના હૃદયમાં પોતાના માતાપિતા ઉપર દયા આવી નહીં. પોતાની સ્ત્રી જડાવની વિપરીત સલાહ તેણે માન્ય કરી, જે પોતે કમાતો તેનો સંગ્રહ કરવા માંડયો.

પુત્રી લલિતા, જેને માતાપિતાએ ઉછેરી મોટો કર્યો અને ભણાવી કમાતાં શીખવ્યું. તે દુષ્ટપુત્ર વિનોદચંદ્ર જુદો રહ્યા પછી પોતાનાં વૃદ્ધ માબાપની સંભાળ પણ લેતો નહીં. પુત્રવત્સલ પિતા અને માયાળુ માતા પુત્રના અપરાધ મનમાં ન લાવતાં તે પુત્રનું સુખ જોવાને ઘરમાંથી બોલાવતાં, તોપણ કૃતઘ્ની વિનોદ જડાવના દબાણથી પોતાના માતાપિતાની પાસે પણ આવતો ન હતો.

બ્હેનો, આ ઉપરથી તમારે ઘણીજ શિક્ષા લેવાની છે, તમે કદિપણ જડાવના જેવું ક્રૂર હૃદય રાખશો નહીં. સાસૂ સસરાને માતાપિતા સમાન ગણી તેમની સેવા કરજો. એ સાસૂ સસરા તમારા પતિના કેટલા ઉપકારી છે ? તેનો વિચાર કરી તમારા પતિને તેમની ભક્તિ કરવા પ્રેરણા કરજો. તમારા પતિ તરફથી તમને જે સુ-

તે પોતાના પૂજ્ય પતિની એક નિષ્ઠાથી સેવા ભક્તિ કરવા લાગી. એવી રીતે બે વર્ષ પ્રસાર કર્યા એટલે ઘરમાંથી બધાં ઘરેણાં તેણીએ વેચી દીધાં. પોતાના પતિને ચિંતા થાય, એવું ધારી એ પવિત્ર શ્રાવિકા વાણીએ ઘરમાંથી બધા દાગીના ખુટી ગયાની વાત પોતાના વૃદ્ધ પતિને જણાવી નહીં.

એક વખતે હવે શું કરવું ? ઘરનો નિર્વાહ શી રીતે ચલાવવો ? એવી ચિંતા કરતી વાણી ઘરના દ્વાર આગળ બેઠી, તેણીના નેત્રમાંથી આંસુની ધારા ચાલતી હતી. આવી ચિંતા કરતાં પણ પાછી તેના હૃદયમાં ધર્મની આસ્તાને લીધે હીંમત આવતી હતી. એટલે તે વિચારતી કે, જૈન ધર્મ કલ્પવૃક્ષ સમાન છે. મન, વચન, અને કાયાની શુદ્ધિથી ધર્મની આરાધના કરનાર શ્રાવક કે શ્રાવિકાને કોઈ જાતનું દુઃખ રહેતું નથી. આ પ્રમાણે ચિંતવન કરતાં તેના હૃદયમાં પાછો હર્ષનો ઉભરો આવી ગયો.

આ વખતે એક શ્રાવક ગૃહસ્થ ગાડીમાં બેસી વાણીના ઘર આગળ ઉભો રહ્યો. ગાડીમાંથી ઉતરી તેણે વાણીના દ્વારમાં પ્રવેશ કર્યો. વાણીએ ઉભાં થઇ તેને માન આપ્યું. તેણે વિનયથી પુછયું બાઈજી, કલ્યાણ શેઠ ક્યાં છે ? વાણી તેને જ્યાં પોતાનો પતિ અશક્ત થઈ બેઠો બેઠો નોકારવાળી ગણતો હતો ત્યાં લઈ ગઈ. તે ગૃહસ્થે આવી કલ્યાણને માનથી બોલાવી પૂછયું. કાકા, કેમ છો ? શાતા છે ? કલ્યાણે લલાટ ઉપર આડો હાથ કરી મોટ મોટ નજર માંડી કહ્યું, આવો, તમે કોણ છો ? તે ગૃહસ્થે જણાવ્યું, હું શીલચંદ શેઠનો દીકરો દાનચંદ્ર છું. આપને નમવા આવ્યો છું. કલ્યાણે સંભ્રમથી કહ્યું, અહો ! તમે ક્યાંથી ? પધાર્યા મારે મારાં ધન્ય ભાગ્ય ! તમારા જેવા પવિત્ર શ્રાવકે મારા ઘરને પવિત્ર કર્યું. તમારા પિતા શીલચંદ્ર આપણા શહેરનું નાક હતા. તેઓ મારી ઉપર ઘણું સ્નેહ રાખતા હતા. તેમના જેવા દયાળુ અને ધર્મી

ગૃહસ્થ થોડાજ હશે. ભાઇ દાનચંદ્ર, તમે હવે મોટા થયા દેખાઓ છો. મેં તમને બાળપણમાં સારી રીતે જોયેલા પણ હાલ કેટલાંક વર્ષ થયાં મેં તમને જોયેલા નહીં. કારણકે, વૃદ્ધ અવસ્થાને લીધે હવે હું બાહેર નીકળી શકતો નથી. તેથી તમે મારા દેખવામાં આવ્યા નથી. ભાઈ દાનચંદ્ર, તમારા પિતા શીળચંદ્રનો સ્વર્ગવાસ થતાં સંઘમાં મોટી ખોટ આવી છે. તથાપિ તમારી સારી કીર્ત્તિ સાંભળી અમને આશા રહે છે કે, તમે તમારા પિતાની કીર્ત્તિને અવિચળ રાખશો. ભાઈ, તમે દીર્ઘાયુ રહો અને આપણા નગરના ચતુર્વિધ સંઘની શોભામાં વધારો કરો. આ પ્રમાણે કહી કલ્યાણરૂપ કલ્યાણે દાનચંદ્રના વાંસા ઉપર પોતનો હાથ ફેરવ્યો. વિનયી દાનચંદ્રે કલ્યાણના ચરણમાં બે હાથ જોડી પ્રણામ કર્યો. પછી કલ્યાણે આનંદપૂર્વક જણાવ્યું, ભાઇ દાનચંદ્ર, આજે તમને દેખીને મને ઘણો આનંદ આવે છે અને મારા હૃદયમાં શીતળતા થાય છે. કહો, ભાઇ, અહીં કેમ પધાર્યા છો ? આ વૃદ્ધ અને દુખી શ્રાવકનું શું કામ પડયું છે ?

આનંદા કહે છે—બ્હેનો, આ આવનાર ગૃહસ્થ દાનચંદ્ર રાજનગરમાં એક પ્રખ્યાત વ્યાપારી ગૃહસ્થ હતો. તે શીળચંદ્રનો એકનો એક પુત્ર હતો. તેનો પિતા શીળચંદ્ર રાજનગરના સંઘનો આગેવાન્ પ્રમાણિક અને ધર્મી ધનાઢ્ય ગૃહસ્થ હતો. તે સાથે તેનામાં સારી ઉદારતા હતી. તે હમેશાં સાતે ક્ષેત્રોમાં પોતાનું દ્રવ્ય વાપરતો, અને તેમાંજ પોતાના ધનની કૃતાર્થતા માનતો હતો. અનાથ, અપંગ અને નિરાધાર શ્રાવકપ્રજાને તે સારી મદદ કરતો અને તેમ કરીને શ્રાવકના જન્મની કૃતાર્થતા કરતો હતો. તેમનો સ્વર્ગવાસ થયા પછી તેની ધર્મ કીર્ત્તિને આ તેના પુત્ર દાનચંદ્રે પિતાને પગલે ચાલી સારી રીતે દીપાવી હતી. દાનચંદ્રે ધાર્મિક અને સાંસારિક કેળવણી ઉંચા પ્રકારની લીધી

હતી. તે કેળવણીના પ્રસાદથી તેણે તરૂણઅવસ્થામાંથીજ લોક પ્રશંસા સારી રીતે સંપાદન કરી હતી. જેવી રીતે શીળચંદ્ર લોકો ઉપર ઉપકાર કરવામાં અને ધર્મનો ઉદ્યોત વધારવામાં સારી સખાવત કરતો, તેવીજ રીતે આ દાનચંદ્ર પણ કરતો હતો. બ્હેનો, વળી એ દાની દાનચંદ્ર કીર્તિદાન નહીં કરતાં ગુપ્તદાન વધારે કરતો હતો. તેમાં ખાસ કરીને જે કુટુંબો સારી સ્થિતિમાંથી નઠારી સ્થિતિમાં આવી ગયાં હોય અને પેહેલાંની પ્રતિષ્ઠાને લઇને જેઓ યાચકવૃત્તિ કરી શકતાં ન હોય અને તેથી પોતાના ઘરમાંજ છાની રીતે દુખી થતાં હોય, તેવાં કુટુંબોને મદદ આપવાને દાનવીર દાનચંદ્ર પોતાની જાતે દોડી જતો હતો.

આ પ્રસંગે પણ તે સુજ્ઞાન શ્રાવક તેવી ધારણાથીજ કલ્યાણને ઘેર આવ્યો હતો. વિપરીત વિચારનો વિનોદચંદ્ર સ્રીના કહેવાથી પોતાનાં વૃદ્ધ માતાપિતાને તરછોડી જુદો થયો છે તેથી તેનાં માતાપિતા દુખી થાય છે, એવી વાત ગામમાંથી દાનચંદ્રે સાંભળી હતી. અને તેથી તે આ વખતે કલ્યાણને ઘેર મદદ આપવાને આવ્યો હતો. ધર્મદાસ શેઠ કહે છે—હે માતાઓ, અને બ્હેનો, આ પ્રમાણે આનંદા પોતાની પુત્રી લલિતા અને બીજી શ્રાવિકાઓને ઉપદેશ વાર્ત્તા કરતી હતી, તે વખતે પ્રેમદાએ વિનયથી નીચે પ્રમાણે કહ્યું.

પ્રેમદા—આનંદા બ્હેન, મારા મનમાં એક શંકા આવી છે તે જો તમારી આજ્ઞા હોય તો કહું.

આનંદા—પ્રેમદા બ્હેન, ખુશીથી કહો. એમાં વળી આજ્ઞાની શી જરૂર છે.

પ્રેમદા—તમે કહ્યું કે, વિનોદચંદ્ર તેના વૃદ્ધ માબાપને તરછોડી જુદો રહ્યો અને તેના વૃદ્ધ માબાપ દુખી છે, એવી વાત દાનચંદ્ર ગામમાંથી સાંભળીને તેને મદદ કરવાને આવ્યો પણ એ

વાતમાં મને શંકા રહે છે. કારણકે, કહ્યાનુ કે તેની સ્ત્રી વાણીએ
કોઇને કહ્યું નહોતું કે, વિનોદચંદ્ર જુદો રહેવાથી અમે દુખી
છીએ. વળી વાણી આજ દિનસુધી પોતાનાં અંગના ઘરેણાં વેચી-
ને ઘરનો નિર્વાહ કરતી હતી, તો એ વાત શી રીતે ગામમાં ફેલા-
ણી હશે અને દાનચંદ્રના જાણવામાં શી રીતે આવી હશે?

આનંદા—બ્હેન, એમાં કાંઇ એવી શંકા કરવા જેવું ન-
થી. કારણ કે, જે વાત ઘરમાં થાય, તે આડોશીપાડોશીના જાણ-
વામાં આવ્યા વગર રહેતી નથી. તેથી એ વાત બધે ફેલાઇ
જાય છે.

પ્રેમદા—આનંદા બ્હેન, તમે કહો છો, તે બરાબર છે. ઘરના
ખૂણાની અંદર જે વાત બને છે, તે વાત જાહેર થયા વગર રહેતી
નથી. પણ કોઈ ઘરનું માણસ જો તે વાત બાહેર ખુલ્લી કરે તોજ
તે વાત ફેલાય છે, તે શિવાય ફેલાતી નથી. તેથી વખતે વાણીએ
પોતાના દુઃખની વાત બીજી કોઇ સ્ત્રીને કહેલી હશે. બ્હેન, એવી
મને શંકા થવાથી મેં તમને પુછ્યું હતું.

આનંદા—ના બ્હેન, એવી શંકા કરશો નહીં. વાણી તો ખ
રેખરી પવિત્ર શ્રાવિકા હતી. પોતાના પુત્ર વિનોદચંદ્રે તેની ઉપ
ખરાબ વર્ત્તણુક ચલાવી અને તેની સ્ત્રી જડાવના કહેવાથી તે આબં
જુદો થયો, તોપણ એ વાત વાણીએ કોઇને જણાવી ન હતી. મ
તાએ પોતાના પુત્રની નિંદા કરવી એ યોગ્ય ન કહેવાય, એ વાત
વાણી સારી રીતે સમજતી હતી. જે માતાઓ બીજાની આગળ
પોતાના પુત્ર કે પુત્રીની નિંદા કરે છે, તે અધમમાતા ગણાય છે.
પોતાના સંતાનોને બનતી રીતે સુધારવાનો પ્રયત્ન કરવો અને
બીજાં સગાં કે સ્નેહીની પાસે કરાવવો—એ યુક્ત છે, પણ પોતાની
જાતે પરાયા માણસની આગળ પોતાનાં સંતાનને વગોવવાં એ
ઘણું નઠારૂં કામ છે. એમ કરવાથી લાભને બદલે ઘણુંજ નુકસા

થાય છે. કારણકે, માબાપ નિંદા કરે છે, એ વાત જો તેમના સંતાનોના જાણવામાં આવે તો તેઓની માબાપતરફ પ્રીતિ ઓછી થાય છે અને તેઓના મનમાં માતાપિતા તરફ જે પૂજ્યભાવ હોય, તે કમી થઈ જાય છે. માતાએ એ વાત પૂર્ણ ધ્યાનમાં રાખવાની છે. બનતા સુધી તેણીએ પોતાનાં સંતાનોની નિંદા ન કરવી જોઇએ. કદિ છોકરો કે છોકરીમાં કાંઈક દોષ જોવામાં આવે તો તેમને એકાંતે બોલાવી સારી સમજૂતી આપવી. અને તેમને સુધારવાને બીજા અનેક ઉપાય કરવા પણ બીજાની આગળ તેમની નિંદા કરવી નહીં. હે પુત્રી લલિતા, દરેક માબાપે પોતાનાં સંતાનોની સાથે કેમ વર્ત્તવું જોઇએ? તે સારી રીતે જાણવું જોઇએ. કેળવણી પામેલા માબાપો એ વાત સારી રીતે સમજે છે અને તે પ્રમાણે વર્ત્તે છે.

આ વખતે લલિતા બોલી—બા, સુજ્ઞ માબાપોએ પોતાનાં સંતાનોની સાથે કેમ વર્ત્તવું જોઇએ? તે વિષે એક સુંદર કવિતા તમે મને શીખવેલી છે. તે આ વખતે મને યાદ આવે છે.

પ્રેમદા—લલિતા બ્હેન, ત્યારે તો અમને સંભળાવો.

લલિતા—એ કવિતાનો રાગ સાથે મળીને ગાવાનો છે. જો બીજી કોઇ સાથે ગાનાર હોય તો વધારે રસ પડે.

પ્રેમદા—એ વાત કેમ બને? કારણકે, એ કવિતા આપણામાંથી બીજી કોઈ પણ બાલિકા નહીં જાણતી હોય.

આનંદાએ—આનંદપૂર્વક કહ્યું, બ્હેન લલિતા, તું ગા, હું તારી સાથે ગાઇશ. પછી એ કવિતા આ બધી બ્હેનોને શીખવાડજે, એટલે ફરી કોઈ વાર એ ગીતનો આનંદ આપણે મેળવીશું.

આનંદાનાં આવાં વચન સાંભળી લલિતાએ નીચે પ્રમાણે તે કવિતા ગાવા માંડી. અને તેણીની સાથે આનંદા પોતાનો મધુર સ્વર પૂરાવા લાગી:—

માબાપે પોતાનાં સંતાનોની સાથે કેમ વર્તવું જોઇએ?

કવિતા.

(રંગરસિયા રંગરસ બન્યો મન મોહનજી—એ રાહ.)

બોધ આપો નિજ બાળને સહુ માબાપો,
સંભાળી નિજ સંતાન [1]સદ્ય સુધારોરે. સહુ માબાપો. ૧
કોમળ હૃદયો બાળના સૌ માબાપો;
તે સારી નરસી છાપ ધરશે [2]સત્વરે. સહુ માબાપો. ૨
છે તમ આધારે બાળકો સૌ માબાપો;
કરો કેળવણીની છાપ તેપર પ્રીતેરે. સહુ માબાપો. ૩
શિક્ષણ આપો ધર્મનું સૌ માબાપો;
કરો શ્રાવક કુળ અવતાર સફળ સુધારીરે. સહુ માબાપો. ૪
લાડ કરાવો રીતમાં સૌ માબાપો ;
નવ મોંયે ચડાવો બાળ થાય ખુવારીરે. સહુ માબાપો. ૫
વિનય વધે જેમ બાળમાં સૌ માબાપો.
તેમ કરજો આપ ઉપાય [2]સત્વર સારારે. સહુ માબાપો. ૬
શીખે સારી ચાલ તે સૌ માબાપો;
તેવી પ્રીતે પડાવો ટેવ બાળક બોધથી. સહુ માબાપો. ૭
જેથી પ્રમાણિક તે બને સૌ માબાપો;
તેવી સંગતમાં તે બાળ નિત્યે રાખોરે. સહુ માબાપો ૮
દુર્ગુણ દુરાચારમાં સહુ માબાપો;
આવી પડતાં બચાવો બાળ સદ્‌ગુણ આપીરે. સહુ માબાપો. ૯

૧ તત્કાળ. ૨ જલદી.

દેવગુરૂને ધર્મમાં સહુ માબાપો;
કરો પ્રેમી નિજ સંતાન શ્રદ્ધા ધારીરે. સહુ માબાપો. ૧૦
શોભાવે જે સંસારને સા માબાપો;
[1]કુળદીપક સદ્ગુણી બાળ કરો [2]સુવિચારીરે. સહુ માબાપો ૧૧
જે ન સુધારે બાળને સહુ માબાપો;
તે તેના વૈરી ગણાય [3]બાળક ઘાતીરે. સહુ માબાપો ૧૨

આનંદા અને લલિતાએ આ પ્રમાણે માબાપોએ પોતાનાં સંતાનો તરફ કેમ વર્ત્તવું જોઇએ, એ વિષેની કવિતા ગાઇ. તે સાંભળી સર્વ શ્રાવિકાસમાજ આનંદિત થઇ ગયો. અને તે કવિતા મુખે કરી સદા ગાઇ તેનો અનુપમ લાભ મેળવવાની સર્વની ઇચ્છા થઇ ગઇ.

તે વખતે પ્રેમદાએ કહ્યું, ધર્મમાતા આનંદા, આ સુંદર કવિતામાં શ્રાવક માબાપોને જે બોધ આપ્યો છે, તે પ્રમાણે જો સર્વે માબાપો વર્ત્તે તો શ્રાવકપ્રજાનું કેટલું કલ્યાણ થાય, તે મુખે કહી શકાય તેવું નથી. જૈનશાસનદેવતા શ્રાવક સંતાનનાં માબાપોને તેવી ઉત્તમ બુદ્ધિ આપો.

આનંદાએ કહ્યું, બ્હેનો, જો દરેક માબાપો પોતાની સંતતિની સુધારણા કરવાને તન, મન અને ધનથી પ્રયત્ન કરે તો સર્વ શ્રાવકપ્રજા ઉન્નતિના શિખર ઉપર સત્વર આવી જાય. અને પૂર્વની જાહોજલાલી તેમને પ્રાપ્ત થાય. જે માબાપો પોતાની પ્રજા તરફ દુર્લક્ષ રાખે છે, તેથી તેમની પ્રજાને ભારે હાનિ થાય છે. સર્વ બાળકો બાલ્યાવસ્થાથી માતપિતાને આધીન હોય છે. તે અવસ્થામાં જો તેમનાં વ્હાલાં માબાપો પ્રમાદ તથા મોહને વશ થઇ તેમને સુશિક્ષિત બનાવવામાં પ્રયત્ન કરતાં નથી તો તે સંતાનો આગળ જતાં અધમ અવસ્થામાં આવી પડે છે. તેવાં માબાપો બાળકના

1 કુળને દીપાવનારા. 2 સારા વિચારવાળા. 3 બાળકનો ઘાત કરનારા.

વહાલાં નથી પણ શત્રુરૂપ છે. તે બાળકરૂપી કુમળાં વૃક્ષો માતા-પિતાના પ્રમાદ તથા મોહરૂપી દાવાનળમાં દગ્ધ થઇ જાય છે.

પ્રિય શ્રાવિકાઓ, વર્ત્તમાનકાળે તેવાં સેંકડો માબાપો પોતાનાં સંતાનોની પાયમાલી કરે છે. તેવા સંતાનોના રક્ષણને માટે ચતુર્વિધ સંઘે પૂર્ણ ધ્યાન આપવાનું છે. જેઓ પોતાના સાધર્મિ બંધુઓનો તથા સાધર્મિ બ્હેનોનો ઉદ્ધાર કરવા ઇચ્છતા હોય, તેમણે શ્રાવકસંતાનોની સુધારણા કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. એજ ખરેખરૂં સાધર્મિવાત્સલ્ય છે. એ સાધર્મિવાત્સલ્ય કરવાને દયાધર્મી માબાપોએ સર્વદા તત્પર રહેવું જોઇએ.

આનંદાનાં આવાં વચનો સાંભળી પ્રેમદાના હૃદયમાં ભારે અસર થઇ ગઈ. સાધર્મિવાત્સલ્યનો પૂર્ણ પ્રભાવ તેણીના પવિત્ર હૃદયમાં જાગ્રત થઇ આવ્યો. તે ગદ્ગદિત થઇ ગઈ. તેના શરીરનાં રૂવાડાં ઉભાં થઇ ગયાં અને નેત્રમાંથી આનંદના આંસુ આવી ગયાં. પછી પવિત્ર પ્રેમવાળી પ્રેમદાને આનંદાએ કહ્યું, પ્રેમદા બ્હેન, તમારા હૃદયની ભાવના જોઈ અને તેની સાથે થયેલી તમારા હૃદયપરની અસર જોઇ મને ઘણોજ આનંદ આવે છે. જે કોઇ શ્રાવિકા તમારા જેવી પવિત્રભાવના રાખી પોતાના સાધર્મી બંધુઓ અને સાધર્મી બ્હેનોની ઉન્નતિને હૃદયથી ઇચ્છે છે, તે શ્રાવિકા ખરેખર ભારે પુણ્ય બાંધે છે. બ્હેન, તમે પણ અત્યારે તેવુંજ પુણ્ય બાંધ્યું છે. આપણા જૈનશાસનમાં હરકોઇનું શ્રેય ઇચ્છવાને માટે કહેલું છે. "જગત્નાં બધાં પ્રાણીઓ સુખી થાઓ અને બધાં પ્રાણીઓ શાંતિ સુખના અધિકારી થઇ કલ્યાણના અધિકારી થાઓ." એવી ભાવના જૈનશાસનમાં ઉંચામાં ઉંચી ગણેલી છે. દરેક શ્રાવકે પ્રતિક્રમણ વખતે ઉંચે સ્વરે બોલવાનું છે કે, "અમારા દેશને, અમારા દેશની પ્રજાને, અમારા રાજાને, સંઘને અને બીજાં બધાં પ્રાણીઓને શાંતિ મળો." આવી ઉંચી ભાવના બીજા કયા ધર્મમાં છે? બ્હેન પ્રેમદા,

જૈનધર્મની મહત્તા સંસ્થાપિત છે. ભારતવર્ષની આર્યપ્રજા એ પવિત્ર ધર્મની આભારી છે. જીવદયાના જેવો બીજો કોઇ ધર્મ આર્યપ્રજાએ મેળવ્યો નથી.

બ્હેન પ્રેમદા, હવે ચાલતી વાતમાં કહેવાનું કે, વિનોદચંદ્રની માતા અને કલ્યાણ શ્રાવકની સ્ત્રી વાણી "શ્રાવિકાએ પોતાના સંતાનોની સાથે કેમ વર્ત્તવું જોઇએ?" એ વાત સારી રીતે સમજતી હતી અને તેથી તેણીએ પોતાનો પુત્ર વિનોદચંદ્ર પોતાની સાથે ખરાબ રીતે વર્ત્તે છે, અને પોતાને દુઃખ આપે છે, એ વાત કોઇની આગળ જણાવી ન હતી. ઘરની સારી નરસી વાત બાહેર કહેવી, એ નઠારામાં નઠારી રીતિ ગણાય છે, એ વાત પણ વાણીના લક્ષની બાહેર ન હતી. જે સ્ત્રી નઠારી વાત બાહેર ખુલ્લી કરે છે અને પોતાના ઘરનું વગોણું પોતાની જાતે કરે છે, તે સ્ત્રી ઘણીજ નીચ કહેવાય છે. એવી સ્ત્રીની ઉપર કુટુંબના કોઇ પણ માણસને પ્રીતિ આવતી નથી. તેમજ તેનો પત્યાર (વિશ્વાસ) પણ રહેતો નથી. એવી અધમ સ્ત્રી ઉપર કુટુંબના માણસોનો અભાવ આવી જાય છે અને સર્વ તેને ધિક્કારની નજરથી જુવે છે. બ્હેનો, વાણું શ્રાવિકા આ બધી બાબત સારી રીતે સમજતી હોવાથી તેણે કોઇની આગળ પોતાના પુત્રનું દુઃખ કહી બતાવ્યું ન હતું.

વિનોદચંદ્રની સ્ત્રી જડાવ કે જેણે પોતાનો સ્વાર્થ સાધવાને પોતાના પતિને જુદા થવાની ઉશ્કેરણી કરી હતી, તેણેજ આ વાર્ત્તા બાહેર પ્રગટ કરી હતી. આડોશીપાડોશીમાં જે પોતાની સહીયરો હતી, તેમની આગળ જડાવ પોતાનાં સાસૂ સસરાની નિંદા કરતી અને પોતાનો ઇરાદો પ્રગટ કરતી હતી. જડાવ કહેતી કે, બ્હેન! મારે તો સાસૂ અને સસરાનું મોટું સાલ થઇ પડયું છે. પીટયો સાસરો કાંઇ પણ રળતો નથી અને પડયો પડયો તેના દીકરાની કમાણી ખાઇ જાય છે. તેમ મારી સાસૂ પણ પોતાના દીક-

વહાલાં નથી પણ શત્રુરૂપ છે. તે બાળકરૂપી કુમળાં વૃક્ષો માતાપિતાના પ્રમાદ તથા મોહરૂપી દાવાનળમાં દગ્ધ થઈ જાય છે.

પ્રિય શ્રાવિકાઓ, વર્ત્તમાનકાળે તેવાં સેંકડો માબાપો પોતાનાં સંતાનોની પાયમાલી કરે છે. તેવા સંતાનોના રક્ષણને માટે ચતુર્વિધ સંઘે પૂર્ણ ધ્યાન આપવાનું છે. જેઓ પોતાના સાધર્મિ બંધુઓનો તથા સાધર્મિ બ્હેનોનો ઉદ્ધાર કરવા ઇચ્છતા હોય, તેમણે શ્રાવકસંતાનોની સુધારણા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એજ ખરેખરૂં સાધર્મિવાત્સલ્ય છે. એ સાધર્મિવાત્સલ્ય કરવાને દયાધર્મી માબાપોએ સર્વદા તત્પર રહેવું જોઈએ.

આનંદાનાં આવાં વચનો સાંભળી પ્રેમદાના હૃદયમાં ભારે અસર થઇ ગઈ. સાધર્મિવાત્સલ્યનો પૂર્ણ પ્રભાવ તેણીના પવિત્ર હૃદયમાં જાગ્રત થઇ આવ્યો. તે ગદ્ગદિત થઇ ગઈ. તેના શરીરનાં રૂંવાડાં ઉભાં થઇ ગયાં અને નેત્રમાંથી આનંદના આંસુ આવી ગયાં. પછી પવિત્ર પ્રેમવાળી પ્રેમદાને આનંદાએ કહ્યું, પ્રેમદા બ્હેન, તમારા હૃદયની ભાવના જોઈ અને તેની સાથે થયેલી તમારા હૃદયપરની અસર જોઇ મને ઘણોજ આનંદ આવે છે. જે કોઇ શ્રાવિકા તમારા જેવી પવિત્રભાવના રાખી પોતાના સાધર્મી બંધુઓ અને સાધર્મી બ્હેનોની ઉન્નતિને હૃદયથી ઇચ્છે છે, તે શ્રાવિકા ખરેખર ભારે પુણ્ય બાંધે છે. બ્હેન, તમે પણ અત્યારે તેવુંજ પુણ્ય બાંધ્યું છે. આપણા જૈનશાસનમાં હરકોઇનું શ્રેય ઇચ્છવાને માટે કહેલું છે. "જગતનાં બધાં પ્રાણીઓ સુખી થાઓ અને બધાં પ્રાણીઓ શાંતિ સુખના અધિકારી થઇ કલ્યાણના અધિકારી થાઓ." એવી ભાવના જૈનશાસનમાં ઉંચામાં ઉંચી ગણેલી છે. દરેક શ્રાવકે પ્રતિક્રમણ વખતે ઉંચે સ્વરે બોલવાનું છે કે, "અમારા દેશને, અમારા દેશની પ્રજાને, અમારા રાજાને, સંઘને અને બીજાં બધાં પ્રાણીઓને શાંતિ મળો." આવી ઊંચી ભાવના બીજા કયા ધર્મમાં છે? બ્હેન પ્રેમદા,

તમારા પુત્રની એક વાત માન્ય કરવી પડશે.” એમ કહી, દાનચંદ્રે પાંચસો રૂપીઆની કોથળી તેમની આગળ ધરી. અને વિનયથી કહ્યું કે, કાકા, આ નાનકડી ભેટ સ્વીકારી તમારા પુત્રને કૃતાર્થ કરો.

કલ્યાણે સંભ્રમથી કહ્યું, ભાઈ દાનચંદ્ર, આ શું કરો છો? આટલી મોટી રકમની ભેટ હોય નહીં. બેટા, ધર્માદાની આવી મોટી રકમ ખાઈને જીવવું તે મને યોગ્ય લાગતું નથી. જે ભાગ્યમાં હશે તે થશે. માટે આ રકમ પાછી લઈ જાઓ. તમારા જેવા સાધર્મિ સેવકને પૂર્ણ ધન્યવાદ ઘટે છે. તમે તમારા દાનચંદ્ર નામને દીપાવ્યું છે, સાધર્મી બંધુઓને સંપૂર્ણ સહાય કરનારા તમારા જેવા નર રાજનગરના સંઘમાં વિરલા હશે. ભાઇ દાનચંદ્ર, હું તમારો મોટો ઉપકાર માનું છું. તમે ખરી વખતે મને આવી મોટી સહાય આપવા આવ્યા તેને માટે હું યાવજ્જીવિત તમારો આભારી છું. ભાઇ, આ ભેટ પાછી લ્યો, મારે માટે તમે આટલી તસ્દી લીધી, તે ક્ષમા કરજો.

કલ્યાણનાં આવાં વચન સાંભળી દાનચંદ્રનું મુખ ઉતરી ગયું અને તે ફરીથી આગ્રહ પૂર્વક બોલ્યો—કાકા, આશું બોલો છો! પુત્રને ખુશી રાખવા એ પિતાનો ધર્મ છે. હું જે આ ભેટ લાવ્યો છું, તે કાંઇ દેખાવ કરવા લાવ્યો નથી. શુદ્ધ હૃદયથી આપવા આવ્યો છું. વળી આ રકમ કાંઇ ધર્માદાની નથી. તે મારા પોતાના ખર્ચ ખાતાની છે. કાકા, એવી શંકા રાખશો નહીં. તમારા જેવા વડિલની કૃપાથી મારા પિતાના ઉપાર્જન કરેલ દ્રવ્યની સારી વ્યવસ્થા થાય છે. તેમણે જુદાં જુદાં સાત ક્ષેત્રોમાં દ્રવ્ય વાપરવાની જુદી જુદી ગોઠવણ કરેલી છે. કોઇપણ ક્ષેત્રનું ખાતું બીજા ક્ષેત્રના ખાતાની સાથે સેળભેળ ન થાય. એવી યોજના કરેલી છે. પૂજ્ય કાકા, આ પૈસા તેવા કોઇ ધર્મના ખાતાના નથી. મારા ઘર ખર્ચમાં આની નોંધ લેવાય છે. દેવદ્રવ્ય, કે જ્ઞાનદ્રવ્યમાંથી આ રકમ આવી નથી.

તેવા ધાર્મિક દ્રવ્યનો ઉપયોગ કરવાની નઠારી ધારણા મેં રાખી નથી. જે શ્રાવક તેવા ધર્માદા દ્રવ્યનો બીજી રીતે ઉપયોગ કરી પોતાના પવિત્ર સાધર્મી બંધુઓને છેતરવાની ધારણા રાખે છે, તેઓ પુણ્યને બદલે પાપનાં કર્મ બાંધે છે. કાકા, તમે તેવી જાતની કાંઈ પણ શંકા રાખશો નહીં. હું આપને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, આ શુદ્ધ દ્રવ્ય છે અને આ દ્રવ્ય લેવાથી આપને કોઈ જાતનો દોષ લાગવાનો નથી. કાકા, તમારા ધર્મબંધુ અને મારા પૂજ્ય પિતા જ્યારે મરણની અણી ઉપર હતા, ત્યારે તેમણે મને પોતાની પાસે એકાંતમાં બોલાવીને કહ્યું હતું. પુત્ર દાનચંદ્ર, હવે હું આ સંસારમાંથી છુટો થઈ પરલોકમાં જાઉં છું. જો કે તું સર્વ રીતે લાયક છે અને શ્રાવકના દીકરામાં જેવા ગુણ જોઈએ, તેવા ગુણ તારામાં આવેલા છે, તથાપિ મારે છેવટ તને એક ખરી શીખામણ આપી દેવાનું છે કે, આપણા કુટુંબનો બધો ભાર હું તારા શિર ઉપર મુકું છું. સર્વની સાથે તું માયાળુપણે વર્તજે. જૈનધર્મની જે પવિત્ર આજ્ઞાઓ ગૃહસ્થધર્મને માટે કહેલી છે, તેને તું હમેશાં યાદ રાખી તે પ્રમાણે વર્તજે. જૈનધર્મના તત્ત્વરૂપ સમકિતને શુદ્ધ ભાવથી ધારણ કરજે. મલિન અને નરકને આપનારા મિથ્યાત્વથી સદા દૂર રહેજે. સર્વ પ્રાણી ઉપર દયા રાખજે. અને સર્વની સાથે મૈત્રીભાવથી વર્તજે. બેટા, તેમાં ખાસ કરીને એક બાબત ઉપર તું વધારે લક્ષ આપજે. તે બાબત એ છે કે, આપણા ઘરમાં જે લક્ષ્મી છે, તેનો સદુપયોગ કરજે. તે લક્ષ્મીને સાત ક્ષેત્રોમાં વાવી તેનાં મધુર ફળ ચાખજે. સર્વ ક્ષેત્રોમાં સાધર્મિક અને ચતુર્વિધ સંઘના ક્ષેત્રની સારી સંભાળ લેજે. જે શ્રાવક કે શ્રાવિકા દુઃખી હોય, તેને તન, મન અને ધનથી મદદ કરવાને ચૂકીશ નહીં.

પુત્ર ! આપણે સાધર્મીઓ [illegible]

ણા સાધર્મી બંધુઓ, સાધર્મી માતાઓ, અને સાધર્મી બ્હેનો આપણા દેશમાં કે ગામમાં દુખી થતાં હોય, અને આપણે તે તરફ બેદરકાર રહીએ એ કેવો જુલમ કહેવાય? પોતાનાં સાધર્મી બંધુઓ, સાધર્મી માતાઓ અને સાધર્મી બ્હેનો દુઃખી થતાં હોય તે તરફ ઉપેક્ષા રાખી જે શ્રાવકો પોતાની લક્ષ્મીનો વૈભવ ભોગવે છે, તેઓ આ જગતમાં નિંદા અને દોષના પાત્ર બને છે. તેવા સ્વાર્થી અને એકલપેટા શ્રાવકોને હજાર વાર ધિક્કાર છે.

હે પૂજ્ય કાકા, આ પ્રમાણે શિક્ષા આપતાંજ તેમને છેલ્લા શ્વાસ ચાલ્યા એટલે તેઓ પંચપરમેષ્ઠીને નમસ્કારરૂપ નવકાર મંત્ર ગણવા લાગ્યા અને એ પવિત્ર મંત્રનું સ્મરણ કરતાં કરતાંજ તેમણે પોતાના પવિત્ર પ્રાણનો ત્યાગ કરી દીધો. કાકા, એ પિતાની છેલ્લી શીખામણ મારે સર્વદા સ્મરણમાં રાખવાની છે. અને તે શીખામણ પ્રમાણે ચાલવા હું યાવજ્જીવિત બંધાએલો છું. કાકા, કૃપા કરીને આ મારી નાની ભેટ અંગીકાર કરો. અને ફરી વાર જ્યારે જરૂર પડે ત્યારે આ તમારા બાળકને સંભારી બોલાવજો અને તેને કાંઇ પણ સેવા ભક્તિ કરવાની સૂચના કરજો. આ પ્રમાણે કહી દાનચંદ્રે ઘણી આજીજી સાથે આગ્રહ કરી તે ભેટ કલ્યાણને આપી પોતે ઉભો થઇ જવાની રજા માગી.

આનંદા કહે છે— હે પુત્રીઓ, પછી કલ્યાણચંદ્રે દાનચંદ્રનો ઘણો આગ્રહ જોઇ તે ભેટ સ્વીકારી અને તેને માટે દાનચંદ્રનો હૃદયથી ઘણો ઉપકાર માન્યો.

ધર્મરૂપી કલ્પવૃક્ષનો પ્રભાવ કેવો મહાન છે? કયાં દાનચંદ્ર! અને કયાં ખુણે પડેલો દુખી કલ્યાણ! ધર્મના પ્રભાવથી દાનચંદ્રના હૃદયમાં કેવી ઉત્તમ અસર થઇ ગઈ? દાનચંદ્ર ઉલટથી કલ્યાણને ભેટ આપવા ઘેર આવ્યો. એ પ્રેરણા કોની? ધર્મનીજ. સતી શ્રાવિકા વાલીના હૃદયની સારી ભાવનાને લઇને દાનચંદ્રના હૃદ-

તોષ પામી અને પોતાની નાની બ્હેનના સ્વભાવમાં મોટો સુ-
ધારો થયો, તેને માટે તેણીના હૃદયમાં આનંદ આવ્યો. પછી
કુંદન અને તેની મા જડાવની વાતો કરી જુદાં પડયાં અને સુધ-
રી ગયેલી જડાવને ફરીવાર મળવાનો નિશ્ચય કરી મા દીકરી
બંને જુદાં પડયાં.

બ્હેનો, અહીં જડાવે પોતાને ઘેર આવી પોતાના પતિની
આગળ પોતાના બધા સારા વિચારો દર્શાવ્યા અને ઘણોજ પ-
સ્તાવો કર્યો. સ્ત્રીના વચન ઉપર નાચનારો અને રામાનું રમકડું
બનેલો વિનોદચંદ્ર પણ તરતજ ફરી ગયો. બંને સ્ત્રી પુરૂષ જ્યાં
કલ્યાણ અને વાણી રહેતાં હતાં, તે ઘરમાં આવ્યાં. વિનોદ અને
જડાવ ઘરની અંદર દાખલ થયાં, ત્યાં વાણી વિલાપ કરતી તેમ-
ના જોવામાં આવી. વિનોદ અને જડાવે વાણીના ચરણમાં પ્ર-
ણામ કર્યાં.

વાણી દીકરાને અને દીકરાની વહુને જોઈ હૃદયમાં આશ્ચર્ય
પામી, પણ એ પુત્રવત્સલ માતાનું હૃદય પુત્ર અને પુત્રવધૂને જો-
ઈ ખુશી થઇ ગયું. "છોરૂ કછોરૂ થાય પણ માતા કુમાતા ન
થાય" એ કહેવત પ્રમાણે શ્રાવકમાતા વાણીના હૃદયમાં પ્રેમ ઉ-
ત્પન્ન થયો. આજ દિન સુધી પુત્રે અને પુત્રવધૂએ જે અપરાધો ક-
ર્યાં હતા, તે તેણીએ ખમાવી દીધા અને શોકને ઠેકાણે હૃદયમાં
આનંદ ઉત્પન્ન થઇ આવ્યો. વિનોદચંદ્ર બે હાથ જોડી બોલ્યો—
માતા, કેમ રૂદન કરા છો ? આ અપરાધી પુત્રના અપરાધ ક્ષમા
કરી શોક થવાનું જે કારણ હોય તે જણાવા કૃપા કરશો. પછી
જડાવે પણ વિનયથી બે હાથ જોડી જણાવ્યું,—પૂજ્ય સાસૂ, આ
તમારા પુત્રના કરતાં વિશેષ અપરાધી હું બની છું. તમારા નિ-
ર્દોષ પુત્રમાં જે દોષ ઉત્પન્ન થયો હતો, તે મારે લીધેજ થયો હતો.
મેં મારા પિતાના અને પતિના કુળને કલંકિત કર્યું છે. મા-

રા જેવી પાપિણી શ્રાવિકા કોઇજ હશે. વીરભગવાનના ધર્મ કુળમાં મારો અવતાર થયો કોઈ રીતે યોગ્ય નથી. શ્રાવિકા એવા પવિત્ર નામને હું કોઇ રીતે લાયક નથી. આ ભરતક્ષેત્ર-શ્રાવકકુળ અને જૈન ધર્મની પ્રાપ્તિ મેં એ ત્રણ રત્નોને પ્રમાદથી ગુમાવ્યાં છે. પૂજ્ય સાસુજી, અને પૂજ્ય સસરાજી, માતપિતાના ભક્ત એવા તમારા પુત્રને મેં તેના સ્વકર્તવ્યમાંથી ભ્રષ્ટ કરેલ છે. એટલુંજ નહીં પણ માતપિતાની ભક્તિથી સ્વર્ગની ભૂમિને અધિકારી થયેલા તમારા પુત્રને મેં નરકના અધિકારી કરેલ છે. મારા જેવી અધમ શ્રાવિકા કોણ હશે? હે શ્રાવક બ્હેનો, તમારામાંથી કોઈ પણ મારા જેવી અધમ શ્રાવિકા થશો નહીં. તમારા પતિને અવળી સલાહ આપી તેનાં પૂજ્ય માતાપિતાથી જુદા કરશો નહીં. માતપિતાની ભક્તિવાળા તમારા કુલીન પતિને તમારા પાશમાં સપડાવી માતપિતાની દિવ્ય ભક્તિને છોડાવશો નહીં. જો તમે મારી જેમ નીચ થશો અને તમારો નીચ સ્વાર્થ સાધવા પતિને વિપરીત માર્ગે ચડાવશો, તો તમારે મારી જેમ પશ્ચાત્તાપ કરવો પડશે. આ સંસારમાં શ્રાવકકુળમાં જન્મ થવો દુર્લભ છે, તેમાં પણ શ્રાવિકાનો જન્મ જે ઘણોજ કીંમતી ગણાય છે, તે આવા દુરાચારથી કલંકિત કરશો નહીં. શ્રાવિકાનો જન્મ શામાટે કીંમતી ગણાય છે? એનો તમે વિચાર કરજો. આજ દિન સુધી હું અંધારામાંજ રહી હતી. મેં જ્યારે પુખ્ત વિચાર કરી જોયું, ત્યારે મારા જાણવામાં આવ્યું કે, શ્રાવિકાજન્મ ખરેખર કીંમતી છે. શ્રાવિકા એ સંઘના સર્વ પ્રકારની માતા છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ બધાની ઉત્પત્તિ શ્રાવિકામાંથીજ છે. શ્રાવકના વિદ્વાન્ અને પરાક્રમી સંતાનો શ્રાવિકા માતાના ઉદરમાંથી ઉત્પન્ન થાય છે. એવી શ્રાવિકા જો દુરાચારી

થાય તો ધર્મનો પ્રભાવ નાશ પામી જાય. વીર ધર્મના ધર્મવીરોની માતા શ્રાવિકાઓએ સર્વદા દુરાચારથી દૂર રહેવું જોઈએ.

આનંદા કહે છે—બ્હેનો, આ પ્રમાણે જડાવનાં વચનો સાંભળી વાણીના હૃદયમાં ઘણોજ આનંદ આવી ગયો. તે પ્રેમી માતા ઉભી થઇ પોતાના પુત્રને તથા પુત્રવધૂને ભેટી પડી. પછી વાણી ગદ્ગદ્ સ્વરે બોલી—બેટા, વિનોદ, ગઇ કાલની રાતથી તારા પિતા અસાધ્ય થઈ ગયા છે. તેઓને કોઇ જાતનું ભાન રહ્યું નથી. કાંઇ પણ બોલતા નથી. જ્યારે હું તેમના કાનમાં ઉંચે સ્વરેથી બોલું છું, ત્યારે તેઓ માંડ માંડ હળવેથી "नमो अरिहंताणं" એટલું પદ બોલે છે. તેમના હૃદયમાં અને દરેક જ્ઞાન ઇંદ્રિયોમાં પંચપરમેષ્ટીનું સ્મરણ થતું હોય, તેમ લાગે છે. બેટા, તેમની આવી સ્થિતિ જોઈ મને અત્યારે તારૂં સ્મરણ થયું હતું અને તેથીજ મને રૂદન આવ્યું હતું. પુત્ર, તારા પિતાની પાસે જા, અને તેમના કાનમાં ઉંચે સ્વરેથી કહે કે, હું વિનોદચંદ્ર તમારા ઘરમાં આવ્યો છું. આખર અવસ્થાએ પણ જો તારા આવવાના ખબર તારા પિતા જાણશે. તો તેમના હૃદયમાં શાંતિ અને સંતોષ થશે.

વાણીના કહેવાથી વિનોદચંદ્ર કલ્યાણની પથારી પાસે આવ્યો અને વિનયથી પિતાના ચરણમાં નમસ્કાર કરી પાસે આવી તેણે કાનમાં નીચે પ્રમાણે કહ્યું—

"બાપા, હું તમારો વિનોદ તમારી પાસે આવ્યો છું. મારા અપરાધ ક્ષમા કરજો. તમારા પવિત્ર હૃદયમાં મારે માટે જે અસંતોષ હોય, તે દૂર કરજો. બાપા, હવેથી હું મારી માની સાથે રહીશ અને તેમની સેવા કરી મારા શ્રાવકજીવનને કૃતાર્થ કરીશ. વીર પરમાત્માના ધર્મના પસાયથી તમારા આત્માને શાંતિ મળો."

કલ્યાણે વિનોદનાં આવાં વચન સાંભળ્યાં અને તેથી તેના અંતરાત્માને સંતોષ પ્રાપ્ત થયો. તેજ પછી ક્ષણવારે પંચપરમેષ્ટીના પવિત્ર મંત્રને સ્મરણ કરતો અને તેનુંજ ધ્યાન ધરતો કલ્યાણનો કલ્યાણમય આત્મા તેના પુણ્ય અને પાપને સાથે લઈ પરલોકમાં ચાલ્યો ગયો.

આનંદા કહે છે,—બ્હેનો, પોતાના પિતા કલ્યાણને વિનોદ સંતોષ આપી શકયો નહીં. એ વિષે વિનોદને ઘણો પશ્ચાત્તાપ થયો હતો. પછી વિનોદચંદ્ર અને જડાવ બંને પોતાની માતા વાણીની સાથે રહ્યાં હતાં અને તેમણે શુદ્ધ મન, વચન અને કાયાથી માતાની પરમ ભક્તિ કરી હતી. આ વાર્ત્તા રાજનગરમાં ફેલાયાથી સંઘના લોકો પાછી તેમની પ્રશંસા કરવા લાગ્યા હતા.

આનંદા કહે છે—હે પુત્રી લલિતા અને બીજી બ્હેનો, આ વાર્ત્તા ઉપરથી તમારે ઘણો બોધ લેવાનો છે. તમારે કદિ પણ પોતાના પતિને ભંભેરી તેના માબાપથી જુદો કરવો નહીં. અને એવી નીચ સ્વાર્થબુદ્ધિ રાખવી નહીં. જો તમે એવું હલકું કામ કરશો, તો તમારે જડાવની જેમ પસ્તાવું પડશે.

ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, આ પ્રમાણે આનંદાએ તે કલ્યાણ અને વાણીની વાર્ત્તા પૂરી કરી એટલે પ્રેમદા હૃદયમાં અતિ આનંદ પામતી બોલી—આનંદા બ્હેન, તમારી આ વાર્ત્તા સાંભળી ઘણોજ આનંદ આવ્યો છે. આ લલિતા, ચંચળ, પ્રેમ, પુતળી અને પોતી જેવી ઉછરતી છોકરીઓને આ વાર્ત્તા ઘણી બોધ લેવા લાયક છે. પવિત્ર શ્રાવિકા, તમારા જીવનને, તમારા પ્રવર્ત્તનને અને તમારા જ્ઞાનને હજાર વાર ધન્યવાદ ઘટે છે. હે પવિત્ર સતી ! હે શ્રાવિકા રત્ન, તમારા મુખની મધુર વાણી સાંભળવાને અમે જે આ ભાગ્યશાળી થયાં છીએ, તે અમારા પૂર્વના પુણ્યનો પ્રતાપ છે.

ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, પ્રેમદાનાં આ પ્ર
ભરેલાં વચનો સાંભળ્યાં તોપણ નિર્મળ બુદ્ધિની આનંદાન
નમાં કાંઇ પણ અભિમાન આવ્યું નહીં. તેણીએ વિનયથી એટ
કહ્યું કે, પ્રેમદા બ્હેન, હું એમાં કાંઇ ભારે કામ કરતી નથી.
શ્રાવિકાનો એ ધર્મ છે કે, તેણીએ પોતાના જીવનમાં પરો
કરવો જોઇએ. અને પોતાથી જે બને તેટલી સાધર્મી બંધુ
સેવા કરવી જોઇએ. આ પ્રમાણે કહીને આનંદા બોલી કે, બ્હે
આપણી ઉપદેશ વાર્ત્તા બંધ કરવાનો સમય થઇ ગયો છે.
આવતી કાલે પાછી બોધ લેવા યોગ્ય બીજી ઉપદેશ વાર્ત્તા
કરીશું. બોલો "આદીશ્વર ભગવાનની જય."

ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, પછી આનંદાએ
તાની ઉપદેશ વાર્ત્તા બંધ કરી એટલે પ્રેમ, પૂતળી, ચંચળ,
પ્રેમદા, અને પોતી વગેરે પોતપોતાને સ્થાને ચાલતાં થયાં. આ
વખતે બધી શ્રાવિકાઓએ આનંદાને પ્રેમથી પ્રણામ કર્યો
તેની પ્રશંસા કરતાં કરતાં તે બધાં પોતપોતાને ઘેર ચાલતાં
હે શ્રાવિકાઓ, આજે આપણો પણ ઉપદેશ વાર્ત્તા બંધ કર
વખત થઇ ગયો છે, તેથી હવે આપણી ધર્મવાર્ત્તા સમાપ્ત કર્
તે વખતે "આદીશ્વર ભગવાનની જય" એવા ધ્વનિથી શ્રા
શાળા ગાજી ઉઠી.



દિવસ ૧૫ મો.

નિત્યના નિયમ પ્રમાણે ધર્મદાસશેઠ અને ગંગા શ્રાવિકાશાળામાં આવે છે. બીજી શ્રાવિકાઓ ઉમંગથી આવીને પોતપોતાની જગ્યાએ બેસે છે.

ધર્મદાસ પોતાના આસન ઉપર બેઠા તે વખતે શ્રાવિકાઓએ આદીશ્વર ભગવાનની જય બોલાવી શ્રાવિકાશાળા ગજાવી મુકી.

પ્રથમ ધર્મદાસ શેઠ નીચે પ્રમાણે મંગળાચરણ કરે છે.

ગીતિ.

જયજય પ્રભુ અરિહંતા, જય ગુણવંતા જિનેશ પરમેશા;
નાથ નિરંજન નિર્મળ, પ્રગટ પ્રભાવા અમોઘ [1]ઉપદેશા. ૧
વીરજિનેશ્વર જગમાં, ધર્મવીર ધર્મના સુઉપકારી;
જય પામો જગદીશ્વર, અધમ ઉધારક સુરેશ શિવકારી. ૨
સુરવર જિન શાસનના, કૃપા કરી સંઘકષ્ટ સૌ કાપો;
સર્વ શ્રાવિકા જનને, શ્રેષ્ઠ સર્વથી સુબોધને આપો. ૩

આ પ્રમાણે મંગળાચરણ થઇ રહ્યા પછી ધર્મદાસ શેઠે પોતાની ઉપદેશ વાર્ત્તાનો આરંભ કર્યો. હે સદ્દગુણી શ્રાવિકાઓ, નિત્યના નિયમ પ્રમાણે આનંદાએ પોતાની પુત્રી લલિતાને ઉપદેશ વાર્ત્તા કરવાની તૈયારી કરવા માંડી. તે વખતે ચંચળ, પ્રેમ, પુતળી, પ્રેમદા, ચોની વિગેરે બધી શ્રાવિકાઓ ત્યાં હાજર થઈ. બધી શ્રાવિકાઓ શાંત થઇ બેઠી, એટલે આનંદાએ પોતાની ઉપદેશવાર્ત્તા શરૂ કરવા વિચાર કર્યો. આ વખતે લલિતાએ વિન-

---

[1] જેમનો ઉપદેશ નિષ્ફળ થતો નથી તેવા.

યથી કહ્યું, બા, હજુ મારી જયા ભાભી આવ્યાં નથી. જો આજ્ઞા આપો તો હું તેમને પછવાડેથી બોલાવું.

આનંદા—લલિતા, ઘણી ખુશીની સાથ, જયા ભાભીને બોલાવી લાવ. આજે કાંઇ ખરેખરૂં કારણ બન્યું હશે. નહીં તો જયા કોઈ દિવસ રોકાય નહીં. તેમ વળી ઉપદેશવાર્ત્તા સાંભળવામાં તેને ઘણો પ્રેમ ઉપજે છે.

આનંદાની આજ્ઞાથી લલિતા પોતાના ઘરની પછવાડે જયાને બોલાવા જાય છે, ત્યાં જયા અને તેના પતિ સોમચંદ વચ્ચે નીચે પ્રમાણે વાતચિત થાય છે, તે લલિતા સાંભળે છે.

જયા—સ્વામીનાથ! આજે શી રસોઇ કરવી છે?

સોમચંદ—શ્રાવિકા, જે તમારી ઇચ્છામાં આવે તે રસોઇ કરો.

જયા—સ્વામી મારી ઈચ્છા શા કામની છે, આપની ઇચ્છા પ્રમાણે મારે ચાલવાનું છે.

સોમચંદ—પ્રિયા, એવો કાંઈ નિયમ નથી, કે સ્રી હંમેશાં પુરૂષની ઈચ્છા પ્રમાણે ચાલે. કોઈ વાર પુરૂષે પણ સ્રીની ઇચ્છા પ્રમાણે ચાલવાનું છે.

જયા—એ વાત ખરી છે, પણ સ્રીના કરતાં પુરૂષની ઇચ્છા પ્રધાન ગણાય છે. સ્રી સેવિકા છે અને પુરૂષ સેવ્ય એટલે સેવવા યોગ્ય છે. તેથી સ્રીનાં કરતાં પુરૂષનું પ્રાધાન્ય વિશેષ છે. અને તે સર્વ રીતે ઘટે છે.

સોમચંદ—સદ્ગુણી શ્રાવિકા, એ વાત ઠીક પણ આજે મારે માથે એક પંચાત આવી પડી છે.

જયા—સ્વામીનાથ એવી શી પંચાત આવી પડી છે? તે કહેવા યોગ્ય હોય તો કહો.

સોમચંદ્ર—પ્રિયા, આ પણા ગામમાં પદ્મશ્રી નામે એક સાધ્વીજી આવ્યાં છે, તેઓના ઉપાશ્રયમાં ઘણી વિધવા અને સધવા શ્રાવિકાઓ એકઠી થાય છે. તે વાત તમે સાંભળી હશે ?

જયા—હા, એ વાત મેં સાંભળી છે, એટલુંજ નહીં પણ એક બે વખત હું તેમને ઉપાશ્રયે પણ ગયેલી છું.

સોમચંદ્ર—તે સાધ્વીજી કેવાં છે ?

જયા—તેઓ ખરેખરાં સાધ્વીજી નથી. સાધ્વીજીએ કેવી રીતે વર્ત્તવું જોઇએ ? અને સાધ્વીનો શો ધર્મ છે ? એ વાત પણ તેઓ જાણતાં નથી, એમ ગામમાં કહેવાય છે.

સોમચંદ્ર—એ વાત તમે કયાંથી સાંભળી ?

જયા—મેં તેમની કેટલીએક વાત ગામમાંથી સાંભળી છે. તે શિવાય અમારાં ધર્મમાતા આનંદા કાકીજીએ પણ તેમને માટે કેટલું એક કહેલું છે.

સોમચંદ્ર—ત્યારે તમે આજકાલ તેમને ઉપાશ્રયે ગયાં હતાં કે નહીં ?

જયા—ના, જ્યારથી ધર્મમાતા આનંદા કાકીજીએ અમને કહ્યું છે, ત્યારથી કોઈ વાર હું તેમને ઉપાશ્રયે ગઈ નથી.

સોમચંદ્ર—વખતે ગયાં હશો, સંભારી જુવો.

જયા—ના સ્વામી, હું ખરેખરૂં કહું છું. આપની આગળ કદિ પણ અસત્ય બોલું નહીં. પોતાના પતિની આગળ જુઠું બોલવું, એ મોટામાં મોટું પાપ છે. તેમ વળી જો હું ત્યાં જવાની હોઉંતો આપની રજા વિના કેમ જાઉં ? પતિની રજા લીધા શિવાય સ્ત્રીએ કોઇ પણ ઠેકાણે જવું ન જોઇએ. એ વાત મેં મારા હૃદયમાં દૃઢ કરી છે.

યથી કહ્યું, ના, હજુ મારી જયા ભાભી આવ્યાં નથી. જો આજ્ઞા આપો તો હું તેમને પછવાડેથી બોલાવું.

આનંદા—લલિતા, ઘણી ખુશીની સાથ, જયા ભાભીને બો લાવી લાવ. આજે કાંઇ ખરેખરૂં કારણ બન્યું હશે. નહીં તો જ કોઇ દિવસ રોકાય નહીં. તેમ વળી ઉપદેશવાર્ત્તા સાંભળવામાં ઘણો પ્રેમ ઉપજે છે.

આનંદાની આજ્ઞાથી લલિતા પોતાના ઘરની પછવાડે બોલાવા જાય છે, ત્યાં જયા અને તેના પતિ સોમચંદ વ પ્રમાણે વાતચિત થાય છે, તે લલિતા સાંભળે છે.

જયા—સ્વામીનાથ! આજે શી રસોઇ કરવી છે?

સોમચંદ—શ્રાવિકા, જે તમારી ઇચ્છામાં આ

વ્યાપારી છે. તે પણ ધર્મબુદ્ધિવાળો અને આસ્તિક છે. જેવો પોતે આસ્તિક અને ધર્મી છે, તેવી તેની સ્ત્રી નથી. તેથી તેના ઘરમાં જોઈએ તેવો શ્રાવકનો આચાર પળાતો નથી. કારણકે, ઘરનો સદાચાર પાળવામાં પુરૂષોના કરતાં સ્ત્રીઓની વધારે આવશ્યકતા છે. પુરૂષો ગમે તેવા આસ્તિક અને ધર્મી હોય, પણ જો તેમની સ્ત્રીઓ આસ્તિક તથા ધર્મી ન હોય તો તેમના ઘરમાં સદાચાર સચવાતો નથી. ઘરનો આચાર પાળવો એ સ્ત્રીઓનુંજ કામ છે. સાકરચંદની સ્ત્રીનું નામ ગોમતી છે. ગોમતીના પીયરમાં શ્રાવક ધર્મની શ્રદ્ધા ઓછી હોવાથી ગોમતીએ ખરેખરી ધર્મની કેળવણી લીધી નહતી. તેથી તે ધર્મ કાર્યમાં અને સદાચાર પાળવામાં બેદરકાર રહેતી હતી.

સાકરચંદ અને ગોમતી—એ બન્ને સ્ત્રી પુરૂષનો શ્રાવકસંસાર એક પક્ષી ચાલતો હતો. પુરૂષ આસ્તિક અને સ્ત્રી નાસ્તિક એ જોડનો સંસાર એક પક્ષીઓ ગણાય છે. તેવા સંસારની ગાડી અથડાતી અથડાતી ચાલે છે અને વખતે તે અટકી પણ પડે છે. સાકરચંદે કંદમૂળ લીલોતરી અને બીજા અભક્ષ્યનો ત્યાગ કર્યો હતો. ત્યારે ગોમતી કોઈ કોઇ વાર તેનું ભક્ષણ કરતી હતી. સાકરચંદ રાત્રિ ભોજનનો નિયમ લઈ બરાબર ચાલતો હતો. ત્યારે ગોમતી તે નિયમ અવિચલપણે રાખતી ન હતી. કોઈ કોઇ વાર જીહ્વાની લોલુપતાથી તે છાની રીતે ઘરમાં બેસી રાત્રિ ભોજન કરતી હતી. જૈન ધર્મના પ્રખ્યાત પર્વમાં ગોમતી વ્રત પચ્ચખાણ કરતી પણ તે લાજથી અને લોકોને બતાવાને કરતી હતી. તેણીના હૃદયની આસ્તા તે ઉપર દૃઢ ન હતી. કોઈ કોઈ વાર તો તે તબીયતનું બાનુ બતાવી પર્વના દિવસોમાં પણ બે વખત જમતી અને બીજાને છેતરવાને ખોટો ડોળ ઘાલી તે વિષે અપશોષ દર્શાવતી હતી.

આ સાકરચંદ અને ગોમતીને એક દીકરો અને બે પુત્રીઓ

હતી. તે દીકરો જુવાન થયો ત્યારે તેને ક્ષય રોગ લાગુ પડતાં તે
ભરજુવાનીમાંજ મૃત્યુ પામી ગયો હતો. તેના મરણથી સાકરચંદ
અને ગોમતી બન્ને શોકમય અવસ્થામાં આવી ગયાં હતાં. તે પુત્ર-
ની સાથે ભાવચંદની દીકરી જીવીનો વિવાહ કરવામાં આવ્યો હતો.
તેનું મરણ થવાથી જીવી બાળવિધવા થઇ હતી. જીવીએ પોતાના
પિતાને ઘેર ધર્મની સારી કેળવણી લીધેલી, તેથી તે જૈન ધર્મની
સારી આસ્તિક હતી. ને ધર્મની કેળવણી તેના વૈધવ્યરૂપ દુઃખના
દરિયાને ઉતરવામાં નાવિકારૂપ થઇ હતી. માતા તરફથી મળેલી
કેળવણીથી જીવીના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થઇ રહ્યો હતો, પણ
અજ્ઞાની સાસુના સહવાસમાં રહેવાથી તે પ્રકાશ થોડો થોડો ઓ-
છો દેખાતો હતો.

" જેવી સંગત તેવી અસર " એ ખરેખરી વાત છે. હરેક
સ્ત્રી વા પુરૂષ સંગતથી સારા નરસા ગુણો ધારણ કરે છે. સોબતનો
અભાવ કદિ પણ દેખાયા વગર રહેતો નથી. તેમાં ખાસ કરીને ઉછ-
રતી વયનાં બાળકો અને બાળિકાઓ ઉપર તેની ઘણી જલદી
અસર થાય છે. જીવીને તેમજ બન્યું હતું. જીવીના હૃદય ઉપર જે
અસર તેની માતા તરફની હતી, તે અસર તેની સાસૂના સહવાસમાં
ઉડી ગઇ હતી. જીવી પરણ્યા પછી પોતાને સાસરે વધારે રહેતી
હતી. તેમાં જ્યારે તે વિધવા થઇ ત્યારે તેના માબાપે લાંબો વિચાર
કરીને જીવીને સાસરેજ રાખી હતી. કારણકે, તરૂણવિધવાને ઘેર રા-
ખવી, તે ઘણું જોખમ ભરેલું છે, જુવાન વિધવા છોકરી પીયરમાં
રહેવાથી તેને બગડવાનો વધારે સંભવ છે, કારણકે, પીયરમાં મા-
બાપને હાથે લાડમાં ઉછરેલી છોકરીની ઉપર જેવું જોઇએ તેવું
દબાણ થઇ શકતું નથી. વિધવાપણાના દુઃખમાં દબાએલી દીકરીને
વારંવાર ટોકી ટોકીને નિયમમાં રાખવી, એ દયાળુ માબાપથી બની
શકતું નથી. વળી કદિ તેઓ તેમ કરવા ધારે તો લાડમાં ઉછરેલી

છોકરી પોતાના માબાપને ગણતી નથી. અને તેથી તે ઘણું ભાગે સ્વતંત્ર રીતે વર્તે છે. જ્યારે સ્ત્રી સ્વતંત્ર થઇ એટલે તેણીનામાં જરૂરી બગાડ થવાનો સંભવ છે. આવો વિચાર કરી છબીના સુસરા માબાપે છબીને પોતાને ઘેર રાખવા આગ્રહ કર્યો ન હતો. વિધવા અવસ્થા ગાળવાને માટે તેણીને તેને સાસરીઆમાં રાખવામાં આવી હતી; કારણકે, સાસરીઆમાં સ્ત્રીને સ્વતંત્રતા મળી શકતી નથી. વળી સાસૂના દબાણમાં રહેવું પડે છે, એટલે તે ભયને લઇને તેમજ થોડી લાજને લઇને એકદમ ઉંચું માથું કરી શકતી નથી. તેમ કરતાં જો તે વહુ સ્વતંત્ર થવા જાય છે તો તેની સાસૂ અથવા નણંદ તેને તરત દબાવી દે છે. તેમાં પણ સધવા કરતાં વિધવાની ઉપર સાસૂનો અંકુશ વધારે રહી શકે છે. સધવા વહૂ વખતે પોતાના પતિના પ્રભાવથી સાસૂની અવગણના કરી સ્વતંત્ર બનવા જાય છે; અને જો તેનો પતિ ભણેલો, કમાઈ શકે તેવો અથવા મોઢે ચડાવેલો હોય તો તે વહૂ સારી રીતે સ્વતંત્ર થઈ શકે છે. —" ધણીની માનેતી કહ્યો તે કરે." આ કહેવત પ્રમાણે તેવી સ્ત્રી સાસરીઆને ગણતી નથી એટલુંજ નહીં પણ વખતે સાસરીઆનું અપમાન કરી પોતે બધા ઘરની સ્વામિની બની જાય છે.

હે પ્રિયા, એ પ્રમાણે છબી તેના સાસરીયામાં રહેતી હતી. સાસૂના સહવાસથી તેણીના આચાર વિચારમાં ફેર પડી ગયો હતો, તોપણ માતા તરફથી લાગેલા ધર્મના બધા સંસ્કારો તેણીએ તદ્દન ગુમાવ્યા ન હતા. તે કોઇ કોઈવાર વ્રત પચ્ચખાણ કરી આત્મસાધન કરતી પણ તેના હૃદયનો શુદ્ધ ભાવ જોઈએ તેવો નિર્મળ થતો ન હતો. કેટલાક વ્રત નિયમ વગેરે માત્ર કીર્તિની ખાતર અથવા ગાડરીયા પ્રવાહથી તે આચરતી હતી. તેની સાસૂ ગોમતી તેની ઉપર સારો દાબ રાખતી તોપણ કોઇ કોઈવાર તેની સાથે હાસ્ય વિનોદમાં ભાગ લેતી એટલે જોઇએ તેવો ગોમતીનો દાબ છબીની ઉપર પડતો ન હતો. ઘણીવાર તે પોતાની ઇચ્છા પ-

માણે ચાલતી અને સાસૂને સમજાવી પોતાની ધારણા સફળ કરતી હતી.

સાધ્વી પદ્મશ્રીને ઉપાશ્રયે જીવી તેણીની સાસૂ ગોમતીની સાથે જતી હતી. ગોમતીના ભાવ અંદર અને બાહેર જુદા જુદા હતા, તેથી તેને પદ્મશ્રીની પાસે જવું. આવવું વધારે પસંદ પડતું હતું. પદ્મશ્રીના સહવાસમાં તેવીજ શ્રાવિકાઓનો મોટો ભાગ રહેતો હતો. તેવી શ્રાવિકાઓનાં મન આકર્ષવાને પદ્મશ્રી વધારે સમર્થ થતાં હતાં; કારણકે, બીજાના દોષ જોવામાં આવે તોપણ પદ્મશ્રી તે મનમાં સમજતાં અને તેને સુધારવાની જરા પણ ઇચ્છા રાખતાં ન હતાં. તે સાધ્વી ગૃહસ્થની શ્રાવિકાઓને અનુકૂળ રહેતાં અને તેમની મરજી સાચવી પોતાનો સ્વાર્થ સાધી લેતાં હતાં. આથી કરીને પદ્મશ્રીના ઉપાશ્રયમાં શુદ્ધ સમકિત વગરની, કીર્ત્તિ દાન, કીર્ત્તિધર્મ, અને કીર્ત્તિસદાચાર સેવનારી શ્રાવિકાઓજ હમેશાં આવતી જતી હતી. જીવી વિધવા હોવાથી પદ્મશ્રીની પાસે વધારે રહી શકતી હતી. એક સારા ગૃહસ્થની છોકરી અને સારા ગૃહસ્થના દીકરાની વહૂ પોતાની ચેલી થાય તો એક સારો લાભ મળ્યો કહેવાય, એવી આશાથી પદ્મશ્રી સાધ્વી જીવીની ઉપર વધારે મમતા રાખતાં હતાં અને જીવીની વધારે પડતી ખુશામત પણ કરતાં હતાં. કેટલાએક દિવસ સુધી જીવી અને પદ્મશ્રીનો સંબંધ લાંબો ચાલ્યો પછી પદ્મશ્રી પોતાનો સ્વાર્થ સાધવાને જીવીને દીક્ષા લેવાનો ઉપદેશ આપ્યો. છેવટે મુગ્ધહૃદયની જીવીએ તે વાત કબૂલ કરેલી પણ તે વાત સર્વથી છાની રાખવામાં આવી હતી.

પ્રિયા, થોડા દિવસ પહેલાં જીવી પોતાનાં માબાપ તથા સાસૂ સસરાની રજા લીધા વિના પદ્મશ્રીને ઉપાસરે સાધ્વીવેષ પેહેરીને બેઠી ગઇ છે. આખા ગામમાં તે વાતની મોટી ચર્ચા ચાલે છે. જીવીએ સાધ્વીનો વેષ પેહેર્યો છે, એ વાત જાણી તેનો પિતા ભાવચંદ્ર

અને તેનો સાસરો સાકરચંદ બંને પદ્મશ્રી સાધ્વીને ઉપાશ્રયે ગયા હતા. તેમણે સાધ્વીજીને પુછ્યું કે, તમે છબીને તેણીના વડિલની રજા વગર સાધ્વીનો વેષ કેમ પેહેરાવ્યો ? પદ્મશ્રી ઘણાં ચતુર અને બુદ્ધિવાન્ સાધ્વી હતાં, તેમજ તેમને ચેલીઓ કરવાની ઘણી લાલસા હતી, તેથી સાધ્વીએ ઉંચે સ્વરે ઉત્તર આપ્યો કે, તમારી છબીને મેં કાંઇ દીક્ષા આપી નથી, તેમ વેષ પણ પેહેરાવ્યો નથી. તે પોતાની મેળે વેષ પેહેરીને મારા ઉપાશ્રયમાં બેસી ગઇ છે, મારાથી કાંઇ કોઇને ઉપાશ્રયમાંથી કાઢી મુકાય નહીં. અમારા સાધ્વીના ઉપાશ્રયમાં તો દરેક શ્રાવિકાનો હક છે. ભાવચંદ્ર અને સાકરચંદ ધર્મી અને આસ્તિક હોવાથી કાંઇ વધારે બોલ્યા નહીં, પણ તેનાં બીજા સંબંધીઓ વધારે ઉશ્કેરાઇને આ પ્રમાણે બોલી ઉઠયાં— સાધ્વીજી, આ તમારો ધર્મ નથી. કોઇ પણ વિધવા અને અજ્ઞાન છોકરીને તેણીનાં માબાપ કે સાસૂસસરાની રજા વગર તમે વેષ પેહેરાવી ઉપાશ્રયમાં છુપાવો, એ તમારૂં કામ નથી. તમારા જેવી સાધ્વીઓ જો આવાં કામ કરવા માંડશે તો પછી સંઘની મર્યાદા રહેશે નહીં. પૂજ્ય સાધ્વીજી! તમને વિનતિ કરીને કહીએ છીએ કે, છબીને અમને પાછી સોંપી દો અને તેનો વેષ ઉતારી લ્યો.

તેમનાં આવાં વચન સાંભળી પદ્મશ્રી સાધ્વીને ગુસ્સો ચડયો. અને તેઓ ગુસ્સાથી બોલ્યાં— શ્રાવકો, તમે સ[illegible]ને એ કહો. આમાં કોઇની સાથે વધારે બોલવાની કાંઇ જરૂર નથી આ ધર્મની જગ્યા છે. જે આવે તેને તેમાં ધર્મકરણી કરવાનો હક છે. તમારી છબીને મેં કાંઇ દીક્ષા આપી નથી તેમ વેષ પણ પેહેરાવ્યો. નથી [illegible] પોતાની મરજીથી [illegible] વેષ પેહેરી બેઠી છે [illegible] તમારે ઘેર જાવે તો તેને ખુશીથી [illegible] [illegible] વિચાર કરશે કે [illegible] વેષ ઉતારવો [illegible] વેષ પેહે[illegible] [illegible]

મીં શ્રાવક ભાવચંદ્રે કહ્યું. સાધ્વીજી, તમે કહો છો, તે વાત ખરી છે. પણ જીવી દીક્ષા લેવાને અધિકારી છે કે, નહીં? એ તમારે વિચારવું જોઇએ. શ્રાવક અથવા શ્રાવિકા જો દીક્ષા લેવાને લાયક હોય તો તેને દીક્ષા આપવી એ તમારો ધર્મ છે. વળી જીવી વિધવા હોવાથી આ સંસારમાંથી છુટવાને લાયક છે, તોપણ ચારિત્ર પાળવાને જે ગુણો અને જે શક્તિ જોઇએ, તે જીવીમાં છે કે નહીં, તે જોવાનું છે. જીવી હજુ જુવાન છે, તેમજ તેનામાં ચારિત્રને છાજે તેવા ગુણો આવવાની ઘણી વાર છે. સાધ્વીજી, આપ તે વિષે વિચાર કરો અને તે પછી તેને દીક્ષા અપાવાનો આગ્રહ રાખો તો તે વાજબી છે.

ભાવચંદ્રનાં આવાં નમ્રવચનો સાંભળી પદ્મશ્રી જરા શાંત થઇ બોલ્યાં—શ્રાવકજી, તમારૂં કહેવું યોગ્ય લાગે છે, તોપણ તે વિચાર વગરનું છે. તમારી જીવી સર્વરીતે દીક્ષા લેવાને લાયક છે. સાધ્વીમાં જે ગુણો જોઇએ, તે બધા ગુણો તેણીનામાં મારા સહવાસથી આવી ગયા છે. મને તેનો ઘણો અનુભવ થયેલો છે. તેમ છતાં કદી જો કાંઇ ખામી હશે તો તે અમારા સંગમાં રહીને સુધરી જશે. શેઠજી, જ્યારે મેં દીક્ષા લીધી ત્યારે હું કાંઇપણ જાણતી ન હતી. અત્યારે મારામાં બધા ગુણો એની મેળે આવી ગયા છે. ચારિત્રધર્મમાં જે મુખ્ય બાબતો જોઇએ, તે બધી બાબત મેં સારી રીતે મેલવી લીધી છે.

આનંદા કહે છે.—બ્હેનો, આ પ્રમાણે જ્યારે સાધ્વી પદ્મશ્રી પોતાનાં વખાણ પોતાની મેળે કરતાં હતાં, તે વખતે **ગટોડ** કરીને એક મશ્કરો અને સાચેસાચું કહેનારો શ્રાવક ત્યાં બેઠો હતો તે વચમાં બોલી ઉઠયો.

ગટોડ—સાધ્વીજી, કાંઇ વધારે કહેવાય તો માફ કરજો. આપ કહો છો કે, મારામાં બધા ગુણો એની મેળે આવી ગયાં છે, અ

ને ચારિત્ર ધર્મમાં જે જે મુખ્ય બાબતો જોઈએ, તે બધી ગામનો એ ગોઠવી લીધી છે, એ વાત તો બરાબર છે. તમારા ચારિત્રથી રૂપનગરની જૈનપ્રજા બધી ચકિત થઈ ગઈ છે. આખા ગામમાં શેરીએ શેરીએ તમારા ચારિત્રનાં વખાણ થાય છે. તમે આવીને સંઘની શ્રાવિકાઓમાં વધારે સુધારો કર્યો છે. જે શ્રાવિકાઓ બીચારી ગરીબ મુંગી ગોલી રહે તેવી હતી, તે તમારા ઉપદેશથી એવી પોહોંચેલી અને પાવરધી થઈ ગઈ છે કે, તેઓ મોટી વઢવાડો કરી શકે છે. તમારો બોધ પામેલી નાનીનાની વહુઓ પોતાની સાસુઓને ડરાવી દે છે, નણદોને દૂર નસાડી મુકે છે, અને જેઠાણીને હંફાવી નાખે છે. સાધ્વીજી, તમારાં જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં છે. તમારા પસાયથી સાસુઓ પણ પોતાની જુવાન વહુઓને હેડી બેસારી દે છે અને તેમનાં લાડ ઉતારી દે છે. સાધ્વીજી, તમારા ઉપદેશનું પરાક્રમ કાંઈ એકલું બૈરાંઓ ઉપર ચાલ્યું નથી, પણ રૂપનગરના સેંકડો શ્રાવકોની ઉપર પણ ચાલ્યું છે. તમારો ઉપદેશ સાંભળી બળવાન થયેલી બાળાઓએ પોતાના મુંછોવાળા મર્દોને પણ નમાવી દીધા છે ઘણાંઓના ઘરમાં મોટા કજીયા અને કંકાસ ઉભા થયેલ છે. ઘણા ડાહ્યા અને ચતુર પુરૂષોનાં ઘર ભાંગ્યાં છે. સાધ્વીજી, આપના ચરણ આ નગરમાં થયાં ત્યારથી આજ સુધીમાં આપના ઉપદેશના પસાયથી રૂપનગરના શ્રાવકોના સંસારનું સ્વરૂપ બદલાઈ ગયું છે. જેઓને આપના ઉપદેશનો લાભ મળ્યો, તેવી શ્રાવિકાઓનો સંસાર કેવો સુખી છે, તેનું વર્ણન મારાથી કરી શકાય તેમ નથી ગુરૂણીજી, આપના ચારિત્રને માટે અમને બધાને ઘણી ખાત્રી થઈ ગઈ છે. જે આપ પોતાને મુખે કહો છો, તેવાજ આપના ગુણો છે એ વાત ખરેખરી છે. અમારી જીવીબાનાં પણ મોટાં ભાગ્ય કે જે આપને હાથે ચારિત્ર લઈ આપની ચેલી થશે. પૂરેપુરા ભાગ્ય વિના આપનો યોગ મળેજ નહીં. જીવીએ જે આપ જેવાં સાધ્વીને પ હેલેથી શોધી કાઢયાં છે, તે તેણીએ ખરેખરી બાહાદૂરી બતાવી છે. જે

બાઇ અમારા માનવંતા શેઠ ભાવચંદ્રને ઘેર રહેતી હોત તો આવો લાભ મળત નહીં. પણ આવો ઉત્તમ લાભ મેળવવાનું સાધન અમારા વડિલ બંધુ સાકરચંદ શેઠનું ઘર છે. તેમાં પણ ખાસ કરીને જીવીને તેની પૂજ્યસાસૂ ગોમતીશેઠાણીનો મોટો ઉપકાર માનવાનો છે. ગોમતી શેઠાણી એક ડાહી શ્રાવિકા છે, તેઓ ઘણો વખત થયાં તમારા ઉપાશ્રયની સેવા કરે છે, તેનીસાથે તમારા પ્રસંગમાં આવેલી આ જીવીને મોટો લાભ મળી ગયો છે.

ગટોડ શ્રાવકનાં આવાં માર્મિક વચન સાંભળી કેટલાએક શ્રાવકોને હસવું આવવા માંડ્યું, પણ સાધ્વીજીને અપમાન લાગે એવા ભયથી તેઓ છાની રીતે હસ્યા. સાધ્વી પદ્મશ્રી ગટોડના કેટલાંએક વચનો માર્મિક છે એવું સમજી પોતે ગુસ્સો લાવીને બોલ્યાં—અરે મૂર્ખ તું કોણ છે? આટલું બધું વધારે પડતું કેમ બોલે છે? શ્રાવકનો દીકરો થઇ સાધ્વીજીની મશ્કરી કરે છે? જા, અમારા ઉપાશ્રયમાંથી બાહેર નીકળી જા. તારા જેવા અવિનયી શ્રાવક અમારા પવિત્ર ઉપાશ્રયમાં જોઇતા નથી. જા, પીટ્યા! બાહેર જા, નહીં તો ધક્કો મારીને કાઢવો પડશે.

સાધ્વી પદ્મશ્રીનાં આવાં ક્રોધનાં વચનો સાંભળીને પણ ગટોડના મનમાં કાંઇ પણ રોષ આવ્યો નહીં. તે હસતો હસતો બોલ્યો—ગુરૂણીજી, ક્ષમા કરો. મેં આપને કાંઇ પણ અઘટતું કહ્યું નથી. માત્ર તમારી પ્રશંસાજ કરી છે. ગુરૂણી સાહેબ, મને માફ કરો. હું એક ગરીબ શ્રાવક છું. હું રાંક અને રૂપનગરના આ શેઠીઆઓના પગની રજ છું. સાહેબ, જ્યારે તમે ગુરૂણીજી થઇને મને ઉપાસરાની બાહેર કાઢી મૂકશો તો પછી મારા જેવો ગરીબ શ્રાવક કોની શરણે જશે? સાધ્વીજી, હું કાંઇ આપની મશ્કરી કરતો નથી. તમારા પવિત્ર ઉપાશ્રયમાં મને જગ્યા મળી તેને માટે હું મારા આત્માને ધન્ય માનું છું. આ તમારા ઉપાશ્રયની ભૂમિ ઘણીજ પ-

વિત્ર છે. અમારા સંઘની ઘણી શ્રાવિકાઓએ આ ભૂમિમાંથી એવો બોધ લીધો છે કે, જે બોધનો પ્રભાવ તેમના સહવાસી પતિઓ, વડિલો, સખીઓ અને સગાવાહાલાઓજ જાણે છે. તમારા ઉપાશ્રયની ભૂમિ એવી પવિત્ર છે. પણ કેટલીએક શ્રાવિકાઓ આ ભૂમિનો ત્યાગ કરી પવિત્ર સાધ્વી જ્ઞાનશ્રીના ઉપાશ્રયની ભૂમિમાં ગઇ છે, જાય છે અને જવાની છે, તેનું શું કારણ હશે? તે કાંઇ સમજાતું નથી.

પૂજ્ય ગુરૂણીજી, આપે મને પીટયો કહ્યો, તેને માટે હું મારા આત્માને ભાગ્યશાળી સમજું છું. તમારા જેવા પવિત્ર સાધ્વી જ્યારે મને પીટે તો પછી મારા પુણ્યની અને ભાગ્યની શી વાત કરવી! વળી તમે કહ્યું કે, " તને ધક્કો મારીને ઉપાશ્રયમાંથી કાઢયો પડશે." એ વચન પણ મારા લાભમાં ઉતર્યું છે. જૈન સાધ્વીઓ કોઈ પણ પુરૂષનો સ્પર્શ કરતી નથી. પુરૂષને તો શું પણ એક નાના છોકરાને પણ સ્પર્શ કરવો એ સાધ્વીને કલ્પતું નથી; તો તમે પોતેજ મને ધક્કો મારી ઉપાશ્રયની બાહેર કાઢો તો પછી મારાં કેવાં ભાગ્ય! સાધ્વીના હાથનો સ્પર્શ થવાથી મને પુણ્ય થશે કે પાપ થશે, એ વાત તો જ્ઞાની મહારાજ જાણે.

ગપ્પીદાસનાં આવાં મશ્કરી ભરેલાં વચનો સાંભળી પદ્મશ્રી વધારે ઉશ્કેરાઇ ગયાં અને બોલ્યાં કે, આ દુરાચારી પુરૂષને મારા ઉપાશ્રયમાંથી જલદી દૂર કરો. જો તેને હમણાં ને હમણાં દૂર નહીં કરો તો હું આપઘાત કરીશ. અથવા આજથી આહાર પાણીનો ત્યાગ કરીશ. જો, તે એકલો મારા ઉપાશ્રયની બાહેર જાય તેમ ન હોય તો તમે બધા બાહેર જાઓ. આ તમારી છત્રી જો આવે તો તેને લઇ જાઓ. પણ એટલું યાદ રાખજો કે, જેણીએ જે સાધ્વીનો પવિત્ર વેષ પહેર્યો છે, તે કોઇનાથી કઢાવી શકાશે નહીં. જ્યાંસુધી મારા ખોળીઆમાં પ્રાણ છે, ત્યાંસુધી કોનાથી છત્રીનો વેષ ઉતારી શકાય તેમ નથી. જાઓ, ભાઇઓ, અહીંથી ચાલ્યા જાઓ. મ-

ને સુખે ધર્મ ધ્યાન કરવા દો. મારા ધર્મ ધ્યાનમાં નાહક અંતરાય કરો નહીં.

સાધ્વીનાં આવાં ક્રોધ ભરેલાં વચનો સાંભળી દીર્ઘવિચાર કરનારા ભાવચંદ્રે વિનયથી જણાવ્યું,—ગુરૂણીજી, આ ગટોડ શ્રાવકના વચન ઉપર રોષ કરશો નહીં. તે બીચારો પામર અને ભોળો છે. આ ગામમાં કોઈપણ તેના વચન ઉપર ધોખો કરતું નથી. ગમે તેમ બોલે તોપણ તેને માફી આપવામાંજ આવે છે. લોકો તેને અડધો ગાંડો ગણે છે.

પૂજ્ય સાધ્વીજી, ક્ષમા કરો. હવે આપને એટલીજ વિનંતિ કરવાની છે કે, આ બાળા વિધવા જીવીને સમજાવી પાછી ઘેર મોકલો. જીવી હજુ બાળક છે. ચારિત્ર ધર્મ કેવો કઠણ છે? એ વાતનું તે બીચારીને ભાન નથી. સાધુધર્મને આરાધવો કાંઈ સેહેલો નથી. જૈનકવિઓ પંચમહાવ્રતને ખડ્ગની ધારાની ઉપમા આપે છે. એ વ્રત ધારણ કરનાર સાધુ અને સાધ્વીને મોટા ભારે પરિષહો સહન કરવાના છે. તે પરિષહોનું વર્ણન આપ જાણતા હશો. જો એ મુગ્ધબાળા એકવાર ચારિત્રધર્મની આરાધનાનો પ્રકાર સાંભળે તો તે ચારિત્ર લેતાં ઘણો લાંબો વિચાર કર્યા વગર રહે નહીં. ગુરૂણીજી, મારી દીકરી બાળા અને વિધવા અવસ્થાથી દુઃખી છે, તેણીએ હજુ ચારિત્રધર્મનો પ્રભાવ અને તેની મુસ્કેલીઓ જાણી નથી. સાધ્વીજી, આપ કૃપા કરી તે પામરબાળાને ચારિત્ર ધર્મની મુસ્કેલીઓ સંભળાવો અને સમજાવો, તે પછી જો તેણીના સારા ભાવ હોય તો તેને ખુશીથી દીક્ષા આપજો. તેણીને પંચ મહાવ્રત લેવામાં અમે આડા નહીં આવીએ. વ્રતગ્રહણ કરનારને અંતરાય કરવો, એ શ્રાવકનો ધર્મ નથી.

ભાવચંદ્રનાં આવાં વચન સાંભળી સાધ્વી પદ્મશ્રી શાંતિથી બોલ્યાં—શેઠજી, તમે કહો છો, પણ તે માંહે કેટલી એક વાતો

તમારાં સમજવા ફેર થઇ છે. તમે ચારિત્રને માટે જે ભય કરો તેવાં વચનો બોલો છો, તેવું કાંઇ છે નહીં. તમે જે વાત કહી તે કેટલાક શાસ્ત્રને ઉદ્દેશીને કહેલી છે, પણ તે પ્રમાણે હાલ કાંઇ માનવાનું નથી. હું મારા પોતાના અનુભવ ઉપરથી કહું છું કે, સંસારની ખટપટથી દુઃખી થતી શ્રાવિકા જો મન મજબુત કરે તો, તે સંસારના કરતાં વધારેજ સુખી થાય છે. સાધુ સાધ્વીને જે સુખ, તે અનહદ છે, તેની કોઇને નથી. સાધુઓની આગળ શ્રાવકો સદા હાજર રહે છે અને સાધ્વીઓની આગળ શ્રાવિકાઓ સદા હાજર રહે છે. મોટા શ્રીમંતના ઘરની સ્ત્રીઓ આવી અમારા પગ દાબે છે, અમારે જે જોઇએ તે લાવી આપે છે અને દાસીઓની જેમ અમારા વચનને આધીન રહે છે. વળી ગૃહસ્થ શ્રાવકના ઘરમાં અમે વાહોરવા જઇએ ત્યારે અમને મન ગમતા, ઉંચી જાતના આહાર પાણી મળે છે. તેમજ પેહેરવા ઓઢવામાં ઉંચામાં ઉંચાં કપડા મળે છે અને જે ચીજ જોઇતી હોય તે કહેતાંમાંજ હાજર થાય છે. શેઠજી, તમે ચારિત્રનું જે ભયંકર વર્ણન કરો છો, તે પુસ્તકોમાં લખેલાં પાનાં ઉપરજ છે. તે પ્રમાણે બધી રીતે વર્તવાનું નથી. તેથી જો તમારી વિધવા છોકરીને સુખી કરવી હોય અને જીંદગી લેખે કરવી હોય તો તેને દીક્ષા લેવાની રજા આપો. તમારા શ્રીમંત ઘરના કરતાં છેવી અમારા લેખના ઉપાશ્રયમાં હજાર દરજ્જે સુખી થશે.

સાધ્વીજીનાં આવાં વચન સાંભળી ભાવચંદ્ર અને સાંકરચંદ બન્ને ચકિતજ થઇ ગયાં. તોપણ તેમના હૃદયમાં ચારિત્રધર્મને માટે જે ઉમદા વિચારો હતા તે જરા પણ શિથિલ થયા નહીં. પદ્મશ્રીના ચારિત્રને માટે તેમણે જે દૂષિતવાત સાંભળી હતી, તેની તેમને પૂરી ખાત્રી થઇ ગઇ.

આ વખતે પેલો ગટોર શ્રાવક કે જેને સાધ્વી પદ્મશ્રીએ અને શેઠ ભાવચંદ્રે કેટલાક વચનોથી ટપકાર્યો હતો, તે સ્પષ્ટપણે પાછો

નિર્ભય થઇને બોલ્યો—ગુરૂણીજી, મને માફ કરજો. આપે મને બોલવાને ના કહેલ છે, તોપણ હું મારા સ્વભાવને તાબે થઇને પા-છો બોલ્યા વગર રહી શકીશ નહીં. પૂજ્ય આર્યે, તમે ચારિત્ર ધ-ર્મનાં જે વખાણ કર્યાં છે, તે સાંભળી મને તો જૂદોજ વિચાર થઇ આવ્યો છે. આ રૂપનગરમાં ઘણી વિધવા અને સધવા શ્રાવિકાઓ દુઃખી થાય છે, કેટલીએક બીચારી પારકાં કામકાજ કરીને અને ઘરમાં બીજી જાતની મજુરી કરીને તથા રેંટીઆ કાતીને પોતાનું પેટ માંડમાંડ ભરે છે, તે બધી શ્રાવિકાઓને દીક્ષા આપવી જોઇએ કે જેથી તેઓ બધી સુખી થાય, વળી તેમ થવાથી તમારા જેવી સાધ્વીને સંખ્યા બંધ ચેલીઓ થાય. એટલુંજ નહીં પણ પછી તમારા જેવી સાધ્વીઓનાં ટોળેટોળાં થવાથી શ્રાવિકાઓને ઘણો બોધ મળે અને તેથી શ્રાવકોનો સંસાર સર્વ રીતે સુધરી જાય. ગુરૂણીજી સાહેબ, તમારા મુખથી ચારિત્રની મોજમજાહ સાંભળી મ-ને તો ખાત્રી થઇ ગઇ છે કે, સાધુ અને સાધ્વી થવામાં ઘણોજ લાભ છે. ગૃહસ્થ શ્રાવકોના ઘરમાંથી મિઠામિઠા આહારપાણી વોરવાના મળે અને પારકા ઘર ઉપર તાગડધીંના કરી નિશ્ચિતપણે બધી જીંદગી સુખમાં જાય. તોપણ મને એક શંકા રહે છે કે, બીજું તો બધું સુખ મળે પણ જે અમુક વખતે લોચ કરાવવો પડે છે તેની પીડા ભારે છે, તેનું શું થાય? ગુરૂણીજી સાહેબ, જો તેનો પણ કાંઇ રસ્તો હોય તો પછી ચારિત્ર લેવામાં વાંધોજ નહીં.

ગટોડનાં આવાં મશ્કરી ભરેલાં વચન સાંભળી સાધ્વી પદ્મશ્રીએ રોષ કરી કહ્યું,—અરે મૂર્ખા,તું કેવો નિર્લજ છે? તને એક બેવાર કહ્યું તોપણ હજુ તું સમજતો નથી. તું બેઠો થા, અને મારા ઉપાસરા-ની બાહેર નીકળ.

સાધ્વીજીને રોષ થયેલાં જાણી સાકરચંદ શેઠ સાકરના જેવી મધુર વાણીથી બોલ્યો—પૂજ્ય સાધ્વીજી, ક્ષમા કરો. ગટોડ શ્રાવ-

ાળીઓ ઉપર દ્વેષ કરવો નહીં. આમાંના ઘણામાં મને તો કોઈ મનુષ્યનું નથી. તેનાં વચન નામમાં અને અનુભવે છે. તમારા જેવાં અજ્ઞાનની એ એવા સામાન્ય મનુષ્ય ઉપર દ્વેષ કરે તો પછી બીજાની શી વાત કરવી? સૌ સહનશીલ થવું જોઈએ.

સાકરચંદનાં આવાં વચન સાંભળી સાધ્વી પદ્મશ્રી શાંત થઈ બોલ્યાં—શેઠીઆ, જે આ મૂર્ખ માણસે કહ્યું કે, સાધુ સાધ્વીને લોચ કરાવવો જોઈએ. અને લોચ કરવામાં પછી પીડા ખમવી પડે છે. એ મૂર્ખાનું કહેવું તદ્દન અજ્ઞાનથી ભરપૂર છે. કારણકે, શાસ્ત્રમાં કહ્યું છે કે "લોચેત્તા મુંડેત્તા કત્તેત્તા." એટલે સાધુ સાધ્વીએ, લોચ કરાવાય તે ન બને તો મુંડાવાય અથવા કતરાવાય. તેથી તમારી સાધ્વીને કશો પણ દુઃખ પડવાનું નથી. હું પણ હમેશાં કતરાવું છું; કારણ કે મારી તબીયત લોચ કરાવાથી બગડી જાય છે.

પદ્મશ્રીનાં આ વચન સાંભળતાંજ નિર્લજ્જ ગટોડ વચમાં બોલી ઉઠ્યો—ગુરૂજી, ખરૂં કહો છો. કેશ ખેંચાવવાથી તબીયત બગડી જાય છે. જ્યારે શાસ્ત્રમાં કેશને મુંડાવાનું અને કાતરવાનું કહેલું છે, ત્યારે બધા સાધુ સાધ્વી કેશ ખેંચાવી નાહક શામાટે દુઃખી થાય છે. સાધ્વીજી, ચારિત્રની બધી જાતની મઝાહ તમારી પાસેજ છે. જો સાધ્વીપણાનો ખરો લ્હાવ લેવો હોય તો દરેક શ્રાવિકાએ તમારી ચેલી થવું જોઈએ. સાધ્વીજી, એક વાતનો મને સંદેહ રહે છે, તે હું આપને પુછું છું, તે આપ ધ્યાન દઈને સાંભળજો. મેં એક વિદ્વાન શ્રાવકની પાસેથી સાંભળ્યું છે કે, જે શ્રાવક સાધુનો અને શ્રાવિકા સાધ્વીનો લોચ કરે તો તેને બે ઉપવાસનું ફળ મળે છે. તો જે સાધુ અથવા સાધ્વીના કેશ મુંડે અથવા કાતરે તેને શું ફળ મળે? તે આપ કૃપા કરી કહો એટલે મારો સંદેહ દૂર થઈ જાય.

ગટોડ શ્રાવકનાં આવાં ઉપહાસ્ય ભરેલાં વચન સાંભળી સાધ્વી-

જી પદ્મશ્રી મોટા સ્વરે બોલી ઉઠયાં—અરે પીટયા નિર્લજ શ્રાવક, તને કેટલીવાર કહેવું. તું મારા ઉપાશ્રયની બાહેર જા. તને હું ભુંડા સોગન અપીશ. પછી તેણીએ શેઠીઆઓને કહ્યું, શ્રાવકજી, તમે પણ ઉઠી બાહેર જાઓ. જ્યાંસુધી તમે રહેશો ત્યાંસુધી આ લુચ્ચો જશે નહીં. તમારે જો મારી સાથે વાતચીત કરવી હોય તો કોઈ બીજી વાર આવજો.

સાધ્વી પદ્મશ્રીને ઉશ્કેરાઈ ગયેલાં જોઈ શેઠભાવચંદ્ર તથા સાકરચંદ અને બીજાં તેમનાં સગાંવહાલાંઓ ત્યાંથી ઉઠીને ચાલતાં થયાં. તેઓએ બાહેર આવીને વિચાર કર્યો કે, હાલતો આપણે ચાલ્યા જવું વધારે સારૂં છે. ફરીવાર પાછા આવીશું.

સોમચંદ કહે છે—હે સુંદરી, તે પછી તે બધા પોતપોતાને ઘેર ચાલ્યાં ગયાં. પછી શેઠભાવચંદ્ર અને સાકરચંદ બંનેએ મળી વિચાર કર્યો કે, ગમેતેમ કરીને જીવીને પદ્મશ્રી સાધ્વીની પાસેથી છોડાવવી યોગ્ય છે. જીવી વિધવા છે, તેથી દીક્ષા લઈ આત્મસાધન કરે તે આપણને અનુકૂળ છે, પણ તેણી પદ્મશ્રીની ચેલી ન થાય તેમ થવું જોઈએ. કારણકે, પદ્મશ્રીમાં સાધ્વીપણાને છાજે તેવા ગુણો બીલકુલ નથી. જો જીવી પદ્મશ્રીની ચેલી થશે તો તે પુણ્યને બદલે પાપ મેળવશે. તેના કરતાં તો તે ગૃહસ્થપણે રહે તે સારી છે. જો તેણીને દીક્ષા લઈ ધર્મધ્યાન કરવું હોય તો તેને પરમ પવિત્ર જ્ઞાનશ્રી સાધ્વીની ચેલી કરવી યોગ્ય છે. પદ્મશ્રીની ચેલી થવાથી તેનામાં લાભને બદલે હાનિ થશે. વાતુડી, ચોવટ કરનારી બીજાની નિંદા કરનારી અને પારકા ઘર ભાંગનારી ગામની બૈરીઓના સહવાસમાં રહી જીવી પોતાનું જીવન બગાડશે.

આવો વિચાર કરી તે શેઠીઆએ ગઈ કાલે મને તેડાવ્યો હતો. તેઓએ મને એકાંતમાં બોલાવીને કહ્યું. કે, ભાઈ સોમચંદ, તમારે અમારૂં એક કામ કરવું પડશે. તમે પરોપકારી અને ધર્મી છો.

વક છો, તે સાથે તમારામાં બોધ આપવાની અને સમજાવવાની શક્તિ સારી છે. હે પ્રિયા! જ્યારે શેઠ ભાવચંદ્રે અને સાકરચંદ્રે આ પ્રમાણે મને કહ્યું, એટલે મેં તેમને ઇંતેજારીથી પુછ્યું, વડિલ, એવું આપને મારૂં શું કામ પડયું છે? આ સેવક આપનો તાબેદાર છે ગમે તે સાધર્મી બંધુઓની સેવા કરવાને હું યાવજ્જીવિત બંધાએલો છું. તમારા જેવા ધાર્મિક અને સંઘના પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ મને બોલાવી કાંઈ પણ કામ સોંપવાની કૃપા કરી તેને માટે હું મારા આત્માને ધન્યવાદ આપું છું. સાધર્મી બંધુઓની સેવા કરવાને માટે એક વિદ્વાને મને શ્લોક કહેલો છે. જેનું હું હમેશાં ત્રિકાળ સ્મરણ કર્યા કરૂં છું.

ભાવચંદ્ર—ભાઇ સોમચંદ્ર, એ શ્લોક કેવો છે? તે અમને સંભળાવો. હે પ્રિયા, પછી મેં તેમને તે શ્લોક સંભળાવ્યો હતો.

જયા—સ્વામીનાથ, ત્યારે આ તમારી દાસી શ્રાવિકાને એ શ્લોક સંભળાવો તો મોટો ઉપકાર થશે.

પછી સોમચંદ્ર નીચે પ્રમાણે તે શ્લોક બોલ્યોઃ—

" श्रेष्ठं साधर्मिवात्सल्यं यः श्राद्धो नित्यमाचरेत् ।
स श्राद्धजन्मसाफल्यं लभते धर्मतत्परः" ॥ १ ॥

" જે શ્રાવક હમેશાં શ્રેષ્ટ એવા સાધર્મિવાત્સલ્યને આચરે છે, તે ધર્મપરાયણ શ્રાવક પોતાના શ્રાવકજન્મને સફળ કરે છે. ૧ "

જયા—વાહ સ્વામી, આ ઘણો સારો શ્લોક છે. દરેક શ્રાવકે હમેશાં આ શ્લોક યાદ રાખી તે પ્રમાણે વર્તવું જોઇએ.

સોમચંદ—આ શ્લોક સાંભળી ભાવચંદ્ર અને સાકરચંદ ઘણાજ ખુશી થયા અને તેમણે આ શ્લોક પોતાના સ્મરણ પુસ્તકમાં તેજ વખતે લખી લીધો.

જયા—હે; સ્વામી, તે પછી શું થયું?

સોમચંદ—પછી તે બન્ને શ્રીમંત શેઠીઆઓએ સાધ્વી પદ્મશ્રી અને જીવીની બધી હકીકત મારી આગળ કહી બતાવી. જે હકીકત મેં તમને હમણાજ કહી છે.

પછી તેઓએ મને કહ્યું કે, ભાઇ સોમચંદ તમારે કોઇ પણ યુક્તિથી પદ્મશ્રીના પાસમાંથી જીવીને છોડાવવી. કદિ તમારા મનમાં એમ થાય કે, સાધ્વીનો વેષ ઉતરાવી ગૃહસ્થનો વેષ પેહેરાવવો, એ કામ શ્રાવકને કરવું ઘટતું નથી. અને તેમાં દોષ લાગે, પણ આ બાબત વિશે એવું મનમાં લાવશો નહીં. આ કામ કરવાથી તો તમને ઉલટું ઉપકારનું પુણ્ય થશે; કારણકે, પદ્મશ્રીમાં સાધ્વીના ગુણ અને આચાર બીલકુલ જોવામાં આવતા નથી. તેના કરતાં તો ગૃહસ્થ શ્રાવિકા ઘણે દરજ્જે શ્રેષ્ટ હોય છે. જે સાધ્વી થઇને તેના ધર્મ પ્રમાણે વર્ત્તે નહીં, તેવી સાધ્વીને સંઘે શિક્ષા કરવી જોઇએ. ચારિત્ર ધર્મ પ્રમાણે નહીં વર્ત્તનાર સાધુ અને સાધ્વીને સમગ્ર સંઘ શિક્ષા કરી શકે એ વાત શાસ્ત્રમાં છે. તેમાં વળી સાધુના કરતાં સાધ્વીએ પોતાના ધર્મની વધારે દરકાર રાખવાની છે. કારણ કે તે સ્ત્રી જાતિ હોવાથી તેણીએ પોતાના આત્માની ઉપર વધારે અંકુશ રાખવો જોઇએ. વળી સાધ્વીની પાસે હમેશાં શ્રાવિકાઓ વધારે આવે છે. અને વિધવા, સધવા, બાલિકા, યુવતી અને વૃદ્ધા તમામ વર્ગ તેના ઉપદેશનો લાભ મેળવી શકે છે. અને શ્રાવકવર્ગની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ મુખ્યત્વે કરીને શ્રાવિકાઓના ઉપર આધાર રાખે છે. શ્રાવકનો સંસાર સુખી અને ઉત્તમ બનાવવો અને શ્રાવકના સદાચારનું સારીરીતે પ્રવર્ત્તન કરવું અને કરાવવું, એ બધી વાત શ્રાવિકાના શિક્ષણ ઉપર રહેલી છે. અને તે શ્રાવિકાઓને ધાર્મિક અને સંસારનીતિનું શિક્ષણ સાધ્વીઓની પાસેથી મળી શકે છે. તે સાધ્વી-

ઓ જો બરાબર યોગ્ય ન હોય તો આપણી શ્રાવિકાઓમાં સારો સુધારો કદિ પણ થઇ શકતો નથી.

ભાઈ સોમચંદ, તેથી છવીને સાધ્વીનો વેષ છોડાવી ગૃહસ્થનો વેષ પેહેરાવવામાં તમારે કાંઈપણ દોષ થવાની શંકા કરવી નહીં. કદિ તે છવીના હૃદય ઉપર વૈરાગ્યભાવ પ્રગટ થયો હશે અથવા સંયોગનું ઉજ્વળ તેજ તેનામાં પ્રકાશ્યું હશે, તો અમે તેને જ્ઞાનશ્રી જેવી ઉત્તમ સાધ્વીજીની પાસે દીક્ષા અપાવી તેમનીજ ચેલી કરીશું. પ્રિયભાઈ સોમચંદ, તમને જ્ઞાનશ્રીનો અનુભવ થયો હશે. એ મહાનુભાવા સાધ્વીએ ખરેખરૂં ચારિત્રને દીપાવ્યું છે. જો જ્ઞાનશ્રી જેવી બધી સાધ્વીઓ હોય તો આપણા શ્રાવિકાવર્ગમાં મોટો સુધારો થઇ જાય; તેમાં કાંઇપણ શંકા જેવું નથી. જેટલે દરજ્જે પદ્મશ્રી તરફથી આપણને અસંતોષ છે, તેટલેજ દરજ્જે જ્ઞાનશ્રી તરફથી આપણને સંતોષ છે. પદ્મશ્રીની સાથેજ જ્ઞાનશ્રી સાધ્વીનું રૂપનગરમાં આવવું થયું, તે પણ આપણા સારા ભાગ્યની નિશાની છે. જો જ્ઞાનશ્રી સાધ્વીજીની ગેરહાજરી હોત અને પદ્મશ્રી એકલાં પધાર્યાં હોત તો આપણે ઘણું ભારે સહન કરવું પડત. પદ્મશ્રી તરફથી અસંતોષ પામીને ઘણી શ્રાવિકાઓએ ગુણવતી જ્ઞાનશ્રી ગુરૂણીજીનો ઉત્તમ આશ્રય લીધેલો છે. અને હજી સમજુ શ્રાવિકાઓ પદ્મશ્રીનો ત્યાગ કરી જ્ઞાનશ્રી સાધ્વીના સુખકારી શરણમાં આવતી જાય છે.

ભાઇ સોમચંદ, તેથી ગમે તે યુક્તિ કરી તમે અમારી છવીના જીવનનો ઉદ્ધાર કરો અને એ દુઃખી વિધવાને પદ્મશ્રીના સંસર્ગની મહાપીડામાંથી મુક્ત કરી તમારા સાધર્મિવાત્સલ્યને સફળ કરો.

પ્રિયા, પછી મેં તેમને જણાવ્યું કે, એવી યુક્તિ થઇ શકવી મુશ્કેલ છે? તોપણ મારાથી બનતી મહેનતે એ બાળ વિધવાનું જેમ ભલું થાય તેમ કરીશ અને પછી તમને ખબર આપીશ. પ્રિયા,

હવે મને ચિંતા થાય છે કે, હું શી રીતે છબીને મળું અને તેને સારો ઉપદેશ આપી પદ્મશ્રીના પંઆમાંથી છોડાવું? તેને માટે મારા મનમાં ચિંતા થયા કરે છે અને તેમાં જો તમારાથી બને તો મને મદદ આપશો.

જયા—સ્વામી! તમને મદદ આપવી, એ મારી ફરજ છે, પણ આ કામ કેવી રીતે પાર પડે એ બાબત હું વિચારીશ અને આપની ચિંતાનો બોજો ઓછો કરવા પ્રયત્ન કરીશ. પછી જયા થોડી વાર વિચાર કરી બોલી પ્રાણનાથ! મને એક વિચાર સુઝી આવ્યો છે. તે જો પાર પડે તો તમારી ચિંતા તદ્દન ઓછી થઈ જાય.

સોમચંદ—કહો, શો વિચાર સુઝી આવ્યો છે?

જયા— જો કોઈ રીતે છબી અમારાં ધર્મમાતા આનંદાના પ્રસંગમાં આવે તો તે કામ જલદી સિદ્ધ થાય.

સોમચંદ—આનંદા કાકીના પ્રસંગમાં તે શી રીતે આવે?

જયા—હવે એજ વિચારવાનું છે. સ્વામી, આજે હું ધર્મમાતા આનંદાની પાસે ઉપદેશ વાર્તા સાંભળવા જઇશ, તે વખતે ત્યાં આ વાત બધાને જણાવીશ. તેમાં જો કોઈ છબીના સંબંધનું હશે તો તેની મારફત છબીને સમજાવી તે આનંદા કાકીજીના પ્રસંગમાં આવે તેવી ગોઠવણ કરીશ.

સોમચંદ,—પ્રિયા, જો એવું કરો તો મારી ચિંતા દૂર થાય અને વિધવા છબીનો ઉદ્ધાર થઇ જાય. હવે હું નિત્ય કામમાંથી પરવારી બાહેર જાઉં છું અને તે વિધેની તપાસ કરૂં છું, તમે પણ તે વાત ધ્યાનમાં રાખજો.

(**સોમચંદ** અને **જયા** જુદાં પડી પોતપોતાને કામે વળગે છે.)

———

પાછી જવા ઉભાવળી ઉતાવળી આવી પહોંચે છે.

ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, આવી રીતે જુદા અને સોમચંદની વાતો સાંભળી આનંદાની પુત્રી લલિતા ક્ષણવાર વિચારમાં પડી ગઇ હતી. તેણીના મનમાં અનેક તર્કવિતર્ક ઉઠવા લાગ્યા. જીવોના વૃત્તાંત ઉપરથી તેણી અનેક પ્રકારનો બોધ વિચારી પોતાના આત્માને શિક્ષણ આપવા લાગી. જ્યારે પોતાના પતિ સોમચંદને કહ્યું હતું કે, "જો કોઇ રીતે જીવી અમારા ધર્મમાતા આનંદાના પ્રસંગમાં આવે તો તે કામ જલદી સિદ્ધ થાય." આ વચનો સાંભળી લલિતાને અતિ આનંદ ઉત્પન્ન થયો હતો, તેણીના મનમાં પોતાની માતા આનંદાને માટે બહુ માન ઉત્પન્ન થયું હતું. તેણીએ વિચાર્યું કે, "મારી માતા આનંદાના જીવનને કેટલો ધન્યવાદ છે કે, એક પંચ મહાવ્રતધારી સાધ્વીના કરતાં તેમનું વિશેષ માન છે. જીવીના ઉદ્ધારને માટે સાધ્વી પાસેથી મારી માતાના આશ્રયમાં તેણીને લેવાને લોકો ઇચ્છા કરે છે. આનું નામજ જીવન ગણાય. જ્યાંસુધી શ્રાવિકાવસ્થામાં આવું જીવન ન મેળવાય ત્યાંસુધી જીવવું નકામું છે. હું પણ આવા ઉત્તમ જીવનને પ્રાપ્ત કરૂં તો કેવું સારૂં. પ્રભુ મને પણ મારી માતાના જેવું જીવન આપો." આ પ્રમાણે ચિંતવતી અને તેવી ઉત્તમ ભાવના ભાવતી લલિતા ત્યાંથી પાછી ફરી જ્યાં આનંદા વગેરે બેઠા હતા, ત્યાં આવી હતી.

ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, તે વખતે લલિતાએ જે ભાવના ભાવી હતી, તે સર્વ શ્રાવિકાઓને મનન કરવા જેવી છે. દરેક શ્રાવિકાએ એવી ઉત્તમ ભાવના ભાવવી જોઇએ. એવી ભાવના ભાવનારી શ્રાવિકા થોડા સમયમાં પોતાની ભાવનાને સફળ કરી શકે છે. આપણા આર્હત શાસ્ત્રમાં ભાવનાનું સ્વરૂપ બહુ ઉત્તમ પ્રકારે વર્ણવેલું છે. જે પુણ્ય ક્રિયાના

આચરણથી નથી થઇ શકતું, તે પુણ્યભાવનાના પ્રભાવથી થાય છે. આનંદાના હૃદયમાં જે આવી ઉત્તમ ઈચ્છા પ્રગટ થઈ હતી, તે ભાવનાનોજ પ્રભાવ હતો. આનંદા બાલ્યવયથીજ ઉત્તમ ભાવના ભાવ્યા કરતી હતી. "હું ક્યારે મારી સાધર્મિબ્હેનોનું હિત કરી શકું. ક્યારે તેમના હૃદયને ધાર્મિક અને નૈતિક બનાવું." આજ ભાવના તેણીના ભવ્ય હૃદયમાં સદા જાગ્રત રહેતી હતી અને તેથીજ તેણીએ આ ઉપદેશ વાર્ત્તાનો સમારંભ કર્યો હતો. માટે સર્વ સદ્ગુણી શ્રાવિકાઓએ ઉત્તમ ભાવના ભાવવાની ટેવ રાખવી જોઇએ. હવે લલિતા પોતાની માતા આનંદાની પાસે આવી હતી. પછી તેણીએ નીચે પ્રમાણે જયાને પુછ્યું હતું.

લલિતા—જયા ભાભી, તમે આવી પહોંચ્યા, તે ઠીક થયું. હું તમને બોલાવવાનેજ આવી હતી. આજે કેમ વાર થઇ! મારા સોમચંદ ભાઇની તબીયત તો સારી છે કે?

જયા—લલિતા બા! તમારા ભાઇની તબીયત સારી છે. હું એક બીજી ઉપાધિમાં પડી છું, તેથી મને વાર થઈ.

આનંદા—એવી શી ઉપાધિ છે? જો કહેવા યોગ્ય તો કહો.

જયા—મા, એ વાત તો કહેવા જેવી છે, કાંઇ છાની નથી. જો તમો ધ્યાન દઈને સાંભલો તો તે વાત તમારી આગળ કહેવા જેવી છે.

આનંદા—જયાવહૂ, એવી શી વાત છે? અમે ખુશીથી સાંભળીશું. કહો તો ખરાં.

જયા—આપણા ગામમાં ભાવચંદ્ર કરીને એક ગૃહસ્થ શ્રાવક રહે છે, તેની **જીવી** નામે એક દીકરી છે, તેને સાકરચંદ નામના એક ગૃહસ્થ શ્રાવકને ઘેર પરણાવી છે. તે થોડા વર્ષ થયાં વિધવા થઇ છે. હાલ તે પદ્મશ્રીના ઉપદેશથી

ઉની રીતે સાધ્વીનો વેષ પહેરી તેમના ઉપાશ્રયમાં પેસી ગઈ છે. એ વાતની ચર્ચા આખા ગામમાં ચાલે છે. અને બધા શ્રાવક અને શ્રાવિકાઓ તે વાત જાણવાને ઇંતેજારીથી ફર્યા કરે છે.

પુતળી—લલિતા બ્હેન, હા, એ વાત ખરી છે. તે ઇન્દુના પિતા ભાવચંદ મારે મામા થાય છે, અને તેથી ઇન્દુ મારા મામાની દીકરી થાય છે.

જયા—પુતળી બા, તમે ત્યારે આ વાત સાંભળી છે ?

પુતળી—હા, હું તે વાત સારી રીતે જાણું છું.

જયા—ત્યારે તમેજ કહો.

પુતળી—જયા બ્હેન, મારાં આનંદા માસીએ એકવાર મને બોધમાં જણાવ્યું છે કે, જેમાં બીજાની નિંદા આવે એવી વાત ન કરવી જોઇએ.

જયા—પુતળી બા, એ વાત ખરી છે, પણ જેનાથી ઘણા લોકોને ગેરલાભ થાય તેવું હોય, તેવા માણસના અવગુણો ખુલ્લા કરવામાં કોઇ જાતનો દોષ નથી. કેમ આનંદા કાકીજી, એ વાત ખરી કે નહીં ?

આનંદા—હા, એ વાત ખરી છે. આપણા જૈન શાસ્ત્રમાં લાભાલાભ વિચાર કરવાને માટે લખેલું છે. જે કામ દોષવાળું લાગતું હોય પણ જો તે કરવાથી દોષના કરતાં લાભ વધારે થતો હોય તો તે કામ કરવામાં કોઈ જાતની હરકત નથી. કોઇ સાધુ કે સાધ્વી દુર્ગુણથી ભરેલાં હોય તેમના દુર્ગુણો જો ખુલ્લા કરવામાં ન આવે તો બીજા ઘણા અલ્પમતિ અજ્ઞાની માણસો તેમના વિપરીત બોધને અનુસરી અવળે માર્ગ ચાલે છે, માટે તેવા સાધુ સાધ્વી·

જયા—પુતળી બા, પદ્મશ્રી તે સાધ્વી છે, તે તેઓ પૈસાને શું કરતાં હશે. સાધુ સાધ્વીને પૈસા લેવા, એ તેમના ધર્મની વિરૂદ્ધ છે.

પુતળી—હા, જયા ભાભી, એ ખરી વાત છે. પણ સાધુ સાધ્વીએ પૈસા લેવા ન જોઇએ. તથાપિ મારા સાંભળવામાં આવ્યું છે કે, પદ્મશ્રી સાધ્વી ગૃહસ્થ શ્રાવિકાઓ પાસેથી પૈસા લે છે.

જયા—કદિ લોભને વશ થઇને તે સાધ્વી પૈસા લેતાં હશે, પણ આપણુ ગૃહસ્થ શ્રાવિકાઓએ તેમને પૈસા શામાટે આપવા જોઇએ ?

પુતળી—જયા ભાભી, તે સાધ્વીજી કાંઇ સીધી રીતે પૈસા માગતાં નથી. તેઓ પુસ્તક લખાવાના અથવા બીજા કોઇ સાધનના બાનાથી પૈસા માગે છે. એટલે શ્રાવક કે શ્રાવિકા તેને પૈસા આપવાની આનાકાની કરી શકતા નથી.

જયા—પુતળી બા, જો તેઓ એવી રીતે પૈસા માગતાં હોય તો તે કાંઈ ખોટું ન કહેવાય. કારણકે, સાધુ સાધ્વીને એવા પૈસાની મદદ તો આપણે આપવી જોઇએ.

પુતળી—જયા ભાભી, સાધુ સાધ્વીની નિંદા કરવી તે આપણુ શ્રાવિકાને યોગ્ય ન કહેવાય, તે છતાં પ્રસંગને લઇને મારે કહેવું પડે છે.

એક વખતે મારા મામાની દીકરી છબીને સાધ્વી પદ્મશ્રીએ કહ્યું કે, બ્હેન છબી, મારે કોઈ લહીઆ પાસેથી એક પુસ્તકની તૈયાર પ્રત લેવી છે, માટે એક પચ્ચીશ રૂપીઆની જરૂર છે. છબી પદ્મશ્રીની પૂરેપૂરી રાગી હતી, તેથી તેણી તેને ના કહી શકી નહીં. તે વખતે પોતાની પાસે પચ્ચીશ રૂપી-

આનો યોગ નહુતો. તોપણ સાધ્વીના રાગને લઈને તેણીએ મનમાં વિચાર કર્યો કે, ગુરૂણીજી સાહેબને ખરેખરી જરૂર હશે, ત્યારેજ તેઓએ મારી પાસે વચન નાખ્યું હશે, પણ આ વખતે મારી પાસે રૂપીઆનો જોગ નથી, તો હવે શું કરવું ? ગતે તેમ કરીને પણ ગાવળ ઉતારવો પડશે. આ પ્રમાણે વિચારી જીવીએ સાધ્વીજીને કહ્યું,—ગુરૂણી સાહેબ, તમારી ઇચ્છા પ્રમાણે પચ્ચીશ રૂપીઆ હું ખુશીથી આપીશ. જીવીએ જ્યારે કબુલ કર્યું, એટલે સાધ્વી બોલ્યાં કે, જીવી, જો તે રૂપીઆ અત્યારે આવે તોજ ઉપયોગમાં આવે તેમ છે. ગુરૂણીજીની તાત્કાલિક ઇચ્છા જોઈ જીવીએ કહ્યું કે, હું ઘેર જઈને લાવી આપું છું. પછી જીવી પોતાને ઘેર ગઈ. પોતાની પાસે રૂપીઆનો જોગ ન હોવાથી, તે ભારે ચિંતામાં પડી. જ્યારે કોઈ રીતે રૂપીઆનો જોગ થાય તેવું તેણીને લાગ્યું નહીં, ત્યારે તે ઘણીજ મુંઝાણી અને આખરે ઘરમાંથી ચોરી કરવાનો તેણીએ વિચાર કર્યો. તે વખતે સાકરચંદ શેઠ અને તેની સાસૂ ગોમતી ઘરમાં હતાં નહીં. "કુબુદ્ધિને ઉત્તેજન આપ-નાર એકાંત છે" એ કહેવત પ્રમાણે લાગ જોઈને જીવીએ પોતાના સાસરાની પેટી ઉઘાડી અને તેમાંથી પચ્ચીશ રૂપીઆ ચોરી લીધા. તે રૂપીઆ લઈને સાધ્વી પદ્મશ્રીની પાસે [illegible] આવી અને તેમને વંદના કરી તે રૂપીઆ આગળ [illegible] સાધ્વી પદ્મશ્રીએ કોઈ શ્રાવિકાની પાસે તે રૂપીઆ લેવરાવી પોતાના પુસ્તકના કબાટમાં મુકાવ્યા. પછી જીવી હૃદયમાં [illegible] તીની શંકા કરતી ઘેર આવી. રાત્રે સાકરચંદ શેઠ હમેશ[illegible] નિયમ પ્રમાણે રૂપીઆનો મેળ મેળવવા બેઠા. તેમાં પચ્ચી[illegible] રૂપીઆ ઘટ્યા. ત્યારે તેણે પ્રથમ તે વાત ગોમતી [illegible] જણાવી. અને ગોમતીએ જીવીને પુછ્યું. ત્યારે જીવીએ કહ્યું કે

તે રૂપીઆ વિષે કાંઈ પણ જાણતી નથી. બીજા ગણુ નોકર ચાકરોને પુછપરછ કરી. કોઇએ તે વાત કબુલ કરી નહીં.

પુતળી કહે છે—હે બહેનો, કોઈ પણ પાપ છુપું રહેતું નથી. છાની રીતે કરેલું પાપ પણ અકસ્માત્ ખુલ્લું થઇ જાય છે. દૈવયોગે એવું બન્યું કે, બીજે દિવસે એક શ્રાવિકા છબીની પાસે આવી. તે વખતે છબી કોઈ કામ પ્રસંગે ઘરની બાહિર ગઇ હતી. તે શ્રાવિકા હૃદયની ભોળી હતી. તેના મનમાં છળ કપટ બીલકુલ ન હતું. તેણીએ આવી ગોમતીને પુછ્યું કે, છબી બ્હેન ક્યાં છે ? ગોમતીએ કહ્યું, છબી તો બાહિર ગઇ છે. તમારે છબીનું શું કામ છે ? તે ભોળી શ્રાવિકા બોલી—સાધ્વી પદ્મશ્રીએ મારી સાથે એક ચીઠી મોકલાવી છે, તે છબી બ્હેનને આપવી છે. ગોમતીએ કહ્યું, તે ચીઠી મને આપતાં જાઓ. છબી જ્યારે બાહિરથી આવશે, ત્યારે હું તેને આપીશ. પછી તે ભોળી શ્રાવિકા છબીની ચીઠી ગોમતીને આપી ચાલતી થઇ. ગોમતીએ વિચાર્યું કે, સાધ્વીજી પદ્મશ્રીએ શું લખ્યું હશે ? તે હું વંચાવી જોઉં. પછી તે ચીઠી તેણીએ પોતાના પતિ સાકરચંદને આપી. સાકરચંદે તે ચીઠી નીચે પ્રમાણે વાંચી–

પવિત્ર શ્રાવિકા છબીબાઈ,

ગઈ કાલે તમે જે કામ માટે પચ્ચીશ રૂપીઆ આપ્યા છે, તે કામમાં પાંચ રૂપીઆ ખુટે છે, માટે આ ચીઠી લાવનારની સાથે બીજા વધારે પાંચ રૂપીઆ મોકલાવજો. ફકત પાંચ રૂપીઆની ખાતર બીજી શ્રાવિકાને કહેવું, તે મને યોગ્ય લાગતું નથી. તેમ વળી થોડા દિવસ પછી અમારે બીજા રૂપીઆનો ખપ પડે તેમ છે, ત્યારે બીજી શ્રાવિકાઓને કહેવું પડશે, ઇત્યાદિ.

સાધ્વી પદ્મશ્રીના ધર્મ લાભ વાંચશો.

આ પ્રમાણે ચીઠી વાંચતાંજ સાકરચંદ અને ગોમતી ચકિત થઈ ગયાં. સાકરચંદે કહ્યું, કાં શેઠાણી, જોયાં તમારાં પદ્મશ્રી સાધ્વીજી. ગૃહસ્થ શ્રાવકોની વહુ દીકરીઓની પાસે કેવી રીતે પૈસા મંગાવે છે ?

અહા ! કેવો કલ ચાલે છે! જૈન ધર્મની પવિત્ર સાધ્વીઓનો આચાર કેવો થઇ ગયો છે? ગુરૂણીની આજ્ઞા વગર સ્વતંત્ર થઇ ચાલનારી અને એકલો વિહાર કરી વિચરનારી અપક્વ બુદ્ધિની સાધ્વીઓ આવી થાય, તેમાં કાંઈપણ આશ્ચર્ય નથી. વધારે અપશોષતો એ થાય છે કે, એવી સાધ્વી જીવી જેવી પરતંત્ર બાળાઓની પાસે પૈસા માગે છે અને તે પછી અલ્પ બુદ્ધિવાળી અગળાઓને પોતાની ગુરૂણીજીના રાગને લઇને ચોરી કરવી પડે છે. અહા ! શો અધર્મ કેવો દુરાચાર ! અને કેવો અવસર્પિણી કાળ ! તોપણ એટલું તો હજુ ઠીક છે કે, જેવી રીતે પદ્મશ્રી સાધ્વી તરફ વિચાર કરતાં મહાન્ શોક ઉત્પન્ન થાય છે, તેવી રીતે સાધ્વીજી જ્ઞાનશ્રી તરફ વિચાર કરતાં અપાર સંતોષ ઉત્પન્ન થાય છે. ક્યાં ટેકરી અને ક્યાં મેરૂ પર્વત ! હે શાસન દેવતા, સર્વ જૈન પ્રજાને પદ્મશ્રી જેવી સાધ્વીઓના પાસમાંથી દૂર રાખો અને જ્ઞાનશ્રી જેવી પવિત્ર સાધ્વીઓનો સમાગમ કરાવો.

આ પ્રમાણે કહી સમજુ સાકરચંદે ગોમતીને કહ્યું કે, શેઠાણી, કહો, હવે શું કરવું છે ? આ વિષે જીવીને શું કહેવું ? અને સાધ્વીને શું કહેવું ? મારો વિચાર એમ થાય છે કે, કોઈને કાંઇ કહેવું નહીં અને આ વખતે આપણે મનમાંજ સમજી લેવું.

ગોમતી—સ્વામી, એમ બનશે નહીં. આપણે તો આ બાબત ખુલ્લી કરવી અને સાધ્વી તથા જીવી બંનેને ઠપકો આપવો, તેમ જીવીના બાપ ભાવચંદ્રને બોલાવી આ વાત જણાવવી; એટ... તે પણ પોતાની દીકરીને ઠપકો આપે.

સાકરચંદ—શેઠાણી, જો એવી રીતે બભોરા કરીશું તો વ-ખતે છબી મુંઝાશે અને તેથી ફરકેશાઇને આપઘાત કરે તો વધારે બુરું થાય.

ગોમતી—ના, એવું નહીં થાય. આપણે યુક્તિથી કામ લઇશું. પણ જો આ વાત તદ્દન છુપી રાખીએ અને છબી તથા સાધ્વીને જણાવીએ નહીં તો પછી એ દુરાચાર વધતો જશે. આજે તો છબીએ ફક્ત પચીશ રૂપીઆ લીધા છે, પણ હવે પછી તે સો રૂપીઆ અથવા ઘરમાંથી મોટો દાગીનો ઉઠાવે તો પછી શું કરવું. ?

સાકરચંદ—હા, એ વાત ખરી છે. આવા દુરાચારનાં કામ છુપાં રાખવાથી તેવા લોકોને ઉત્તેજન મળે છે. આ વખતે આવું કામ છબીએ કર્યું, તો બીજે વખતે કોઇ બીજી શ્રાવિકા કરે, માટે આવો અનાચાર તરત અટકાવવો જોઇએ.

પુતળી—હે બ્હેનો, આ પ્રમાણે સાકરચંદ અને ગોમતી વાતચીત કરતાં હતાં, ત્યાં છબી બાહેરથી આવી. છબીને જોતાંજ ગોમતીએ તેને ઘરમાં બોલાવી. તે વખતે સાકરચંદશેઠ બાહેર ચાલ્યા ગયા.

ગોમતી—છબી વહૂ, ક્યાં ગયાં હતાં ?

છબી—સાસુજી, દેહરે દર્શન કરવા ગઇ હતી.

ગોમતી—એકલ દેહેરેજ ગયાં હતાં કે, બીજે ક્યાંઇ ગયાં હતાં?

છબી—ના, બીજે ક્યાંઇ પણ ગઇ નથી.

ગોમતી—સાધ્વીજી પદ્મશ્રી પાસે ગયાં હતાં કે નહી. ?

છબી—ના બાઇજી, અત્યારે તો ત્યાં નથી ગઇ.

ગોમતી—ત્યારે ત્યાં ક્યારે જાઓ છો ?

છબી—બાઇજી, ત્યાં બપોર પછી સામાયિક કરવાને જાઉં છું.

ગોમતી—સામાયિક વખતે હાલ કાંઇ ભણો છો કે નહીં ?

જીવી—હા, ભણું છું અને સારૂં સારૂં જ્ઞાન વધે તેવી ચોપડીઓ પણ વાંચું છું.

ગોમતી—હાલ, કઇ ચોપડી વાંચો છો ?

જીવી—હાલ તો કાંઇ વાંચતી નથી.

ગોમતી—ત્યારે શું કરો છો ?

જીવી—જે તે વાંચું છું અને નોકારવાળી ગણું છું.

ગોમતી—હમેંશાં કેટલી નોકારવાળી ગણાય છે ?

જીવી—થોડી થોડી ગણાય છે.

ગોમતી—તેનું શું કારણ ?

જીવી—બાઇજી, આપણાં સાધ્વીજીની પાસે બેશીઓ વાતો બહુ કરે છે.

ગોમતી—ત્યારે તમે ઘરેજ સામાયિક કરતાં હો તો કેવું સારૂં.

જીવી—ઘરના કરતાં ત્યાં બહુ મજા પડે છે.

ગોમતી—સામાયિક કરવામાં વળી મજા શેની ?

જીવી—બાઇજી, પ્રથમ તો ત્યાં જવાથી ગામની બધી વાતો જાણવામાં આવે છે. તે સાથે સાધ્વીજીનો સ્વભાવ આનંદી હોવાથી હસવાનું બહુ આવે છે.

જીવીનો આવો જવાબ સાંભળી ગોમતીના મનમાં ચીડ આવી અને તરતજ તે બોલી કે, વહૂ, સાધ્વીજી કોઇ વાર તમારી પાસે કાંઇ માગે છે કે નહીં ?

જીવી—તે બિચારાં શું માગે ? કોઇવાર પુસ્તક પાનાં માટે માગે તો તે આપણે આપવું જોઇએ.

ગોમતી—પુસ્તક પાનાં માટે તે શું માગે ?

જીવી—વખતે બે ચાર રૂપીઆ માગે તેમાં શું.

ગોમતી—બસ ફક્ત બે ચાર રૂપીઆ માગે? તે વધારે નહીં.?

છવી—નાના, તે બિચારાં વધારે માંગે તેવાં નથી.

ગોમતી—વહુ, તમે ખરેખરૂં કહો છો ? સાધ્વી પદ્મશ્રી બે ચાર રૂપીઆથી વધારે માગતાં નથી ?

છવી—હા, તે હું ખરેખરૂં કહું છું.

ગોમતી—તમે તેને વધારેમાં વધારે કેટલા રૂપીઆ આપેલા છે?

છવી—મેં વધારેમાં વધારે ચાર રૂપીઆ સુધી આપેલા છે.

ગોમતી—તે રૂપીઆ તમે ક્યાંથી આપો છો?

છવી—તમારાં ઘર તરફથી અથવા મારા બાપના ઘર તરફથી જે કાંઇ મને મળ્યું હોય, તેમાંથી હું તે સાધ્વીને કોઇ વાર આપું છું.

ગોમતી—આજકાલ તમે સાધ્વીને કાંઇ આપ્યું છે?

છવી—ના, બાઇજી, હમણાં તો કાંઇ પણ આપ્યું નથી.

છવીનું આવું જુઠાણું જોઈ ગોમતીના હૃદયમાં ગુસ્સો આવી ગયો. તે ગુસ્સાથી ઉંચે સ્વરે બોલી—અરે જુઠી, બસ થયું, હવે કાંઇ બોલીશ નહીં. તારૂં બધું પોકળ જાણવામાં આવી ગયું છે. તું જુઠું બોલે છે એટલુંજ નહીં, પણ ચોર છે. જો, આ ચીઠી, ફાટ તારી આંખો ?

આ પ્રમાણે કહી ગોમતીએ પદ્મશ્રી સાધ્વીની ચીઠી છવીની આગળ નાખી. છવીએ ધ્રુજતાં ધ્રુજતાં તે ચીઠી લઇને વાંચવા માંડી. ચીઠી વાંચતાંજ તેણીના હૃદયમાં મોટી ફાળ પડી. વરનજ તે નીચું મુખ કરી ઉભી રહી અને તેણીની આંખોમાંથી આંસુની ધારાઓ ચાલવા માંડી.

છવીએ વિચાર કર્યો કે, હવે બધું બોપાળું ખુલ્લું થઇ ગયું છે, તેથી હવે જે સાચે સાચું હોય, તે કહી દેવું તેજ વધારે સારૂં છે:

આવું વિચારી જીવી બોલી—સાસુજી, મને ક્ષમા કરો. આ ચીઠીની વાત ખરેખરી છે. સાધ્વી પદ્મશ્રીના રાગથી મેં તે દુરાચાર કર્યો છે. હવે ફરીવાર નહીં કરૂં. મેં ગુરૂભક્તિનો લાભ મેળવવા અદત્તાદાનનું મહાપાપ કર્યું છે. મારા સાસરાની પેટીમાંથી પચીશ રૂપીઆ ચોરીને પદ્મશ્રીને આપ્યા છે. મને માફ કરો. હું તમારૂં છોકરૂં છું.

પુતળી—હે બ્હેનો, પછી પૈસાની લોભી ગોમતી પદ્મશ્રીની પાસે ગઈ અને તેણીએ સાધ્વીને કહ્યું કે, જે પચીશ રૂપીઆ તમને જીવીએ આપ્યા છે, તે ચોરીના પૈસા છે. ચોરીનું ધન રાખવું, તે જૈન સાધ્વીને ઘટે નહીં. તે રૂપીઆ શેઠના છે અને જો તમે પાછા નહીં આપો તો, શેઠ પોતાની જાતે અહીં આવશે, અને ગામમાં તમારી મોટી ફજેતી કરશે. ગોમતીનાં આવાં વચન સાંભળી સાધ્વી પદ્મશ્રી ભય પામી ગયાં અને તરતજ તેમણે તે રૂપીઆ ગોમતીને પાછા આપી દીધા. અને તે વાત છુપી રાખી હતી, તોપણ સાકરચંદશેઠના ઘરમાં કેટલાએક નોકરોએ તે વાત જાણી હતી.

જયા—પુતળી બા, આ વાત તો ભારે બની કહેવાય. તે વાત તમારા જાણવામાં ક્યાંથી આવી?

પુતળી—જયા બ્હેન, જ્યારે જીવીએ ચોરીને પચીશ રૂપીઆ સાધ્વી પદ્મશ્રીને આપ્યા, તે વખતે મારી એક બ્હેનપણી સાધ્વીજીની પાસે બેઠી હતી, અને તે પણ પદ્મશ્રીની રાગી હતી.

સાધ્વીએ તે રૂપીઆ લેવાને અને પુસ્તકના કબાટમાં રાખવાને તેનેજ કહ્યું હતું. પછી જ્યારે ગોમતી તે રૂપીઆ પાછા લેવા ગઈ ત્યારે પણ સાધ્વીએ તેજ બાઈને હાથે તે રૂપીઆ પાછા અપાવેલા હતા. તે બાઈએ મને આ બધી વાત કહી સંભળાવી હતી. તેથી આ વાત મારા જાણવામાં આવી હતી.

જયા—પુતળી બા, તમારી બ્હેનપણી પાસેથી સાધ્વીની બીજી કાંઇ હકીકત તમે સાંભળી છે કે નહીં?

પુતળી—ના ભાભી, હું એવી પંચાતમાં પડતીજ નથી.

જયા—હા, એ વાત ખરી છે. આપણે એવી નાહકની પંચાતમાં શામાટે પડવું જોઇએ!

પુતળી—ભાભી, જ્યારથી ધર્મમાતા આનંદા માસીના સહુવાસમાં હું આવી છું, ત્યારથી મને બીજી કાંઈ પણ પંચાત ગમતી નથી. સાધ્વી પદ્મશ્રીને માટે હું ઘણુંએ સાંભળું છું, પણ હું તે વાત ઉપર જરા પણ ધ્યાન આપતી નથી. જયા ભાભી, કોઇ કોઇ વાર મને પદ્મશ્રી સાધ્વી ઉપર ઉલટી દયા આવે છે. સર્વથી ઉત્તમ એવો મનુષ્યજન્મ મેળવી અને અમૂલ્ય ચારિત્રરત્નને સંપાદન કરી સાધ્વી પદ્મશ્રી પોતાના આત્માને ખરેખર ઠગે છે. ચારિત્ર લઇને તેને દૂષિત કરવું, તેનાં કરતાં ચારિત્ર લેવુંજ નહીં, એ વધારે સારૂં છે. ભાભી, પદ્મશ્રી સાધ્વીને માટે બીજું ઘણું નિંદા ભરેલું સાંભળીએ છીએ. તે ગૃહસ્થ શ્રાવકોની વિધવા અને સધવા વહૂ દીકરીઓની પાસેથી પુસ્તક લખાવાને બાને ઘણા પૈસા લે છે અને તેનો ઉપયોગ ચારિત્રધર્મને ન ઘટે તેવી રીતે કરે છે. પુસ્તકને બાને એકઠા કરેલા પૈસા પોતાની કોઇ રાગી ગરીબ શ્રાવિકાને અથવા પોતાના સંસારનાં સગાંવહાલાંને મદદ કરવામાં આપે છે. કોઇ કોઇવાર તો પોતે વ્હોરેલાં કપડાં, કાગળ, રૂમાલ અને બીજી સારી સારી ચીજો પોતાની રાગી શ્રાવિકાઓને આપી દે છે, તે શિવાય બીજો પણ તેનો ગેરઉપયોગ કરે છે.

જયા ભાભી, જ્યારથી છવી અને સાધ્વી પદ્મશ્રીની વચ્ચે પૈસા સંબંધી થયેલી ગડબડ જાણવામાં આવી, ત્યારથી પદ્મશ્રી સાધ્વીની ઉપર ગોમતીનો અભાવ થઇ ગયો છે. હવે ગોમતીની પહેલાંની જેમ પદ્મશ્રીની પાસે જતી નથી. છવીને ત્યાં જવાને માટે તેનાં સાસૂ

સુખ ક્યાં ચાલ્યું ગયું? અને મારા નઠારા કર્મે આ દુઃખ ક્યાંથી આવ્યું? કોણ જાણે મેં પૂર્વે કેવાં કર્મ બાંધ્યા હશે? કે તેનું ફળ આ ભોગવવાનું આવ્યું. આ ફાટેલાં ગોદડનાં ગાભા, જેમાં ઘણી જગ્યાએ તો મુદલ રૂજ નથી, ને એક જગ્યાએ તો મોટો કુચો થયો છે; પરસેવો તથા ધૂળ લાગવાથી ચીકણા મેલના થર બાઝીને ગંધાય છે; એમાં વળી ફાટેલા જુની ચાદરના કડકા પણ ભાગ્યે પાથરવાના હોય, એવી દુર્દશામાં પાસાં ફેરવી ફેરવીને રાત કાઢવી પડે છે. તેમાં પણ પાર વિનાના માંકણ ઘડી પણ એક પાસે જંપવા દે નહીં. અને ચાંચડના ચટકા પણ ચિત્તને ચુંથી નાખે છે. અરે એટલુંજ દુઃખ નથી પણ ખાવાની તો મોટી પીડા થઈ છે. જુદી જુદી જાતનાં પાંચ દશ શાક, તથા સ્વાદિષ્ટ ચટણીઓ, પાપડ, અથાણાં, ઘીની વાટકી અને બીજા પકવાનોને બાજોઠ ઉપર મુકી આનંદથી જમનારો જે હું, તેને આજે જાડા કાચાપાકા રોટલા, ચીકણા ને જાડા થયેલા ચોખા અને દાળ કે જેમાં વઘાર કરવાને એક પળી તેલનું ઠેકાણું નથી, તે કેમ ગળે ઉતરે? હાય, હાય, આ પેટ કેમ ભરાશે? ને કેમ જીવાશે? જીવતાં મરવાનો દહાડો આવ્યો છે. જે હું હજારો ગુમાસ્તા રાખતો અને આખી બજારમાં મોટો શેઠ કહેવાતો, તે મારો ડોળડીમાક ક્યાં ચાલ્યો ગયો? વળી લાલ ચણોઠી સરખા રંગની પાઘડી અને ઊંચી જાતનાં અંગરખાં પેહેરનારો હું આજે ચીથરે હાલ બની ગયો. સાંકળાં, કડાં, કંઠી, વેઢ અને કીંમતી વીંટીઓ પેહેરી નવરંગિત બની ચાલનારો હું આજે કેવો બેહાલ છું? જે હું સ્વતંત્ર રીતે ચાલનારો તે આજે સર્વથી બીનો બીનો ચાલું છું. અભાગણી આ સ્ત્રીના પગલાથી અથવા આ કોઈ નઠારા છોકરાના જન્મથી મારો બધો વખત ફરી ગયો લાગે છે. તેના જન્મ્યા પછી તો જેમ સાવરણીએ વાળીને કચરો કાઢી નાખે તેમ બધી દોલત કોણ જાણે ક્યાંએ કાઢી નાખી. બન્યું આ ઘર! કોણ જાણે એ શા મુહૂર્તમાં તેના પાયા નાખ્યા

હતી કે જેમાં કન્યા પાડીનુકશાનીજ થતી આવી, અને કેટલેક ઠેકાણે પાર- ખાતી થઇ ગઇ. અરે વધારે અપશોષ તો માનનો થાય છે. હું શે- ઠનો મોટો આગેવાન ગણાતો હતો. કોઇને સંઘની બાહેર મુકેલ હોય, ત્યારે મારા વિના આગળ પડીને કોની મગદૂર હતી કે બોલે? હું કોઇ પક્ષમાં જતો તો મારૂં ધાર્યું કરીને ઉઠતો હતો. કોઈ પણ સાધુ સાધ્વી આવે તો તેમનું સામૈયું કરવું, તેમને કોઈ જાતનું માન આપવું, તેમના માનમાં વરઘોડો કાઢવો અને કોઈ દેહેરા- સરમાં કે ઉપાશરામાં સુધારો વધારો કરવો, તે વખતે મારોજ મત લેવાનો હતો. અરે! આજે કોઈ મારો ભાવ પુછતું નથી. સલાહ લેવા તો ક્યાંથીજ આવે. અત્યારે તો હું ઉલટો સામો નીકળી બેસું છું. તોપણ કોઈ મારા બોલને ગણકારતું નથી. ને ઉલટા મને હસાવે છે. અરે! મારો તે વખત ક્યાં ચાલ્યો ગયો? જ્યારે હું પૈસે ટકે ભરપૂર રહ્યો હતો, ત્યારે મારી આખી પોળની ન્યાતનો સગી થવા આવતી. હું કોઇનો પક્ષ લઉં તો મારા પક્ષમાં પાંચસો મા- ણસો તૈયાર થતાં અને આજે તો સગો ભાઈ પણ બીજાના પક્ષમાં જઈને બેસે છે. મારૂં ખાઈજનારાં સગાંવહાલાં અત્યારે મને પોતાનો સગો પણ ગણતાં નથી. કોઇ સાધુજી ગામમાં ચોમાસું રહ્યા હોય, તે- મને હજાર વખત બોલાવતા. અને શેઠજી, 'શેનું વખાણ વાંચીશું' એમ કહી મારો મત લઇને વખાણ વાંચતા હતા. કોઇ ખુશામ- દીઆ સાધુ તો મને રાજી રાખવાને મારે ઘેર હમેશાં વોહોરવા આવતા અને મારા નાના છોકરાઓને હેત બતાવી બોલાવતા હતા. કઇ કોઈ વાર તો જ્યાંસુધી હું ઉપાશરે આવ્યો ન હોઉં, ત્યાંસુધી સાધુજી વખાણ વાંચવું શરૂ ન કરતા અને મારી રાહ જોઇને બેસી રહેતા હતા. અરેરે એ વખત ચાલ્યો ગયો, અત્યારે મારો કોઇ ભાવ પુછતું નથી. મારે ઘેર કોઇ આવતું નથી. હજાર વાર કહું ત્યારે સાધુજી કે સાધ્વીજી વોહોરવા આવે છે. જો કોઈ લજ્જા અને સમાન દૃષ્ટિવાળા મુનિઓ હોય, તેઓ મારો ભાવ પુછે છે. અને

મારે ઘેર વોહોરવા પણ આવે છે. હવે તેઓ શામાટે વોહોરવા આવે? જે સ્વાદીલા સાધુઓ છે, તેમને મારા ઘરમાંથી હવે શું મળે તેમ છે? ચા, મીઠાઈ, મેવા અને શીયાળાના ઉમદા મશાલા-દાર પાકો મારા ઘરમાં હવે ક્યાંથી હોય? અત્યારે સુકા રોટલા મળે તેવું છે. જેઓ રસનાઇંદ્રિયને જીતનારા અને બીજાની દર-કાર નહીં રાખનારા નિઃસ્પૃહ સાધુ છે, તેવા સાધુઓ માત્ર ભાવ જોઇને મારે ઘેર આવે છે, બીજા સ્વાદીલા સાધુઓ કદિ પણ આ-વતા નથી.

અરેરે! હું કેટલીક બળાપો કરૂં? પર્યુષણ વગેરે પર્વમાં મોટા મોટા વરઘોડામાં ખરો લ્હાવ મનેજ મળતો હતો. ઘણુંજ ઘી બોલીને ઉંચામાં ઉંચુ સ્થાન મેળવવાને હુંજ ભાગ્યશાળી થતો હતો. પ્રભુની પ્રતિમાની સાથે હાથીના હોદ્દા ઉપર, તાવદાન, મીયાના અને રથ ઉપર મારાજ કુટુંબને જગ્યા મળતી હતી. તે શિવાય પ્રતિષ્ઠા મહોત્સવમાં તથા બીજા દીક્ષાના ઉત્સવમાં મનેજ આદેશ મળતો હતો. અરેરે! એ વખત ક્યાં ચાલ્યો ગયો?

હે દીકરી, આ વિગેરે અનેક સુખની વાતોના વિચાર કરીને પાછળથી થઇ ગએલી વાર્તાને સંભારી સંભારીને દુઃખને વધારો કર્યા કરે છે, પણ આ દુઃખ કેવી રીતે મટે? એ વિચારનો ઉપાય કરતા નથી, તેમ ખોળતા નથી. જ્યારે કો વિવેકી પુરૂષ તેવાને સલાહ આપે કે, ભાઈ! ગઇ વાતને સં ભારવી નહીં, ગઇ તિથિ તો જોશી પણ વાંચતા નથી. જે પુરૂ પાછલી વાત સંભારીને દુઃખ માને તેને વિચારવાન પુરૂષો મૂર્ખમાં ગણ્યા છે. તેથી હવે ઘરમાં બેશી રહી આ પ્રમા દુઃખ વેઠો છો, તે કરતાં કાંઇ ઉદ્યમ કરો. 'એક નર ગ સો હુન્નર' ચોરી તથા જારીની શરમ છે, બીજી વાતે શર રાખવી નહીં. જ્યારે આપણી વડિલ [illegible] આવે ત્યારે

તેની ચાકરી કરીને પણ પેટ ભરીએ, તેમાં કાંઇ લાજ જતી નથી. જુઓ, મોટા હરિશ્ચંદ્ર રાજા સરખાએ પણ નીચ જાતીની ચાકરી કરીને પેટ ભર્યું છે, જનાનામાં પડદાની અંદર રહેનારી તેની રાણીએ પાણી ભરવાની તથા જંગલમાં અથડાઇને તેમજ બારણે બારણે ભટકાઇને જુદી જુદી વસ્તુઓ આણવાની હલકી નોકરી કરી દોહલા દિવસ કાઢ્યા છે. તો આપણે કોણ માત્ર છીએ ? વળી જુઓ, નળરાજા અને દમયંતી રાણીએ કેવાં દુઃખ વેઠ્યાં છે. પાંચ પાંડવ અને દ્રૌપદીની વાત યાદ કરો. તેમણે જંગલમાં અનેક દુઃખ વેઠી પોતાનો નઠારો વખત પસાર કર્યો છે. ભાઇ, આપણા જૈનશાસ્ત્રમાં કેવા કેવા રાજાઓ અને શ્રીમંતોએ દુઃખ વેઠ્યાનાં દષ્ટાંત છે, તે યાદ કરો. માટે ભાઈ! સમજણ રાખીને જેવો વખત તે પ્રમાણે વર્ત્તવું. અને ગમે તેવે પણ ન્યાયને રસ્તે અન્નવસ્ત્ર મેળવવાં, એમાં કશી લાજ રાખવી નહીં. હમેશાં ઘરમાં બેશી રહેવાથી હજાર હજાર અંદેશાઓ મનમાં આવ્યા કરે છે. અને તેથી સંતાપ થઇને આપણું લોહી ઉકળે છે અને દુઃખમાં વધારો થાય છે, તેમજ બુદ્ધિ બગડે છે, માટે કાંઈ ધંધો રોજગાર કરો. સાચું પુછો તો પુરૂષનો મોટો ખોરાક રોજગાર છે રોજગાર વિના માણસ નખઌું પડી જાય છે, તેથી મારૂં ગરીબનું માનોને કાંઈ નબળોપાતળો જે મળે તે વેપારરોજગાર કરો તો સુખી થશો.

હે બ્હેનો, આ પ્રમાણે કોઇ ડાહ્યા માણસો શીખામણ દે છે, ત્યારે જો કોઈ સમજુ માણસ હોય તો તે દુઃખના દિવસોમાં ગમે તે રસ્તે નરમાશથી ચાલી પૈસો મેળવે છે, અને કાળે કરીને પાછો સુખી થાય છે; પણ કેટલાક ઊંધી બુદ્ધિના તથા ટુંકા નશીબના માણસો તો તે શીખામણ દેનારની ઉપર ઉલટા રીસે બળે છે, કેટલાએક માણસોના સ્વભાવ ' દોરડી

હતી. આજે મારા ઘરમાં કેમ થતી નથી? ઘણાંને ભૂમિમાંથી ધનના ભંડાર મળ્યા છે અને તેથી તેમના દારિદ્રનો નાશ થઇ ગયો છે. વળી મારા ઘરમાં રખેને મારા વડિલોએ ધન દાટેલું હોય અને તે ધનવડે આ મારૂં દુઃખ ટળવાનું હોય તો મારા શાસનદેવતા મને તે ધન શામાટે ન બતાવે?" આવી હવાઇ આશા બાંધતો તે આશાપાશથી બંધાએલું ધન મળવાની આ-શાએ વખતે થોડું ધન ખર્ચી જમીન ખોદાવી પણ જુવે છે; અને જો તેમાંથી કાંઇ નીકળતું નથી તો પાછો નિરાશ થઇ ખેદ કરતો બેશી રહે છે. વળી હે લલિતા, એવો ધન વિનાનો માણસ માર્ગમાં ચાલતાં પણ નીચી નજર કરતો ચાલે છે. અને ધારે છે કે, અરે! મને આ રસ્તેથી કંઈ પારસમણિ કે ચિંતા-મણિ જડી જાય તો કેવું સારૂં! જો પારસમણી મળે તો ઘરમાં જેટલું લોઢું છે, તેનું સોનું બનાવી દઉં અને જો ચિંતા-મણિ મળે તો પછી દુઃખજ રહે નહીં.

હે દીકરી લલિતા, આ પ્રમાણે તે સુખી થયા પછી દુઃખી થયેલા મૂર્ખ માણસની સ્થિતિ થાય છે. તેનું વર્ણન મેં કરી બતાવ્યું. આવે વખતે મુંઝાતા પુરૂષને તેની સ્ત્રીએ હીંમત આપવી જોઇએ. કારણકે, નિર્ધન અવસ્થામાં સ્ત્રીની ખરેખરી પરીક્ષા થાય છે, નઠારી સ્થિતિમાં આવી પડેલા પતિને હીંમત આપવી એ સ્ત્રીનું ખરેખરૂં કર્તવ્ય છે. તે વિષે એક ગોદાવરી નામની બ્રાહ્મણીની વાર્તા જાણવા જેવી છે. જો કે એ ગોદા-વરી મિથ્યાત્વી હતી, તોપણ તેની વાર્તામાંથી ઘણો સાર લેવાનો છે.

ધર્મદાસ—હે શ્રાવિકાઓ, આનંદાએ પોતાની પુત્રી લ-લિતા અને બીજી શ્રાવિકાઓને ઉપદેશવાર્તા કરતાં જ્યારે ગોદાવરીની વાર્તાની સૂચના કરી ત્યારે ચંચળે વિનયથી નીચે પ્રમાણે કહ્યું:—

ચંચળ—આનંદા કાકી, એ ગોદાવરી કોણ હતી? ક્યાં રહેતી હતી? અને તેણીએ શું કર્યું હતું? એ વાત અમને વિસ્તારથી કહી સંભળાવો.

પ્રેમદા—આનંદા બ્હેન, એ વાર્ત્તા જરૂર કહો. એમાંથી અમને ઘણો બોધ મળશે.

આનંદા—બ્હેનો, ગુર્જરદેશમાં વસંતપુર નામે એક નગર હતું. તેની અંદર **દેવશર્મા** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણ ઘણો વિદ્વાન્, ધર્મી, અને સુશીલ હતો. તે ભિક્ષુક કુળમાં જન્મેલો હતો, તથાપિ તેને ભિક્ષુકવૃત્તિ ઉપર ઘણોજ તિરસ્કાર હતો. જોકે તેના બાપદાદાની વૃત્તિ ભિક્ષુકની હતી, તોપણ દેવશર્મા જ્યારે લાયક થયો, ત્યારે તેણે એ વૃત્તિનો ત્યાગ કર્યો હતો. તે વિદ્વાન હોવાથી લોકો તેને માન આપતા અને દાન પણ આપતા, પણ તે એકલા માનનેજ લેતો અને દાનનો ત્યાગ કરતો હતો. તેની વાણીમાં મીઠાશ ઘણી હતી. જ્યારે તે સુભાષિતના શ્લોકો બોલતો ત્યારે શ્રોતા ગમે તેવો હોય, તોપણ તે સાંભળવાથી તેનું હૃદય પીગળી જતું હતું.

એ દેવશર્મા બ્રાહ્મણને **ગોદાવરી** નામે એક સ્ત્રી હતી. ગોદાવરીએ બાળવયમાંથી સારી કેળવણી લીધી હતી. જોકે તે સ્ત્રી મિથ્યાત્વમાં જન્મેલી અને મિથ્યાત્વમાં ઉછરેલી હતી, તોપણ તેણીનામાં પૂર્વના કોઈ સારા સંસ્કારોને લઈને વિવેકબુદ્ધિની સાથે હંમેશાં દયાબુદ્ધિ જાગ્રત રહેતી હતી. સર્વ જીવ ઉપર દયા, સર્વની સાથે મૈત્રીભાવ અને પતિ તરફ ઉત્તમ ભક્તિભાવ, એ વિગેરે સારા સારા ગુણોએ તેનામાં વાસ કરેલો હતો. સ્ત્રી કેળવણીના મોટા પ્રભાવથી તેણીએ પોતાના સંસારના માર્ગને સારી રીતે સુધાર્યો હતો. તેણીના સંસારથી દેવશર્મા ઘણોજ સંતુષ્ટ રહેતો અને તેથી પોતાના જીવનને કૃતાર્થ માનતો હતો.

એક વખતે તે મધુરભાષી દેવશર્માને પરમાણંદ નામના એક વેપારીનો સમાગમ થઇ આવ્યો. પરમાણંદ દેવશર્માની સુભાષિત વાણી સાંભળી ઘણોજ ખુશી થઇ ગયો. એમ કરતાં તે બંનેની મૈત્રીની જમાવટ વધારે થતી ગઇ. છેવટે ભિક્ષુકવૃત્તિને ધિક્કારનાર દેવશર્માને પરમાણંદે વેપારની લાઇનમાં ચડાવી દીધો. અનુક્રમે કેટલીક મુદ્દતે દેવશર્મા એક સારો વેપારી બની ગયો. પરમાણંદની સહાયથી વેપાર કરતાં દેવશર્માની પાસે સારો પૈસો એકઠો થયો. લોકોમાં તેની સારી પ્રતિષ્ઠા વધતી ગઇ.

જ્યારે દેવશર્મા સારો ધનાઢ્ય થયો એટલે તેના ઘરમાં સંસારનાં સર્વ પ્રકારનાં સુખ પ્રાપ્ત થવા લાગ્યાં. જાતજાતનાં સ્વાદિષ્ટ ભોજનો, નવાં નવાં આભૂષણો અને નવાં નવાં વસ્ત્રોથી અલંકૃત થઇ દેવશર્મા અને તેની સ્ત્રી ગોદાવરી ચાલવા લાગ્યાં. સૈકડો ગુમાસ્તાઓ અને બીજા નોકરો તેમની પાસે હાજર રહેવા લાગ્યા.

આ પ્રમાણે દેવશર્માએ કેટલા એક વર્ષ સુધી જાહોજહાલી ભોગવ્યા પછી તેના કર્મયોગે અચાનક તેના વેપારને ધક્કો લાગ્યો. ઘરમાંથી બધું દ્રવ્ય લઇ ખરીદ કરેલા માલનો એકાએક ભાવ તુટી ગયો અને તેને મોટી નુકશાની લાગી ગઇ. આથી કરીને દેવશર્માનું કુટુંબ અતિશય ગરીબ સ્થિતિમાં આવી ગયું. પોતાની જાતે સુખ ભોગવી દુઃખી થતો દેવશર્મા રાત્રિ દિવસ શોકાંધકારમાં મગ્ન થઇ ગયો. ચિંતાના વેગથી તેના મગજની સ્થિતિ નબળી પડી ગઇ અને તે અડધો ગાંડા જેવો બની ગયો.

હે બ્હેન લલિતા, પોતાના સુખી પતિની આવી નબળી સ્થિતિ જોઇ પતિભક્તા ગોદાવરીને ચિંતા થવા માંડી. એ ચતુર બાળા તરતજ પોતાની ફરજ બજાવવાને પતિની આગળ આવી ઉભી રહી અને બે હાથ જોડી નીચે પ્રમાણે બોલી—

સ્વામી, આટલી બધી ચિંતા કરો નહીં. આ સંસારમાં ઉદય અને અસ્ત થયાજ કરે છે. સંપત્તિ અને વિપત્તિ તથા સુખ અને દુઃખ, એ પરસ્પર [illegible] છે. કોઇ સર્વદા સુખી અને કોઈ સર્વદા દુઃખી રહેતુંજ નથી. તેમાં પણ આપણ બિચારૂં કુળના લોકોને તો કાંઇ પણ અફસોસ કરવો ન જોઈએ. છેવટે ભીખ માગીને પણ આપણે આપણો નિર્વાહ કરી શકીશું. પ્રિય પતિ, એ વિશેની ચિંતા કરશો નહીં. વિશેષ ચિંતા કરવાથી શરીરને મોટી હાનિ થાય છે. ચિંતા એ રૂધિરને પીનારી, પ્રાણને શોષનારી અને જીવનનો અંત લાવનારી રાક્ષસી છે. સ્વામી, હિંમતનું હથીઆર લઇ એ ચિંતાને છેદી નાખો. જો જીંદગી હશે તો પુનઃ સારી સ્થિતિ સંપાદન કરી શકશો.

ગોદાવરીનાં આવાં વચન સાંભળી હૃદયમાં ખેદ કરતો બોલ્યો—પ્રિયા, તમારાં વચનો ખરેખર ગ્રહણ કરવા લાયક છે. ચિંતાનો મોટો ભડકો માણસના જીવિતને દગ્ધ કરી નાખે છે, એ વાત હું સારી રીતે સમજુ છું, તે છતાં મારા હૃદયમાંથી એ ચિંતા જરા પણ દૂર ખસતી નથી. ચિંતાને લઇને મને સુખે નિદ્રા આવતી નથી. હું ઘણી રીતે મારા મનને મારવા જાઉં છું, તથાપિ મારૂં મન ઉચ્છૃંખલ બની મારા કબજામાં આવતું નથી. વેપારમાં લક્ષ્મીની જાહોજલાલી જે મેં હમણાંજ ભોગવેલી છે, તે મારી નજર આગળ ખડી થયા કરે છે. લક્ષ્મીના વિલાસનાં મોજાઓ જે મારી આગળ ઉછળ્યા કરતાં હતાં, તે અચાનક લય પામવાથી મારા મનને ભારે ખેદ આવ્યા કરે છે. પ્રિયા, વધારે શું કહેવું ? કોઈ કોઇ વાર તો એવી મુંઝવણ થઇ આવે છે કે, આ દુઃખી જીંદગીનો અંત આણુંવો. વસંતપુરની બજારમાં મેં જે પ્રતિષ્ઠા મેળવી હતી, તે બજારમાં પ્રતિષ્ઠાહીન થઇ ફરતાં મને ઘણીજ શરમ આવે છે. કોઈપણ વેપારીને મુખ બતાવવું ગમતું નથી. હવે હું જીવવા કરતાં મરવું વધારે સારૂં ગણું છું.

પડ્યાં. આગળ જતાં મદનપુર નામના એક નગરમાં તેઓ આવ્યાં. તે નગરની બાહેર મુસાફરોને ઉતરવાની એક ધર્મશાળા હતી. અનેક વિદેશી મુસાફરો અને યાત્રાળુ લોકો તે સ્થાનનો આશ્રય લેતા હતા.

જે દેશમાં આ મદનપુર આવેલું હતું, તે દેશમાં તે વર્ષે દુકાળની અસર થોડી હતી. ત્યાંના લોકો પોતાનો નિર્વાહ કરી શકે, તેવાં સાધનો તે દેશમાં મેળવી શકતા હતા. મદનપુરમાં મદનસિંહ નામે રાજા હતો. તે રાજા દુરાચારી અને વ્યભિચારી હતો. કોઈ પણ સ્વરૂપવાન્ સ્ત્રી તેની નજરે પડે તો તેને તે લલચાવતો અને જો તે સ્ત્રી ન લલચાય તો પછી તેને બળાત્કારે પોતાની પાસે બોલાવતો હતો. આ દુરાચારી રાજાથી લોકો ત્રાહત્રાહ પોકારતા અને તેને હૃદયથી ઘણો ધિક્કાર આપતા હતા. તથાપિ કોઈ મંત્રીઓ કે પ્રજાજનમાંથી કોઈ તેને કાંઇ પણ કહી શકતું ન હતું. રાજા મદનસિંહ આવો દુર્ગુણી છતાં તેનામાં થોડી ઘણી દયા હતી, તે છતાં કોઇ વાર વ્યભિચારના દુર્ગુણને લઇને તેને નિર્દય થવું પડતું હતું.

પેલો ભાનુ બ્રાહ્મણ પોતાની સ્ત્રી શોભાને લઇને તે મુસાફરોની ધર્મશાળામાં આવ્યો. ત્યાં જઈ તેણે ધર્મશાળાની એક બાજુમાં પોતાનો ઉતારો કર્યો. આસપાસ બીજા ઘણા ઉતારૂઓ ઉતરેલાં હતા. સુંદર આકૃતિવાળી શોભાને જોતાંજ ત્યાં ઉતરેલા મુસાફરો ચકિત થઈ ગયા. શોભાના સૌંદર્યે તેમની દૃષ્ટિઓને આકર્ષી લીધી. ભાનુએ ઉતારો કરી પોતાની સ્ત્રીને જણાવ્યું કે, હે સાધ્વી, તમે અહીં સ્વસ્થ થઇને રહેજો. હું ગામમાંથી અન્નપાનનો યોગ કરી લાવું.

આ પ્રમાણે કહી ભાનુ ગામમાં ગયો. થોડીવાર પછી શોભાએ વિચાર્યું કે, પતિ ગામમાં ગયા છે, ત્યાંસુધીમાં મારે બેસી રહેવું, તે યોગ્ય ન કહેવાય, માટે એક ઘડો જળ ભરી લાવું, જેથી સ્વામી

પાછા આવે ત્યારે તેમને સ્નાન અને જળપાન કરાવી શકાય. આવા વિચારથી શોભા મૃત્તિકાનો ઘડો લઇને ઉભી થઈ. પોતાનો સામાન કોઈ પરદેશમાં ઉતરેલા સ્ત્રી પુરૂષને સોંપી પોતે જળ ભરવાને ધર્મશાળાની બાહેર નીકળી.

બાહેર નીકળ્યા પછી તે ભાનુની સ્ત્રી શોભાએ કોઈ જતા આવતા માણસને પુછ્યું કે, આ શહેરમાં જળાશય ક્યાં છે? તે ભલા માણસે ઉત્તર આપ્યો—બ્હેન, આ રસ્તે જાઓ. થોડે ચાલતાં એક મદનવાવ્ય આવેલી છે, તેમાં ઘણું સ્વચ્છ અને સુંદર જળ છે. તે વાવ્ય આ શહેરના રાજા મદનસિંહે બંધાવેલી છે. તેનું જળ ઘણું સ્વચ્છ અને મધુર છે. શોભા તે વાવ્યતરફ ગઈ અને જળ ભરીને ત્યાંથી પાછી ફરી.

એ શહેરનો રાજા મદનસિંહ ઘણો વ્યભિચારી હતો. કોઇ પણ સુંદર સ્ત્રીને જોવાથી તેનામાં વિકારનો વેગ જલદી પ્રસરતો હતો. તે ગમે તેમ કરીને પણ પોતાની ઇચ્છાઓ પૂરી કરવા પ્રયત્ન કરતો હતો. તે દુષ્ટ રાજાએ ઘણી સુંદરીઓ ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. આથી લોકોમાં તેનો ત્રાસ વર્તાઇ રહ્યો હતો. શહેરની સુંદરીઓ તેની દૃષ્ટિએ પડતી ન હતી. સર્વ સ્ત્રીઓ તે દુષ્ટના પંજામાં ન ફસાવાને માટે સાવચેત રહેતી હતી.

કર્મની શક્તિ ગહન છે. ભાનુની સ્ત્રી શોભા વાવ્યમાંથી પાણી ભરીને પાછી ફરી, તેવામાં રાજા મદનસિંહ ગાડીમાં બેસી ફરવા નીકળ્યો હતો, તેની પાછળ ઘોડેસ્વાર થઈ બે ચાર સેવકો દોડતા આવતા હતા. તે કામી રાજાની કુદૃષ્ટિ શોભાની ઉપર પડી. તરત તેના હૃદયમા વિકારનો પ્રવાહ વહેવા લાગ્યો. મદનસિંહ ઉપર મદને વિજય મેળવ્યો. તત્કાળ તેણે આજ્ઞા કરીને ગાડી ઉભી રખાવી. અને પાછળ આવતા અંગરક્ષક ઘોડેસ્વારને કહ્યું કે, જળ ભરીને જતી આ સુંદર સ્ત્રી કોણ છે? તે ક્યાં રહે છે? અને કોણ

જાતની છે? વિગેરે બધી તપાસ કરી આવ અને પછી તેણીને દરબારમાં લાવ. રાજાની આજ્ઞાથી તે સ્વાર શોભાની પાછળ ગયો અને જે ધર્મશાળામાં શોભા ઉતરી હતી, ત્યાં જઇ ઉભો રહ્યો. સ્વારને પોતાની પાછળ આવતો જોઇ શોભા વિચારમાં પડી ગઇ, પણ તેણીએ રાજાના નઠારા ભાવને જાણેલો ન હોવાથી તે ચિંતાતુર થઇ નહીં. જળનો ઘડો ઉતારી અને પતિની રાહ જોઇ બેઠેલી શોભાની પાસે ઘોડા ઉપરથી ઉતરીને તે પુરૂષ આવ્યો અને તેણે વિનયથી જણાવ્યું—બાઇ, તમે કોણ છો? અને જાતે કેવાં છો? શોભાએ વિનયથી ઉત્તર આપ્યો—ભાઇ, અમે પરદેશી બ્રાહ્મણ છીએ. તે પુરૂષ બોલ્યો—તમે એકલાં છો કે તમારી સાથે કોઇ છે? **શોભા**—ભાઇ, મારી સાથે મારા સ્વામી છે, તેઓ ગામમાં ગયા છે. પુરૂષે કહ્યું, બાઇ, તમે પૂર્ણ નશીબદાર લાગો છો. અમારા મહારાજા મદનસિંહજી તમારી ઉપર ખુશી થઇ ગયા છે. તેઓ તમને પોતાની હજુરમાં બોલાવે છે. અને જો તમારી મરજી હશે તો તે તમને જનાનામાં પોતાની રાણી તરીકે પણ રાખશે.

તે પુરૂષનાં આવાં વચન સાંભળતાંજ શોભા કંપી ઉઠી અને પોતાના પતિની ગેરહાજરીમાં 'હવે શું થશે'? એવી તેને ભારે ચિંતા થઇ પડી. જ્યારે શોભાએ કાંઇ ઉત્તર આપ્યો નહીં એટલે તે પુરૂષ ફરીવાર બોલ્યો—કેમ બાઇ શો વિચાર કરો છો? લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા જશો નહીં. આવા મોટા શહેરનો મહારાજા તમને બોલાવે, એ કાંઇ જેવી તેવી વાત નથી. તમારા ભીખારી પતિથી તમારૂં શું વળવાનું છે? વિચાર કરો. કદિ તમે આવવાની આનાકાની કરશો તોપણ તમને બળાત્કારે લઇ જવાનો હુકમ કરેલો છે.

સતી શોભા બળાત્કારનો શબ્દ સાંભળતાંજ વખતે ચિંતાતુર થઇ ગઇ. પણ ક્ષણવારે તેણીના હૃદયમાં સતીપણાનું શૌર્ય જાગ

થયું. તેણીએ મનમાં વિચાર કર્યો. "શું આ દુષ્ટ રાજા સતીસ્ત્રીની લાજ લેવા ધારે છે? એ કદિ બનશે નહીં. તે દુષ્ટને માલુમ નથી કે, સતીઓનો પ્રભાવ કેવો છે? સતીઓ પોતાના પ્રાણ જાય તો-પણ વ્યભિચાર કરવાની નથી. તેમના પવિત્ર શરીરને પતિ અને મરણ પછી અગ્નિ—એ શિવાય કોઈ સ્પર્શ કરી શકતું નથી. હુવે, આ વખતે યુક્તિથી બચી જવાની જરૂર છે. જો સ્વામી આવશે અને આ વાત સાંભળશે તો તેના હૃદયમાં ભારે શોક થશે. વળી રાજાની આગે મારા ગરીબ સ્વામી ટકી શકે તેમ નથી. માટે આ રાજાના પુરૂષને મધુર વચનથી સમજાવવો અને તેના ગયા પછી આ શરીરને અગ્નિમાં દગ્ધ કરી નાખવું વધારે સારૂં છે." આવો વિચાર કરી સતીધર્મની શોભાથી સુશોભિત એવી શોભાએ ઉપર શ્રી હાસ્ય કરીને જણાવ્યું, ભાઇ; તમારા વચન મને હૃદયમાં ગમી ગયાં છે. મારા ભિખારી સ્વામીના કરતાં રાજાની પાસે રહેવાથી વધારે સુખ મળે, એ વાત તો ઉઘાડીજ છે. હું એક ગરીબ ભિખારણ આ મદનપુરની મહારાણી બનું, એ મારાં કેવાં ભાગ્ય કહેવાય? અરે ઉપકારી બંધુ, જાઓ, તમારા મહારાજાને ખબર આપો કે, આપના બોલાવવાથી હું મારા આત્માને ધન્ય માનું છું. મારા પતિ આવ્યા પછી તેમને જેમ તેમ સમજાવીને હું મહારાજાના મેહેલમાં આવીશ. તમે મને સાયંકાળે બોલાવવાને આવજો.

શોભાનાં આવાં વચન સાંભળી તે રાજાનો દૂત પ્રસન્ન થઇ ચાલ્યો ગયો. પછવાડે સતી શોભાએ ચિંતવ્યું કે, હજુસુધી પતિ બાહેરથી આવ્યા નહીં. તેમના આવ્યા પહેલાં આ શરીરનો નાશ કરી દેવો એ વધારે ઉત્તમ છે. જો શરીર હશે તો રાજા બળાત્કાર કરી તેને અપવિત્ર કરી દેશે, તેમાં મારા પતિથી કાંઈપણ થઈ શકશે નહીં. અને જો પતિને મળવા રહીશ તો પછી મારા શરીરનો નાશ પતિથી જોઇ શકાશે નહીં. આવો વિચાર કરી શોભા ધર્મશા-

બામાં ઉતરેલા મુસાફરોની પાસે જુદું કારણ દર્શાવી છુટાં છુટાં સર્પણ માગવા નીકળી. બધા મુસાફરોએ તેણીને થોડું થોડું સર્પણ આપ્યું. તેનો એકંદર મોટો ઢગલો થયો. પછી તેની ધર્મ-શાળાની મધ્ય ભાગે ઉઘાડા ચોકમાં ચિતા ખડકી પોતે બળી મરવા તૈયાર થઈ. તે અગ્નિ પ્રગટાવી જેવી તે ચિતા આગળ ઉભી રહી ત્યાં કેટલાએક દયાળુ મુસાફરો તેણીની આસપાસ વીંટાઈને તેને તેમ કરતી અટકાવવા લાગ્યા. તેણીની પાસે ઉતરેલા કેટલાએક મુસાફરો જાણતા હતા કે, કુકર્મને માટે રાજાનું તેડું આવવાથી આ પવિત્ર બ્રાહ્મણી પોતાના પ્રાણનો નાશ કરે છે. તેથી તેઓ શો-ભાને વધારે સમજાવવા લાગ્યા. તોપણ સતીધર્મને સાચવવામાં તત્પર એવી એ સ્ત્રીએ કાંઇપણ માન્યું નહીં. જેવામાં સતી શોભા પોતાના સતીધર્મને માટે પ્રાણની આહૂતી આપવાને ચિતામાં પ્ર-વેશ કરવા જતી હતી, તેટલામાં તેનો પતિ ભાનુ બાહેરથી આ-વ્યો. મુસાફરોના ટોળા વચ્ચે પોતાની સ્ત્રીને ચિતાની આગળ ઉભેલી જોઇ તે મનમાં આશ્ચર્ય પામી ગયો. તરતજ તે શોભાની પાસે આવ્યો. પતિને જોતાંજ સતીના નેત્રમાંથી આંસુની ધારાઓ છુટવા લાગી. ભાનુએ સંભ્રમથી કહ્યું, પ્રિયા, આ શું કરો છો? અને આ કરવાનું શું કારણ છે? પછી શોભાએ મદનસિંહ રાજાનો બધો વૃત્તાંત પોતાના પતિની આગળ કહી સંભળાવ્યો. પછી વિ-લાપમાં તે મહા સતી રૂદન કરતી બોલી—પ્રાણનાથ, પતિવ્રતાનો ધર્મ સાચવવાને માટેજ આ આત્મહત્યાનું મહાપાપ કરવું પડે છે. એ મહાપાપની સાથે પણ તમારી સેવા કરવારૂપ કર્ત્તવ્યમાંથી પણ મારે ભ્રષ્ટ થવું પડે છે. તમારા જેવા વિદ્વાન્ પતિને દુઃખમાં મુકી હું ચાલી નીકળું છું, તેને માટે મને ક્ષમા આપજો. સ્વામી, આ અસાર સંસારનું સ્વરૂપ સમજી મારો શોક કરશો નહીં. અને આત્મસાધન કરવામાં તત્પર રહી તમારી પશ્ચિમ અવસ્થા પ્રસાર કરજો. સ્વામી હવે હું પરલોકમાં જાઉંછું, મારા મન, વચન અને

કાયાનાં અપરાધ ક્ષમા કરજો અને જો કાંઈપણ પુણ્યનો યોગ હોય તો તમારો કોઇ ભવે સમાગમ થજો.

સ્ત્રીનાં આવાં વચન સાંભળી ભાનુ ગદ્ગદિત થઈ ગયો. તેના નેત્રમાંથી આંસુની ધારા છુટી. તે મંદસ્વરે બોલ્યો—હે પવિત્ર સતી, તમે તમારા ખરા ધર્મને સાચવવા આ અશક્ય અને ભયંકર કામ કરો છો, તેને માટે તમને વધારે કહી શકતો નથી. પણ તમે મને તમારા વિયોગના મોટા સંકટમાં નાખતાં જાઓ છો, તેનો વિચાર કરજો. આ વિપત્તિના વખતમાં તમારા વિના એક ક્ષણ પણ મારે યુગ જેવો થઇ પડશે. પ્રિયા ! હવે થોડા કાળમાં મને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે. તે વખતે તમારી મને મોટી ખોટ જણાશે. તમારા જેવી સાધ્વી સ્ત્રી વિના આ વિદેશમાં મને કેવાં કેવાં દુઃખ પડશે, તેનું હું વર્ણન કરી શકતો નથી. પ્રિયા, જો તમે આ સાહસ ન કર્યું હોત તો આપણે ગમે તે યુક્તિથી એ દુષ્ટ રાજાના પાશમાંથી બચી જાત અથવા અફીણ ખાઈ નાશી છુટત.

પોતાના પતિ ભાનુનાં આવાં વચન સાંભળી શોભાએ રૂદન કરતાં જણાવ્યું—પ્રાણનાથ, આપને દુઃખમાં એકલા મુકી હું ચાલી જાઉં, તે યોગ્ય કહેવાતું નથી, તથાપિ મારા ધર્મની ખાતર, અને જગત્માં સતીધર્મનો પ્રભાવ દર્શાવાની ખાતર—આ આત્મહત્યાનું મહાપાપ આચર્યું છું. સ્વામી, મારાં અપરાધ ક્ષમા કરજો. મન, વચન અને કાયાએ કરી જે કાંઇ અનુચિત કર્મ કરવામાં આવ્યું હોય, તેની મને ક્ષમા આપી મારા આત્માનો ઉદ્ધાર થાય એવું શુભ ચિંતવન કરો. પ્રાણેશ, નાહીંમત થશો નહીં. દરેક મનુષ્ય સુખ દુઃખ પામે છે. આ વિશ્વની એવી ઘટમાલ છે કે જેમાં પ્રગટ થનાર પ્રાણીઓ ઉન્નતિ અને અવનતિ પામ્યા કરે છે. સ્વામી, હવે હું રજા માગું છું. ભાનુ ગદગદ થઈને બોલ્યો—સતી, તમારા વિના મારે આ બધું જગત્ શૂન્ય છે. મારા દુઃખના ગાથાની એક

ધુરા તમારા માથા ઉપર હતી તે તમારા જવાથી મારા ઉપર આ ધુરા પડશે. એટલે હું દબાઈ જઈશ. જ્યારે કષ્ટના બોજાનો ભારે બોજો મારાથી ઉપડશે નહીં, તો વખતે હું મારા આત્માનો અંત કરવા તૈયાર થઈશ. હવે આ દુઃખી જીવનનો અંત લાવવો એ મને મુશ્કેલ પડશે નહીં. તારા જેવી સાચી સતીની સહાય વિના જીવવા કરતાં મરવું વધારે ઉત્તમ છે.

ભાનુનાં આવાં વચન સાંભળી શોભા વધારે શોકાતુર થઈ ગઈ. તે બે હાથ જોડી બોલી—સ્વામી, એવા વિપરીત વિચાર લાવશો નહીં. આપના જીવનના અંતનું કારણ હું થઉં, તો મને પતિ-હત્યાનું પાપ લાગે. હું આપને વચન આપું છું કે, "જો મેં મન, વચન અને કાયાથી શુદ્ધ સતીધર્મ પાળ્યો હશે તો આપના આ જન્મમાં મારો યોગ ફરીવાર થશે. જો આપનું જીવન આબાદ હશે તો સતીધર્મને માટે આત્મહત્યા કરનારી હું ફરીવાર તમારા ચરણની સેવાનું મહા ફળ મેળવી શકીશ, સ્વામી! હું એવુંજ નિયાણું બાંધું છું અને મારા સતીધર્મના પ્રભાવથી મને ખાત્રી થાય છે કે, હું આવ જન્મમાં આપને મળીશ અને આપના જીવનનો છેલ્લો ભાગ સુખી કરીશ.

ભાનુએ રોતાં રોતાં કહ્યું, સતી, આ તમારાં વચનો હીંમતને આપનારાં છે, તથાપિ મને મારા હૃદયમાં વિશ્વાસ ઉત્પન્ન થતો નથી. પ્રિયા! તમે મને બીજા જન્મમાં શી રીતે મળશો? જ્યાં તમારો જન્મ થયો હશે, તે સ્થાનનો શોધ મારાથી શી રીતે થઈ શકશે? સૌંદર્યતાથી ભરપૂર એવી યુવાવસ્થામાં આ વૃદ્ધ થઈ ગયેલા પતિને તમે કેમ અંગીકાર કરશો? પ્રિયા એ બધી વાત અસંભવિત છે. મારા ભાગ્યમાં સુખ ભોગવવાનું હોત તો આ વખતે તમારો વિયોગ શા માટે થાય? પ્રાપ્ત થયેલા અમૃતના પ્યાલામાં ઝેરનું ટીપું શા માટે પડે?

પતિનાં આવાં વચન સાંભળી સતી શોભા બોલી—પ્રાણનાથ, આમ નાહીંમત થાઓ નહીં. શુદ્ધ મનથી પતિની સેવા કરનારી સતીઓને દેવતા સહાય આપે છે. સતીધર્મનો પ્રભાવ દિવ્ય છે. એ પવિત્ર ધર્મના પ્રભાવથી મને મારા પૂર્વ જન્મનું સ્મરણ રહેશે અને હું આપને ગમે ત્યાં મેળવી શકીશ. સ્વામી, સતીઓ સૌંદર્યના મોહને વશ થતી નથી. તેઓ પોતાનો ધર્મ જેમ સચવાય તેમ વર્ત્તે છે. વૃદ્ધ, કુરૂપી દુર્ગુણી, વ્યસની અને અપંગ પતિ હોય તો પણ તેને દેવસમાન ગણી પૂજે છે. તે મહાનુભાવા સતીઓ ભાવરૂપને જોનારી છે. દ્રવ્ય રૂપને જોનારી નથી. સ્વામી, હું જગત્પતિની પાસે એટલીજ પ્રાર્થના કરૂં છું કે, જો મારામાં કાંઇ પણ સતીધર્મ હોયનો આવતા જન્મમાં મને તમારો મેળાપ થજો. અને તમે મારા પતિ થજો. આ પ્રમાણે સતી શોભા બે હાથ જોડી આકાશ તરફ દૃષ્ટિ કરી બોલી—હે આર્યધર્મના અધિષ્ઠાયક, દેવતા, શુદ્ધ મન, વચન અને કાયાથી જો મેં કાંઇ પણ સુકૃત કરેલું હોય તો આ મારા પતિની વૃદ્ધાવસ્થામાં તેમની પવિત્ર સેવા કરવાનું મહાફળ મને પ્રાપ્ત થજો.

આ પ્રમાણે કહ્યા પછી શોભાએ વિશેષમાં જણાવ્યું કે, સ્વામી, હું આપને આવતા જન્મમાં ઓળખી શકું તેવું એક પદ્યનું પૂર્વાર્દ્ધ બનાવી આપને કહું છું. તે યાદ રાખજો. તે પદ્યનું ઉત્તરાર્દ્ધ મારા સિવાય કોઇ પણ કુમારિકા પૂર્ણ કરી શકશે નહીં. એ પદ્યમાં આપનું અને મારા પિતાનું નામ દાખલ કરેલું છે; જે ઉપરથી ઉત્તરાર્દ્ધ પુરૂં કરવાથી આપ મને આવતા જન્મમાં ઓળખી શકશો. આ પ્રમાણે કહી સતી શોભા નીચે પ્રમાણે એક શ્લોકનું પૂર્વાર્દ્ધ બોલી:—

"ज्ञातोः सुवन्नी दुहिता सजानो—
र्मर्त्ते गता सा नृपरत्नचन्द्र"

"મહાનુની પત્ની અને મભાનુની દીકરી તે રાજાના કુલમંત્રી

સ્નેહ ગામી."

સ્વામી. આ પૂર્વાર્ધ શ્લોક કે જેમાં તમારૂં અને મારા પિ-
તાનું નામ છે, તે શ્લોક બોલતાં બોલતાં તમે જગત્‌માં વિચરજો.
સતીધર્મના પ્રભાવથી જ્યાં મારો જન્મ થશે, ત્યાં તમે ફરતા ફરતા
આવશો અને આ શ્લોક બોલશો તેથી મને મારા પૂર્વ જન્મનું
સ્મરણ થશે એટલે હું તે શ્લોકનું ઉત્તરાર્દ્ધ પૂરૂં કરી તમનેજ વ-
રીશ અને વૃદ્ધાવસ્થામાં તમારી સેવા કરી મારા સ્ત્રીજન્મને
કૃતાર્થ કરીશ.

આનંદા કહે છે—હે પુત્રી લલિતા અને બીજી બ્હેનો, આ
વાત ગોદાવરી પોતાના પતિ દેવશર્મા બ્રાહ્મણને કહે છે—હે સ્વા-
મી, તે શોભા પોતાના પતિને એ પૂર્વાર્દ્ધ શ્લોક સંભળાવી બોલી
કે, પ્રાણનાથ, આ શ્લોકનું ઉત્તરાર્દ્ધ હુંજ પૂરૂં કરીશ. મારા વિના
કોઇ વિદ્વાન કે વિદુષી સ્ત્રી તે ઉત્તરાર્દ્ધની પૂર્તિ કરી શકશે નહીં.
વળી હે નાથ, આપણા આ બનાવ વિષે કોઇને જાહેર કરશો નહીં.

આટલું બોલી શોભાએ ચિતામાં અગ્નિ પ્રગટાવ્યો અને અગ્નિની
મોટી જ્વાળામાં શોભાનો આત્મા આહૂતિ રૂપ થઇ ગયો. આસ-
પાસ વીંટાઇને ઉભેલા કેટલાએક મુસાફરો એ મહાસતીને
બળતી જોઇ દીલગીર થઇ ગયા. કોઇ તેને ધન્યવાદ આપવા લા-
ગ્યા: કોઇ તેના સતી ધર્મની પ્રશંસા કરવા લાગ્યા.

આ વખતે ભાનુ ઉંચે સ્વરે આક્રંદ કરી રૂદન કરવા લાગ્યો.
અને તે બોલ્યો—અહા ! દૈવ અથવા કર્મની શકિત કેવી ગહન
છે. ? કયાં મારૂં નંદ[illegible]વર્દ્ધનપુર અને કયાં આ મદનપુર ! હું દુર્ભાગ્યને
લઇને અહિં કયાંથી [illegible] આવી ચડયો ! અરે મારા દુર્ભાગ્યે મને દુઃખ
ના દરીયામાં હડસેલી ન[illegible]ખ્યો. મારા ઘરની, મારા ગૃહસ્થાશ્રમની

મારા દંપની ધર્મની અને મારા જીવનની શોભા ક્યાં ગઈ? હું સર્વ રીતે શોભા રહિત થઈ ગયો. આ જગતમાંથી મારી શોભા ચાલી ગઈ. એટલુંજ નહીં પણ આ મનુષ્ય લોકની બધી સતીઓની શોભા ચાલી ગઈ. તે અત્યારે તો સ્વર્ગની શોભા થઈ ગઈ.

ગોદાવરી કહે છે—હે સ્વામી, પછી તે વિયોગી અને વિધુર થયેલા ભાનુને મુસાફર લોકોએ દીલાસો આપી શાંત કર્યો. એમ કરતાં સાયંકાળ થયો એટલે રાજા મદનસિંહનો દૂત શોભાને બોલાવા આવ્યો. તેણે શોભાની તપાસ કરી પણ શોભા જોવામાં આવી નહીં. તે વખતે કેટલાએક જુની મુસાફરોએ તેને કહ્યું, "અરે, રાજપુરૂષ, તારા દુષ્ટ રાજાને કહે કે, તે સતીએ અગ્નિમાં પોતાના દેહની આહૂતિ આપી છે. તારા દુરાચારી રાજાને લીધે તે મહાસતીએ પ્રાણ ત્યાગ કર્યો છે. તારો રાજા મદનસિંહ રાજા નથી પણ એક રાક્ષસ છે. આવા દુષ્ટ અને અધર્મી રાજાઓ શામાટે જીવતા હશે? ન્યાયી અને ધર્મી રાજ્યસિંહાસન ઉપર આવા રાજાઓને બેસાડનાર દૈવને અમે ધિક્કાર આપીએછીએ. સતી સ્રીની હત્યા કરનારા મદનસિંહને નરકપણ સંઘરશે નહીં." મુસાફર લોકોનાં આવાં તિરસ્કાર ભરેલાં વચનો સાંભળી તે રાજપુરૂષ વિલખો થઈ ચાલ્યો ગયો. તેણે આવી રાજાનેતે ખબર આપ્યા. રાજાએ પશ્ચાત્તાપ કર્યો નહિ, પણ પોતે એક સ્વરૂપવાન સ્રીનો ભોગ મેળવી શક્યો નહીં તેનેમાટે તે દુરાચારી પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

ગોદાવરી કહે છે, હે સ્વામી, પછી તે દુઃખી થયેલો ભાનુ મદનપુરનું પાણી હરામ કરી ત્યાંથી ચાલી નીકળ્યો. હાથમાં કાળા વાવટાની ધ્વજા લઈ પોતાની સ્રીએ કહેલો પૂર્વાર્દ્ધ શ્લોક બોલતો બોલનો તે બધે ટેલ નાખવા લાગ્યો. એ શ્લોકની ટેલ કરતા અને આ વિશ્વમાં શહેર, અને ગામડામાં ફરતા તે ભાનુને લોકો તે અર્ધા શ્લોકનો અર્થ પુછતા હતા. ભાનુ તેનો કાંઈપણ જવાબ આપતો ન હતો.

નમી પડી. પોતાના પૂર્વ પતિનાં ચિરકાળે દર્શન થવાથી તેણીની આંખોમાંથી આંસુની ધારા ચાલવા લાગી. વળી વૃદ્ધ અને અશક્ત થઈ ગયેલા પતિ પોતાના વિયોગથી આજપર્યંત દુઃખી થયા, એ વાત યાદ આવવાથી તેણીના શોકમાં મોટો વધારો થઈ આવ્યો.

પ્રભાવતી ગદ્‌ગદ્ કંઠે બોલી—મહારાજ, આપ કોણ છો? ક્યાંથી આવો છો? અને આ અર્ધો શ્લોક શામાટે બોલો છો? 'આ પોતાની સ્ત્રી છે,' એ વાત ભાનુના જાણવામાં હતી નહીં. તેથી તે બોલ્યો, બાઇ, હું ઘણો દુઃખી બ્રાહ્મણ છું. હું નંદનપુરનો રહેવાસી છું. અમારા દેશમાં મોટો દુકાળ પડવાથી હું દેશ છોડીને ચાલી નીકળ્યો છું.

પ્રભાવતી—તમારે સ્ત્રી છે કે નહીં?

ભાનુ—બાઇ, મારે સ્ત્રી નથી.

પ્રભાવતી—જે તમે અર્ધો શ્લોક બોલ્યા હતા, તે શેનો શ્લોક છે? અને તેનો અર્થ શો થાય છે?

ભાનુ—બાઈ, એ વાત મને પુછશો નહીં. કોઇની આગળ તે વાત હું કહેતો નથી. તે વાત ઘણીજ મને દુઃખદાયક છે; માટે મેહેરબાની કરીને આ શ્લોક વિષે મને કાંઇ પણ પુછશો નહીં.

પ્રભાવતી—મહારાજ, આ શ્લોક તો અર્ધો છે. તેનું ઉત્તરાર્દ્ધ કેવું છે? તે કહો જોઇએ.

ભાનુ—બાઇ, હું તેનું ઉત્તરાર્દ્ધ જાણતો નથી. જો ઉત્તરાર્દ્ધ જાણવામાં આવે તો પછી મારૂં દુઃખ રહેજ નહીં.

પ્રભાવતી—એનું શું કારણ છે?

ભાનુ—હું તેનું કારણ પણ કહી શકતો નથી.

પ્રભાવતી—મહારાજ, તમે વિદ્વાન્ છો, તેનું ઉત્તરાર્દ્ધ બનાવી લ્યો તો બની શકે તેમ છે.

ભાનુ—ના ભાઇ, મારાથી તે બની શકે તેમ નથી.

પ્રભાવતી—બીજા કોઇથી બની શકે તો તમે કબુલ કરો કે નહીં?

ભાનુ—જો બરાબર તેને મળતું આવે તો કબુલ થઇ શકે.

પ્રભાવતી—મહારાજ, કૃપા કરીને તે શ્લોકનું પૂર્વાર્દ્ધ બોલો જોઇએ?

ગોદાવરી કહે છે—હે સ્વામી, તે પ્રભાવતીના કહેવાથી ભાનુ તે અર્ધો શ્લોક નીચે પ્રમાણે બોલ્યો:—

"भानोः सुपत्नी दुहिता प्रभानो—
मृतिं गता सा नृपकौतुकेन"

આ પ્રમાણે તે પૂર્વાર્દ્ધ બોલ્યો એટલે મહાસતી શોભાનો અવતાર પ્રભાવતી નીચે પ્રમાણે તેનું ઉત્તરાર્દ્ધ બોલી:—

"वाराणसीं प्राप पुनर्हि जन्म
जीवन्नरो भद्रशतानि पश्येत्" ?

ભાવાર્થ.

ભાનુની પત્ની અને પ્રભાનુની દીકરી (શોભા) રાજાના કુલમાંથી મૃત્યુ પામી હતી. તે ફરીવાર કાશીનગરીમાં જન્મ લઇ(તેના પતિને મળી.) જીવતો નર સો ભદ્ર જુવે છે. ॥ ૧ ॥

પ્રભાવતીએ આ પ્રમાણે શ્લોકનું ઉત્તરાર્દ્ધ પૂરું કર્યું, તે સાંભળી વૃદ્ધ ભાનુ વિચારમાં પડી ગયો. અહા ! આ સ્ત્રી કોણ હશે? મારી શોભા તો નહીં હોય. શોભા વિના આ શ્લોકનું ઉત્તરાર્દ્ધ બીજી કોઇથી પૂરું થઇ શકાય જ નહીં. વળી શોભાનો બીજો જન્મ આ

કાશીપુરીમાં થયો હોય તો તે સંભવિત છે. આવી સુંદર બાળાને મારાથી શી રીતે કહેવાય કે, તું શોભાનો અવતાર છે.

આ પ્રમાણે ભાનુ ચિંતવતો હતો, ત્યાં પ્રભાવતી બેઠી થઈને ફરીવાર તેના ચરણમાં નમી પડી અને બે હાથ જોડી બોલી—સ્વામિનાથ, હું આપની દાસી શોભાનો અવતાર પ્રભાવતી છું. આપનું દર્શન થતાં અને તે શ્લોકનું પૂર્વાર્દ્ધ સાંભળતાં મને મારા પૂર્વજન્મનું જ્ઞાન થઈ આવ્યું છે. પ્રાણનાથ! કોઈ જાતની ફીકર રાખશો નહીં. હું હજી કુમારિકા છું. આપના શિવાય કોઈ બીજા પુરૂષને વરવાની નથી. આપ નિશ્ચિંત રહેજો.

પ્રભાવતીનાં આવાં વચન સાંભળી ભાનુના નેત્રમાં આંસુ આવી ગયાં. અને તેના શરીર ઉપર રૂવાંડાં ઉભાં થઈ ગયાં. ભાનુએ ગદ્ ગદ્ કંઠે કહ્યું, જ્યારથી તમે શ્લોકનું ઉત્તરાર્દ્ધ પૂરૂં કર્યું, ત્યારથી મને ખાત્રી થઈ હતી કે, આ સ્ત્રી શોભાનો અવતાર છે, પણ તમારા જેવી કિશોરવયની સુંદરબાળાને મારાથી શી રીતે કહી શકાય? તમે એક ગૃહસ્થને ઘેર અવતર્યાં છો. વળી તમારૂં સૌંદર્ય અને નવીનવય અનુપમ છે. ક્યાં તમે સુંદર બાળિકા? અને ક્યાં હું એક દરિદ્રી વૃદ્ધ બ્રાહ્મણ! કદિ તમે મારી સાથે વિવાહિત થઈ રહેવાને ધારો તો પણ તમારા માતાપિતા તે વાત માન્ય કરે નહીં. હે સતી સ્ત્રી, તમારો સમાગમ થયો એથી મારા મનને સંતોષ થયો છે. [illegible] [illegible] પૂરૂં કરાય.

પ્રભાવતી— સ્વામિનાથ, આ શું બોલો છો? શું હું [illegible]

અને ભ્રાતા છે. સ્વામી, એવો વિચાર સ્વપ્ને પણ લાવશો નહીં. સતી સ્ત્રીઓ કદિ પણ પોતાના વ્રતથી ચલાયમાન થતી નથી. સૂર્ય પશ્ચિમમાં ઉગે, ધ્રુવનો તારો ચલાયમાન થાય અને પવન સ્થિર રહે તોપણ સતી સ્ત્રી પરપુરૂષને અંગીકાર કરતી નથી. સ્વામી, તમે મારા પતિ, મારા ઇષ્ટદેવ, મારા પૂજ્ય, મારા ગૃહીગુરૂ અને મારા તારક છો. તમે પોતેજ મારૂં સર્વસ્વ અને જીવન છો.

પ્રભાવતીનાં આવાં વચન સાંભળી ભાનુને ઘણો સંતોષ થયો. પોતાની પવિત્ર સતી શોભાનો ફરીવાર સમાગમ થવાથી તેના મનમાં આનંદ તો આવ્યો હતો પણ જ્યારે તેણીએ આ બીજા ભવમાં તેનેજ વરવાની ઇચ્છા બતાવી ત્યારે ભાનુના હૃદયમાં જે આનંદ પ્રગટ્યો હતો, તે અવર્ણનીય હતો.

ગોદાવરી કહે છે—હે સ્વામી, પછી પ્રભાવતીએ સખીને મુખે પોતાની માતાને કહેવરાવ્યું કે, તેણી કોઈ બીજા પુરૂષને વરશે નહીં. તેણે પોતાના પૂર્વજન્મના પતિને મેળવ્યો છે. આ ખબર સાંભળતાંજ પ્રભાવતીની માતા અગાશીમાં આવી. ત્યાં મલિન વસ્ત્રવાળો અને વૃદ્ધ થઇ ગયેલો ભાનુ તેણીના જોવામાં આવ્યો. ભાનુને જોતાંજ તેણીએ હૃદયમાં નિઃશ્વાસ મુકયો અને વિચાર્યું કે, કયાં મારી સુંદર પ્રભાવતી ! અને કયાં આ વૃદ્ધ દરિદ્રી કુરૂપ બ્રાહ્મણ એ વાત તેણીને ગમી નહીં. પછી તેણીએ પોતાની પુત્રી પ્રભાવતીને સમજાવવા માંડી ત્યારે પ્રભાવતીએ પોતાના પૂર્વજન્મની બધી વાત કહી સંભળાવી અને છેવટે પોતાનો અવિચલ નિશ્ચય જણાવ્યો. પ્રભાવતીની પૂર્વજન્મની વાત જાણી તેની માતા ચકિત થઈ ગઈ. પછી તેણીએ પોતાના પતિ ચંદ્રશિવને તે બધી વાર્ત્તા જણાવી. ચંદ્રશિવ પણ તે સાંભળી આશ્ચર્ય પામી ગયો.

ગોદાવરી કહે છે—હે સ્વામી, પોતાની પુત્રી પ્રભાવતીની ચમત્કારી વાત સાંભળી અને "આ પતિ સિવાય બીજા પુરૂષને તે

વરવાની નથી. જો બીજા પુરૂષની સાથે તેણીને પરણાવવામાં આવશે તો તે પોતાના દેહનો ત્યાગ કરી દેશે.” આવી તેણીની ભયંકર પ્રતિજ્ઞા જાણી તે ચંદ્રશિવે પ્રભાવતીને તે વૃદ્ધ ભાનુની સાથે મોટા ઉત્સવથી પરણાવી હતી. ચંદ્રશિવને બીજું કાંઇ સંતાન ન હતું; તેથી તેણે પોતાના જમાઇ ભાનુને ઘરજમાઈકરી રાખ્યો અને એક જુદો મેહેલ કરાવી ગૃહસ્થાશ્રમની સર્વ સામગ્રી સાથે ભાનુ અને પ્રભાવતીને તે અર્પણ કરવામાં આવ્યો, જેમાં રહીને ભાનુ ગૃહાવાસનું સંપૂર્ણ સુખ પ્રાપ્ત કરી શક્યો હતો.

ગોદાવરી પોતાના પતિ દેવશર્માને કહે છે—હે સ્વામી, આ પ્રમાણે ભાનુ જીવતો રહ્યો તો પાછો ફરીવાર સુખી થયો હતો. તે ઉપરથી લોકમાં **“जीवन्नरो भद्रशतानि पश्येत्”** “જીવતો નર સો ભદ્રા પામે” એ કહેવત ચાલી છે. આ ઉપરથી તમારે બોધ લેવાનો છે કે, ગમે તેવી આપત્તિ આવે તોપણ માણસે આત્મઘાત કરવો નહીં.

ગોદાવરીના મુખથી ભાનુનું દૃષ્ટાંત સાંભળી દેવશર્માના હૃદય ઉપર સારી અસર થઇ ગઇ. તરતજ તેણે પોતાનો શોક છોડી દીધો. અને તે હૃદયમાં આનંદ પામી બોલ્યો—પ્રિયા, તેં મને આત્મહત્યાના પાપમાંથી બચાવ્યો છે. તેં કહેલી વાર્ત્તા સાંભળી મારા મનમાં સારી હિંમત આવી છે. ભાનુની વાર્ત્તા ઉપરથી મને ઘણો બોધ મળ્યો છે. તેમાં ખાસ કરીને શોભાના સતીધર્મે મારા હૃદયને આકર્ષ્યું છે. વાહ! કેવો સતીધર્મ છે. સતીઓનો પ્રભાવ દિવ્ય છે. જગત્‌માં સતીઓનો ધર્મ સર્વથી વિજયવંત છે. પ્રાચીનકાળે પણ પતિવ્રતાઓએ પોતાના જીવનમાં જે ચમત્કારો દર્શાવ્યા છે, તેવા ચમત્કારો કોઈ બીજાએ દર્શાવ્યા નથી.

આનંદા કહે છે—હે પુત્રી લલિતા, અને બીજી બહેનો, તે ગોદાવરીના ઉપદેશથી તેનો પતિ દેવશર્મા પાછો હિંમતમાં આવી

ધંધે લાગ્યો હતો અને તેથી તે સુખી થયો હતો. આ ઉપરથી તમારે એટલો બોધ લેવાનો છે કે, પતિ જ્યારે નિર્ધન અવસ્થામાં આવે ત્યારે તેને સ્ત્રીએ ગોદાવરીની જેમ હિંમત આપવી જોઇએ. અને પતિના દુઃખમાં પૂર્ણ રીતે ભાગ લેવો જોઇએ. નાહિંમત અને નાશીપાશ થયેલો પતિ મૂંઝાઇને આત્મઘાત ન કરે અથવા વિદેશમાં ચાલ્યો ન જાય, એવા ઉપાયો સ્ત્રીએ કરવા જોઇએ.

પતિની નિર્ધન અને દુઃખી અવસ્થામાં સ્ત્રીએ કેવી રીતે વર્ત્તવું જોઇએ? એ વિષે એક સુંદર કવિતા મારી માએ મને શીખડાવી છે, જેનો હું હમેશાં પાઠ કરૂં છું.

લલિતા—બા, તમે એ કવિતા મને કેમ શીખવી નથી?

આનંદા—લલિતા, એ કવિતા જરા લાયક ઉમરવાળી સ્ત્રીથી સમજાય તેવી છે, તારા જેવી બાળકીથી સમજાય તેવી નથી, તેથી હાલ મેં તને શીખવી નથી.

લલિતા—બા, એમ ન થાય, મને તે શીખવવી પડશે. મારાથી જેટલું સમજાશે તેટલું સમજીશ.

ચંચળ—આનંદા કાકી, લલિતા બ્હેનને તે કવિતા શીખવો તો પછી હું પણ તેની પાસેથી શીખી લઉં.

પ્રેમદા—આનંદા બ્હેન, શીખવવાની વાત તો એક તરફ રહી પણ એક વાર સંભળાવો તો ખરાં.

ધર્મદાસશેઠ કહે છે—હે શ્રાવિકાઓ, પછી આનંદાએ નિર્ધન અને દુઃખી અવસ્થામાં સ્ત્રીએ કેવી રીતે વર્તવું જોઇએ? તે વિષેની કવિતા લલિતા અને બીજી શ્રાવિકાઓની આગળ ગાઈ સંભળાવી. તે કવિતા અહિં તમને આ શ્રાવિકા (ગંગા) ગાઇ સંભળાવશે.

પછી ગંગા ઉભી થઇ શ્રાવિકાશાળામાં તે કવિતા ગાય છે અને આનંદા પોતાની પુત્રી લલિતાની આગળ ગાય છે.



નિર્ધન અને દુઃખી અવસ્થામાં સ્ત્રીએ કેવી રીતે વર્ત્તવું જોઇએ ?

તે વિશેની કવિતા.

(જાણ્યું જાણ્યું હેત તમારૂં જાદવારે—એ રાગ.)

એ સદ્ગુણથી શોભે શ્રાવક સુંદરીરે;
વિપદ્ વખતમાં ધીરજ ધરતી નારજો. (એ ટેક.)

સમય સમયની છાયા જાણી સ્નેહથીરે,
[1]હરદમ હિંમત રાખી રહેતી નાર જો;
નિર્ધન નરમાં [2]નેહ ધરે જે નિર્મળોરે,
સાચી શ્રાવિકા જગમાં તે સુખકારજો. એ સદ્ગુણથી. ૧

જે દિલમાં નવ ડરતી દયિતા દુઃખ થકીરે,
સુખ દુઃખમાં જે ધરતી સરખો સ્નેહજો;
[3]અંતરના આનંદે અતિશે ઓપતીરે,
[4]દમન કરે પણ દુઃખમાં કોમળ દેહજો. એ સદ્ગુણ. ૨

નાથ ધરો હિંમત હૈયામાં હર્ષથીરે,
પ્રાણપતિ પરિતાપ કરો ન લગારજો:
કાલે [5]સુખકર સમય સુધરશે આપણોરે,
એવી હિંમત પતિને આપે નારજો. એ સદ્ગુણ. ૩

---

૧ હર વખતે. ૨ સ્નેહ. ૩ હૃદયના. ૪ દમન કરે—કસે. ૫ સુખને કરન

આ ધન વૈભવ ચપળ એમ મન ધારતીજો,
ઉદય અસ્તનું ચક્ર ફરે છે નિત જો;
એ મન ધારી ધીરજ ધરતી ધર્મથીજો,
પણ નવ છોડે શ્રાવકકુળની રીતજો. એ સદ્ગુણથી. ૪
ગર્વ ધરે નહીં જે સંપત સુખ સાંપડેજો,
વિપદ્ વખતમાં ખેદ કરે નહીં આપજો;
ધર્મ વિષે ધીરજથી દ્રઢતા રાખતીજો,
તે એળવતી શુદ્ધ શ્રાવિકા છાપજો. એ સદ્ગુણ. ૫
નિર્મળ નવલકથાઓ નિત્યે વાંચતીજો,
લે તેમાંથી બોધ અને શુભ સારજો;
[1]વિકટ પંથ સંસાર તણોજ સુધારતી,
ધન્ય શ્રાવિકા તણો સફળ અવતારજો. એ સદ્ગુણ. ૬

ઉપર પ્રમાણે ગંગાએ તે કવિતા સંભળાવી, તે સાંભળી શ્રાવિકાશાળામાં બધી શ્રાવિકાઓ ખુશી ખુશી થઇ ગઇ. તેઓએ હર્ષના આવેશથી ઉંચે સ્વરે આદીશ્વર ભગવાનની જય બોલાવી.

ધર્મદાસશેઠ કહે છે—હે માતાઓ અને બ્હેનો, જ્યારે આ કવિતા આનંદાએ ગાઈ સંભળાવી તે સાંભળી લલિતા, ચંચળ, પ્રેમદા, જયા, પ્રેમ, પુતળી, મોતી વગેરે બધી બાળા અને યુવાન શ્રાવિકાઓ ઘણીજ ખુશી થઇ ગઇ.

પછી આનંદાએ સર્વને જણાવ્યું કે આજે નિત્યના નિયમ પ્રમાણે આપણો વખત થઇ ગયો છે; માટે ઉપદેશ વાર્ત્તા સમાપ્ત કરીએ.

પછી બધી શ્રાવિકાઓએ ઉંચે સ્વરે આદીશ્વરભગવાનની જય

૧ વિકટ—નઠારો—ભયંકર.

બોલાવી અને તે પછી પ્રેમદા એકલીએ "સતી શ્રાવિકાની જય" એમ ઉંચે સ્વરે કહ્યું. પછી આનંદા અને લલિતા બેઠાં થયાં એટલે બીજી શ્રાવિકાઓ તેમની રજા લઇ પોતપોતાને ઘેર ગઇ.

ધર્મદાસશેઠ કહે છે—હે માતાઓ, અને બ્હેનો, આજે આપણો પણ ઉપદેશવાર્ત્તા સમાપ્ત કરવાનો વખત થઇ ગયો છે. માટે હવે બીજી વાર્ત્તા આવતી કાલે કરીશું. બોલો (આદીશ્વર ભગવાનની જય.) ધર્મદાસશેઠની પાછળ બધી શ્રાવિકાઓ ઉંચે સ્વરે આદીશ્વર ભગવાનની જય બોલે છે. અને તેથી શ્રાવિકાશાળાની ભૂમિ ગાજી ઉઠે છે.

ધર્મદાસશેઠ અને ગંગા પોતાને ઘેર જાય છે તે વખતે રસ્તામાં બધી શ્રાવિકાઓ તેમને વિનયથી નમન કરતી જાય છે અને તેમને ધર્મપિતા અને ધર્મમાતા તરીકે ગણી બહુ માન આપે છે.



દિવસ ૧૬ મો.

લક્ષ્મીચંદની સ્ત્રી તારા સવારમાં વેહેલી ઉઠીને
પ્રભુનું સ્મરણ કરી નીચે પ્રમાણે પ્રભાતીયું
ગાય છે:—

રાગ પ્રભાત.

(પદ્દોરે પોપટ રાજા રામના—એ રાહ.)

જાગીરે જુવો જૈનબાળિકા, શો છે ધર્મ તમારો. (એ ટેક)
દેવ ગુરૂને ધર્મમાં, ટેક દ્રઢતાથી રાખો;
સમકિતના શ્રૃંગારને, [1]સજી શુભ ફળ ચાખો. જાગીરે. ૧
અંગ ઉમંગ લહી [2]અંગના, જ્ઞાન ગંમત કરજો;
બાળા બોધનું બ્હેનડી, ભાવે ભણતર ભણજો. જાગીરે. ૨
પિયરરહીને [3]પ્રેમદા, [4]પૂજ્ય પૂજન કરજો;
માનથી માત ને તાતનું, હિત શિક્ષણ ધરજો. જાગીરે. ૩
સાસરિયામાં સુંદરી સ્નેહ સંપથી રહેજો;
સત્યથી ચતુરા ચાલજો, સત્યને મુખ કહેજો. જાગીરે. ૪
સાસૂ તણી નિત્ય સેવના, સખી સ્નેહથી કરજો;
નમ્ર બની નિત્ય નણંદમાં, [5]નેહ નિર્મળ ધરજો. જાગીરે. ૫
ભાવથી ભક્તિ રાખજો, ભરતારની ભારે;
પૂરણ પ્રેમથી પૂજજો, પતિને સંસારે. જાગીરે. ૬

---

૧ ધારણ કરી. ૨ સ્ત્રી. ૩ હે પ્રેમને આપનારી. ૪ પૂજવા યોગ્ય.
૫ સ્નેહ.

કાંત તણા [1]આદેશને, [2]ઉર ધારી ઉમંગે;
વર્ત્તન કરજો વ્હાલથી, રહિ [3]સદ્ગુણિ સંગે. જાગીરે. ૭

કોડ ધરી ઘરકામમાં, નિત્ય તત્પર રહેજો;
[4]કામણ જાણી કામને, કામિની દુઃખ સ્હેજો. જાગીરે. ૮

શ્રવણ કરો નિત્ય શ્રાવિકા, શુદ્ધ બોધની વાણી,
શ્રાવકકુળની બાળિકા, થાજો સદ્ગુણ ખાણી. જાગીરે. ૯

તારા આ પ્રભાતીયું બોલી રહી એટલે તેનો પતિ લક્ષ્મીચંદ પથારીમાંથી ઉઠી બાહેર આવે છે. તારા તેને બાહેર જવાનું પાણી આપે છે. તે બાહેર જઈ આવ્યા પછી તેના હાથપગ ધોવરાવે છે. હાથપગ ધોવરાવી ઘરની ખડકીએ ઓટલા ઉપર ચાકળો પાથરી તેની પાસે દાતણ અને જળ ભરેલો કળશ મુકે છે.

લક્ષ્મીચંદ દાતણ કરી મુખ ધોઇ ઘરમાં આવે છે. એટલે તારા પછવાડે જઇ ચાકળો અને કળશીઓ લઇ ઘરમાં આવે છે. તે વખતે તારા કહે છે—સ્વામિનાથ, જો ઘેર ન્હાવાની ઇચ્છા હોય તો ગરમ પાણી તૈયાર છે.

પોતાની વિનયી વનિતાનાં આવાં વચન સાંભળી લક્ષ્મીચંદ કહે છે—પ્રિયા, આજે તો દેહેરે ન્હાવાનો વિચાર છે. પછી તારાએ વિનયથી પુછ્યું, સ્વામિનાથ, આજે શું જમવું છે?

લક્ષ્મીચંદ—જે હમેશાં હોય તે.

તારા—શાક શેનું કરવું છે? જે કરવું હોય તે લાવી આપજો.

લક્ષ્મીચંદ—પ્રિયા, આજ તો શાક વિના ચલાવીશું. કારણકે મારી પાસે કાંઈ પૈસા નથી. જોકે શાક વિના મને ઠીક પડશે નહીં પણ શું કરીએ. પૈસા ન હોય તો ચલાવી લેવું.

---

૧ આજ્ઞાને. ૨ હૃદયમાં. ૩ સદ્ગુણવાળાના સંગમાં. ૪ જેણે કામણ કર્યું, તેણે કામણ કર્યું એમ કામને કામણરૂપ જાણીને.

તારા—તમારી પાસે પૈસા કેમ નથી? તમારો પગાર આવ્યો છે કે નહીં.

લક્ષ્મીચંદ—પ્રિયા! મારા શેઠ નગીનદાસ નાણાવટીને આ માસમાં નુકશાની થઈ છે, તેથી તે પૂરેપૂરી તંગીમાં છે. માટે તેઓ આ માસમાં પગાર ચુકાવી શક્યા નથી. પ્રાણપ્રિયા, જ્યારે શેઠ સંકટમાં આવી પડ્યા હોય, ત્યારે વફાદાર નોકરોએ તેની લાજ રાખવી જોઈએ. સંકટના વખતમાં સહાય આપનારા સેવકોની સત્કીર્ત્તિ થાય છે. સ્વામી અને સેવકનો ધર્મ ત્યારેજ સચવાય છે. તેથી મેં મારા શેઠને પગાર માટે આગ્રહ કર્યો નથી. તેથી હું પણ તંગીમાં આવી ગયો છું.

તારા—સ્વામિનાથ, એ તમેં બહુ સારૂં કર્યું. તમે તમારો ખરો ધર્મ બજાવ્યો છે. તેને માટે મને વધારે ખુશી ઉત્પન્ન થાય છે. આપણે કદિ તંગી ભોગવીશું તેથી કાંઈ હરકત નથી પણ આપણા શેઠને દુઃખમાં દુઃખ આપવું, તે કોઈ રીતે યોગ્ય નથી. આપણે સારા પ્રતાપ શેઠના છે. આજ દિન સુધી તેણે આપણું પાલનપોષણ કર્યું છે. તેનો મોટો આભાર આપણા ઉપર સદાને માટે છે. એ આપણા અન્નદાતા છે અન્નદાતાનું શુભ ચિંતવવું, એ આપણું કર્ત્તવ્ય છે. દરેક શ્રાવક અને શ્રાવિકાએ ભોજન કર્યા પછી નીચેનું વાક્ય બોલવાનું છે:—

"अन्नदाता सुखी भवतु"

"અન્નનો આપનાર સુખી થાવ"

લક્ષ્મીચંદ—પ્રિયા, તને તે પૂરી જાણકારી થઈ છે. મારા શુભ પરિણામને તેં ખરેખરો ટેકો આપ્યો છે. તારા નિર્મળ દેલાં વચનોથી મારામાં સેવાધર્મની જાગૃતી થઈ છે. તારા જેવી સ્ત્રી [illegible] સદ્ગુણના વિચારોથી શ્રાવક પોતાના કર્ત્તવ્યને

સમજનાર અને તે પ્રમાણે વર્ત્તી પોતાના જન્મને સાર્થક કરનાર થાય છે.

તારા—સ્વામિનાથ, એમાં મેં શું કર્યું છે ? આપના જેવા સદ્ગુણીના સહવાસથી મને સારી બુદ્ધિ થવાના પ્રસંગો વારંવાર બને છે. તેમાં ખાસ કરીને ધર્મપિતા ધર્મદાસશેઠના ઉપદેશનું આ ફળ છે. એ મહાનુભાવનો આખા રૂપનગરના સંઘની શ્રાવિકાઓ ઉપર મોટો આભાર છે. જે જે શ્રાવિકા તેમની ઉપદેશવાર્ત્તા સાંભળે છે, તે શ્રાવિકાનો જન્મ સુધરી જાય છે. તેમનાં પવિત્ર સતી સ્ત્રી ગંગા ખરેખર ગંગા જેવાંજ છે. તેમના હૃદયની નિર્મળતા ગંગા જળના જેવી છે. એ બંને દંપતી આપણા રૂપનગરના સંઘનું સ્વરૂપ છે. પ્રાણનાથ, એ બાબતમાં મારે પેહેલો ઉપકાર મારાં અજવાળી બ્હેનનો માનવાનો છે. કારણકે, પેહેલાં મને તેઓજ ધર્મદાસશેઠની શ્રાવિકાશાળામાં લઇ ગયાં હતાં, અને તેથી મને આ બધો લાભ મળ્યો છે. હું પેહેલાં તદ્દન અભણ હતી, તે હવે મને વાંચતાં લખતાં પણ આવડી ગયું છે. ધર્મમાતા ગંગાબાના મુખની ધર્મ તથા નીતિની ઘણી કવિતાઓ અને ગરબીઓ મેં મોઢે કરેલી છે.

લક્ષ્મીચંદ—પ્રિયા ! તું કહે છે; તે સત્ય છે. ધર્મદાસશેઠની શ્રાવિકાશાળા થતાં આપણા ગામની શ્રાવિકાઓનો ઉદ્ધાર થઇ ગયો છે. અત્યારે ધર્મદાસશેઠ અને ગંગા જે પુણ્ય બાંધે છે, તેવું બીજો કોઇકજ શ્રાવક બાંધી શકતો હશે. જો આ પ્રમાણે તે શ્રાવિકાશાળા નિર્વિઘ્ને લાંબોકાળ ચાલશે તો રૂપનગરના બધા સંઘનો ઉદ્ધાર થઇ જશે. અને ચોથો આરો પ્રવર્ત્તશે.

પ્રિયા આજકાલ જૈનધર્મના ઘણા ઉત્સવો થયા કરે છે. અઠ્ઠાઇ ઉત્સવ, પ્રતિષ્ઠામહોત્સવ, સ્નાત્રોત્સવ, તીર્થની નવી નવી રચનાઓ અને તપ તથા વ્રતનાં મોટાં મોટાં ઉજમણાં થાય છે—એ બધા

ઉત્સવો જો કે ધર્મનો ઉદ્યોત કરનારાં છે, પણ તે કરવાના જે મૂળ હેતુ છે, તે બરાબર સચવાતા નથી. તેમાં ખાસ કરીને વરઘોડામાં તો જૈન લોકોની ઉઘાડી અજ્ઞાનતા જણાઈઆવે છે. તે ઉત્સવ અને તેના વરઘોડાઓ જોવાથી જે ભાવના ભાવવી જોઇએ તે ભાવના જરાપણ ભાવી શકાતી નથી. ત્યાં તો અજ્ઞાનતાજ દેખાઈ આવે છે. રજોગુણથી વાદપૂર્વક ઘી બોલી હાથીના હોદ્દા ઉપર સોનેરી રૂપેરી રથ તથા તાવદાન ઉપર બેસી અને ઉમદા પોશાકો પેહેરી ડાડમાડથી શહેરમાં ફરવાની હોંશ પૂરી કરવામાં આવે છે. નવા નવા તીર્થની રચનાઓમાં પણ એવીજ અજ્ઞાનતા જોવામાં આવે છે. આવાં આવાં આડંબરનાં કામોમાં ધનાઢ્ય શ્રાવકો લાખો રૂપીઆ ખર્ચી નાખે છે, પણ જે કાર્ય શ્રાવકના ધર્મ તથા ગૃહસંસારને સુધારવાનાં છે, તેમાં કોઇ ધ્યાન આપતું નથી. પ્રિયા, એ કામ તો ખરેખરૂં ધર્મદાસશેઠે ઉપાડ્યું છે. એ મહાનુભાવ શ્રાવકે ચતુર્વિધ સંઘને માટે ખરેખરો આત્મભોગ આપ્યો છે. તેમના જીવિતને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે. જો આવી રીતે ભારતવર્ષમાં દરેક શહેર અને ગામડામાં એવી શ્રાવિકાશાળાઓ સ્થાપવામાં આવે અને ધર્મદાસ જેવા પરોપકારી શ્રાવકો તેમાં લાગ લે તો આખા ભારતવર્ષની જૈન કોમનો ઉદ્ધાર થઇ જાય. શાસનદેવતા તેવો સમય ક્યારે લાવશે? પ્રિયા, હવે મારે જિનપૂજા કરવાનો સમય થઇ ગયો છે. તેથી હું દેહેરે જાઉં છું. હમણાં શાક વિના ચલાવી લઈશું.

તારા—સ્વામીનાથ, મારી પાસે એક બે રૂપીઆના પૈસા છે, તે તમે તમારી પાસે રાખો. તેમાંથી શાક વગેરે જોઇએ તે લાવજો.

લક્ષ્મીચંદ— તમારી પાસે પૈસા ક્યાંથી?

તારા—સ્વામીનાથ, મેં તે પૈસા ઘર આગળ કામ કરીને એકઠાં કર્યા છે.

લક્ષ્મીચંદ—તમે શું કામ કરીને પૈસા એકઠા કર્યા છે. ?

તારા—ધર્મપિતા, ધર્મદાસશેઠની શ્રાવિકાશાળામાં બપોર પછી એક કલાક ભરવા શીખવાનું કામ ચાલે છે, તે કામ આપણી દીવાળી શીખેલી છે. અને તેની પાસેથી હું શીખી છું. જ્યારે જ્યારે મને વખત મળે છે, ત્યારે તે કામ હું કરૂં છું અને તેમાંથી મને આ પૈસા મળ્યા છે.

લક્ષ્મીચંદ—આપણી દીવાળીને તે કામ કોણે શીખવ્યું છે?

તારા—સ્વામીનાથ, અમારાં ધર્મમાતા ગંગાબાઈએ શીખવ્યું છે. એ પવિત્ર શ્રાવિકા દરરોજ એક કલાક આવી બધી શ્રાવિકાઓને ભરવા વગેરેનું નિર્દોષ કામ શીખવે છે. તેમાં આપણી દીવાળી પહેલો નંબર રાખે છે.

લક્ષ્મીચંદ—વાહ! ધન્ય છે, એ ગંગાબાઈ શ્રાવિકાને. તેના જેવી શ્રાવિકાઓ આ જગત્‌માં દુર્લભ છે.

તારા—સ્વામિનાથ, તેમને તો જેટલો ધન્યવાદ આપો તેટલો થોડો છે. એ પવિત્ર માતાએ ઘણી ગરીબ, અનાથ, અપંગ અને વિધવા શ્રાવિકાઓને ઘેર બેઠાં થાય તેવા નિર્દોષ ધંધામાં જોડી દીધી છે. એ મહાસતીના પ્રભાવથી બીચારી ઘણી શ્રાવિકાઓ સુખે નિર્વાહ કરી શકે છે. રેશમ, કીનખાબ, જરી અને કશબનું ઉંચી જાતનું ભરત કામ રૂપનગરની શ્રાવિકાશાળામાં બને છે. તે સાથે વેતરવાનું અને શીવવાનું પણ ઉંચી જાતનું કામ ત્યાં થાય છે.

લક્ષ્મીચંદ—વાહ! એ ઘણીજ સારી યોજના કરી છે. દરેક ધનાઢ્ય શ્રાવકોએ એવી શ્રાવિકાશાળાને તન, મન અને ધનથી મદદ કરવી જોઇએ. જેમાં ધાર્મિક, સાંસારિક અને ઔદ્યોગિક શિક્ષણ મેળવી શકાય તેવી શ્રાવિકાશાળાઓ સંખ્યાબંધ થાય તો જૈનકોમની ઉન્નતિ સત્વર થાય, એમાં કાંઈ પણ સંદેહ નથી. પ્રિય જૈનબંધુઓ, જાગ્રત થાઓ. તમારા દ્રવ્યનો સાત ક્ષેત્રમાં સદુપયોગ કરો. તેમાં પ્રથમ જ્ઞાનક્ષેત્રની અને શ્રાવિકાક્ષેત્રની સુધારણા કરવા

તત્પર થાઓ. એ બંને ક્ષેત્રની જો ખરેખરી ઉન્નતિ થશે તો બીજાં પાંચ ક્ષેત્રો એની મેળે ઉન્નતિમાં આવી જશે. પરોપકારી અને કૃપાળુ મુનિઓ, તમે પણ એ કાર્યમાં સહાય આપો. જેવી રીતે જ્ઞાનક્ષેત્ર અને શ્રાવિકાક્ષેત્રને પુષ્ટિ મળે તેવા ઉપદેશો આપી તમારા ચારિત્રને કૃતાર્થ કરો. જો જૈનકોમ ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના શિખર ઉપર આવી હશે તો પછી દરેક શહેર અને ગામમાં મોટા મોટા ઉત્સવો કરવાને તે સમર્થ થઈ શકશે. તેમજ તમારા પ્રવેશોત્સવ, તમારા દીક્ષા ઉત્સવ અને તમારા તપસ્યા તથા વ્રતના બીજા મહાન્ ઉત્સવો કરવા તેઓ ઉલટભેર આગળ પડશે. પ્રિયા, તમને પણ ઘણી સાબાશી ઘટે છે. નવરાશના વખતમાં ભરત કામ કરી તમે આટલા પૈસા એકઠા કર્યા. તે કામ તમારા જીવનમાં ઘણુંજ યશસ્વી થયેલું છે. આવી તંગીના વખતમાં તમે મને મોટી મદદ આપવા તૈયાર થયા એ વાત તમારા જીવનને ઉજ્વલ કરનારી છે.

પછી તારા પોતાના પતિ લક્ષ્મીચંદને પોતાના બધા પૈસા સોંપી દે છે. લક્ષ્મીચંદ તે પૈસા લઈ હર્ષ પામતો દેહેરે પૂજા કરવા જાય છે. નિત્યના નિયમ પ્રમાણે ધર્મદાસશેઠ અને ગંગા શ્રાવિકાશાળામાં આવે છે. રૂપનગરની શ્રાવિકાઓ અગાઉથી આવી હાજર થઈ બેઠી છે. બંને ધર્મી શ્રાવકદંપતીને જોતાંજ બધી ઉભી થઈ તેમને નમન કરે છે અને પછી આદીશ્વર ભગવાન્‌ની જય બોલાવી શ્રાવિકાશાળાને ગજાવી મુકે છે:—

ધર્મદાસશેઠ મનમાં નવકાર મંત્ર ભણી નીચે પ્રમાણે મંગળાચરણ કરે છે:—

ગીતિ.

જય જય મંગળ મૂરતિ, મંગળકારી [1]મહેશ [2]મનહારી,
જયજય [3]જગદાધાર જય જિનવર જય [4]જનેશ જયકારી. ૧

૧ મોટા ઇશ્વર. ૨ મનોહર. ૩ જગતના આધાર. ૪ લોકોના સ્વામી.

તારા—ધર્મપિતા, ધર્મદાસશેઠની શ્રાવિકાશાળામાં બપોર પછી એક કલાક ભરવા શીખવાનું કામ ચાલે છે, તે કામ આપણી દીવાળી શીખેલી છે. અને તેની પાસેથી હું શીખી છું. જ્યારે જ્યારે મને વખત મળે છે, ત્યારે તે કામ હું કરૂં છું અને તેમાંથી મને આ પૈસા મળ્યા છે.

લક્ષ્મીચંદ—આપણી દીવાળીને તે કામ કોણે શીખવ્યું છે?

તારા—સ્વામીનાથ, અમારાં ધર્મમાતા ગંગાબાઈએ શીખવ્યું છે. એ પવિત્ર શ્રાવિકા દરરોજ એક કલાક આવી બધી શ્રાવિકાઓને ભરવા વગેરેનું નિર્દોષ કામ શીખવે છે. તેમાં આપણી દીવાળી પેહેલો નંબર રાખે છે.

લક્ષ્મીચંદ—વાહ! ધન્ય છે, એ ગંગાબાઈ શ્રાવિકાને. તેના જેવી શ્રાવિકાઓ આ જગતમાં દુર્લભ છે.

તારા—સ્વામિનાથ, તેમને તો જેટલો ધન્યવાદ આપો તેટલો થોડો છે. એ પવિત્ર માતાએ ઘણી ગરીબ, અનાથ, અપંગ અને વિધવા શ્રાવિકાઓને ઘેર બેઠાં થાય તેવા નિર્દોષ ધંધામાં જોડી દીધી છે. એ સદ્‌ગુણીના પ્રભાવથી બીચારી ઘણી શ્રાવિકાઓ સુખે નિર્વાહ કરી શકે છે. રેશમ, કીનવાસ, જરી અને કશબનું ઉંચી જાતનું ભરત કામ રૂપનગરની શ્રાવિકાશાળામાં બને છે. તે સાથે વેતરવાનું અને શીવવાનું પણ ઉંચી જાતનું કામ ત્યાં થાય છે.

લક્ષ્મીચંદ—વાહ! એ ઘણીજ સારી યોજના કરી છે. દરેક ધનાઢ્ય શ્રાવકોએ એવી શ્રાવિકાશાળાને તન, મન અને ધનથી મદદ કરવી જોઈએ. જેમાં ધાર્મિક, સાંસારિક અને ઔદ્યોગિક શિક્ષણ મેળવી શકાય તેવી શ્રાવિકાશાળાઓ સંખ્યાબંધ થાય તો જૈનકોમની ઉન્નતિ સત્વર થાય, એમાં કાંઈ પણ સંદેહ નથી. પ્રિય જૈનબંધુઓ, જાગૃત થાઓ. તમારા દ્રવ્યનો સાત ક્ષેત્રમાં સદુપયોગ કરો. તેમાં પ્રથમ જ્ઞાનક્ષેત્રની અને શ્રાવિકાક્ષેત્રની સુધારણા કરવા

નાયક થાઓ. [illegible] અને [illegible] ... [illegible] થયો [illegible] ... આવી ગયો. [illegible] ... [illegible]

[illegible]

[illegible]

શાંતિ.

[illegible]

તારા—ધર્મપિતા, ધર્મદાસશેઠની શ્રાવિકાશાળામાં બપોર પછી એક કલાક ભરવા શીખવાનું કામ ચાલે છે, તે કામ આપણી દીવાળી શીખેલી છે. અને તેની પાસેથી હું શીખી છું. જ્યારે જ્યારે મને વખત મળે છે, ત્યારે તે કામ હું કરૂં છું અને તેમાંથી મને આ પૈસા મળ્યા છે.

લક્ષ્મીચંદ—આપણી દીવાળીને તે કામ કોણે શીખવ્યું છે?

તારા—સ્વામીનાથ, અમારાં ધર્મમાતા ગંગાબાઈએ શીખવ્યું છે. એ પવિત્ર શ્રાવિકા દરરોજ એક કલાક આવી બધી શ્રાવિકાઓને ભરવા વગેરેનું નિર્દોષ કામ શીખવે છે. તેમાં આપણી દીવાળી પહેલો નંબર રાખે છે.

લક્ષ્મીચંદ—વાહ! ધન્ય છે, એ ગંગાબાઈ શ્રાવિકાને. તેના જેવી શ્રાવિકાઓ આ જગત્‌માં દુર્લભ છે.

તારા—સ્વામિનાથ, તેમને તો જેટલો ધન્યવાદ આપો તેટલો થોરો છે. એ પવિત્ર માતાએ ઘણી ગરીબ, અનાથ, અપંગ અને વિધવા શ્રાવિકાઓને ઘેર બેઠાં થાય તેવા નિર્દોષ ધંધામાં જોડી દીધી છે. એ મહાસતીના પ્રભાવથી બીચારી ઘણી શ્રાવિકાઓ સુખે નિર્વાહ કરી શકે છે. રેશમ, કીનવાસ, જરી અને કશબનું ઉંચી જાતનું ભરત કામ રૂપનગરની શ્રાવિકાશાળામાં બને છે. તે સાથે વેતરવાનું અને શીવવાનું પણ ઉંચી જાતનું કામ ત્યાં થાય છે.

લક્ષ્મીચંદ—વાહ! એ ઘણીજ સારી યોજના કરી છે. દરેક ધનાઢ્ય શ્રાવકોએ એવી શ્રાવિકાશાળાને તન, મન અને ધનથી મદદ કરવી જોઇએ. જેમાં ધાર્મિક, સાંસારિક અને ઔદ્યોગિક શિક્ષણ મેળવી શકાય તેવી શ્રાવિકાશાળાઓ અંખ્યાબંધ થાય તો જૈનકોમની ઉન્નતિ સત્વર થાય, એમાં કાંઈ પણ સંદેહ નથી. પ્રિય જૈન બંધુઓ, જાગ્રત થાઓ. તમારા દ્રવ્યનો સાત ક્ષેત્રમાં સદુપયોગ કરો. તેમાં પ્રથમ જ્ઞાનક્ષેત્રની અને શ્રાવિકાક્ષેત્રની સુધારણા કર

તત્પર થાઓ. એ બંને ક્ષેત્રની જો ખરેખરી ઉન્નતિ થશે તોજ બીજાં પાંચ ક્ષેત્રો એની મેળે ઉન્નતિમાં આવી જશે. પરોપકારી અને કૃપાળુ મુનિઓ, તમે પણ એ કાર્યમાં સહાય આપો. જેવી રીતે જ્ઞાનક્ષેત્ર અને શ્રાવિકાક્ષેત્રને પુષ્ટિ મળે તેવા ઉપદેશો આપી તમારા ચારિત્રને કૃતાર્થ કરો. જો જૈનકોમ ધાર્મિકઅને સાંસારિક ઉન્નતિના શિખર ઉપર આવી ઠરશે તો પછી દરેક શહેર અને ગામમાં મોટા મોટા ઉત્સવો કરવાને તે સમર્થ થઈ શકશે. તેમજ તમારા પ્રવેશોત્સવ, તમારા દીક્ષા ઉત્સવ અને તમારા તપસ્યા તથા વ્રતના બીજા મહાન્ ઉત્સવો કરવા તેઓ ઉલટભેર આગળ પડશે. પ્રિયા, તમને પણ ઘણી શાબાશી ઘટે છે. નવરાશના વખતમાં ભરત કામ કરી તમે આટલા પૈસા એકઠા કર્યા. તે કામ તમારા જીવનમાં ઘણુંજ યશસ્વી થયેલું છે. આવી તંગીના વખતમાં તમે મને મોટી મદદ આપવા તૈયાર થયા એ વાત તમારા જીવનને ઉન્નત કરનારી છે.

પછી તારા પોતાના પતિ લક્ષ્મીચંદને પોતાના બધા પૈસા સોંપી દે છે. લક્ષ્મીચંદ તે પૈસા લઈ હર્ષ પામતો દેહેરે પૂજા કરવા જાય છે. નિત્યના નિયમ પ્રમાણે ધર્મદાસશેઠ અને મંગળા શ્રાવિકાશાળામાં આવે છે. રૂપનગરની શ્રાવિકાઓ અગાઉથી આવી હાજર થઈ બેઠી છે. બંને ધર્મી શ્રાવકદંપતીને જોતાંજ બધી ઉભી થઈ તેમને નમન કરે છે અને પછી આદીશ્વર ભગવાનની જય બોલાવી શ્રાવિકાશાળાને ગજાવી મુકે છે:—

ધર્મદાસશેઠ મનમાં નવકાર મંત્ર જપી નીચે પ્રમાણે મંગળાચરણ કરે છે:—

ગીતિ.

જય જય મંગળ મૂરતિ, મંગળકારી [1]મહેશ [2]મનહારી,
જયજય [3]જગદાધાર જય જિનવર જય [4]જૈનેશ જયકારી. ૧

૧ મહાદેવ. ૨ મનોહર. ૩ જગતના આધાર. ૪ જૈનોના ઇશ્વર.

શાસનદેવ [1]દયાધર, વિશ્વ તણાં સર્વ દુઃખને હરજો;
સર્વ શ્રાવિકા જનને, સુખકર સદ્બોધથી સુખી કરજો. ૨

વીરસુતા સંભાળી, વીરધર્મમાં વધારજો નિત્યે,
વીરતણાં સંતાનો, સદ્ગુણ આપી સુધારજો પ્રીતે. ૩

શ્રાવકના સંસારો, સુધારવા સ્નેહ [2]સદા આચરજો;
કરી પ્રેરણા સારી, દુષ્ટ રિવાજો બધાય [3]સંહરજો. ૪

ધર્મદાસ શેઠ મંગળાચરણ કરી રહ્યા પછી ગંગાએ ઉભાં થઇને જણાવ્યું કે, મણિ, આજે બોદશના પર્વનો દિવસ છે, માટે આપણે પ્રભુની ભક્તિનું કાંઇક ગીત ગાઇએ.

મણિ—જેવી ધર્મમાતાની આજ્ઞા પછી ગંગા નીચે પ્રમાણે પ્રભુની ભક્તિનું ગીત ગાય છે અને તેની સાથે તારા, દીવાળી, અને મણિ વગેરે બીજી શ્રાવિકાઓ મધુર સ્વરથી ગાય છે.

પ્રભુની ભક્તિનું ગીત.

(હરિ ભજન વિના દુઃખ દરિઆ સંસારનો
પાર ન આવે—એ રાહ.)

જિનભક્તિ વિના ભવસાગર તરવાનો અંત ન આવે.
શ્રી જિનવર નામ નિત્ય જપ્યા,
વિણ જન્મ મરણ નવ જાવે. એ ટેક.
જિનભક્તિ વિષે જે ભાવ ધરે,
પ્રભુ પૂજનમાં નિજ પ્રેમ કરે;
પ્રભુ ધ્યાન વિષે તે નિત્ય કરે. જિનભક્તિ. ૧

---

૧ હે દયાને ધારણ કરનાર શાસનદેવતા. ૨ હંમેશા. ૩ નાબુદ કરજો.

જિનભક્તિ જગતમાં [1]કલ્પલતા,
પ્રભુ પ્રેમ વિષે જ્યાં [2]તત્પરતા;
મન વાંછિતની ત્યાં પૂરણતા. જિનભક્તિ. ૨

પરિપૂરણ [3]પૂર્વ પુણ્ય બળે,
[4]સુખસાધક [5]માનવ જન્મ મળે;
જિનભક્તિ વિના નવ કાંઈ વળે. જિનભક્તિ. ૩

[6]ભવતારણ છે જિનભક્તિ ભલી,
કરતાં સહુ જાય વિપત્તિ ટળી;
સુખસંપત્તિ તેથી મળે [7]અકળી. જિનભક્તિ. ૪

જિનભક્તિ કરી કેક જીવ તર્યા,
સુખે મોક્ષપુરીમાં તે વિચર્યા;
[8]પરમાત્મ તણા સમાધિ કર્યો. જિનભક્તિ. ૫

આ પ્રમાણે ગંગા વગેરે શ્રાવિકાઓ પ્રભુની ભક્તિનું ગીત ગાઈ રહ્યા પછી ધર્મદાસશેઠે પોતાની ઉપદેશ વાર્ત્તા શરૂ કરી.

હે શ્રાવિકાઓ; જ્યારે હંમેશનો સમય થયો, એટલે આનંદા પોતાની પુત્રી લલિતાને ઉપદેશવાર્ત્તા કરવા પોતાના સ્થાન ઉપર આવી તે વખતે ચંચળ, પ્રેમ, પુતળી, જયા, પ્રેમદા પોતી વગેરે બધાં હાજર થયાં. પછી આનંદાએ પોતાની ઉપદેશવાર્ત્તાનો આરંભ કર્યો—હે બ્હેન લલિતા, આજે હું તને કર્મ વિષે સમજાવું, તે તું ધ્યાનપૂર્વક સાંભળજે. આ સંસારમાં જ્યારે આપણે વિચાર કરીએ છીએ, ત્યારે સાફ જણાય છે કે, આ સંસારજ દુઃખરૂપ છે. લોકો જે દુઃખ નામના પદાર્થ કહે છે, તે આ સંસારજ છે. કારણકે, જે વસ્તુ સંસારથી રહિત છે, તેમાં દુઃખ એવું

૧ કલ્પવૃક્ષની લતા—વેલ. ૨ તેમાં આસક્તિ. ૩ પૂર્વના. ૪ સુખને સાધનાર. ૫ મનુષ્યનો જન્મ. ૬ સંસારને તારનાર. ૭ કળી શકાય નહીં તેવી. ૮ પરમાત્માના આનંદમાં.

કાંઇજ નથી. માટે આપણા જૈન વિદ્વાનોએ તે સંસારને મોટા રોગરૂપ કહ્યો છે. આવા રોગ જેવા દુઃખરૂપ સંસારમાં અવિવેકી મનુષ્યો આસક્તિવાળા રહીને 'આ વસ્તુ મળે તો અમને સુખ થાય, પેલી વસ્તુ મળે તો અમને સુખ થાય'. એમને એમ કરતાં સુખ પામ્યા વિનાજ મરી જાય છે અને આખરે તેમની માઠી ગતિ થાય છે. માટે વિવેકી માણસોએ તો જે જે વસ્તુ મળી આવે, અને જેમાં વધારે ક્લેશ કે નઠારૂં ધ્યાન ન થાય એવા ઉપાયો વડે અન્ન વસ્ત્ર વગેરે ગૃહ-સંસારના સાધનોને મેળવી લેવાં. અને સર્વમાં સંતોષ રાખી પોતાનું જે કર્ત્તવ્ય હોય, તે કર્યા કરવું.

બ્હેનો, જ્યારે જ્યારે માણસને માથે દુઃખ આવે છે, ત્યારે તે ચિંતવે છે કે, આ કયાં પાપકર્મનું આવું ફળ મને આવી નડ્યું? આથી એમ જાણવું. કે દુઃખ થવું એ પૂર્વે કરેલાં પાપ કર્મનું ફળ છે અને જ્યારે જ્યારે સુખ આવે છે, ત્યારે માણસને એમ થાય છે કે, આ સુખ પૂર્વના કોઇ પણ સારાં કર્મનું ફળ છે. તે ઉપરથી આપણે જાણવું જોઇએ કે નઠારાં કર્મ કરવાથી દુઃખ થાય છે અને સારાં કર્મ કરવાથી સુખ થાય છે. આ વાત અનુભવથી સિદ્ધ થયા છતાં પણ જ્યારે આપણે રાત્રિ દિવસ સારાં કર્મ કરવાની ઇચ્છા ન રાખીએ પછી આપણાથી બીજું કોણ મૂર્ખ કહેવાય ? આથી જે માણસને દુઃખ આવી પડે ત્યારે બીજી બધી વાત છોડી દઇ સારાં કર્મ કરે તો તેને સુખ મળ્યા વિના નજ રહે. પણ તેવા દુઃખીઆ માણસોની અવળી બુદ્ધિ હોવાથી તે ભાગ્યેજ સારાં કર્મ કરવા ઇચ્છે છે.

બ્હેન લલિતા, આ પ્રસંગે સારાં કર્મ કયાં છે અને નઠારાં કર્મ કયાં છે? તેનું તને ટુંકામાં સ્વરૂપ કહું છું, તે તું ધ્યાન દઇને સાંભળજે. કારણકે, પ્રથમ સારૂં તથા નઠારૂં જાણ્યા વિના નઠારૂં ત્યજવું અને સારૂં કરવું તે કેમ બની શકે? માટે હવે તારા ચિત્તને ઠેકાણે રાખીને સાંભળજે. બ્હેનો, તમે પણ આ વાત ઉપર પૂરેપૂરૂં લક્ષ આપજો.

૧. કોઇ પણ પ્રાણી ભુખ્યું હોય તેને આપણી શક્તિ પ્રમાણે અન્ન આપવું અને જે તરસ્યું હોય તેને પાણી પાવું.

૨. કોઇ માણસ નિરાશ્રય હોય, સ્થાન વિના દુઃખી હોય, તેને વિશ્રામ કરવા સ્થાન આપવું.

૩. વર્ષાદ અથવા શીયાળામાં કોઇ ટાઢથી પીડાતું હોય અથવા રોગીને સુવા પાથરવાનું કાંઇ સાધન ન હોય, તેવાને પેહેરવા ઓઢવા વસ્ત્ર આપવું. જો કદિ આપણી પાસે ન હોય તો તેમને માટે દયા લાવવી.

૪. સ્વધર્મી હોય, કે પરધર્મી હોય પણ જો તે દયાપાત્ર હોય તો તેને યથાશક્તિ સહાય આપવી.

૫. સર્વને માટે મનમાં સારા વિચારો અને સંકલ્પો કરવા. મનથી કોઇનું અશુભ ચિંતવવું નહીં, વચનથી કોઇને ખેદ થાય એમ કરવું નહીં, અને કાયાથી કોઇનું બગાડવું નહીં.

૬. દરેકની વચનથી પ્રશંસા કરવી અથવા કોઇની નિંદા કરવી નહીં.

૭. જો આપણાથી બને તો સત્પાત્ર સાધુ, અથવા વતિની સેવા કરવી.

૮. જે કોઇ આપણા વડેરાં હોય તેમને બે હાથ જોડી નમસ્કાર કરવો.

આવી રીતે કરવાથી સારાં કામ કર્યાં કહેવાય છે અને તેથી પુન્યનો બંધ થાય છે.

આ શિવાય બીજી પણ આઠ બાબતો સારાં કર્મમાં મુખ્ય ગણેલી છે.

૧. મન, વચન અને કાયાથી નિરપરાધી પ્રાણીને પીડા ન કરવી.

૨. જે સત્ય અને પ્રિય બાબત આપણે જાણતા હોઇએ અથવા જે જે રૂપે માનતા હોઇએ તેવેજ રૂપે બીજાની આગળ કહી બતાવવી—એટલે સાચુ' બોલવું.

૩. કોઇ પણ વસ્તુ ઉપર બીજાનો હક અથવા માલિકી હોય, તે જાણ્યા છતાં તે હકદાર અથવા માલિકની રજા વિના આપણા ઉપયોગ માટે લેવી અથવા વાપરવી એનુ' નામ ચોરી કહેવાય છે, તેવી ચોરી કદિ પણ કરવી નહીં.

૪. અ'તરની અને બાહેરની બ'ને પ્રકારની પવિત્રતા રાખવી. શોક, કામ, ક્રોધ, મોહ, ભય અને લોભ એ આપણા શરીરમાં રહેનારા શત્રુ છે, તેને વશ રાખવા અને મનમાં જરા પણ છળકપટ ન રાખવુ'—એ અ'તરની પવિત્રતા કહેવાય છે. આપણા શરીરને તેલ વગેરે ચામડીને સાફ રાખનારા પદાર્થોથી મશળ્યા પછી ચોખા અને [1]પ્રાસુક જળવડે ધોઇને સાફ કરવુ',તે બાહેરની પવિત્રતા કહેવાય છે.

૫. આપણી માનેલી વસ્તુને આપણા ખરા ઉપયોગ કરતાં વધારે છે, એમ જાણ્યા પછી તેમાંથી કોઇ પણ દુઃખી માણસને તેના દુઃખની વખતે સુખનુ' ભાન થવા માટે શક્તિ પ્રમાણે આપવુ' એટલે દાન કરવુ'.

૬. આપણી ઇંદ્રિયો અને મન એ બન્નેની ઉપર કાબુ રાખવો. આપણા શાસ્ત્રોએ રજા આપી હોય એવા ધર્મના માર્ગમાં તેઓને ચલાવવા; તેથી અવળે માર્ગે ચાલવા ન દેવા, મતલબ કે ઇંદ્રિયો અને મનને ખોટે રસ્તે જવા ન દેવાં.

---

૧ ઉષ્ણ.

૭. કોઇ ન્યાયથી ચાલનાર નિરપરાધી પ્રાણી દુઃખમાં આવી પડેલું જાણવામાં આવે તો તેથી તેને બચાવવા મદદ કરવી. અથવા દુઃખીનું દુઃખ દેખીને આપણે જાણે દુઃખી હોઇએ એવી લાગણી કરવી એટલે દયા રાખવી.

૮. કોઇએ આપણો અપરાધ કર્યો હોય તે અપરાધનો બદલો તેને ન આપતાં માફી આપવી. એટલે ક્ષમા આપવી. બ્હેન લલિતા, આપણા જૈનધર્મમાં ખમાવવું એ મોટામાં મોટો ગુણ છે. આપણી નિત્યની અવસ્યક ક્રિયામાં દરેક પ્રાણીને ખમાવાનું લખેલું છે. આપણને કોઇએ કરેલું નુકશાન તેનાથી અનેક ઉપાયવડે પણ સુધરી શકે એમ ન હોય, તથા તેણે જાણી જોઇને એટલે આપણને નુકશાન કરવા ધારીને ન કર્યું હોય તો તેવે પ્રસંગે તો અવશ્ય ક્ષમા આપવીજ જોઇએ.

આ આઠ બાબતો સારા કર્મમાં મુખ્ય ગણાય છે, તેથી ઉલટાં, જે હિંસા કરવી, જૂઠું બોલવું, ચોરી કરવી, મલિનતા રાખવી, અદાતા થવું, ઇંદ્રિયોને વિષયોમાં ગમે તેમ પ્રવર્ત્તાવવી, મનને ખોટે માર્ગે ચાલવા દેવું, નિર્દયતા રાખવી, અને ક્ષમા ન રાખવી આ સઘળાં કર્મ નઠારાં કર્મ છે. તે ઉપરાંત ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, બીજાને ખોટું આળ ચડાવવું, ચાડી-ચુગલી કરવી, રતિઅરતિ કરવી, બીજાની નિંદા કરવી. કપટથી ખોટું બોલવું, અને મિથ્યાત્વ રાખવું—એ બધાં નઠારાં કર્મ કહેવાય છે.

હે બ્હેનો, આ પ્રમાણે સારાં અને નઠારાં કર્મને ઓળખો તેમાં જે સારાં કર્મ હોય તે આચરવાં અને જે નઠારાં કર્મ હોય તેનો ત્યાગ કરવો. બીજા પણ જે સારા ગુણો હોય, તેનાં લક્ષણો પણ બીજે પ્રસંગે હું તને સમજાવીશ. પણ આજે જેટલાં મેં સમજાવ્યાં છે, તેને તો તું મનમાં બરાબર ધારણ કરી રાખજે. એ ગુણવડે

આ સંસારમાં તું સુખી થઈશ અને જે પદાર્થો પ્રયત્નથી મેળવી શકાય તેવા હશે તેને પણ તું સ્હેલાઇથી મેળવી શકીશ. એટલુંજ નહીં પણ તું આ ચિંતામણિ જેવા મનુષ્ય ભવની સાર્થકતા કરનાર દયાધર્મના સ્વરૂપને સમજી શકીશ. અને આ લોકમાં વિવેકી માણસોને તું માનવા લાયક થઈ પડીશ. માટે એ ગુણોને સંપાદન કરવામાં પ્રમાદ રાખીશ નહીં. આ જગત્‌માં સદ્ગુણી માણસો વખણાય છે તથા સુખી થાય છે અને દુર્ગુણી માણસો નિંદાય છે તથા દુઃખી થાય છે.

ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, આ પ્રમાણે આનંદા પોતાની પુત્રી લલિતાને અને બીજી શ્રાવિકાઓને બોધ આપતી હતી, ત્યાં પોતીની જેઠાણી **કમલા** આવી. તેણીએ આવી પોતીને કહ્યું કે, પોતી બ્હેન, તમને આપણી સાસૂ બોલાવે છે, માટે ઘેર ચાલો.

પોતી—ભાભીજી, એવું શું કામ પડ્યું છે ?

કમળા—બીજું કાંઇ કામ નથી, પણ આપણાં નણંદ પાર્વતી બાને શરીરે કાંઈ હરકત આવી ગઇ છે; તેથી બોલાવે છે.

પોતી—હાય મા! એમને શું થયું? તે બીચારા ભરે પેટે છે. દેવતા તેમને ખમા કરે.

પ્રેમદા—પોતી, ત્યારે તો મારે અવશ્ય જવું પડે. આવે વખતે ગમે તેવો લાભ હોય તોપણ રોકાવું ન જોઇએ.

પોતી—હા, બા, ખરી વાત છે. પાર્વતી બા મને સગી બ્હેનથી પણ વધારે વ્હાલાં છે. જો કે તેમણે કેળવણી લીધી નથી, પણ મારે તો તે પૂજવા યોગ્ય અને માનવા યોગ્ય છે.

પ્રેમદા—કમળા, એકદમ તેમને શું થઇ ગયું છે? અને તેમ થવાનું કારણ શું છે?

કુમળા—ના, તેઓ જરા ખાવેપીવે નિયમિત નથી. સીમંત આવ્યું છે, તે છતાં જે તે ચીજ ખાધા કરે છે, પૂરા મહિના જાય છે, તોપણ શરીરની સંભાળ રાખતાં નથી. એવી બેદરકારીને લઈને તેઓ અત્યારે ભયંકર સ્થિતિમાં આવી પડ્યાં છે. તેમને આંચકી આવે છે અને શરીરમાં કંપવા ચાલ્યો છે.

પ્રેમદા—જાય મા, શાસનદેવતા તેમને કુશળ રાખે. પોતી, જલદી જા.

પોતી—ભા, હું જાઉં છું, તમે મને આજની ઉપદેશવાર્તા પછી ફરી સંભળાવજો.

પ્રેમદા—હા, ખુશીથી કહી સંભળાવીશ.

આનંદા—પોતી, તું જલદી જઈને તારી નણંદની ખરદાસ્ત કરજે. જે આપણા વરની બ્હેન થાય, તે આપણી પૂજ્ય સમજવી. શાસનદેવતા તેને સહાય કરશે. જ્યારે તેને સુવાણ થાય ત્યારે તેને શીખામણ આપજે કે, ગર્ભિણી સ્ત્રીએ ઘણીજ સંભાળ રાખવાની છે. ખાવાપીવામાં અને શરીરઆચરણીમાં તેણીએ ઘણું સાવધાન રહેવાનું છે.

પ્રેમદા—આનંદા બ્હેન, ગર્ભિણી સ્ત્રીએ કેમ વર્તવું, એ વાત કોઈ ઠેકાણે લખેલી હશે?

આનંદા—હા, વૈદ્યકશાસ્ત્રમાં તેને માટે ઘણું લખેલું છે. જ્યારે આ લલિતા મારા પેટમાં હતી, ત્યારે મારાં પૂજ્ય સાસુએ મને તે વિષે જે બોધ આપેલો છે, તે મારા હૃદયમાં હજુ સુધી કોતરાઈ રહેલો છે.

પ્રેમદા—આનંદા બ્હેન, એ ઉપદેશ શ્રાવિકાઓને ઘણો ઉપયોગી છે, માટે કૃપા કરી સંભળાવો.

પોતી—ના બા, હમણાં નહીં. હું આવું ત્યારે સંભળાવજો. વળી તે બોધ મારાં નણંદ પાર્વતીબાને ઘણો લાભકારક થઈ પડશે,

માટે જો બનશે તો હું મારી સાસૂને પુછી તેમને લઈનેજ અહિં આવીશ.

આનંદા—બહુ સારૂં. પોતી તું જલદી જા, આવે વખતે જરા પણ રોકાવું ન જોઇએ.

ધર્મદાસશેઠ કહે છે—હે શ્રાવિકાઓ, પછી પોતી તેની જેડાણી કમળાની સાથે પોતાને સાસરે ઉતાવળી આવી.

પોતી અને કમળા જ્યાં ઘરમાં આવ્યાં, ત્યાં તેની નણંદ પાર્વતીની તબીયત સુધારા ઉપર હતી. આંચકી અને મુંજ બંધ થઈ ગઇ હતી. અને તે જરા સાવચેત થઈ બેઠી હતી. પોતી અને કમળા તેની પાસે આવી ઉભાં રહ્યાં.

પોતી—બા, તમને કેમ છે? જૈનધર્મના શાસનદેવતા તમારી રક્ષા કરો.

પાર્વતી—ભાભી, અત્યારે તો બચી છું. નહીં તો મારા રામ રમી જાત. તમારો મેળાપ પણ ન થાત.

પોતી—તમને ખમા કરે. પાર્વતી બા, તમે વડિલ છો, તમને મારે કહેવું, તે ઘટિત નથી, પણ તમારે ખાવા પીવામાં જાળવવાની જરૂર છે.

પાર્વતી—ભાભી, તમે તો આવું નાપતુંજ બોલો છો. બળ્યું, ખાધા વગર તે કેમ રહેવાય? કોઇના સારૂં કાંઇ દુઃખી થવાય નહીં.

પોતી—બા, પણ અત્યારે તમારી શી સ્થિતિ છે, તે વિચારવું જોઇએ. ચડતા દિવસવાળી બૈરીને ખાવાપીવામાં બહુ વિચારવાનું છે.

પાર્વતી—ભાભી, ચડતા દી થયા એટલે શું ખાવું નહીં? જે થવાનું હોય તે થાય, પણ આપણાથી તો ખાધા વિના રહેવાશે નહીં

પોતી—બા, એમ કહો નહીં. તેનું પરિણામ નઠારૂં આવે. થી મરી જવાય એટલું નહીં, પણ જો કોઈ ભયંકર રોગ થાય રીબાઈ રીબાઈને મરવું પડે. અને ભારે પીડા ભોગવવી પડે.

પાર્વતી—બાલી, આસ ગાભની, કોઇને ખબરજ પડતી નથી. હું એક તો તે વેહેમ જેવું છે. પેટમાં છોકરૂં કેવી રીતે રહે છે, વી રીતે જન્મીને ઉછરે છે, એ વાત કોઈ જાણી શકતું નથી. તેમાં ામસ્તો કાંઇ પણ વેહેમ રાખવો ન જોઇએ.

પોતી—બા, એમ બોલો નહીં. તેને માટે ઘણુંજ જાણવાનું છે. ટમાં ગર્ભ કેવી રીતે રહે છે, તે દર મહિને કેવો થાય છે અને વી રીતે જન્મે છે? તેમજ ગર્ભિણી સ્ત્રીએ કેમ વર્ત્તવું જોઇએ? ે બધી બાબત વૈદ્યકશાસ્ત્રમાં દર્શાવી છે.

પાર્વતી—બાલી, એવી વાત આપણે તો કયાંઇ સાંભળી નથી. દિ તે સાચી હશે તો આજકાલ કોઈ જાણતું નથી.

પોતી—પાર્વતી બા, એમ નથી. તે વાતને જાણનારા ઘણા હશે.

પાર્વતી—કદિ કોઇ વિદ્વાન્ વૈદ્ય જાણતો હશે, તો તે પુરૂષ હોવાથી તેની પાસેથી આપણે શી રીતે જાણી શકીએ. તેવા જ્ઞાનવાળી કોઇ સ્ત્રી તો હોયજ નહિ.

પોતી—પાર્વતી બા, એવું ધારશો નહિ. કોઈ સ્ત્રી પણ તે વાતને જાણનાર છે.

પાર્વતી—કોણ છે.?

પોતી—અમારાં ધર્મમાતા આનંદા તે વાત જાણે છે. જો તે સાંભળવાની તમારી ઇચ્છા હોય તો મારી સાથે ચાલો. વળી તેમણે તમને આવવાનું કહેલું છે. તે વિષે મારાં આ કમળા ભાભીઠને પુછી જુવો.

કમલા—હા બા, એ ખરી વાત છે.

ધર્મદાસ શેઠ—હે શ્રાવિકાઓ, પછી પોતી સાસૂની રજા લઈ પોતાની નણંદ પાર્વતીને લઈને આનંદાની પાસે આવી. પાર્વતીને આવેલી જોઇ આનંદા અને લલિતાએ તેને પ્રેમથી બોલાવી અને પ્રેમદા વગેરેએ તેની તબીયતના ખબર પુછ્યા પછી પોતીએ વિનયથી નીચે પ્રમાણે કહ્યું,

પોતી—પૂજ્ય કાકી, અમારાં નણંદ પાર્વતી બા આપની પાસે ઉપદેશવાર્ત્તા સાંભળવા આવ્યાં છે, તેમાં ખાસ કરીને ગર્ભિણી સ્ત્રીએ કેમ વર્ત્તવું જોઇયે ? એ વાત તેમને સાંભળવી છે. અને તે વાત સાંભળવાથી તેમને અને બીજી બ્હેનોને પણ લાભ થશે.

પોતીનાં આવાં વચન સાંભળી આનંદાએ પોતાની ઉપદેશ વાર્ત્તા આગળ ચલાવી. બ્હેનો, આ સંસારમાં સ્ત્રીની ત્રણ અવસ્થા મુખ્ય ગણાય છે. પહેલી બાલ્યાવસ્થા, બીજી યુવાવસ્થા અને ત્રીજી વૃદ્ધાવસ્થા. તેમાં સ્ત્રીઓએ પોતાની અવસ્થાનું ક્રમ પ્રમાણે જ્ઞાન મેળવીને કેમ વર્ત્તવું ? તે પ્રથમ જાણવાની જરૂર છે. પહેલી, બાલ્યાવસ્થામાં ઘર આગળ માબાપ, ગુરૂ તથા પરમેશ્વર પ્રત્યે પ્રેમ ભક્તિ રાખતાં શીખવું. અને પાટી, પાળપોથી, ધર્મની પ્રવેશિકા અને સારી શિખામણ વગેરે શાળાનો અભ્યાસ કરી સાંસારિક અને ધાર્મિક કેળવણી મેળવવી. યુવાવસ્થામાં સુશીલતા, સરલતા, દયા, સત્કર્મ અને સદ્ધર્મ વગેરે સદ્ગુણો સંપાદન કરી સાંસારિક [illegible] વૃદ્ધિ કરવી અને વૃદ્ધાવસ્થામાં પોતાની [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

હે બ્હેનો, ઉપર કહેલી ત્રણ અવસ્થામાં સ્ત્રીને કન્યા, વધૂ, માતા અને પૂજ્ય સાસૂ વગેરે જુદી જુદી અવસ્થા અનુભવવાનો પ્રસંગ આવે છે. આપણા ધર્મ પ્રમાણે પ્રાણી પોતે કરેલાં સારાં નઠારાં કર્મ ભોગવવાને માતાના ગર્ભમાં આવે છે. પતિગૃહમાં રહેનારી યુવતિ જ્યારે યોગ્યવયની થાય છે, ત્યારે જો તેનું શરીર તંદુરસ્ત હોય તો તેને ગર્ભનો યોગ થાય છે. જે દિવસે ગર્ભ ધારણ થાય, તે દિવસે તે સ્ત્રીના શરીરમાં જુદાં જુદાં ચિન્હો થાય છે. જાણે ઘણો શ્રમ કરવાથી શરીર થાકી ગયું હોય, તેમ લાગે છે. શરીરમાં ગ્લાનિ થાય છે, પાણીની તરસ લાગે છે, પગની પીંડીમાં દુખાવો થાય છે, પ્રસવસ્થાન ફરકે છે, રૂંવાડાં ઉભાં થાય છે, સુગંધી ચીજમાં દુર્ગંધ લાગે છે, અને આંખની પાંપણો બંધાઈ જાય છે. ગર્ભાધાન થયાને જ્યારે એક માસ થવા આવે એટલે મોળ અને ઉલટી—થોડા રોજ અગાઉ સવારમાં થવા લાગે છે. અટકાવ બંધ થયાની ખબર તો એક માસે પડે પણ મોળ અને ઉલટી તો કેટલીક સ્ત્રીને વેહેલાં અને કેટલીક સ્ત્રીને માસ દોઢ માસ ચઢ્યા પછી થાય છે. પછી અનુક્રમે ધાવણના સ્થાનનો મુખ ભાગ શ્યામ થઈ જાય છે અને તેની ઉપર પત્તીનો વળે છે. પછી સ્ત્રીને બાવા અબાવા, પેટમાં બાળકનું ફરકવું, પેટનું વધવું વગેરે બધાં ચિન્હો થાય છે.

બ્હેન પાર્વતી, આ વિષે સર્વથી તારે વધારે ધ્યાન આપવાનું છે; કારણકે, અત્યારે તું તે અવસ્થા અનુભવે છે. પેહેલા માસમાં ગર્ભિણી સ્ત્રીએ મધુર, શીતવીર્ય અને નરમ આહારનો વધારે ઉપયોગ કરવો. બીજે માસે ગર્ભમાં શીત, વાયુ અને પંચ મહાભૂતનો મિળાપ ઘાટો થાય છે, માટે એ માસમાં પણ મીઠા, શીતવીર્ય અને નરમ આહારનો ઉપયોગ કરવો. ત્રીજે માસે વૈદક નિયમ પ્રમાણે ગર્ભના બે હાથ, બે પગ અને માથું એ પાંચ અવયવનો પિંડના જેવો આકાર થઈ જાય છે અને બીજા અવયવો ઘણા સૂક્ષ્મ

રહે છે. આ માસમાં ઉપર પ્રમાણે ખોરાક ઉપરાંત દૂધમાં સાંઠી ચોખાનો વધારે ઉપયોગ કરવાનો છે. ચોથે માસે ગર્ભ સ્થિર થાય છે; તેનાં સર્વ અંગો ખુલ્લાં દેખાય છે, તેને હૃદય ઉત્પન્ન થાય છે અને સર્વ ઇંદ્રિયો ઉદિત થાય છે—એટલે ગર્ભ ફરકવા માંડે છે; તેથી ગર્ભિણીનું શરીર ભારે પડી જાય છે. જ્યારે તે હૃદયવાળા ગર્ભને પાંચે ઇંદ્રિયોના વિષય જાણવાની શક્તિ પેદા થય છે. ત્યારે તેને વિષયોની ઇચ્છા થાય છે. આથી કરીને ગર્ભિણીને શરીરનું ભારેપણું, અન્ન ઉપર અરૂચિ, અને સારા નરસા પદાર્થોની ઇચ્છા થાય છે. વળી આ વખતે ગર્ભિણીને સ્તનમાં ધાવણની ઉત્પત્તિ, નેત્રનું શિથિલપણું; હોઠ અને સ્તન ઉપર કાળાશ, પગપર સોજો, અને મોઢામાં મોળ આવવી વગેરે ચિન્હો થાય છે. બ્હેન પાર્વતી, અહિં તારે એક ખાસ વાત જાણવાની છે કે, ગર્ભનું જે હૃદય છે, તેનો સંબંધ માતાના હૃદયની સાથે હોવાથી, માતાના હૃદયમાં રહેલા રસને વહન કરનારી નાડીથી ગર્ભનું પોષણ થાય છે. તેથી માતાએ જે આહાર કરવો તેમાં ઘણુંજ ધ્યાન આપવાનું છે. જો માતા જે તે અપથ્ય પદાર્થો ખાય તો તેથી ગર્ભને અને તેને લઇને તેની માતાને કોઇવાર પીડાકારી ભયંકર રોગ થઇ આવે છે.

આ વખતે પોતીએ વચમાં વિનયથી જણાવ્યું—પાર્વતી બા, આ વાત ધ્યાનથી સાંભળજો. તમે ખાવામાં બેદરકાર રહો છો, તેથી તમારે હમણાંજ મોટું દુઃખ ભોગવવું પડ્યું હતું. તેમાં વળી તમારે આ પ્રથમ ગર્ભ છે. પેહેલા ગર્ભવાળી માતાએ ખાવાપીવામાં સર્વથી વિશેષ ધ્યાન આપવાનું છે.

પાર્વતી—ભાભી, તમારૂં કહેવું સાચું છે. મને આ બાબતમાં કાંઇ ખબરજ નહુતી. મારા મનમાં તો એમજ હતું કે, મહિનાવાળી બૈરીને કાંઇ પાળવાનુંજ નહીં હોય. આ વાતની મને આંત્લારેજ માલમ પડે છે. ભાભી, હું મારી અજ્ઞાનતાથીજ પીડા પામી છું.

પોની—હા, હવે કાંઈક સમજ્યાં ખરાં. પૂજ્ય આનંદા કાકી હવે તમે તે વાત આગળ ચલાવો.

આનંદા—બ્હેનો ચોથા માસમાં ગર્ભિણીને મનભાવતા પદાર્થોની ઇચ્છા થાય છે. તેને આપણા લોકો દોહદ કહે છે. ગર્ભિણીને જે દોહદ થાય તે અવશ્ય પૂરા કરવા જોઇએ. ગર્ભિણીના દોહદ પૂરા કરવાથી બાળક વીર્યવાન્ અને મોટી આયુષ્યવાળું થાય છે. બ્હેનો, આપણા જૈનશાસ્ત્રમાં દોહદ પૂરા કરવાના ઘણા દાખલાઓ છે. તે દોહદ ઉપરથી બાળક કેવું થશે તે પણ જાણી શકાય છે. સારા સારા દોહદો થવાથી જન્મ ધારણ કરનાર બાળક ભવિષ્યમાં ધર્મિષ્ઠ, પરાક્રમી અને વિદ્વાન્ થવાના અને નઠારા દોહદ થવાથી બાળકો ક્રૂર, ઘાતકી અને પાપી થવાના અનેક દાખલાઓ આપણાં ચારિત્ર ગ્રંથોમાં મળી આવે છે. તેમજ જે પદાર્થોની ગર્ભિણીને ઇચ્છા થાય તે પદાર્થના ગુણવાળું બાળક અવશ્ય થાય છે. જો તેણીને મનભાવતા પદાર્થો આપવામાં ન આવે તો બાળક અનેક ખામીવાળું પેદા થાય છે. વળી ગર્ભિણીને તે પ્રસંગે સારી મનોહર, રમુજી અને પવિત્ર વસ્તુઓનું અવલોકન કરાવવું જોઇએ. નઠારી અને ભયંકર વસ્તુઓ ન બતાવવી જોઇએ. નઠારી અને ભયંકર વસ્તુઓ જોવામાં આવવાથી બાળક નઠારા લક્ષણવાળું થાય છે. માટે જેમ સારી સારી વસ્તુઓની ઇચ્છા થાય અને જેમ સારી સારી વસ્તુઓ જોવામાં આવે તેમ કરવું. જે જે પદાર્થો વિકારવાળા હોય તે ગર્ભને નુકશાન કરનારા છે, માટે તેનો ત્યાગ કરવો.

વૈદ્યકશાસ્ત્ર પ્રમાણે પાંચમે માસે ગર્ભાશયમાં બાળકને સંકલ્પ વિકલ્પ કરવાની શક્તિ આવે છે. અને માંસ તથા રૂધિરનો તેમાં વધારો થાય છે, તેથી ગર્ભિણીનું શરીર ઘણું દુર્બળ પડી જાય છે. આ વખતે સ્ત્રીને ઘી દૂધ સાથે અનાજ આપતા રહેવું. છઠે માસે બાળકને નિશ્ચય કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે તથા તેના શરીરમાં

બળ અને વર્ણનો વધારો થાય છે. તેથી ગર્ભિણીના શરીરનું બળ અને વર્ણ ઓછાં થાય છે. આ વખતે તેને કાંજી સાથે ઘી દૂધનો ખોરાક આપવાનો છે. સાતમે માસે બાળકના અંગો ખુલ્લાં જણાય છે. અને તેનું શરીર પુષ્ટ થતું જાય છે. તેથી ગર્ભિણી સ્ત્રી દુબળી થતી જાય છે; આ વખતે પણ ઉપર પ્રમાણે ખોરાક લેવાનો છે. આઠમે માસે બાળકનું ઓજ એટલે ધાતુ સ્થિર થાય છે. ગર્ભ સાથે સંબંધ રાખનારી નાડીથી માતાના ગર્ભનું અને ગર્ભમાતાનું ઓજ વારંવાર ગ્રહણ કરે છે, તેથી ગર્ભવતી કોઈ વખતે હર્ષવાળી અને કોઈ વખતે ખેદવાળી થયા કરે છે. ઓજની સ્થિરતાના અભાવને લીધે આ માસમાં ગર્ભ ઘણો પીડાય છે, માટે આ વખતે ગર્ભિણીએ ભાત સાથે ઘી દૂધ ખાવા ચુકવું નહીં. નવમે તથા દશમે માસે ગર્ભાશયમાં રહેલું બાળક ઉદરમાંજ ઓજસહિત સ્થિર થઈને રહે છે, તેથી પુષ્ટી માટે ઘી દૂધ વગેરે ઉત્તમ પદાર્થો ખાવા જરૂરના છે. આથી કરીને ગર્ભની વૃદ્ધિ સારી થાય છે. જે પદાર્થો વિપરીત હોય તેવા પદાર્થો ગર્ભિણીને આપવા નહીં. તેવા પદાર્થો આપવાથી ગર્ભ ઉદરમાંજ નાશ પામે છે. અગર ઘણે દિવસે જન્મે છે એથી વખતે સ્ત્રીના જીવની પણ હાનિ થાય છે, માટે નુકશાન કરનારા પદાર્થો ગર્ભિણી સ્ત્રીને ખાવા દેવા નહીં.

બ્હેન પાર્વતી, તારે ઘણું સંભાળીને ચાલવાનું છે. સ્ત્રીને દરદ કરનારાં કારણો જેટલાં કાળી અવસ્થામાં અસર કરે છે, તેના કરતાં ગર્ભ રહ્યા પછી દશગણી વધારે જલદી અસર કરે છે. તેથી તારે તંદુરસ્તી જાળવવાને ખુબ ધ્યાન રાખવું જોઈએ. તારે ચોખ્ખી હવામાં રહેવું. ગીચ વસ્તીવાળી જગ્યામાં રહેવું નહીં. દરરોજ ખુલ્લી હવામાં ફરવાની ટેવ રાખવી. કારણકે, તેમ કરવાથી અંગ કસાય છે. શરીર હલકું રહે છે અને સ્હેલાઈથી બાળક પેદા થાય છે.

બ્હેન પાર્વતી, વળી તું આળસુ થઈને પડી રહીશ નહીં. ઘરમાં

કામકાજ કરજે. કારણકે, આળસાઇમાં પડી રહેવાથી પ્રસવ થતી વખતે ઘણી પીડા થાય છે, પણ તું તારા કૌવત કરતાં વધારે મેહેનત લઈ થાક લાગે એવું કામ કરીશ નહીં. તેમજ જે કામમાં શરીર વાંકુ વાળી કરવું પડે તેવું કામ કરીશ નહીં અને વાંકુ વળીને ભારે ચીજ ઉચકીશ નહીં, તેમાં એટલું તો ખાસ ધ્યાન રાખવું કે, પેટ ઉપર દબાણ થાય, એવું કાંઇ કામ કરીશ નહીં અને તે ઉપર બોજો મુકીશ નહીં. જો એવાં વિપરીત કામ કરીશ તો તને અનેક પ્રકારનાં દરદો થવા સંભવ છે. ઘણી બેદરકાર ગર્ભિણી સ્ત્રીઓની એવાં વિપરીત કામ કરવાથી પોતાની જીંદગી જોખમમાં આવેલી છે. અને ઘણીઓને રોગી અને મુએલાં બાળકો અવતર્યાં છે. બ્હેન પાર્વતી, તારે ખાવાપીવાની ઘણી સંભાળ રાખવી. ભારે પડતો અને અજીર્ણ થાય તેવો ખોરાક કદિ પણ લેવો નહીં. બર્યે પેટે નાખીને મિઠાઇ કે બીજો ખોરાક વધારે લેવો નહીં. વધારે પડતો ખોરાક લેવાથી વખતે જો અજીર્ણ અને ઝાડા થાય તો ગર્ભને નુકશાન થવાનો સંભવ છે. એટલુંજ નહીં પણ વખતે કસુવાવડ થવાનો ભય રહે છે. બ્હેન પાર્વતી, મુખ્યત્વે કરીને કેવા પદાર્થો ખાવા અને કેવા ન ખાવા? તેને માટે જે હું કહું. તે તું ધ્યાન દઇને સાંભળજે. પ્રથમ તો તારે કદિ પણ ટાઢો ખોરાક ખાવો નહીં, કારણકે, જો તે ખાવામાં આવે તો પેટમાં વાયુ થઇ પીડા ઉપજે છે. તેલવાળાં અને મસાલા વધારેલાં શાક ખાવાં નહીં, તેથી રૂધિરસ્ત્રાવ થાય છે. રાંડી સ્ત્રીના કરતાં ગર્ભિણી સ્ત્રીને ઝાઝી વાર ભુખ લાગતી નથી, માટે ખાઇ શકે એટલો અને હલકો ખોરાક લેવો. પૌષ્ટિક ખોરાકની ઘણી જરૂર છે પણ તેથી પેટ તણાય અને ન પચે એટલો વધારે પડતો ન લેવો. વળી ઉપવાસ પણ કરવો નહીં. ઉપવાસ કરવાથી મા અને બાળક બન્નેને નુકશાન થાય છે. અને ગર્ભને પોષણ નહીં મળવાથી તે દરદનો ભોગ થઇ મુએલું થઇ જાય છે. કદિ ઉપવાસ કરવો પડે તો પણ તેના મનને શાંત રાખવું. ખોરાકમાં અતિ-

યમિતપણું કરવું નહીં. જે ચીજ નુકશાન કરતી ન હોય તેજ ખાવી. જે સ્ત્રીનું શરીર જોરાવર અને લોહિઆળ હોય તેને તો બનતા સુધી કાંજી, દૂધ, ઘી અને વનસ્પતિના હલકા ખોરાક ઉપર રહેવું. ગરમ ખોરાક બંધ કરવો; ખટાશ, કાચો મેવો, અતિ ખારૂં, અતિ તીખું, લુખું; ટાઢું, અતિ કડવું, બગડેલું, વાસ મારતું, વાયડું, બફાઈ ગયેલું, સડેલું, સોપારી, માટી, ધૂળ, રાખ અને કોયલો વગેરે વિ-કાર કરનારા પદાર્થો છે, માટે કદિ એમનું મન થાય તોપણ તે ખાવું નહીં. ગર્ભિણીને સખત જુલાબ લેવો નહીં, કદિ કંઇ દરદ થાય તો હુશીયાર વૈદ્યની સલાહ લઇ દરદ મટે એમ કરવું, પણ તે વધવા દેવું નહીં.

બ્હેન પાર્વતી, આ બધી વાત ધ્યાનમાં લઇ તે પ્રમાણે વર્તજે.

પાર્વતી—આનંદા બા, તમે જે કહ્યું, તે મારા મનમાં ઠસી ગયું છે. હવે હું તે કદિ પણ ભુલીશ નહીં. આજ સુધી મને આ બાબતની કાંઇ ખબરજ ન હતી; તેથી મેં ભુલ કરી હતી. હવે હું બરાબર સમજી ગઈ છું. તેથી હવે મારામાં કદિ પણ ભુલ આ-વશે નહીં. લોકો તમને ધર્મમાતા કહે છે, તે બરાબર છે. મારાં પોતી ભાભી હમેશાં તમારાં વખાણ કરે છે, એ વાત આજે મારે પ્રત્યક્ષ થઇ છે. બા, કહો હવે બીજું જે કાંઇ કહેવાનું હોય તે કૃપા કરી કહો.

આનંદા—પાર્વતી, આ શિવાય ગર્ભિણીએ કેમ વર્તવું જો-ઇએ? એ વિષે કેટલીએક ટુંકી સૂચના છે, તે હું કહું તે તું ધ્યાન દઇ સાંભળજે. બ્હેન પાર્વતી, હમેશાં તારા શરીરને શરદી અને ભી-નાશથી દૂર રાખી બચાવજે. ઉજાગરો કરીશ નહીં. વ્હેલી સુજે અને વ્હેલી ઉઠજે. ફીકર દિલગીરી વગેરે જે મનને ઉશ્કેરનારાં કારણો છે, તેનાથી દૂર રહેજે. બીહામણા દેખાવો જોઇશ નહીં. ભ-યંકર અકસ્માતો આગળ ઉભી રહીશ નહીં. કોઇ ગર્ભિણીને પ્રસવ

થતો હોય ત્યાં પાસે જઈશ નહીં. પ્રકૃતિ શાંત રાખજે. નાપસંદ વાતો કરીશ નહીં. સારી સારી વાતોથી મનને રાજી કરજે. ધર્મ તથા નીતિની વાતો સાંભળી મનને મજબૂત રાખજે. મનમાં હિંમત રાખજે. જે વાતો સાંભળવાથી કંટાળો કે ભય ઉત્પન્ન થાય તેવી વાતો સાંભળીશ નહીં. હમેશાં નિયમસર વર્તજે. સારો પોશાક અને અલંકાર ધારણ કરજે. પતિ ઉપર પવિત્ર પ્રેમ રાખજે, પોતાના ધર્મમાં પ્રીતિ રાખજે, હમેશાં પવિત્રતાઈથી રહેજે. ધીમેથી, મધુર વચન બોલજે, જિનભક્તિમાં ચિત્ત રાખજે, મનની લાગણી ધર્મ તથા નીતિ તરફ વાળવા સારાં સારાં પુસ્તકો વાંચ્યા કરજે, પુષ્પની માળા પહેરજે, સુગંધી ચંદનનો લેપ કરજે, સ્વચ્છ ઘરમાં રહેજે, પરોપકાર અને દાન કરજે, સાસુ, સસરા, ગુરૂજન વગેરે વડિલોની મર્યાદા સાચવી સેવા કરજે. શરીર ઉપર સૌભાગ્યનાં ચિન્હો ધારણ કરજે. કોમળ તથા સ્વચ્છ ઓછાડવાળી પથારી ઉપર સુજે, તથા બેસજે. સારી વસ્તુઓ ઉપર ભાવ રાખજે, ધાર્મિક, નીતિમાન, પરાક્રમી અને બળવાન વગેરે ગુણવાન સ્ત્રી પુરૂષોના ચારિત્રોનું મનન કરજે. જ્ઞાન, દર્શન અને ચારિત્રના પ્રભાવના વિચાર કરજે. સમ્યકત્વના માહાત્મ્યનું મનન કરજે. હૃદયમાં સારી સારી ઉત્તમ ભાવના ભાવ્યા કરજે. ધર્મવીર, દાનવીર અને જ્ઞાનવીર સ્ત્રીપુરૂષોના અને પુણ્યવાન પ્રભાવિક પ્રાણીઓના તથા કુદરતના દેખાવના સુંદર ચરિત્રોનાં ચિત્રો જોયાં કરજે. ધર્મ, તપ, તીર્થ અને પ્રભાવનાનું સ્મરણ કરી હૃદયમાં અતિ આનંદ પામ્યા કરજે. સુંદર અને મનરંજન ગીતો ગાઈ તથા સાંભળી મનને સદા આનંદમાં રાખજે. મનમાં અતિ ક્રોધ, અતિ હર્ષ અને અતિ શોક ઉત્પન્ન થાય, એવું બોલીશ નહીં, એવું કરીશ નહીં અને એવું સાંભળીશ નહીં. કદિ પણ પસ્તાવો કરીશ નહીં અને પસ્તાવો થાય, તેવું આચરણ બનતા સુધી આચરીશ નહીં. જ્યારે કે જેથી મલિન થઈશ

નહીં. કોઇની સાથે વાદ કરીશ નહીં, દુર્ગંધથી દૂર રહેજે. લૂલાં, લંગડાં, કાણાં, કૂબડાં બેહેરાં અને મુંગાં વગેરે ખામી—ખોડવાળાં તથા રોગી માણસોનો સ્પર્શ કરીશ નહીં. તેમને નીહાળીને જોઇશ નહીં. ઉંચે ચડીશ નહીં. ગાડી ઘોડાવગેરે વાહન ઉપર બેશીશ નહીં. ઉંચે સ્વરે બોલીશ નહીં, કેફ કરીશ નહીં, ઉતાવળે ચાલવું, દોડવું, કુદવું, ઉભડક પગે બેસવું, બારણીઆ કે સાંબેલાપર બેસવું, દિવસે ઉંઘવું, મૈથુન, જળમાં ડુબકી મારવી, શૂન્ય ઘરમાં કે ઝાડ તળે બેસવું, કલેશ કરવો, અંગ મરોડવું, લોહી કાઢવું, નખવડે પૃથ્વી ખોતરવી, કે લીંટા તાણવા, અમંગળ અને અપશબ્દો બોલવા, ઘણું હસવું, છુટા કેશે રહેવું, વેર, વિરોધ, દ્વેષ, છળ—કપટ, ચોરી, જુગારી, મિથ્યાવાદ, હિંસા અને કુસંપ એ સઘળાનો ત્યાગ કરજે. કારણકે, એ સઘળા ગર્ભને નુકશાન કરનારા છે. ગર્ભ સારો કે નરસો થવો એ ગર્ભિણી સ્ત્રીની વર્ત્તણુક ઉપર આધાર રાખે છે. માટે ગર્ભિણી સ્ત્રીએ બરાબર નિયમ પ્રમાણે વર્ત્તવું જોઇએ. તેમજ પતિસંગ તો બીલકુલ કરવોજ નહીં એથી ઘણી હાનિ છે. બ્હેન પાર્વતી, આ પ્રમાણે ગર્ભિણી સ્ત્રીને નિયમમાં રહેવા વિષે મેં તને સૂચનાં કરી તે હમેશાં ધ્યાનમાં રાખજે. અને તે પ્રમાણે વર્ત્તવાને હમેશાં સાવધાન રહેજે.

ધર્મદાસશેઠ કહે છે—હે શ્રાવિકાઓ, આનંદાએ આ પ્રમાણે પોતાની નણંદ પાર્વતીને ગર્ભિણી સ્ત્રીને ઘટે તેવો બોધ આપ્યો તે સાંભળી બધી શ્રાવિકાઓ ઘણોજ આનંદ પામી ગઈ હતી. બ્હેનો! તમે પણ આ વાત ધ્યાનમાં રાખજો. અને ગર્ભિણી સ્ત્રીએ જેવી રીતે વર્ત્તવું જોઇએ, તે બરાબર જાણી તેમ વર્ત્તવા તત્પર રહેજો.

આ વખતે ચંચળે આનંદાને પુછ્યું, આનંદા કાકી, આ ઉપદેશ તો આ પાર્વતી બ્હેનને ઉપયોગી થયો, હવે અમારે જે

ઉપયોગી હોય, તે કહો.

આનંદા—ચંચળ, એમ કેમ કહે છે? આ વાત તમારા સૌને ઉપયોગી છે, કારણકે, તમે પણ ભવિષ્યમાં ગર્ભિણીની અવસ્થા ભોગવવાના છો. તેથી આ ઉપદેશ તમારે પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

પ્રેમ તથા પુતળી—ધર્મમાતા, એ ખરી વાત છે, પણ તમે વારે વારે પાર્વતીનું નામ કહીને આ ઉપદેશ આપતા હતા, તેથી અમે તો એમજ સમજ્યાં હતાં કે, આ ઉપદેશ પાર્વતી બ્હેનનેજ ઉપયોગી છે. તેથી અમે તો તેમાં જોઇએ તેવું ધ્યાન આપ્યું નથી.

આનંદા—બ્હેનો, લલિતા, ચંચળ, અને તમે બધાં છોકરાં કહેવાઓ, તેથી તમારી આગળ ગર્ભિણીની વાત કરવી, તે યોગ્ય ન કહેવાય, કારણકે, તમને તેથી શરમ આવે, માટે પાર્વતીનું નામ આપી આપીને મેં આ ઉપદેશ આપ્યો હતો. પણ આડકતરી રીતે તમને બધાને તેનો બોધ થાય, એવી મારી ધારણા હતી. માટે હે બ્હેનો, તમારે બધાએ આ ઉપદેશ હૃદયમાં રાખવા જેવો છે, અને તે ઉપદેશ ટુંકામાં કાયમ યાદ રહે, તેને માટે ગર્ભિણી સ્ત્રીએ કેવી રીતે વર્ત્તવું જોઇએ? એ વિષેની એક નાની કવિતા છે, તે તમે યાદ કરી લેજો.

પ્રેમદા—આનંદા બ્હેન, કૃપા કરી તે કવિતા ગાઇ બતાવો.

ધર્મદાસ શેઠ કહે છે—સાધર્મી માતાઓ અને સાધર્મી બ્હેનો, તે પછી આનંદાએ ગર્ભિણી સ્ત્રીએ કેમ વર્તવું જોઇએ? તે વિષેની એક નાની કવિતા ગાઇ બતાવી હતી. અહિં તે કવિતા અમારા ઘરમાંથી શ્રાવિકા તમને ગાઇ બતાવશે. પછી ગંગાએ તે કવિતા ગાઇ બતાવી હતી.

હે શ્રાવિકાઓ, આ કવિતા આનંદાએ પણ તે પ્રમાણે ગાઇ બતાવી હતી.

ગર્ભિણી સ્ત્રીએ કેવી રીતે વર્ત્તવું?
તે વિષે ગરબો.

(એ મહિને નવ જઈએ પિયુ પરદેશમાં—એ રાહ.)

જાળવજો જમવામાં જીવની જીવને,
નિયમ ધરીને રહેણી રાખો અંગ જો;
[1]અંતરમાં ઈચ્છાઓ ઉમદા લાવજો,
મનગમતા મન ધરજો રસથી રંગજો.
એ રાખો શુભ રીત સગર્ભા સુંદરી. એ રાખો. ૧

ઘી [2]પય સાથે જમજો આપ અનાજને,
કોમલ કાંજી લેવા ધરજો પ્રીતજો;
અવગુણકારી ચીજ છબીલી છોડજો,
ગર્ભ તણી એ અતિ સુખકારી રીતજો. એ રાખો. ૨

હરજો ફરજો ખુલ્લી હવામાં હેતથી,
કોમળતાથી કરજો ઘરનાં કામજો;
આળસમાં અબળા નવ રહેજો લેશથી,
રક્ષણ કરજો ગર્ભ તણું ધરિ હામજો. એ રાખો. ૩

ગરમ ચીજ નવ લેજો લલના રસધરી,
તેથી અંગ ઉપાધિ ધરશે બાળજો;
રહેણીને કરણીમાં રહેજો રીતથી,
[3]તનથી કરજો તરૂણી સુખ સંભાળજો. એ રાખો. ૪

મગ્ન બની મનમાંહે [4]મહિલા મ્હાલજો,
અંતર ધરજો અબળા અતિ આનંદજો;
ચતુરા ચિંતા ચિત્ત વિષે નવ રાખજો,
શોક ન કરજો તેથી બનશો [5]મંદજો. એ રાખો. ૫

---

૧ મનમાં. ૨ દૂધ. ૩ શરીરની. ૪ હે સ્ત્રી. ૫ નબળા.

જેવી રાખે ટેવ સગર્ભા સુંદરી,
તેવી બાળક ધરશે જન્મી ટેવજો;
ધર્મ તણાં દોહદ [1]દયિતા દિલ ધારજો,
તેમાં સ્હાય કરે છે શાસન દેવજો. એ રાખો. ૬
ભાવ ધરીને જિનવર ભક્તિ ભાવજો,
જિન પૂજામાં ધરજો યુવતિ પ્રેમજો;
[2]દીનદાન કરવાનું દિલમાં રાખજો,
સર્વ જીવપર રહેજો રાખી રહેમજો. એ રાખો. ૭
[3]ગૌરી ગંમત કરજો ગુણને જ્ઞાનની,
ગર્વ ન ધરજો ગુણનો ચિત્ત લગારજો;
ગુરૂજનને [4]ગૌરવથી નિત્યે માનજો,
સુંદર ધરજો શીલ તણો શણગારજો. એ રાખો. ૮
નિર્મળ મનથી સેવા કરજો નાથની,
વનિતા વિનય ધરીને રહેજો આપજો;
ક્રોધ માનને [5]માયા નવ મન લાવશો,
ધરશો તેથી સદ્ગુણ કેરી છાપજો. એ રાખો. ૯


ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, આનંદાએ જ્યારે તે કવિતા ગાઇ બનાવી એટલે પોતીનાં નવું ગર્ભિણીને વિનયથી જણાવ્યું, ધર્મમાતા, તમે આપેલો બોધ મારા મનમાં ઠસી ગયેલો છે, પણ તે હમેશાં યાદ રહી શકવો મુશ્કેલ છે, તેથી મને આ તમારી કવિતા શીખવો તો મોટો ઉપકાર થશે.

આનંદા—પાર્વતી, હું ખુશીથી તને શીખવાવીશ. તમે બીજે વખતે ઘેર આવજો, એટલે લલિતા પાસે લખાવી તને આપીશ.

---

૧ સ્ત્રી. ૨ ગરીબોને દાન કરવાનું. ૩ દે ગૌરવવાળી આ. ૪ બહુ માનથી. ૫ કપટ.

બ્હેમ તજાવે ધર્મને, બ્હેમે લાજ પળાય;
બ્હેમતણા અતિ વેગથી, શીલ ખંડિત થાય. બ્હેમ. ૫
બ્હેમ કરે વલગાડને, બ્હેમે ભૂત ભરાય;
ગાંડી ગણાયે બ્હેમથી, કોઇ આપે ન સ્હાય. બ્હેમ. ૬
સર્વ ઉપાય અપાર છે, નહીં બ્હેમનો એક;
તેથી વિદારો બ્હેમને, રાખી [1]અંતર ટેક. બ્હેમ. ૭



આ પ્રમાણે બ્હેમ વિષેની ગરબી સાંભળી બધી શ્રાવિકાઓ ખુશી ખુશી થઈ ગઈ. ચંચળ, જયા, પ્રેમ, પુતળી, પ્રેમદા, અને પોતી વગેરે તે કવિતા લખી લેવાની માગણી કરી. તે વખતે પાછી પાર્વતી વધારે રોઇ પડી. તેણીએ પોકાર કરી કહ્યું, કે, અરે હું કેવી અભાગણ કે જે હું વાંચવા લખવાનું સાધારણ જ્ઞાન પણ મેળવી શકી નથી. મારા સમાન વયની આ બધી શ્રાવિકાઓ આવી આવી સુંદર ગરબીઓ પોતાની મેળે લખી, વાંચી અને શીખી શકે છે અને હું મૂઢ જેવી કાંઈ પણ જાણતી નથી. મારા સ્ત્રીજીવનને ધિક્કાર છે. આંખો છતાં હું આંધળી છું અને હાથ છતાં હું-હુંઠી છું.

તે વખતે જયાના હૃદયમાં દયા આવવાથી તે બોલી—પાર્વતી-બ્હેન, તમે અપશોચ કરો નહિ. હું તમને બે માસની અંદર વાંચતાં લખતાં શીખવી દઇશ.

પોતી—સખી, હું તમને પણ તેમાં મદદ આપીશ. તમારી પેઠે મને પણ પહેલાં વાંચતાં લખતાં આવડતું ન હતું. પણ આ ચંચળ બ્હેને મને થોડા રોજમાં શીખવી દીધું છે.

પ્રેમદા—બ્હેન પાર્વતી, તે વાતે ચિંતા કરીશ નહિ. તું હજુ તો બાળક છે. હું આવડી મોટી છું, તોપણ થોડા દિવસમાં વાં

૧ અંતર—હૃદયમાં

ચતાં લખતાં શીખી છું તો તને શીખતાં શી વાર લાગવાની છે ?

ધર્મધાસશેઠ કહે છે—હે શ્રાવિકાઓ, આ પ્રમાણે બીજી શ્રાવિકાઓના કહેવાથી પાર્વતીના મનમાં જરા ધીરજ આવી અને પછી તેણીએ જયાની પાસે અભ્યાસ કરવાનો નિશ્ચય કર્યો. પછી આનંદાએ પોતાની પુત્રી લલિતાને અને બીજી શ્રાવિકાઓને કહ્યું કે, આજે આપણો નિત્યનો વખત થઈ ગયો છે, માટે ઉપદેશવાર્ત્તા બંધ કરવામાં આવે છે. પછી બધી શ્રાવિકાઓ ધર્મમાતા આનંદાને પગે લાગી પોતપોતાને સ્થાને ચાલતી થઈ. નણંદ ભોજાઈ પાર્વતી અને પોતી આનંદાનાં વખાણ કરતાં કરતાં પોતાને ઘેર આવ્યાં.

ધર્મદાસશેઠ કહે છે—હે શ્રાવિકાઓ, હવે આપણો પણ નિત્યનો સમય થયો છે, માટે આપણે પણ ધર્મવાર્ત્તા સમાપ્ત કરીએ. બોલો (આદીશ્વર ભગવાનની જય) તેનાં નાદથી શ્રાવિકાશાળા ગાજી ઉઠે છે અને ગંગા, મણિ, અજવાળી વગેરે બધી શ્રાવિકાઓ ધર્મદાસ શેઠને વંદના કરી પોતપોતાને સ્થાને ચાલી જાય છે.



ઘોડો જોવાને આવ્યા હતા. વરઘોડાની સમૃદ્ધિ તથા વૈભવથી જૈનધર્મનો ઉદ્યોત જોઈ તે ધર્મી રાજા હૃદયમાં ઘણા ખુશી થયા હતા. અનુક્રમે દીક્ષા લેનારી શ્રાવિકાની શિબિકા આવી. શિબિકા ઉપર બેઠેલી એ બાળશ્રાવિકા યાચકોને અગણિત દાન આપતી હતી. તેની આસપાસ ધર્મનો જયધ્વનિ થઈ રહ્યો હતો. પછી દીક્ષાવાળી શ્રાવિકાની શિબિકાની પછવાડે ગૃહસ્થ શ્રાવિકાઓનો મોટો સમૂહ મહારાજાના જોવામાં આવ્યો. તેઓમાં વિધવાઓની સંખ્યા ઘણી જોઈ તે દયાળુ મહારાજાએ પોતાના એક નિપુણચંદ્ર નામના મંત્રીને પુછ્યું, મંત્રી, જુવો તો ખરા? શ્રાવકકોમમાં કેટલી બધી વિધવાઓ છે? આતો વિધવાઓનાં ટોળેટોળાં નજરે પડે છે.

નિપુણચંદ્ર—મહારાજ, આ દેખાવ હૃદયને કંપાવે તેવો છે. એક સૌભાગ્યવતી શ્રાવિકાની પાસે દશ વિધવા રહેલી છે. જ્યાં જોઈએ ત્યાં વિધવાઓજ જોવામાં આવે છે. મહારાજા, તેનું કારણ મારા સમજવામાં આવી ગયું છે.

ધર્મસિંહ—મંત્રિરાજ, તે શું કારણ છે? તે કહો.

નિપુણચંદ્ર—મહારાજ, આજકાલ શ્રાવકકોમમાં બાળલગ્નનો દુરાચાર બહુ પ્રવર્તે છે. ઢીંગલાઢીંગલીની જેમ નાનાં છોકરી છોકરાઓને પરણાવવામાં આવે છે. હજુ તો સંસાર એ શું ચીજ છે? એવું કાંઈ સમજતાં ન હોય તેવાં બાળકોને માથે સંસારની ધુંસરી નાખવામાં આવે છે. છોકરાઓને બાળવયમાં અનેક જાતના રોગ થવાનો સંભવ છે, તેથી વિવાહિત થયેલા છોકરાઓ રોગથી મરણને શરણ થઈ જાય છે, એટલે તેમની બાળવધૂઓ તરત વિધવા થઈ જાય છે. એ દુરાચારથી શાંતિપુરની શ્રાવકકોમમાં અને બીજી કોમમાં આટલી બધી વિધવાઓ વધી પડી છે. આપણા નગરમાં કે ઘરમાં બાળવિધવા ન હોય તેવું ઘર ભાગ્યેજ હશે.

ધર્મસિંહ—મંત્રિ, તમારૂં કહેવું બરાબર છે. અહા! શું

શ્રાવકકોમ એવી અજ્ઞાન છે કે જે આવા દુરાચારને દૂર કરી શકતી નથી.

નિપુણચંદ્ર—મહારાજ! તે કોમમાં જે કેળવણી પામેલા સુજ્ઞ શ્રાવકો છે, તેઓની સંખ્યા થોડી છે અને અજ્ઞાન શ્રાવકોની સંખ્યા મોટી છે, તેથી એ દુરાચાર તે કોમમાંથી દૂર થઇ શકતો નથી.

ધર્મસિંહ—મંત્રિવર્ય, આ તો ઘણા અપશોષની વાત કહેવાય. આ વિષે કાંઈ પણ રાજ્ય તરફથી ગોઠવણ થવી જોઇએ. હું જૈન રાજા કહેવાઉં છું અને જ્યારે આવો દુરાચાર મારી પ્રજામાં ચાલે તોપછી મારી રાજનીતિ શા કામની! હું શ્રાવક રાજા છતાં મારી શ્રાવકપ્રજા દુરાચારને સેવે એ કેવું અનુચિત કહેવાય? હે પ્રિય સચિવ, આજથી તમે આપણા રાજ્યમાં એવો ધારો કરો કે, કોઇ પણ શ્રાવકપ્રજાએ બાળલગ્ન કરવાં નહીં. જે કોઈ કરશે તેને સખ્ત શિક્ષા કરવામાં આવશે.

નિપુણચંદ્ર—મહારાજા, જેવી આજ્ઞા. આવો ધારો કરવાથી શ્રાવકકોમમાંથી એ દુરાચાર નાબુદ થઇ જશે. અને તેથી તે કોમમાં વિધવાઓની સંખ્યા ઓછી થઈ જશે.

આ પ્રમાણે ધર્મસિંહ અને મંત્રિ નિપુણચંદ્ર વાતચીત કરતા હતા, ત્યાં વરઘોડામાં વિધવાઓની પાછળ એક સુંદર પોશાક ધારણ કરી ચાલતું બાળ અને તરૂણ સ્ત્રીઓનું મોટું ટોળું આવ્યું. રાજા ધર્મસિંહની તેમની ઉપર દૃષ્ટિ પડી. તેમને જોઇ રાજાએ મંત્રીને પુછ્યું, મંત્રી, જુવો, આ સૌભાગ્યવતીઓ પણ ઘણી લાગે છે. મને લાગે છે કે, જેટલી વિધવાઓ છે, તેટલીજ આ સૌભાગ્યવતીઓ હશે.

નિપુણચંદ્ર—મહારાજા, તે સૌભાગ્યવતીઓ નથી પણ વિધવાઓ છે. જુવો, તેમના લલાટ ઉપર તિલક નથી.

ધર્મસિંહ—આ શું બોલો છો? આવી તે વિધવાઓ હોય.

વાંચ્યા કરતી હતી. પોતાનાં માતાપિતા પોતાનો વિવાહ કરવાને ઇચ્છે છે, એ વાત જાણી કાવેરીએ પોતાની મા સુમતિને નીચે પ્રમાણે કહ્યું :—

બા, મારે મારા વિવાહની વાત કહેવી તે શરમ ભરેલું છે. તોપણ મારા હિતની ખાતર મારે તમને કહેવું પડે છે કે, "બા, હું હજુ નાની છું, મને હજુ ઘરકામનું પૂરેપૂરૂં શિક્ષણ મળ્યું નથી. સાસરૂં શું કહેવાય ? અને સાસરીઆમાં વહૂની શી ફરજ છે? એ વાત મારા સમજવામાં હજુ બીલકુલ આવી નથી, તેમજ જેની સાથે મારો વિવાહ થવાનો છે, તે પણ તદ્દન નાની વયમાં છે— ઢીંગલા ઢીંગલી જેવો અમારો આ વિવાહ શામાટે અત્યારથી કરો છો ? આવા બાળલગ્નના દુરાચારથી આપણી કોમમાં ઘણો અનર્થ થયો છે. માતા, તમે વડિલ છો, તમારે તમારા ફરજનનું શુભ ઇચ્છવું જોઈએ."

કાવેરીએ આ પ્રમાણે કહ્યું, તોપણ તેની અજ્ઞાન માતાએ માન્યું નહીં અને તેણીનો વિવાહ કરવામાં આવ્યો. કર્મયોગે બે ચાર મહિના થયા, ત્યાં કાવેરીના બાળપતિને શીળી નીકળ્યા અને તે ચાર દિવસમાં મૃત્યુ પામી ગયો. કાવેરી યૌવનવયના આરંભમાંજ વિધવા થઇ. તેણીના અવિચારી માબાપે ઘણો અફશોષ કર્યો, અને તેની માતાએ પુત્રીએ કહેલાં વચનો યાદ કરી હૃદયમાં પશ્ચાત્તાપ કર્યો. કેળવણી પામેલી કાવેરી પોતાના પતિના મરણથી ભારે શોક કરતી પણ બાળલગ્નના દુરાચારને માટે તેણીના હૃદયમાં તેના કરતાં વધારે શોક થતો હતો. તે બાળા પોતાના ઘરના એકાંત ભાગમાં બેશી જૈનધર્મના શાસન દેવતાની પ્રાર્થના કરતી હતી. "હે શાસન દેવતા, વર્ત્તમાનકાળે વીર પ્રભુના તીર્થની રક્ષા કરો. આ અવસર્પિણીકાળના પ્રભાવથી જૈનપ્રજામાં અજ્ઞાન વધતું જાય છે. પ્રતિ દિવસ અનિષ્ટ આચારો વધતા જાય છે, અને

નવા નવા હાનિકારક રીવાજો પ્રગટતા જાય છે. હે શાસન દેવતા, તે બધામાં બાળલગ્ન કરવાનો દુરાચાર સર્વથી મુખ્ય છે. એ દુરાચારથી જૈનપ્રજા નિર્બળ, અજ્ઞાની, રોગી, અને અવિચારી થતી જાય છે. કેળવણી પામેલી સૈકડો સુંદર બાળાઓ વિધવા થાય છે, વિષયના વેગને છતી નહીં શકનારી કેટલીક-એક વિધવાઓમાં ગુપ્ત રીતે મોટા મોટા અનર્થ પણ ઉદ્ભવે છે. હે વીરશાસનના દેવ, આ ઘોર પાપથી જૈનોને મુકત કરો. તીર્થરૂપ સંઘના આગેવાનોના હૃદયમાં સદ્બુદ્ધિની પ્રેરણા કરો, અને એ દુષ્ટ દુરાચારનો તદ્દન નાશ કરી દ્યો.

આ પ્રમાણે પ્રાર્થના કરતી કાવેરીની પાસે તેની મા આવી અને તે બોલી—બ્હેન, આજે તારે માટે તારા બાપા આ સોનાની નવી બંગડી કરાવી લાવ્યા છે, તે પહેર. આજે સારો દિવસ છે. આપણા જોષી મહારાજે કહ્યું છે કે, આજે વિધવાને વેષ પહેરવામાં સારો દિવસ ગણાય છે. માતાનાં આવાં વચન સાંભળી કાવેરીની આંખોમાંથી આંસુની ધારા ચાલવા લાગી. તેણીએ બે હાથ જોડી પોતાની માતાને કહ્યું,—બા, આ શું બોલો છો? હું વિધવા થઈને વળી વેષ શાનો હોય? મારૂં સૈભાગ્ય, મારો શણગાર અને મારૂં રૂપ મારા પતિની સાથે ચાલ્યું ગયું છે. હવે વેષ શાનો, શણગાર શાનો અને રૂપ શાનું? મારૂં સર્વસ્વ સ્વર્ગમાં ગયું છે. જો મારા ભાગ્યમાં સુંદર વેષ, અને સૌભાગ્યનો શણગાર ધારણ કરવા લખ્યો હોત તો હું વિધવા શામાટે થાત? બા, તમારા મનમાં એવી વાત રાખશો નહીં. હવે હું વિધવા ધર્મપાળી મારા આત્માને સુધારીશ. સંસારનો લાંબોમાર્ગ મારે ટુંકો થઇ ગયો છે. જો કે એ માર્ગ ટુંકો છે છતાં કષ્ટ ભરેલો છે, તથાપિ શ્રી આર્હતપ્રભુના ધર્મધ્યાનરૂપ વાહનમાં બેસી એ માર્ગનો પાર પામવા હું પ્રયત્ન કરીશ. બા, હવે મારે શણગારનો વેષહોય નહીં મારા સૌભાગ્યનો સ્વામી મારા શણગારના વેષને લઇને સ્વર્ગે ચા-

લ્યો ગયો છે. મારા શણગારનો સાક્ષી અને મારા શણગારનો નિરખનાર હવે આ દુનિઆમાં કોઇ છેજ નહીં. મારે હવે સુંદર વેષ કોને બતાવવાનો છે? માતા, હવે હું સાૈભાગ્યવતી નથી પણ એક અભાગિયણ વિધવા છું. હવે લોકો મને રાંડેલી રાંડ કહી બોલાવશે પોતાનું શુભ ઇચ્છનારા અને વ્હેમમાં મગ્ન થયેલા જગતના લોકો મારા શુકન પણ જોશે નહીં. માતા, મંગળરૂપ પતિ પરલોકમાં જવાથી હું આ જગતમાં અમંગળ થઇ ગઇ છું—સર્વ જાતનાં મંગળિક કાર્યોમાંથી બાતલ થઇ છું.

કાવેરીનાં આવાં કરૂણાજનક વચનો સાંભળી તેની માતાને ઘણું વસમું લાગ્યું, તે ધ્રુશકે ધ્રુશકે રોવા લાગી—પછી તેણીએ ગદ્ગદ્ સ્વરે કહ્યું, બેટા કાવેરી, તારાં વચનોએ મારૂં હૃદય ભેદી નાખ્યું છે. હવે કદિ પણ આવાં વચન મને સંભળાવીશ નહીં. બેટા, જ્યારે તું આવા આવા વિચારો મનમાં લાવ્યા કરીશ તો પછી તારા મનમાં ઘણો પરિતાપ થયા કરશે. બેટા, તું હજી બાળક છે. તારે અવસ્થામાં લાંબા દિવસ સેવાના છે. જો આજથી આવા વિચાર કરી અપશોષ કરીશ તો પછી શી રીતે રહેવાશે? બેટા, જ્યાંસુધી અમે બેઠાં છીએ ત્યાંસુધી તારે વિધવાવેષ રાખવાની જરૂર નથી. તું નાની છું. તારે ખુશીથી પેહેરવું ઓઢવું જોઇએ.. જ્યારે કર્મયોગે એક રીતે તારો ભવ બળી ગયો તો પછી વિધવાનો વેષ પેહેરી બીજી રીતે બધો ભવ શામાટે બાળવો જોઇએ? બેટા, સારીસારી ઓઢણીઓ, સોનાની બંગડીઓ, પગમાં ઝાંઝરો, કશણી કેંચી જાતની ચોળીઓ અને કમખાઓ પેહેરવામાં કાંઇપણ હરકત નથી. માત્ર નાક ઉપર નથડી, કુલ કે ટીપકી અને કપાળમાં ચાંદલો—એ બે શિવાય બધો સુંદર પોશાક પેહેરવામાં બાળવિધવાને કોઇ જાતની હરકત નથી. બ્હેન કાવેરી, આ કાંઇ આપણે ઘેર નવાઇ નથી. આપણા ગામમાં દરેક બાળવિધવા તેવો વેષ રાખે છે. અને આપણી કોમમાં તે રીવાજ ઘણા કાળથી ચાલ્યો આવે છે.

માતાનાં આવાં વચનો સાંભળી કાવેરી જુસ્સાથી બોલી ઉઠી—બા, તમે મારાં પૂજ્ય માતુશ્રી છો, એટલે હું તમને કાંઇ કહી શકતી નથી. પણ મારી આગળ કદિ પણ એ વાત કરશો નહીં. મારે શુદ્ધ ભાવથી વિધવાધર્મ પાળવો છે. આ વૈધવ્યને પામેલા અમંગળ શરીર ઉપર મારે હવે કદિ પણ સુંદર પોશાક પેહેરવો નથી. જે વિધવાઓ પોતાના પતિના સ્વર્ગવાસ પછી સુંદર પોશાક પહેરી બનીઠણી ચાલે છે, તેઓ પતિની લાગણી વગરની અને ધર્મભ્રષ્ટ છે. સ્ત્રીઓને તેનો પતિ તેનો ઇષ્ટદેવ તુલ્ય પાળક અને પોષક છે. જૈન વિવાહ સંસ્કારથી જેની સાથે પવિત્ર સંબંધ જોડાયો છે, એવો પતિ પોતાની જીંદગી ગુમાવી ચાલ્યો જાય અને તેની સ્ત્રી પછવાડે સારા સારા પોશાકો પેહેરે અને મોજ કરે એ કેવો અધર્મ? વળી તેવા અધર્મને જે માબાપો ઉત્તેજન આપે છે, તે કેવા અધર્મી માબાપો કહેવાય? માતા, તમે મારાં પૂજ્ય છો. તમે તેવાં અધર્મી થશો નહિ. આપણી કોમમાં જે વિધવાઓને વેશ રાખવાનો વિપરીત રીવાજ પ્રવર્ત્યો છે, તે અધર્મને ઉત્તેજન કરનારો છે. એ ખરેખરૂં મિથ્યાત્વ છે. સમકિતને ધારણ કરનારી જૈનપ્રજા જ્યારે તેવા મિથ્યાત્વને માન આપે તો પછી તે સમકિતને ધારણ કરનારી કેમ કરીને કહેવાય? બા, તે વિષે મને વધારે આગ્રહ કરશો તો હું કદિ પણ વિધવા ધર્મથી ભ્રષ્ટ થઈ મારા સમકિતને દૂષિત કરીશ નહિં. મેં બાળપણમાં કેળવણી લીધી છે, તેનો હું ગેર ઉપયોગ કરીશ નહિં. માતા તમારા પ્રસાદથી મેં નાની ઉમરમાં જે કાંઇ ભણ્યું છે, વાંચ્યું છે અને વિચાર્યું છે, તે બધાનો ઉપયોગ મારે આ વખતે કરવાનો છે. બા, મારે માટે કોઇ જાતનો શોક કે સંતાપ કરશો નહિં. હું સારી રીતે વિધવાધર્મ પાળી શકીશ. શ્રી વીરપ્રભુના ધર્મે મારા હૃદયને ઉજ્વળ કર્યું છે. સમકિતની પવિત્ર છાયા મારા મગજમાં પડી છે. મારે હવે આ ફેશનેબલ વસ્ત્રોની જરૂર નથી. મેં નાની બંગડીઓ, સોનાના દાગીના અને કપાળી ટીલડી દે-

વરાજ વિનયથી જવાબ આપ્યો—બા, એક વખતે સાધ્વી જ્ઞાન-શ્રીને ઉપાશ્રયે હું ઉપદેશવાર્ત્તા સાંભળવા ગઈ હતી, ત્યાં તેઓ વૈધવ્ય ધર્મનો ઉપદેશ આપતાં હતાં. ઉપદેશ આપી રહ્યા પછી તેમણે એક વિધવા ધર્મનું મધુર ગીત ગાઈ સંભળાવ્યું હતું, જે ગીત મેં તરત યાદ રાખી લખી લીધું હતું.

માતાએ આનંદમાં ફસરાઈ પુછ્યું, દીકરી, તે ગીત કેવું છે? તે મને સંભળાવ જોઈએ.

નિપુણચંદ કહે છે, મહારાજા, પછી તે પવિત્ર કાવેરીએ વિધવા ધર્મનું ગીત તેની માતાને આ પ્રમાણે ગાઈ સંભળાવ્યું હતું—

વિધવા ધર્મનું ગીત.

(સીતાજીના મહિનાનો રાગ.)

મારી રાંકડી વિધવા બ્હેનો, સુણો એક વાતડી;
દેખી બ્હેનો! તમારાં દુઃખ, બળે મુખ છાતડી. ૧
હવે રાખી હૃદયથી ટેક, સુધારજો કર્મને;
નિત્ય વર્ત્તજો વિધવા નાર, અનુસરી ધર્મને. ૨
દુઃખ આવી પડ્યું જે શિર, સ્હેવું તે અંગથી;
હવે હીન થયો અવતાર, સૌભાગ્યના ભંગથી. ૩
નિત્ય ધર્મ તણો શુભબોધ, હૃદયમાં ધારજો;
કરી ઇંદ્રિય [૧]દમન વિશેષ, વિકારને વારજો. ૪
નિત્ય આપ રહી પરતંત્ર, સુરીતે ચાલજો;
કરી અંતર [૨]ચિત્ત નિરોધ, સદા મન વાળજો. ૫
ધરી તીવ્ર તપસ્યા નિત્ય, [૩]વિગેને ત્યાગજો;
શીલ રક્ષણ કરવા કાજ, [૪]અહો નિશ જાગજો. ૬

૧ ઇંદ્રિયોને દમન. ૨ મનનો નિગ્રહ. ૩ વિગે—વિકૃતિ ઘી દૂધ વિગેરે છ પ્રકાર. ૪ રાત દિવસ.

રમી સાડી, ચોળી, કમખા, ચણીઆ વગેરે દ્રવ્યઆભૂષણો મારે પેહેરવાનાં નથી. હવે મારે ભાવઆભૂષણો પેહેરવાનાં છે. દ્રવ્યઆભૂષણો અસ્થિર, ક્ષણભંગુર અને માટીનાં છે, ત્યારે ભાવઆભૂષણો સ્થિર અવિનાશી અને અપૌદ્ગલિક છે. હવે હું કષ્ટ તપ રૂપી કેશવેણી ધારણ કરીશ. સારી ભાવનારૂપ કંઠાભરણ પેહેરીશ. કષાયના ત્યાગરૂપ કંકણ, નિર્જરારૂપ નંગથી જડેલા નિર્મળતાના નૂપૂર ધારણ કરી મારી ભવ્ય શોભામાં વધારો કરીશ. જ્ઞાનરૂપ અંજનથી મનોહર દર્શનરૂપ દામણી ધારણ કરીશ અને ચારિત્રરૂપ ચાંદલાથી મારા ભાવ સૌભાગ્યને શોભાવીશ. તે શિવાય સમકિતનો સુંદર શણગાર મારા દરેક અંગ ઉપર આરોપિત કરીશ. તે ઉપર શીળની સાડી ઓઢી હું મારા નિર્મળ આત્માને ઓપાવીશ. માતા, મારી તરફની કશી વાતની ચિંતા રાખશો નહિ. હું કુલીન બાળા છું. શીળ એજ મારૂં સર્વસ્વ છે, એવો મારો દૃઢ નિશ્ચય છે. માતા, હું વિધાવાધર્મ પાળી મારા પિતાના અને સાસરાના બંને કુળને દીપાવીશ.

કાવેરીનાં આવાં વચન સાંભળી તેની માતા હૃદયમાં આનંદ સાથે આશ્ચર્ય પામી ગઈ. આટલી નાની વયમાં તેણીના આવા પ્રૌઢ વિચારો સાંભળી તેના મનમાં મોટો અચંબો થયો. પછી હૃદયમાં શાંતિ પામી તેની માતા બોલી—બેટા, તારા વચનોએ મારા પરિતાપ પામેલા હૃદય ઉપર અમૃતનું સિંચન કરેલું છે. વળી મારા મનમાં ખાત્રી કરાવી કે, તું બાળક નથી પણ એક વૃદ્ધ ડોશી જેવી છું. હવે મારૂં હૃદય તારે માટે કોઈ જાતની શંકા કરતું નથી. તારા જેવી બાળિકાને બોધ આપવાની કંઈ જરૂર નથી. તારા હૃદયની ઉત્કૃષ્ટ ધર્મની પવિત્ર વાસનાથી ભરપૂર છે. પણ બહેન, મને એક મોટું આશ્ચર્ય થાય છે કે, તું બહુ નાની છું, તે છતાં તને વિધવાધર્મનો આટલો બધો અનુભવ ક્યાંથી?

ધારા આપના રાજ્યમાં સર્વ સ્થળે ચાલશે તો આપની જૈનપ્રજા સારી સ્થિતિમાં આવશે. મહારાજ, આ બાબત મારે આપને એક સૂચના આપવાની છે, તે જો આપને યોગ્ય લાગે તો સ્વીકાર કરજો. ધર્મસિંહે તે જણાવા આજ્ઞા કરી એટલે ચતુર મંત્રી નિપુણચંદ્રે નમ્રતાથી કહ્યું, મહારાજ, પેહેલાં અત્રેના સંઘના આગેવાનોને બોલાવી આ ધારાની વાત જણાવો અને તેમની સંમતિ લીધા પછી તેની ઘોષણા કરી જૈનપ્રજાને ખબર આપો તો તેથી ઘણો લાભ થશે. કારણકે, સંઘના આગેવાનોની સંમતિ લેવાથી તેઓ ખુશી થઈ અનુમોદન આપશે એટલે પછી આપણા ધારાઓ અસ્ખલિતપણે બધા રાજ્યમાં પ્રવર્ત્તશે.

પોતાના મંત્રીના આ વિચારને રાજા ધર્મસિંહે અનુમોદન આપ્યું હતું. પછી તેને માટે આજે આપણા જૈન મહારાજા ધર્મસિંહ સંઘના આગેવાનોને બોલાવે છે, તેમાં મારે પણ જવાનું છે. આ બધો વૃત્તાંત સાંભળી આનંદા નિશ્ચિંત થઇ બોલી—સ્વામી, આ બધા ખબર તમને અગાઉથી શી રીતે પડ્યાં? શિવચંદ્રે કહ્યું, ગઈ કાલે મંત્રી નિપુણચંદ્ર દેહેરે દર્શન કરવા આવ્યા હતા, તેમણે અમારી આગળ આ બધી વાત કહી સંભળાવી હતી.

આનંદા—સ્વામિ, સત્વર પધારો એ કામ કરવા જેવું છે. આવા ઉત્તમ ધારા પ્રસાર કરવાથી આપણી કોમમાંથી બાળલગ્ન અને વિધવાને વેષ રખાવવાના હાનિકારક રીવાજો નાબૂદ થઈ જશે. ધન્ય છે મહારાજા ધર્મસિંહને કે જેમને આવી બુદ્ધિ સુઝીઆવી.

શિવચંદ—શ્રાવિકા, આપણા કાંતિપુરની બધી પ્રજા ભાગ્યશાળી છે કે જેમની ઉપર ધર્મસિંહ જેવા નીતિવાન્ જૈનીરાજા રાજ્ય કરે છે.

આનંદા—સ્વામી, એ ખરેખરી વાત છે. કાંતિપુરની બધી પ્રજા સુખી છે. મહારાજા ધર્મસિંહ આપણને કુમારપાળ રાજાનું સ્મરણ કરાવે છે.

શિવચંદ્ર—ત્યારે નિપુણચંદ મંત્રી આપણે વસ્તુપાળ તેજપાળ મંત્રીનું સ્મરણ કરાવે છે. શ્રાવિકા, હવે વખત થઈ ગયો છે. હું મહારાજા ધર્મસિંહના દરબારમાં જાઉં છું.

આનંદા—સ્વામી સત્વર પધારો. અને એ કાર્ય સિદ્ધ કરી આપણા સાધર્મી બંધુઓની આશીષ સંપાદન કરો.

શિવચંદ્ર—સદ્ગુણી શ્રાવિકા, તમે પવિત્ર હૃદયનાં છો, માટે આ વખતે મને તમે હૃદયની આશીષ આપો, જેથી હું સાધર્મી બંધુઓની આશીષ મેળવવાને ભાગ્યશાળી થાઉં.

સ્વામીનાં આવાં વચન સાંભળી આનંદા નીચે પ્રમાણે આશીર્વાદની કવિતા બોલી:—

આનંદાની આશીષ.

"તીર્થ તણી આશાતના નવ કરીએ"—એ રાહ.

આજ આનંદા [1]અંતરાશિષ આપે,
સ્વામીનો જય થાય;
કાંત કરો કામ કોમનું જયકારી,
થાશે ધર્મ સહાય. આજ. ૧
સ્વામી સુધારો શ્રાવિકા સ્નેહ ધારી,
રાખો અંતર ખંત;
સહાય કરાવો સર્વને સુખકારી
આપો પુણ્ય અનંત. આજ. ૨
ભક્તિ કરે જે કોમની અતિ ઘને,
ભક્તિકારે રીઝાજ;
રક્ષ કરો તે કોમને દુઃખકારી;
સેવ સુકૃત કાજ. આજ. ૩

૧ અંતરની — હૃદયની આશીષ.

બાળલગ્નના કોપથી કોમ કંપે,
થાય હાનિ અપાર;
રાજ સહાયથી શ્રાવકોને સુધારી,
કરો જય જયકાર. આનં. ૪
શ્રી જિનશાસન દેવતા સ્હાય આપો,
કાપો કષ્ટ અપાર;
વિજય કરો વીરધર્મનો શિવકારી,
સંઘનો જયકાર. આનં. ૫

આ પ્રમાણે આનંદાના મુખથી આશીર્વાદની મધુર કવિતા સાંભળી શિવચંદ્ર ધર્મસિંહના દરબારમાં ગયો.

શેઠ ધર્મસિંહના દરબારમાં જતાં શિવચંદ્ર પોતાની સ્રી આનંદાએ આપેલી આશીષનો વિચાર કરતો હતો—"અહા! પવિત્ર શ્રાવિકા આનંદાએ મને કેવી આશીષ આપી છે? તેણીના હૃદયની પવિત્ર ભાવના કેવી ઉત્તમ છે! પોતાના સાધર્મિબંધુઓનું અને સાધર્મિ બ્હેનોનું હિત કરવાની તેણીની ધારણા કેવી ઉત્તમ છે! એ પવિત્ર શ્રાવિકાના અંતરની આશીષ સફળ થયા વિના રહેશે નહીં. તેને માટે મને એક શ્લોકનું પદ યાદ આવે છે—

" स्वकर्तव्यपराः धर्म-
निष्ठाः स्युः सफलाशिषः।"

"પોતાના કર્તવ્યમાં અને ધર્મમાં તત્પર રહેનારા મનુષ્યોની આશીષ સફળ થાય છે."

ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, એમ ચિંતવતા શિવચંદ્ર શેઠ ધર્મસિંહના રાજ્યદ્વાર આગળ આવી પોહોચ્યા હતા. આનંદા પોતાના પતિને આશીષ આપી હૃદયમાં આનંદ પામી હતી અને પોતાના પતિ સાધર્મિબંધુઓનું હિત કરવામાં વિજયી થાવ, એવી ભાવના ભાવતી હતી.

પછી નિત્યનો સમય થયો એટલે પરમ પવિત્ર આનંદા પોતાની પુત્રી લલિતાને ઉપદેશવાર્ત્તાથી બોધ આપવાને પોતાના હમેશના સ્થાન ઉપર આવી. તે વખતે ચંચળ વગેરે બધી શ્રાવિકાઓ આવી હાજર થઇ.

આનંદા કહે છે—બ્હેન લલિતા, આવતી કાલે હું જ્ઞાનશ્રીને ઉપાશ્રયે ગઈ હતી, ત્યાં તેમણે શીળ વિષે રોહિણી સતીની કથા કહી હતી, તે ઘણી મનન કરવા લાયક છે, તે હું તમને કહી સંભળાવું, તે તમે બધાં ધ્યાન દઇને સાંભળજો. તે કથાને અંગે એ પવિત્ર સાધ્વીજીએ બીજો ઘણો બોધ આપ્યો હતો, જેની અસર શ્રવણ કરનારી શ્રાવિકાઓના હૃદયમાં ઘણી સારી રીતે થઇ હતી.

ચંચળ—ધર્મમાતા, એ કથા અમને કહી સંભળાવો તો ઘણો ઉપકાર થશે.

પ્રેમ—ચંચળ બ્હેન, હા, ખરી વાત છે, એ કથાની પ્રશંસા મેં પણ બીજી શ્રાવિકાઓને મોઢેથી સાંભળી છે.

પ્રેમદા—આનંદા બ્હેન. આ વાત સાંભળી મને ઘણો અપશોષ થાય છે.

ચંચળ—તેમાં તમને શાનો અપશોષ થાય છે?

પ્રેમદા—ગઈ કાલે હું પણ જ્ઞાનશ્રીને ઉપાશ્રયે ગઈ હતી, પણ હું તો ઉતાવળી ઉતાવળી તેમને વાંદીને ચાલી આવી હતી. તેથી મને તેમના ઉપદેશનો લાભ બીલકુલ મળ્યો નહીં.

ચંચળ—તમે શા માટે ઉતાવળ કરી હતી?

પ્રેમદા—શું કહું બ્હેન, મારો ઉતાવળીઓ સ્વભાવ છે. વળી મારે દેરાસરમાં પણ એવી રીતે ઉતાવળ થઇ જાય છે. અને એવા ઉતાવળીઆ સ્વભાવને લઈને મેં ઘણાં કામમાં મોટો લાભ ખોયો છે.

ચંચળ—પ્રેમદા બ્હેન, [illegible] મારે પણ એવો સ્વભાવ [illegible] [illegible] ઉપદેશથી સુધરી ગયો છે.

પ્રેમદા—જયાબ્હેન, તોપણ મારા જેવો તમારો ઉતાવળીઓ સ્વભાવ નહીં હોય.

જયા—બ્હેન, હું જાણું છું કે, મારા જેવો તમારો ઉતાવળો સ્વભાવ નહીં હોય કારણકે, હું પેહેલાં કેવી હતી તે વાત તમારા જાણવામાં નથી. ઘણું ભાગે હું દેહેરે કે ઉપાશ્રયે જતી નહીં. પણ વખતે કોઈ પર્વણીને દિવસે જાઉં તો દર્શન અને વંદન ઉતાવળથી કરી દોડાદોડ કરી ઘેર આવતી હતી. બ્હેન, એક વખતે તો એવું બન્યું કે, હું જ્ઞાનશ્રીને ઉપાશ્રયે તેમને વંદના કરવા ગઈ, ત્યાં જ્ઞાનશ્રીની આગળ કોઇ ધોળી સાડી પેહેરી બેઠેલી શ્રાવિકાને વાંદવા લાગી. જ્ઞાનશ્રી તેનાથી થોડે દૂર બેઠાં હતાં, પછી તે શ્રાવિકાએ હસીને કહ્યું, બ્હેન, તું કોને વાંદે છે? જરા સામું તો જો. જ્ઞાનશ્રી આ તરફ બેઠાં છે. પછી હું વિલખી બની એટલે જ્ઞાનશ્રીએ કહ્યું, બ્હેન, શરમાઇશ નહીં. તું જેને વંદન કરતી હતી, તે શ્રાવિકા દ્રવ્યથી સાધ્વી નથી પણ ભાવથી સાધ્વી છે. અને વયમાં તારાથી મોટી છે, માટે તારે વંદન કરવા યોગ્ય છે. તે વખતે મેં કહ્યું, ગુરૂણીજી, ક્ષમા કરજો. મારો સ્વભાવ ઘણો ઉતાવળો છે.

પ્રેમદા—બ્હેન, એ તો જરા વધારે પડતો ઉતાવળો સ્વભાવ કહેવાય. તે તો ઠીક પણ મને તો ગઈ કાલે જ્ઞાનશ્રીનાં મુખથી રોહિણી સતીની કથા સાંભળી નહીં, તેને માટે ઘણોજ પશ્ચાત્તાપ થાય છે.

જયા—બ્હેન, હવે પશ્ચાત્તાપ કરવો શા કામનો? જે થયું તે ખરૂં. આપણાં જ્ઞાનશ્રી તો આપણાં ધર્મમાતાજી આ આનંદા કાકીજી છે. તેમના મુખથી રોહિણી સતીની કથા સાંભળશો એટલે તમારા મનમાં પૂરેપૂરો સંતોષ થશે.

પ્રેમદા—હા, બ્હેન ખરૂં છે. આપણાં જ્ઞાનશ્રી તો આનંદા બ્હેનજ છે.

આનંદા—બ્હેનો, ક્યાં જ્ઞાનશ્રી? અને ક્યાં હું ? તેઓ પંચમહાવ્રત ધારી સાધ્વી કહેવાય અને હું એક પામર સંસારનો કીડો કહેવાઉં. વળી ક્યાં તેમની ઉપદેશ શક્તિ? અને ક્યાં મારી શક્તિ? તેમાં ઘણોજ તફાવત છે.

પ્રેમદા—આનંદા બ્હેન, એ ખરી વાત, પણ અમારાં ગધાનાં હમેશનાં ઉપકારી તો તમેજ છો. સમયનો ભોગ આપી હમેશાં ઉપદેશવાર્ત્તા કરી અમારા જેવી અજ્ઞ શ્રાવિકાના જીવન સુધારનારી તમારા જેવી પરોપકારી શ્રાવિકા આ જગત્‌માં જવલેજ હશે.

આનંદા—બ્હેનો, એમાં હું શું કરૂં છું. મારી તે ફરજ છે. દરેક શ્રાવિકાએ પોતાનું અને બીજાનું હિત થાય તેમ કરવુંજ જોઇએ.

પોતી—ધર્મમાતા, હવે કૃપા કરીને જ્ઞાનશ્રીએ કહેલી રોહિણીની વાર્ત્તા અમને સંભળાવો.

ધર્મદાસશેઠ કહે છે—હે શ્રાવિકાઓ, પછી આનંદાએ જ્ઞાનશ્રી સાધ્વીજીની પાસેથી સાંભળેલી રોહિણી સતીની વાર્ત્તા કહેવા માંડી. તે તમે પણ ધ્યાનથી સાંભળજો.

આનંદા—હે શ્રાવિકા બ્હેનો, પાટલીપુત્ર નગરમાં **શ્રીનંદ** નામે રાજા રાજ્ય કરતો હતો. શ્રીનંદના વડિલો ઘણાં ધર્મિષ્ટ હતાં, પણ શ્રીનંદ દુરાચારી લોકોના સહવાસમાં વિશેષ આવવાથી ઘણો નઠારો રાજા થયો હતો. જોકે તેનામાં બુદ્ધિ, ઉદારતા અને પરાક્રમ વગેરે બીજા સારા ગુણો હતા, પણ દુરાચારના એક અવગુણથી તે બધા ગુણો ઢંકાઇ ગયા હતા. તેના રાજ્યમાં **ધનાવહ** નામે એક શેઠીઓ રહેતો હતો. તેના ઘરમાં **રોહિણી** નામે એક સ્ત્રી હતી. રોહિણી જ્યારે તેના પિતાને ઘેર કુંવારી હતી, ત્યારે તેણીએ પોતાની માતા પાસેથી સારી કેળવણી લીધી હતી. તે સાથે તેણીનામાં હિંમતનો ગુણ ભારે હતો. જ્યા[illegible] પરણીને પતિને ઘેર

ગઇ, ત્યારે તેની માતાએ જે હિતકારી બોધ આપ્યો હતો. તે તેણીના હૃદયમાં એવો તો ઠસી ગયો હતો કે પછી જે આવજ્જીવ સુધી તેણીના હૃદયમાંથી કદિ પણ ભુલાય તેવો ન હતો.

ધનાવહ અને રોહિણીનો ગૃહાવાસ પણ ઉક્ત પ્રકારે ચાલતો હતો. તે બંનેની વચ્ચે પ્રેમની પવિત્ર ગાંઠ બંધાઈ ગઇ હતી. એક વખતે ધનાવહશેઠ રોહિણીની રજા લઈ વેપાર કરવાને સમુદ્રપ્રયાણ કરવા તૈયાર થયો. સતી રોહિણી પોતાના પતિના વિયોગને માટે મનમાં જરા દુઃખવાળી પણ પતિના આવા સારા ધારેલા ઉદ્યોગમાં પોતાને અંતરાયરૂપ ન થાવું, એવું ધારી તેણીએ પતિના પ્રયાણને માટે ખુશી બતાવી. ચાલતી વખતે તે પવિત્ર શ્રાવિકા બે હાથ જોડી ઉભી રહી ત્યારે ધનાવહશેઠ ગદ્ગદિત થઇ બોલ્યો—"પ્રિયા, હું દૂર દેશમાં જાઉં છું. ઘરની પ્રતિષ્ઠા સાચવજે અને આપણા ઘરના કીંમતી પદાર્થોના કરતાં જે વધારે કીંમતી છે, તેવા તારા શીલરત્નની સારી રીતે રક્ષા કરજે. તારા સહવાસથી મને ખાત્રી તો થઇ ચુકી છે કે, તું ખરેખરી શીળવતી સતી છે, તથાપિ 'પતિએ પત્નીને હિતશિક્ષા આપવી જોઇએ' એ કર્ત્તવ્યને અનુસરી મારે તને કહેવું પડે છે." તે સાંભળી રોહિણી મંદસ્વરે બોલી--"પ્રાણનાથ, મારા શીળની રક્ષા જો મારાથી થઈ શકશે નહીં તો જૈનશાસનના પવિત્ર દેવતા તેની રક્ષા કરશે. વળી મેં મારૂં શીળરૂપ અમૂલ્ય રત્ન મારા પ્રાણની ચોકીમાં રાખ્યું છે, જો કોઇ આવી ને પ્રાણનો નાશ કરી તેને લેવા ધારે તો મેળવી શકે તથાપિ એમ પણ બને તેવું નથી કારણકે, તે પ્રાણ એકલા નાશ પામશે નહીં. શીલરત્નને સાથે લઇનેજ તેઓ નાશ પામશે, એટલે મારા શીળરત્નને લેવાને કોઇ પણ સમર્થ નથી. સ્વામી, પાછા સત્વર વહેલા પધારજો. આપના શરીરની રક્ષા કરજો અને યોગ મળે તો શુભ સમાચાર મોકલજો."

આ પ્રમાણે કહી ધનાવહશેઠ સમુદ્રમાર્ગે વેપાર કરવા ગયો.

ખરાં. તે શી રીતે બન્યું હતું. ?

અજવાળી—બ્હેન તારા, આ રૂપનગરમાં **અમરચંદ** કરીને મારા એક મામા છે, તે સાધારણ સ્થિતિના છે, પણ તે સારા કુળવાન્ ગણાય છે. તેને **જેકુંવર** નામે દીકરી છે. મારી મામીનું નામ હરિ છે, તે હરિ સારા સ્વભાવની અને ગરીબ છે. એક વખતે મારા મામાએ કોઈ ચોપાનીયામાં વાંચ્યું કે, "જે પિતા પોતાની દીકરીને સ્ત્રીકેળવણી આપતો નથી તે પિતા તેનો શત્રુ છે." આ ઉપરથી તેમણે નિશ્ચય કર્યો કે, મારે જેકુંવરને એવી ભણાવવી કે, તેના જેવી કોઈ વિદ્વાન્ શ્રાવિકા આ ગામમાં ભાગ્યેજ મળે.

આવા વિચારથી પોતાની સ્થિતિ સાધારણ છતાં તેણે એક સારી બાઈને પગાર આપી પોતાને ઘેર જેકુંવરને ભણાવા રાખી. તે ઉપરાંત પોતે પણ તેણીને અભ્યાસ કરાવા મહેનત કરવા લાગ્યા. તેમણે મારી મામી હરિને કહી દીધું કે, "તારે જેકુંવરને કાંઈ પણ કામ બતાવવું નહીં. આખો દિવસ તેને ભણવા દેવી." આથી જેકુંવરે સારો અભ્યાસ કર્યો, પણ ઘરના કામકાજથી તે તદ્દન અજ્ઞાત રહી. જેકુંવર ઉમર લાયક થઇ ત્યારે તેણીના વેવિશાળ માટે મારા મામાએ કોઈ યોગ્ય અને વિદ્વાન પતિની શોધ કરવા માંડી. શોધ કરતાં તેને **કર્મચંદ** નામે એક શ્રાવકનો દીકરો મળી આવ્યો. કર્મચંદ એક સાધારણ ગૃહસ્થનો દીકરો હતો, પણ તેના બાપની લોકોમાં સારી આબરૂ હતી, અને તે કુળવાન્ ગણાતો હતો. કર્મચંદની મા તેની બાળવયમાં ગુજરી ગઇ હતી, આથી ઘરનો ભાર ઉપાડી લે, એવા ઇરાદાથી તેનો પિતા કોઇ મોટી ઉમરની કન્યા શોધતો હતો. 'અમરચંદ શેઠની દીકરી મોટી ઉમરની અને ભણેલી ગણેલી છે,' [illegible] મારી કર્મચંદની સાથે તેણીનું વેવિશાળ કરવામાં આવ્યું [illegible] સારી ધામ[illegible]થી

જેકુંવરનો કર્મચંદની સાથે વિવાહ કર્યો. કર્મચંદના ઘરમાં કોઇ બૈરૂં હતું નહીં, તે પોતાની એક આધેડ વયની ફુઇને થોડા દિવસ માટે પોતાને ઘેર તેડી લાવ્યો હતો. જેકુંવરને પરણાવ્યા પછી તરતજ સાસરે વળાવવામાં આવી. કર્મચંદની ફુઇએ જેકુંવરને કહ્યું કે, હવે આ ઘરનો બધો ભાર તારી ઉપર છે. હું તો બે દિવસની મેમાન છું, માટે ઘરનું દરેક કામ કરવા માંડ. જેકુંવરે તેનો ઉત્તર આપ્યો નહીં. સવાર પડે એટલે જેકુંવર કોઈ વાર્ત્તાની ચોપડીઓ લઇ વાંચવા બેસતી અને જમવાનો વખત થાય એટલે જમવા ઉઠતી હતી. થોડા દિવસ સુધી તો એમ ચાલ્યું પછી તેણીએ કર્મચંદને કહ્યું કે, "તારી બૈરી તો ભણી ગણીને અહિં વાંચવા આવેલી લાગે છે. હવે મારે બે ચાર દિવસમાં ઘેર જાવું છે." ફુઇનાં આવાં વચન સાંભળી કર્મચંદે જેકુંવરને એકાંતે બોલાવી કહ્યું કે, તું ઘરનાં કામ કેમ કરતી નથી ? હું તને કાંઈ ઘરની માંડ કરવાને લાવ્યો નથી. જેકુંવર નવીનવી ચોપડીઓ વાંચીને શીખી હતી કે, પતિને પ્રાણનાથ કહીને બોલાવવો—તેથી તે બોલી કે, "પ્રાણનાથ, મને ઘરનું કામ કાંઇ આવડતું નથી. મને તો નવીનવી ચોપડીઓ વાંચવી ગમે છે. ઘરનું કામતો નોકરો કરે અને તેને માટે મેં ઘણી ચોપડીઓમાં વાંચેલું છે." કર્મચંદ ચીડાઇને બોલ્યો—"અરે મૂર્ખી, હું કાંઇ તેવો ગૃહસ્થ નથી કે, ઘેર નોકરો રાખું. મારા ઘરનું તો બધું કામ તારે કરવું પડશે. નહીં તો તારે કોઈ પૈસાદારને પરણવું હતું કે જેથી ઘણા નોકરો તારી સેવામાં હાજર રહેત." કર્મચંદનાં આવાં વચન સાંભળી જેકુંવર ઘડીવાર કાંઇ બોલી નહીં. પછી તેણીએ રોતાં રોતાં કહ્યું કે, મને ઘરનું કામ આવડતું નથી, તમે કહો તેમ કરૂં ? કર્મચંદે ગુસ્સાથી જવાબ આપ્યો—"જ્યાંસુધી મારાં ફુઇ અહિં રહે ત્યાંસુધીમાં તું બધું કામ શીખી લે. અને ઘરના બધા કામમાં માહિતગાર થઇ જા." પછી કર્મચંદે પોતાની ફુઇને કહ્યું કે, તમે બે ચાર દિવસ વધારે રોકાઇને પણ તેને ઘરનું કામ-

કાજ શીખવી દો. બીજે દિવસે જેકુંવર સવારે ઉઠી એટલે તેની ફુઈજીએ કહ્યું કે, 'વહુ, આ સાવર્ણી લઈને ઝાડું કાઢ.' જેકુંવર ઘરમાં ઝાડું કાઢવા લાગી ત્યાં સાવર્ણીમાંથી બધી સળીયો નીકળી ગઈ અને ભીંતળીએથી ગાર ઉખડી ગઈ. જેકુંવરે આવી ફુઈજીને કહ્યું કે, બા, જુવોને આ સાવર્ણી ભાંગી ગઈ. અને ગાર ઉખડી ગઈ. ફુઈજીએ જોયું એટલે તે મોટે સાદે બોલી—અરે ભુંડી, તને ઝાડું કાઢતાં પણ આવડતું નથી. તારી માએ આવું પણ શીખવ્યું નથી? મારા કર્મચંદને નશીબે તું ક્યાંથી મળી? પછી ફુઈજીએ તેને પાણી ભરવા મોકલી. થોડીવારે રોતીરોતી પાછી આવી. અને તેણીએ કહ્યું કે, માથે બેડું ભરીને આવતી હતી. ત્યાં ડોક લચકી ગઈ, એટલે બેડું પડી ગયું તે સાંભળી ફુઈને ઘણો કંટાળો આવ્યો અને તે બોલી—અરે મૂર્ખી; કાંઈ નાની નથી કે બેડું ન ઉપાડી શકે? જરા નજર રાખીને ચાલીએ. શું કરતાં ડોક લચકી ગઈ! જેકુંવર રોતીરોતી બોલી—બા, પાણીને રસ્તે આવતી હતી, ત્યાં કોઈના ઘર ઉપર લખેલું પાટીયું ચોડયું હતું તે વાંચવાને મેં ઉંચી ડોક કરી એટલે ડોક લચકી ગઈ અને બેડું પડી ગયું. ફુઈ બોલી –"તારે વાંચ્યાની શી જરુર હતી.? સૌ જાણે છે કે, તું ભણેલી છું." જેકુંવરે જરા હળવેથી કહ્યું, બા, ભણ્યાં હોઈએ તો વાંચવાનું તો મન થાય. આ બધી વાત ફુઈએ કર્મચંદને કહી એટલે કર્મચંદે જેકુંવરને ઘણોજ ઠપકો આપ્યો.

એક વખતે ફુઈજીએ જેકુંવરને રસોઈ કરવા બેસાડી. ઘણી માથાકૂટ કરી તોપણ તેને આવડયું નહીં. તથાપિ પગણે પગણે આંધણ મુકવાનું અને બાગતું નાંખવાનું થોડું ઘણું શીખવ્યું હતું. એક દિવસે ફુઈજીએ જેકુંવરને કહ્યું કે, આજે ચૌદશ છે, તેથી હું દેહેરે ઉપાશરે જાઉં છું. તે પેહેલાં દાળ ભાત કરી રાખજે. મેં તને શીખવ્યું છે, તે પ્રમાણે આંધણ મુકી ચોખા અને દાળ ઓરી

દેશે. હું આમ્યા પછી ફેરવી દઈશ. પછી જ્યારે કુંઈ ફેરકે ઉપ-રકે જઈને આવી ત્યારે તેણીએ ચુલે જઈ સંભાળ્યું, ત્યાં ચોખા અને દાળની તપેલી ખાલી પડી હતી અને નીચે આડઅંગારા ભ-ડકા થતા હતા. કુંઈએ ક્રોધથી જેકુંવરને બોલાવી ત્યારે જેકુંવર મેડી ઉપરથી આવી એટલે તેને કહ્યું, અરે મૂર્ખી, તું ક્યાં ટળી હતી? આ બળતું નકામું કેમ જાય છે? અને દાળ ભાત કેમ ઓર્યાં નથી? જેકુંવર બોલી—બા, તમે મને જેનાથી આંધણ મુકવાનું માપ બતાવી શીખવ્યું હતું, તે કાગળીયો મને જડ્યો નહીં. પછી હું શી રીતે આંધણ મુકું? પછી તો હું તે કામ છોડી દઈ મેડી ઉપર ચોપડી વાંચતી હતી. અરે બળ્યું તારું વાંચવું, તેમાં વળી તે કાગળીઆનું શું કામ હતું. તેના જેવડો બીજો કાગળીયો લઈને અનુમાનથી આંધણ મુક્યું હતું. આ વાત કુંઈએ કર્મચંદને કહી કે, તારી બૈરી કદિ પણ સુધરે તેમ નથી. તે નકામી ચોપડીઓ વાંચ્યા કરે છે અને કામ શીખવામાં ધ્યાન રાખતી નથી. હવે હું તો એનાથી કાયર થઈ ગઈ છું. પછી કર્મચંદે જેકુંવરને ઘણો ઠ-પકો આપી કહ્યું કે, અરે ભણેલાની દીકરી, તેં શું ધાર્યું છે? તારા જેવી મૂર્ખ સ્ત્રી મારા નશીબમાં ક્યાંથી આવી? બાયડી થઈને જ્યારે ઘરનું કામકાજ શીખતી નથી તો પછી મારે તારું શું કામ છે? તું તારે પીયર ચાલી જા. હવે તારા બાપને ઘેર રહેજે અને ચોપડીઓ વાંચ્યા કરજે.

પતિનાં આવાં વચન સાંભળી જેકુંવર બોલી—“પ્રાણનાથ, મારી ઉપર દયા કરો. તમારાં વચન સાંભળી મારા હૃદયમાં ઘણો પરિતાપ થાય છે. મારા જેવી કેળવણી પામેલી સ્ત્રીને તમે મૂર્ખી કહી બોલાવો છો અને હલકાં વચનો કહી મારો તિરસ્કાર કરો છો, તેથી મને ઘણું માઠું લાગે છે.”

કર્મચંદ ઊંચે સ્વરે બોલ્યો—અરે રાંડ, બળી તારી કેળવણી.

કેળવણીનો ખરો અર્થ તું સમજીજ નથી. સ્ત્રીકેળવણીનો અર્થ કાંઇ ચોપડીઓ વાંચતાં શીખવું એવો નથી પણ ઘરનાં કામકાજ શીખવાની સાથે વાંચતાં લખતાં શીખવું એવો તેનો અર્થ થાય છે. જે સ્ત્રી ઘરનાં બધાં કામકાજ શીખવાની સાથે વાંચતા લખતાં શીખેલી હોય, તેણીએ સ્ત્રીકેળવણી લીધી છે, એમ સમજવું.

અજવાળી કહે છે, બ્હેન તારા, આ પ્રમાણે પોતાના પતિ કર્મચંદે કહ્યું, તે જેકુંવર સાંભળી રહી, પણ તેણીનું ધ્યાન ઘરકામમાં લાગ્યું નહીં. છેવટે તેણીની ફુઇજી કંટાળીને પોતાને ઘેર ચાલી ગઇ. પછી કર્મચંદે જેકુંવરની સાથે કેટલાક દિવસ સુધી માથું ફૂટયું. છેવટે તેણે જેકુંવરને તેણીને પીયર કાઢી મુકી હતી. એક બે વર્ષ વીત્યા પછી કુળવાન્ ગણાતો કર્મચંદ ફરીવાર પરણ્યો હતો. અને જેકુંવર કાયમ છતે ધણીએ વિધવા જેવી થઇ પોતાના પીયરમાં રહી હતી. હાલ મારા મામા અપંગ થઈ ગયા છે, તેથી તેમનાથી કમાઈ શકાતું નથી એટલે મારી મામી હરિ અને જેકુંવરને પારકાં કામ કરી પેટ ભરવાનો વખત આવ્યો છે, હરિ જેકુંવરને તેના પતિ પાસે મુકી આવે છે, પણ તેની શોકય નઠારી હોવાથી તે તેણીને પજવ્યા કરે છે, એટલે તે બિચારી પાછી રોતી રોતી પોતાને પીયર આવે છે. બ્હેન, તને વધારે શું કહું, મારા મામા અમરચંદને ઘડપણમાં દીકરીનું દુઃખ ભારે આવી પડયું છે. થોડા દિવસ પહેલાં હું તેમની પાસે ગઇ હતી, ત્યારે તેઓ બોલ્યા હતા કે, “ કોઇ પણ માબાપો પોતાની દીકરીને એકલી શુષ્ક કેળવણી આપશો નહીં. જે માબાપો ઘરના કામકાજની કેળવણી આપ્યા વગર એકલી વાંચવા લખવાની કેળવણી આપી સંતોષ માનશે, તેઓ અમારી જેમ પસ્તાશે. એટલુંજ નહીં પણ તેમને તેની દુઃખી થતી દીકરીના નીસાસા લાગશે. માટે હે તારા બ્હેન, તમે તમારી દીકરી દીવાળીને સુકી કેળવણી આપશો નહીં. તેને ઘરનું કામકાજ શીખવાની સાથે બીજી કેળવણી આપજો.

તારા—અજવાળી બ્હેન, તમે કહો છો, તે મને બરાબર યોગ્ય લાગે છે. જેકુંવરનો દાખલો ઘણો અસરકારક છે. હું મારા પતિને જેકુંવરની વાત કહી સમજાવીશ.

પછી તારા અને અજવાળી જુદાં પડી પોતપોતાને ઘેર જાય છે.



ક્ષણની મહાવિદ્યા મેળવશે, ત્યારેજ તેઓનાં સંતાન આરોગ્યવા-ળા, સુખી, ચતુર, બલિષ્ટ, કદાવર, તેજસ્વી, પરાક્રમી, શુરવીર અને દીર્ઘાયુષી થશે. બાળસંરક્ષણની વિદ્યામાં ૧ નહવરાવવું, ૨ કપડાં, ૩ ધવરાવવું, ૪ ધાવ્ય, ૫ ખોરાક ૬ હવા, ૭ ઉંઘ, ૮ કસ-રત, ૯ દાંતની સંભાળ, ૧૦ પગની સંભાળ, ૧૧ મસ્તકની સં-ભાળ, ૧૨ કાનની સંભાળ, ૧૩ શીતળાના રોગમાંથી રાખવાની સંભાળ, ૧૪ ઝેર વીનાની બાળાગોળી, ૧૫ આંખ, ૧૬ ચેપીરો-ગ, ૧૭ શિક્ષણ, ૧૮ શ્રમ—આ અઢાર બાબતો મુખ્ય રીતે જાણ-વાની છે. એ અઢાર બાબતનું સારૂં શિક્ષણ મેળવનારી શ્રાવકમા-તા પોતાના સંતાનને સારી સ્થિતિ ઉપર મુકી શકે છે, જે સ્થિતિ-ને લઈને તેમનાં સંતાનો ભવિષ્યમાં સર્વ રીતે સુખી થાય છે.

નવરાવવું—જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે તેનું નાળચ્છે-દન કરવામાં આવે છે. તે નાળચ્છેદન કરતી વખતે ઘણી સંભાળ રાખવાની જરૂર છે. કારણકે, ગર્ભસ્થાનમાં બાળકનું પોષણ નાળ-વડેજ થાય છે. તેથી તેનો સંબંધ બાળકના ગર્ભસ્થાનની સાથે હોય છે. જ્યારે બાળક જન્મે છે, ત્યારે તે નાળનો એક છેડો ઓ-ર સાથે વળગેલો હોય છે. નાળને ડુંટીથી અઢી ચસુ છંચને છેટે ફરતું સુંવાળું કુમડું કે રૂ વીંટી એક દોરાથી મજબૂત બાંધી લેવું. પછી ઓર તરફનો નાળનો છેડો કાપી નાંખવો, હવે જે અઢી ચ-સુ છંચનો નાળનો બાંધેલો કટકો રહ્યો, તેને પેટ ઉપર રાખી, તે ઉપર એક સુંવાળા કુમડાનો પાટો બાંધી લેવો, આમ બાંધવાથી નાળની સંભાળ બરાબર રહીશકે છે. વળી પેટે પાટો રહ્યાથી હિ-ક્કાને વાયુનો વધારો થતો નથી. અને પેટને ટેકો મળે છે. વળી જે નાળને ફરતું કુમડું દોરાથી બંધાય છે. તેથી બાળકના શરીર-માં જે લોહી ફરે છે, તે નાળદ્વારાએ બહાર નીકળી શકતું નથી [illegible]

રી જાય છે, આ બાબતમાં ઘણીજ સંભાળ રાખવાની છે. તે નાળ પાં-ચ સાત રોજે કે તેથી બે વધારે રોજે એની મેળે ખરી પડે છે. એ-ને એની મેળે કાઢવું નહીં જો કદિ નાળ પાકે તો તે ઉપર કલાઈ ચઢેલો દાબડો. જો સોજો હોય તો તેલમાં અળશીનું ઘસી ચોપડવું અને તે ઉપર અળશીના પોટલાનો શેક કરવો. નાળછેદન પછી બાળકને ઘણી સાવચેતીથી નવરાવવું તેમાં તે પહેલું સ્નાન હોવાથી તે-ને ફલાલીન, ધાબળી કે બનાત વગેરે ગરમ કપડાપર અને ટાઢ ન હોય તો સુંવાળું ધોતીયું ઓઢાડી માંચીપર સુવારવું. તે પછી હમેશાં બાળકને ન્હવરાવવાનો રીવાજ રાખવો. સાબુ લગાડી નવ-શેકા પાણીથી પોચે હાથે ન્હવરાવી તેને સાફ રાખવું. ન્હવરાવતી વખતે તેની આંખમાં તેલ, સાબુ કે પાણી ન જાય, તેની પૂરતી સંભાળ રાખવી. ન્હવરાવવાનો વખત સવારનો ઉત્તમ છે. ન્હવરા-વવા પહેલાં તેના શરીર ઉપર તેલ ચોળવું. પછી માથે પાણી રેડી માથું ભીંજવી ધોવું, ત્યારપછી શરીરે સાબુ ચોળી કેડ સુધીના પાણીમાં ઉભું રાખવું. કે બેસારવું. વળી પાણી નવસેકું કરવું. વધારે ઉનું કરીને તેમાં ટાઢું પાણી રેડવું નહીં. પ્રથમથીજ જોઇએ તેટલું પાણી નવસેકું કરી રાખવું. ન્હવરાવતી વખતે તેના શરીરના સાંધામાં મેલ રહેવા દેવો નહીં. માથા ઉપર પાણીની ધાર કર-વાથી મસ્તક ઠંડું થાય છે. મગજની વૃદ્ધિ થઇ પ્રકૃતિ સારી રહે છે. બનતા સુધી માથાપર ગરમ પાણી રેડવું નહીં. માથે તો ઠંડુંજ પાણી રેડવું ઉત્તમ છે. બાળકને ન્હવરાવતાં પાંચ મીનીટથી વધારે વાર કરવી નહીં. તેમ શરીર પલાળી ઘણી વાર રાખવું નહીં. ત-રત પોચે હાથે શરીર કોરૂં કરવું, શરીર કોરૂં કરતાં ચામડી ઘસાય નહીં, તેની સંભાળ રાખવી, ન્હવરાવ્યા પછી શરીર ઉઘાડું નહીં રાખતાં તરતજ તેને કોરાં સ્વચ્છ વસ્ત્ર પહેરાવી દેવાં. શરીર ઉઘાડું રાખવાથી અથવા વસ્ત્ર પહેરાવવામાં વાર લગાડવાથી વખતે શરદી, સળેખમ, ઉધરસ વગેરે વ્યાધિ થવાનો સંભવ છે. બાળકનું શરીર

પાણીમાં બે મુઠી સીઠું નાખીને
નાજુક હોય છે, માટે બીજે માસે
ન્હુરાવવું; તેથી બળ આવશે. જ્યાં પવન ન હોય, તેવે ઠેકાણે તેને
ન્હુવરાવવું. પુત્રના માથાના વાળ રોજ અને પુત્રીના સાત આઠ
રોજે ધોવા. જ્યારે બાળકની ત્રણ ચાર વર્ષની ઉમર થાય ત્યારે
ન્હાવામાં ટાઢું પાણી ફાયદાકારક છે. અને શીયાળામાં તો નવસેકા
પાણીએ ન્હુવરાવવાનું રાખવું. ગરમ પાણીથી શરીર વધારે સ્વચ્છ
થાય છે ખરૂં, પણ શરીરમાં સ્ફુરણા અને ગરમાવો તરત આવતાં
નથી. ગરમ પાણીથી શરીર ઢીલું થાય છે અને ટાઢાં પાણી વડે
ન્હુવરાવવાથી શરીરમાં તરત સ્ફુરણા અને ગરમો આવે છે;
બળ વધે છે, તથા શરીર મજબૂત થાય છે. બાળકને બાળપણમાં
નવરાવવાનો મહાવરો રાખ્યાથી તેને મોટપણે એ ટેવ પડે છે,
તેથી તે શરીરમાં અનેક પ્રકારના વ્યાધિઓ થતા અટકાવે છે, શરીર
આરોગ્ય રહી મજબૂત થાય છે.

કપડાં—બ્હેનો! બાળસંરક્ષણની બીજી રીત કપડાં પેહેરા-
વવાની છે, તે તમે ધ્યાનમાં રાખજો. બ્હેન પાર્વતી, આ તારા ભા-
ણીઆન. શરીર ઉપર જે મેલાં અને તડાતડ કપડાં રહેલાં છે, તે
બાળકના રક્ષણના નિયમથી ઉલટું છે; માટે બાળકને કેવાં અને
કેવી રીતે કપડાં પેહેરાવવાં જોઈએ ? તે વિષે મેં સારી માના પા-
સેથી જે કંઈ જાણ્યું છે અને સાંભળ્યું છે, તે હું તમારી પાસે કહું
છું, તે તમે ધ્યાન દઈને સાંભળજો. પહેલાં તો બાળકને શીયાળો,
ઉનાળો અને ચોમાસું—એમ ત્રણે ઋતુને અનુકૂળ એવાં વસ્ત્રો પહે-
રાવવાં. શીયાળામાં અને ચોમાસામાં ફલાલીન, ઉન વગેરેનાં ગરમ
કપડાં પેહેરાવવાં ફાયદાકારક છે. અને ઉનાળામાં તો સુતરાઉ બારીક
પેહેરાવવાં. જો ઋતુ પ્રમાણે કપડાં પહેરાવવામાં ન આવે તો બાળ-
કની તબીયત બગડે છે, વળી તે કપડાં તેને તંગ ન પહેરાવવાં,
કારણકે, કપડાં તંગ પહેરાવવાથી બાળકના શરીરમાં લોહી ફરી

શકતું નથી, તેથી વ્યાધિ થાય છે, તેમજ તેના શરીરના અવયવો વધી શકતા નથી; તેથી બાળકને મોકળાં વસ્ત્ર પહેરાવવાં. હમેશાં બાળકનું અંગ ઢાંકયું રાખવું. કદિ આપણી શક્તિ થોડી હોય તો લુગડાં ઉંચી જાતનાં ન મળે તો ફાટેલાં હોય પણ સાંધી ધોઈ સ્વચ્છ કરી પહેરાવવાં. બાળકના શરીર તથા તેનાં લુગડાંની સ્વચ્છતા ઉપરથી હરકોઇ અનુમાન કરી શકે કે; તેની માતા સુઘડ છે. જો તેથી ઉલટું હશે તો તેની માતા ફુવડ હશે, એવું અનુમાન થાય છે. વળી જ્યારે શીયાળાની ઠંડી મોશમ હોય ત્યારે બાળકને કાનટોપી અને પગમાં મોજાં પેહેરાવી રાખવાં. કદિ મોજાં ન મળે તો લુગડાં વીંટવાં. મળમૂત્ર, કે લાળથી ભીંજાએલાં કપડાં તરત બદલાવી નાખી બીજાં કોરાં સ્વચ્છ પહેરાવવાં. નહીં તો શરદી કે કફ થાય છે. હમેશાં બાળકના પગ, છાતી અને પેટ—એ ગરમ રાખવાં, ઠંડા થવા દેવાં નહીં. વળી પસીનો વળી બાળક અકળાય એવાં વસ્ત્ર પેહેરાવવાં નહીં. કારણકે, ઘણો પસીનો થવાથી શરીર નબળું થઈ જાય છે. બાળકની ચામડી નાજુક અને સુંવાળી છે, માટે કપડાં સુવાળાં અને પોચાં પેહેરાવવાં.

બાળકને શીયાળામાં ઉઘાડાં રાખવાં નહીં, જો ઉઘાડાં ફરે તો તે ટાઢથી ઠીંગણાં અને નુરતા વગરનાં થાય છે. ઉનાળામાં પણ તદ્દન ઉઘાડાં ન રાખવાં, ઉઘાડાં ફરવાથી શરીરે કાળાં થાય છે, લૂ લાગે છે અને તેથી તે માંદાં પડે છે. ચોમાસામાં પણ ઉઘાડાં ફરવાથી શરીરે શામળાં પડે છે, અને શરદી લાગે છે. બ્હેન પાર્વતી, આ તારા છોકરા ઉપર જે કપડાં છે, તે ઉંચી જાતનાં લાગે છે, પણ પસીનો વળવાથી અક્કડ થઇ ગયાં છે, તેમજ તેના શરીર ઉપર તંગ રહે છે, તેમ ન થવું જોઇએ.

પોતી—માસી, એ વાત ખરી છે, મારાં સાસૂજી તેમને ઘણી વાર કહે છે, પણ તેઓ આળસમાં રહે છે. પણ એક વાતમાં તેઓ

ખરેખરાં વર્ત્તે છે કે, આ છોકરાને બીલકુલ બાહેર કાઢતાં નથી. આજેજ મારા કહેવાથી અહિં લઇને આવ્યાં છે. નહીં તો ઘર બાહેર કાઢતાં નથી.

આનંદા—એ તો ઘણુંજ ખરાબ છે. બાળકને હમેશાં ઘરમાં ગોંધી રાખવું ન જોઇએ. બાળકના શરીર ઉપર સૂર્યનું અજવાળું પડે તેમ કરવું જોઇએ. હમેશાં ઘરની અંદર રાખવું નહીં.

ચોતી—પાર્વતી બા, આ વાત ધ્યાનમાં રાખજો. હવેથી આ મારા ભાણાભાઇને જરા બાહેર હેરવવા ફેરવવા આપજો.

આનંદા—બ્હેનો, આ ઉપરથી તમારે સમજવાનું કે, બાળકોને કપડાં પેહેરાવવામાં તમારે ઘણીજ સંભાળ રાખવી. જે માબાપો બાળકોને ઋતુને અનુકૂળ કપડાં પેહેરાવવામાં પૈસાનો લોભ કરે છે, અને ઉઘાડાં ફેરવે છે, તેથી શરીરની ગરમી ઓછી થાય છે. ગરમી ઓછી થવાથી તે પૂરી કરવાને ખોરાક વધારે ખાવો પડે છે. એટલે જેટલું કપડાંનું ખર્ચ બચે છે, તેટલું ખોરાકનું ખર્ચ વધે છે, એટલે સરખે સરખું થઇ રહે છે, ઉલટું નફામાં તો શરીરને નુકશાની મળે છે, તે માટે બાળકોને ઋતુને અનુકૂળ વસ્રો પેહેરાવવામાં ઘણા ફાયદા છે.

આનંદા—પાર્વતી, તેં કહ્યું કે, હું છોકરાને ઘણીવાર ધવરાવું છું, તો તે પણ નુકશાન કર્ત્તા છે. માતાએ છોકરાને ધવરાવવામાં કેવી સંભાળ રાખવી જોઇએ, તે હું કહું છું. તે તમે બધાં ધ્યાન દઇને સાંભળજો.

ધવરાવવું—જ્યારે બાળક જન્મે કે, તરત ધવરાવવું નહીં, પણ તેની માતાને થાક ઉતરે ત્યારે ત્રણ ચાર કલાકે ધવરાવવું, કોઇ તો બાળકને એક બે દિવસ સુધી માત્ર ગળથુથી ચટાડે છે અને ધવરાવતાં નથી, આ રીત સારી નથી. બાળકને તો માતાનું ધાવણજ ઉત્તમ છે. બાળક જન્મ્યા પછી ત્રણ ચાર કલાકે ધવરા-

ન્યાથી ઘણો લાભ થાય છે. માતાના દૂધનો પ્રથમ ભાગ રેચક હોય છે. તેથી ગર્ભસ્થાનમાં બાળકના પેટના આંતરડામાં ભરાઇ રહેલા કાળામળ દૂર થાય છે. વળી તેની માતાને પાછલી આવતી વેણુ ઓછી થઇ રક્ત પ્રવાહ થવાનો સંભવ થોડો રહે છે. બાળકને એક બે દિવસ ધવરાવ્યા વગર રાખ્યાથી પછી તે ધાવવા લાગતું નથી. તેથી સ્તન દૂધથી ભરાઈજઇ પાકી આવે છે, માટે પ્રથમથીજ ધાવવા વળગાડવું ઉત્તમ છે. જો માતાને ધાવણ ન આવે તો ગાયનું દૂધ અને તેથી અરધું નવસેકું પાણી અને સહેજ ગળપણ થાય એટલી સાકર, નાખી તેમાં પ્રથમ સાકરને પાણી મેળવી પછી તેમાં દૂધ મેળવવું, એ મિશ્રણ માતાના દૂધને મળતું થાય છે, તે બાળકને બબે કલાકે થોડું થોડું પાવું, પણ જ્યારે ધાવણ આવે ત્યારે પાવું બંધ કરી ધવરાવવું અને બંને સ્તનને વારા ફરતી ધવરાવવું, નહીં તો સ્તન પુલી સોજો ચઢશે.

વળી બાળકને ધવરાવવામાં સંભાળ રાખવી. તેને વારંવાર ધવરાવવું નહીં. નિયમ પ્રમાણે ધવરાવવું. અનિયમિત રીતે ધવરાવવાથી ધાવણનું અજીર્ણ રહે છે, અને તેથી બાળકને રોગ થઇ આવે છે. વળી વધારે ધવરાવેલું હોય તો તે પેટમાં રહેતું નથી એટલે બાળક ઉલટી કરી કાઢી નાંખે છે અગર કાઢી ન નાખે તો પેટ ભારે થઈ તણાય છે. તેથી બાળક રડ્યા કરે છે. કેટલીએક અજ્ઞાન માતાઓ ધાવણના વધારાથી જેનું પેટ તણાતું હોય તેથી રોના એવા બાળકને પાછું ધવરાવા લે છે. કદિ બાળક મોંમાં સ્તન લે નહીં તો પછી તેની અજ્ઞાન માતા પરાણે ધવરાવે છે, આમ વારંવાર ધવરાવવાથી ધાવણ આવતું નથી એટલે બાળક વધારે રડે છે. તેથી માતા કંટાળે છે, એ રીતે થવાથી બંને નબળાં થઈ જાય છે. વળી બાળકના મોંમાં સ્તન આપી ઉંઘવા દેવું નહીં કે પોતે ઉંઘવું નહીં, એથી સ્તનને તથા બાળકને મોંમાં ચાંદા પડે

. હવે બાળકને ધવરાવવાનો વખત કેવી રીતે લેવો તે વાત ધ્યા-
માં રાખજો. બાળકને પેહેલે મહિને દોઢ દોઢ કલાકે—બીજે મ-
હિને બબે કલાકે—ત્રીજે મહિને અઢી અઢી કલાકે અને ચોથે
મહિને ત્રણ ત્રણ કલાકે ધવરાવવું—એમ દરેક મહિને અર્ધા અર્ધા
કલાકનો અંતર વધારતા જવું. બાળક સાત આઠ મહિનાનું થાય
ત્યારે ત્રણ ચાર કલાકે ધવરાવવાનો વખત રાખવો. જ્યાંસુધી સ્ત્રીને
અટકાવ ન આવે ત્યાંસુધી બાળકને ધવરાવવું. ઘણું કરીને, બાળક
જન્મે ત્યારથી સાત આઠ મહિના સ્ત્રીને અટકાવ આવતો નથી.
ત્યાંસુધી ધાવણ ઘણુંજ પુષ્ટિકારક હોય છે; જ્યારે અટકાવ આવે
છે, ત્યારે ધાવણમાં ફેરફાર થઈ જાય છે. માટે તેને આઠ નવ મહિના
સુધી ધવરાવવું ઉત્તમ છે. પછી ધીરે ધીરે ધાવણ ઓછું કરી સાથે
ખોરાક આપતા જવું.

વળી માતાએ ધવરાવતી વખતે ઘણી સંભાળ રાખવાની છે.
બાળકને ધવરાવતાં પ્રથમ પોતાના મનમાં ધીરજ, ઉછરંગ, શાંતિ
અને આનંદ રાખી બાળક સામું જોઈ તેને હસાવવું અને રમાડવું.
પછી પેહેલા સ્તનમાંથી જરા દૂધ કાઢી નાખીને ધવરાવવું. ધવરા-
વતી વખતે માતાએ પોતાનો હાથ બાળકના માથા ઉપર રાખવો.
જો ધવરાવતી વખતે માતાના મનમાં કંટાળો, શોક, ભય, ગુસ્સો
અને નિરાશા થઈ આવે તો તેણીનું ધાવણ એકદમ બગડી જાય છે.
તે બગડેલું દૂધ જો બાળકના ધાવવામાં આવે તો તેને ઝેરના જેવું
નુકશાન કરે છે. તેમજ જો માતાને માંદગી હોય તો તેણે બાળકને
ધવરાવવું નહીં જોઈએ. જો શરીરની નબળાઈ હોય કે કોઈ રોગથી
માતાને ધાવણ આવતું ન હોય અગર આવતું હોય પણ પૂરું પડતું
ન હોય, તો [illegible] મહિના [illegible] ત્યાંસુધી [illegible]
તેને [illegible] નહીં [illegible] દૂધ ઉપર [illegible].
[illegible]

તે ધાવ જો પોતાની જાતની અને ગામડાની હોય તો તે ઉત્તમ છે. તેમ વળી તે ધાવ બાળક જેવડા છવતા તંદુરસ્ત બાળકવાળી, મધ્યમ કદની, શાંત, શરીરે મજબૂત, નિરોગી અને સદાચરણી હોવી જોઇએ. જો ધાવ ન હોય તો હમેશાં એક તંદુરસ્ત ગાયનું તાજું દૂધ લેવું અને તેમાં અડધું નવસેકું પાણી તથા થોડી સાકર નાખવી. તે મિશ્રણ કરી ધવરાવવાના વખત પ્રમાણે નિયમસર આપવું. તે દૂધ માટી કે કાચના વાસણમાં પાવું, ધાતુના વાસણમાં પાવું નહીં.

બ્હેન પાર્વતી, હવે તે બાળકને ખોરાક કેવો આપવો, એ વાત ધ્યાનમાં રાખજે. હમેશાં બાળકને તાજો, હલકો, થોડો ઉનો, માફક આવે એવો અને પૌષ્ટિક ખોરાક આપવો. તે સાથે હમેશાં ગાયનું તાજું અને ચોખ્ખું દૂધ આપતા રહેવું. અનાજના ખોરાકમાં જરા મીઠું નાખવું, તેથી ખોરાક સ્વાદિષ્ટ અને પાચન થઈ શકે તેવો થાય છે, દૂધમાં જો બાળક કહે તો રેહિજ ગળપણ નાખવું, પણ બહુ ગળપણ આપવું નહીં. બહુ ગળપણ પાચન શક્તિને મંદ કરે છે. જ્યારે બાળક એક વર્ષનું થાય અને દાંત આવે ત્યારે ચોખા, દાળ, ખીચડી, ચોખ્ખું દહીં અને મલાઇ વગેરે આપતા જવું, પણ અનાજ સાથે ગાયનું દૂધ આપતાં ભુલવું નહીં. દૂધથી જો અજીર્ણ રહેતા હોય, તો તેમાં થોડું પાણી મેળવવું, એટલે ઝાડો ઉતરશે. ઉમ્મર જેમ વધે તેમ દૂધના ખોરાક વધાર્યા જવો, તેથી બાળકનું કુદરતી તેજ, બુદ્ધિ અને બળ વધે છે. બાળક બે વર્ષનું થાય ત્યારે તેને પાણી નિ-ભેળ્યા વગરનું તાજું દૂધ આપતા જવું. પછી બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તે શાક, લાડુ વગેરે ખાય તેમ કરવું. તેમાં મીઠું, મસાલો નાખવો. મેવા મીઠાઇ માફકસર આપવાં. કાચાં ફળ, કોયલા, માટી વગેરે નુકશાનકારી પદાર્થો ખાવા દેવા

નહીં. વળી બાળકને હમેશાં દિવસમાં ત્રણ વખત ખોરાક આ-
પવો. સવારમાં દૂધ અને રોટલી ત્યાર પછી બીજીવાર ચાર
કલાકે અને ત્રીજીવાર સાંઝનો હલકો ખોરાક આપવો. આ ત્રણ
વખત શિવાય વચમાં ખાખા કરે, તો ખાવા દેવું નહીં. એકવાર
ખાધેલો ખોરાક પાચન થાય અને હોજરીને જરા વિશ્રાંતિ મળે,
ત્યારે બીજીવાર આપવો. મેવામાં દાડમ, દ્રાખ, સક્કરજન, બદામ,
પસ્તાં કેળાં વગેરે ફળ વખતે વખતે આપવાં. પાણી ચોખ્ખું
પીવા આપવું. કૂવાનું પાણી વધારે ઉત્તમ છે. પાણી ઉપર તરતા
રજકણોમાં એવા ખરાબ પદાર્થો ભળેલા હોય છે કે, તેવું પાણી
મોટી ઉમ્મરના કરતાં બાળકને વધારે નુકશાન કરતા છે. નિયમસર
ઠરાવેલે વખતે પાચન થઈ શકે એવો અને એકલો રાંધેલો ખો-
રાક આપવો. જીવનક્રિયા ચલાવવા સારૂં જે જે તત્ત્વોની જરૂર
છે, તે બધાં તત્ત્વો એકજ જાતનાં ખોરાકમાંથી મળતાં નથી;
માટે ખોરાક એકને એક જાતનો ન આપતાં જુદો જુદો આપવો.
એકને એક ખોરાક આપવાથી શરીરને જોઈતાં તત્ત્વો મળતાં
નથી તથા પાચનશક્તિમાં બગાડો થાય છે. વળી જે ખોરાક ઉપર
બાળકને અભાવો હોય તે ખાવાને આગ્રહ ન કરવો. ખાતાં
અડધો કલાક લગાડવો. ચાવીને ખાવાની ટેવ પાડવી. ઉતાવળે
ખાવા દેવું નહીં. તાપમાંથી આવ્યા પછી કે થાકયા પછી વિશા-
મો લીધા બાદ ખાવા દેવું. ખાતી વખતે હસવા કે વાતો કરવા
દેવી નહીં. સૂતા પેહેલાં ત્રણ કલાક અગાઉ ખોરાક આપવો. ઉંઘી
ઉઠ્યા પછી એક કલાકે ખાવા દેવું. તેમ ખાધા પછી કારણ હોય
તો એક કલાકે સુવા દેવું ટાઢું, સડી કે બગડી ગયેલું અને ગં-
ધાતું ખાવા દેવું નહીં. બહુ ખાવું અને થોડું ખાવું બંને નુક-
શાન કરતા છે.

પાર્વતી બ્હેન, તમે આ ભાણાને ક્યાં સુવાડો છો ?

પાર્વતી—બા, એને તો અમે ખાસ અમારા રસોડાવાળા ઓરડાની પાસે ઓરડી છે તેમાં સુવાડીએ છીએ. જ્યાં આખી રાત દીવો પણ બળતો રહે છે.

આનંદા—બ્હેન પાર્વતી, એજ વધારે નુકસાન કારક છે. બાળકને કેવી જગ્યામાં અને કેવી હવામાં રાખવું જોઇએ, એ વાત તારા જાણવામાં આવી નથી.

પ્રેમદા—આનંદા બ્હેન, એ બીચારી હજુ બાળક કહેવાય તેને ક્યાંથી ખબર હોય. તેમાં હજુ પેહેલા છોકરાની મા થઇ છે.

પ્રેમ—બા, એને માટે શું કહો છો, તમે આવાં મોટાં છો, તોપણ તમારા જાણવામાં એ વાત નહીં હોય, કારણકે, આપણી શ્રાવકકોમમાં બરાબર સ્ત્રીકેળવણી અપાતી નથી.

પ્રેમદા—પ્રેમ, તારૂં કહેવું બરાબર છે. હું પણ તે વિષે જાણતી નથી. આનંદા બ્હેન, કહો, બાળકને કેવી જગ્યામાં અને કેવી હવામાં રાખવું જોઇએ?

આનંદા—હમેશાં બાળકને ખુલ્લી અને સ્વચ્છ હવા મળે તેમ કરવું. સ્વચ્છ હવા માટે બાળકને રોજ સાંઝે દરિયા કિનારે, મેદાન, ડુંગર કે બાગમાં હવા ખાવાને લઈ જવું. તેથી તેના શરીરમાં ઘણી હુશીયારી આવે છે, લોહી સુધરે છે અને નિરોગી રહે છે. વળી જે ઓરડામાં તાજી અને સ્વચ્છ હવા આવતી હોય, તેવા બારી બારણાવાળા ઓરડામાં બાળકને રાખવું. કદિપણ અંધારી જગ્યામાં, ચૂલાની કે દીવાની ગરમી જ્યાં રહ્યા કરતી હોય ત્યાં ખાળકુંડી કે માટીની દુર્ગંધ જ્યાં આવતી હોય ત્યાં, સાંકડી, અંધારી અને દુર્ગંધીવાળી ઓરડીમાં, જ્યાં ઘણા મનુષ્યના શ્વાસથી ખરાબ હવા નીકળતી હોય ત્યાં અને જ્યાં દીવો અખંડ રહેતો હોય ત્યાં બાળકને રાખવું નહીં. કેમકે એવી જગ્યાએ બાળકને રાખવાથી તેની તંદુરસ્તી બગડે છે. આ બધો વિચાર કરી

કે ગંદકીવાળા. ખાંકડા ઓરડામાં સુવાડવું નહીં. બ્હેન પાર્વતી, કે-
ટલાક ધારે છે કે, બાળકને ખોરાક કરતાં ઉંઘની વિશેષ જરૂર છે.
આથી ઉંઘ બહુ જરૂરનું થઈ જાય છે. ખોળામાં ઉંઘાડવાની ટેવ
રાખવી નહીં. તેમજ ઘોડીઆ કે પારણામાં પરાણે હીંચકાવી, ગાઈ
ગાઈને અને ડરાવી ઉંઘાડવું નહીં. તેમ બાળાગોળી કે અફીણ
જેવી નુકશાન કરતા કેફી વસ્તુ ખવરાવી ઉંઘાડવું નહીં. તેમ કરવા-
થી બચ્ચાંનું શરીર બગડી નબળું પડી જાય છે. શરીરનો બાંધો
મજબૂત થતો નથી. જ્યારે તેને કુદરતી નિયમ પ્રમાણે સ્વાભાવિ-
ક ઉંઘ આવે ત્યારેજ ઉંઘાડવું રાત્રે ખોરાક આપ્યા પછી બે કલાકે
હસાવી, રમાડી, દોડાવી, કુદાવી શરીરને કસરત મળે એમ કરી
તથા મધુર હાલરડાંના ગીતો ગાઈ તેનું મનરંજન કરી સુવાડવું,
જેથી તે ગુપચુપ ઘસઘસાટ કરી ઉંઘશે. બાળકને જો ઉંઘ ન આ-
વે તો સમજવું કે, તેના પેટમાં ચુંક કે કાંઈક દુખાવો છે, પછી
તેનો યોગ્ય ઉપાય કરવો. બાળક ઉઠ્યા પછી તરત બીછાનું લેવું
કરવું નહીં, પણ હવા લાગી માંહેની ગંદકી ઉડી જાય ત્યારે ઉપા-
ડવું. બાળકને ચાંચડ, માંકડ, જૂ વગેરે કરડે નહીં તેની સંભાળ
રાખવી. સુવાનું બીછાનું સાફ રાખવું. ઉજાગરો થવા દેવો નહીં.
બીછાનું કે ઓશું મળમૂત્રથી ભીંનું હોય, તો તરત એ કાઢી નાખી
બીજા કોરા સ્વચ્છ ઉપર સુવાડવું કે જેથી શરદી લાગે નહીં.

બ્હેન, પાર્વતી, એ પ્રમાણે બાળકનેઉંઘ વિષે જે સૂચના આ-
પી તે ધ્યાનમાં રાખજે. હવે બાળકના શરીરને કસરત આપવાને-
માટે કેટલીએક સૂચના કરૂં છું, તે તું ધ્યાન આપી સાંભળજે.

કસરત—બાળકને હમેશાં શરીરે કસરત મળે તેવી રીતે ખુલ્લી
હવામાં ફેરવવું. કસરત થવાથી શરીર માંહેલું લોહી બધી નસોમાં નિ-
યમસર ફરી વળે છે. ખાધેલા અન્નનો રસ થઈ આખા શરીરને પોષ-
ણ મળે છે, પાચનશક્તિ વધે છે, નસોનું ચલનવલન થવાથી લો-

હી માંહેલો મલિન પદાર્થ પસીનાવાટે બાહેરે નીકળે છે, તેથી શરીરનો બાંધો મજબૂત અને નિરોગી થાય છે. વળી તેથી સારી ઉંઘ આવે છે, તથા હિંમત, હુશીઆરી, ચંચળતા અને શૂરવીરતા વધે છે. બાળક ને આરોગ્ય રાખવાં અને મોટાં કરવાને કુદરતથીજ કસરત તરફનું વલણ હોય છે, તે તેની સ્વાભાવિક ચંચળતાઈ ઉપરથી જણાઈ આવે છે. બાળક જન્મ્યા પછી થોડા માસનું થાય, ત્યારે તેને સવાર સાંજ લુગડાં પેહેરાવી સારી હવામાં લઈ જવું વખતે ભોંયપર ગોદડી પાથરી સુવાડવું. તેથી તે આમતેમ પછાડા મારશે, કોઇ વખતે હસાડવું, રમાડવું, કુદાવવું અને કોઇ વસ્તુ દૂર ફેંકીને મંગાવવી; એટલે તે ભાખોડીયાભર થઈ હાથ પગ પછાડતાં, દોડતાં, આમતેમ ફરતાં લાવવા મથશે. તેથી તેને કસરત મળશે. જ્યારે તે ચાલવા શીખે ત્યારે ઘરમાં કે બાહેર રમવા દેવું, ઘરમાં બેસાડી રાખવું નહીં. જે રમતથી શરીરના કોઇ ભાગને નુકશાન થાય અને જે રમતથી નીતિમાં બગાડો થાય, તેવી રમત રમવા દેવી નહીં. તેમ નડારાં છેકારાંની સંગતમાં પણ બાળકને રમવા દેવું નહીં.

બ્હેન પાર્વતી, આ બધી બાબત ધ્યાનમાં રાખી હવે બાળકના શરીરના દાંત, પગ, મસ્તક, કાન અને આંખ—એ પાંચ ભાગની સંભાળ રાખવામાં લક્ષ આપજે. અને તે વિષે જે હું કહું, તે એક ચિત્તે સાંભળજે.

જ્યારે બાળક સાત આઠ માસનું થાય છે, ત્યારે તેને દાંત આવવા શરૂ થાય છે. કોઈ વખતે બે ત્રણ માસ મોડા આવે ત્યારે તેને તાવ, ઉધરસ, ઉલટી, ચુંક, ઝાડો અને આંચકી વગેરે થઇ આવે છે, આ વખતે તેને કંઈ પણ ચેન પડતું નથી. વારંવાર ધાવવાની મરજી કરે છે. ધાવણી કે અંગુઠો મોંમાં ઘાલે છે. તેથી પેઢા ઘસાવાથી તેને સારૂં લાગે છે. બીજા કરતાં અંગુઠો મોમાં ઘાલે તે ઠીક

છે. [illegible] [illegible] [illegible] પણ [illegible] કરવું. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઠું, પછી આંખે [illegible] [illegible] નહિ. [illegible] રોજ ધોવા અને પુસીને [illegible] [illegible] સાફ કરવા. [illegible] ય તો [illegible] ટીપાં નાંખવું. પણ જો [illegible] [illegible] [illegible] નાખવી નહિ. કારણકે, તેમ કરવાથી [illegible] બાળકને પાપ લાગે છે. વળી ઓંચાય તેમ જેવાવા નહિ અને તા-ણીને જોવાડે. પણ વારિયે નહિ; તેમ કરવાથી બાળકના કુમળા મગજનાં વ્યાધિ થાય છે. અને વાળ ખરી પડે છે.

બાળકના કાનને મટે પણ સંભાળ રાખવાની છે. બાળકના કાન ઢાંકા પડવા દેવા નહિ. ઇ. ઠંડ થાય તો કાન ટોપી પહેરાવવી; નહિ તો શરદી લાગી કાન પાકશે અને પીડા થશે. કદિ કાન દુખે તો તેલ ઉનું કરી ટીપાં પાડવાં અને જો કાન વહે તો સમુદ્રફીણને તેલમાં ફકાળી તેનાં ટીપાં પાડવાં વળી કાનને કાંઈવારસળી વગેરે થી ખોતરવો નહિ ખોતરવાથી કાન પાકે છે અને પીડા થાય છે.

બ્હેન પાર્વતી—આ તારા ભાણીઆની આંખો જોતાં માલમ પડે છે કે, તેની આંખોની સંભાળ પણ લેવાતી નહીં હોય, બ્હેન શરીરનો બધો આધાર આંખ ઉપર છે, તેથી આંખની સંભાળ ઘણી રીતે લેવી જોઇએ.

પાર્વતી—હા, મારાથી બને તેટલું કરૂં છું, પણ તેની આંખ સુધરતી નથી.

આનંદા—શું કરે છે?

પાર્વતી—હમેશાં ગરમ પાણીએ ધોવું છું અને આંજણ આંજું છું.

આનંદા—બ્હેન, આંજણને માટે તો ઠીક છે, પણ તેને ગરમ પાણીએ ધોવું તે નુકશાન કરતા છે. બ્હેન, જ્યારે બાળક જાગી ઉઠે, ત્યારે તેની આંખો ઠંડા પાણીથી ધોતાં જવી. આંખમાંના ચીપડા વગેરે મેલ ધોઇ સાફ કરવા. ઠંડા પાણીએ આંખો ધોવાથી તેજ વધે છે; ઠંડક વળે છે અને આંખની ગરમી ઓછી થાય છે. કદિ પણ આંખને ધોયા વગર એમની એમ રાખવી નહિં, તેથી નુકશાન થાય છે. આંખમાં હમેશાં સારૂં અંજન આંજતાં જવું, વળી આંખ એ ચેપી છે, માટે કોઇની આંખ ઊઠી હોય તેની પાસે બાળકને જવા દેવું નહિં.

બ્હેન પાર્વતી, આ પ્રમાણે બાળકના શરીરના તે પાંચ ભાગને સાચવવાને હમેશાં કાળજી રાખવાની જરૂર છે. હવે બાળકની જીંદગીને નુકશાન કરનાર કેટલાએક ચેપી રોગો છે, તેનાથી બાળકની રક્ષાકરવાની જે સૂચના કરું, તે ધ્યાનમાં રાખજે. રાતો તાવ, ઓરી, અછબડા, શીતળા, ગાલપચોરીયાં, ઊંટાટીયું, ગળસુંઢું, દાદર, આંખ દુખવી ચેપી તાવ (ટાઈફસતાવ) કોલેરા અને મરકી ખસ દાદર રતવા વગેરે ચેપી રોગ ગણાય છે. જ્યારે જ્યારે આવા ચેપી રોગ ચાલતા હોય, અગર જેને એ લાગુ પડ્યા હોય, તેની પાસે બાળ-

ને જવા દેવું નહિં. તે રોગ બંધ પડ્યા પછી તેવી જગ્યાએ બાળકને લઇ જવું તથા તેવા રોગી માણસને સારી પેઠે આરામ થયા પછી, તેની પાસે જવા દેવું. આ વખતે તેની તંદુરસ્તી જાળવવા ઘણી-જ કાળજી રાખવી.

ઉપર કહેલા બધા રોગોમાં શીતળાનો રોગ ઘણો ભયંકર છે; કારણકે, શીતળા નીકળવાથી બાળક આંધળાં, લૂલાં, કાણાં અને બહેરાં થઇ જાય છે,તથા આખે શરીરે ચાઠાં પડી ચહેરો બગડે છે, એટલુંજ નહિં પણ એથી વખતે મરણ પણ થાય છે. જે વખતે એ ચેપી રોગ ચાલતો હોય, તે વખતે તેમને એવી જગ્યાએ લઇ જવાં નહિં. જો બાળકને શીતળા કઢાવ્યા ન હોય તો આ વખતે તરત કઢાવી લેવા. શીતળા કઢાવાથી ઉપર કહેવા પ્રમાણે ખોટ આવવાની ધાસ્તી રહેતી નથી. બેવાર કઢાવવાથી નીકળતા પણ નથી. વળી શીતળા કઢાવતાં જે બાળકનો ચેપ લેવામાં આવે તે બાળક તાવ કે ગુંમડાં વગેરે રોગવાળું ન હોવું જોઇએ, પણ તે તંદુરસ્ત, મજબૂત બાંધાનું અને નિરોગી બાળક હોવું જોઇએ. રોગી બાળકનો ચેપ લેવાથી બાળકને તરત તેવો રોગ લાગુ પડે છે. શીતળા કઢાવતાં ઘણી સંભાળ રાખવાની છે. બાળક શરીરે સારૂં હોય, ત્યારેજ શીતળા કઢાવવા. શીતળા કઢાવ્યા પછી દાણા ભરાય અને સોજો ચડે તો પણ તે ઉપર દવા કરવાની જરુર નથી. જો તાદ કરે ને દુઃખ થાય તો તે ઉપર ઘી ચોપડવું તેથી ભીંગરા ઉખડી જશે. દાણા ફુટ્યા પછી માથે ઝીણી રાખ ભુંસવી એ પણ ઠીક છે. બ્હેન પાર્વતી! આ બાબતમાં તું બરાબર ધ્યાન રાખી વર્તજે અને જેમ એ ભયંકર ચેપી રોગ લાગુ ન પડે તેવી સંભાળ રાખજે.

બ્હેન પાર્વતી! તેં કહ્યું હતું કે, છોકરાને ગોળી આપું છું, એ ઘણું નુકશાન કરતા છે. ઘણાં બૈરાંઓ બાળકને બાળાગોળી આપે

છે, એ રીત બાળકની તબીયતને બગાડનારી છે. કદી એથી દેખીતે લાભ લાગતો હોય પણ પરિણામે નુકશાનકારી છે. તે નિત્ય આપવાથી તો એક જાતના ખોરાક જેવું અને એક જાતના બંધાણીના જેવું થાય છે. એનો નીશો રહે છે, ત્યાંસુધી બાળકને ઉંઘ આવે છે અને ઠીક રહે છે. નિશો ઉતર્યે તો પાછું એવું ને એવું જ થાય છે. નીશો કરવાથી જોઇએ તેવી ઉંઘ આવતી નથી. બાળાગોળીમાં જુદી જુદી વસ્તુઓ આવે છે, તેમાં અફીણ મુખ્ય આવે છે. એ પાણી કે ધાવણમાં ઘોળી પરાણે બાળકના હાથ પગ પકડી પાઇ દે છે. આ રીત દેખા દેખીથી સ્ત્રીઓમાં પડેલી હોય છે. આ એક જાતના બંધાણથી બાળક દુબળું, નબળું, પીળું હાથ પગ દોરડી અને પેટ ગાગરડી જેવું થઇ જાય છે, બાળકને ઉંઘાડવાનો ખરો રસ્તો તેઓને સારા પ્રકાશ પુરતી કસરત આપવી એ ઉત્તમ છે. માટે બાળાગોળી આપવાની રીત રાખવી નહિં.

બ્હેન પાર્વતી, આ પ્રમાણે મેં કહ્યું, તે યાદ રાખી આ તારા [illegible] ઉછેરવાની મહેનત કરજે. એવી રીતે વર્તવાથી તારો [illegible] હમેશ તંદુરસ્ત રહેશે અને તેના સુખી હૃદયની તને આશીષ મળશે. હવે છેવટે એટલું કહેવાનું છે કે, જ્યારે આ બાળક મોટો થાય, ત્યારે તેને સારી કેળવણી આપજે. પહેલાં એક ભયંકર રાક્ષસ [illegible] ને [illegible] ધ્યાનમાં રાખજે.

પાર્વતી—માસીબા, એવો ભયંકર રાક્ષસ કોણ છે? અને તે [illegible] ? [illegible] રાક્ષસ [illegible] હોય, એવું તે [illegible] નથી.

આનંદી—[illegible]

[illegible] રાક્ષસ [illegible] છે.

[illegible]—[illegible]

[illegible]

આનંદા—બ્હેનો, એ ભયંકર રાક્ષસ તે બાળલગ્ન છે. જેમ રાક્ષસ વળગવાથી માણસનો નાશ થાય છે, તેમ બાળલગ્નથી બાળક તથા બાળકીનો નાશ થઈ જાય છે. એ હાનિકારક રીવાજે આપણી બધી જૈનકોમની પાયમાલી કરી છે.

બાળપણમાં લગ્ન કરવાથી તેઓ સંબંધમાં વેહેલાં જોડાવાની ચિંતાએ કરીને જોઈએ તેવો વિદ્યાભ્યાસ કરી શકતાં નથી. તેથી મોટપણે ગુજરાન ચલાવવામાં તેઓ અશક્ત થાય છે એટલે તેમનો સંસાર દુઃખરૂપ થાય છે. વળી કાચી વયમાં અપક્વ વીર્ય ખેંચાવાથી શરીરનો બાંધો તુટી જાય છે. અને અંતે આયુષ્યનો વેહેલો ક્ષય થાય છે. તેવા નબળા પુરૂષથી જે પ્રજા થાય છે, તે પણ તેવીજ થાય છે. તેનાથી કાંઇ પણ કાર્ય હિંમતભેર થઈ શકતું નથી. એ વગેરે ઘણું નુકશાન થાય છે. તેથી બાળલગ્ન એ ખરેખરો રાક્ષસ છે. જે નિર્દય માબાપો પોતાના બાળકોને એ ભયંકર રાક્ષસ વળગાડે છે, તે તેઓના શત્રુરૂપ છે.

બ્હેન પાર્વતી, આ વાત ધ્યાનમાં રાખજે, તારા વ્હાલા પુત્રને બાળલગ્નરૂપ ભયંકર રાક્ષસને ભક્ષણ કરવા સોંપી દઇશ નહીં. પુત્રને લાલનપાલન કરી ઉછેરનારી દયાળુ માતા થઈ, તેની શત્રુરૂપ થઇશ નહીં.

પ્રેમદા—આનંદા બ્હેન, તમે જે કહ્યું, તે બરાબર છે. હવે મારા સમજવામાં આવ્યું. બાળલગ્ન એ ખરેખરો ભયંકર રાક્ષસ છે, આજકાલ ઉત્તમ કેળવણીની શીતળ છાયા વગર અજ્ઞાનતાના તાપથી પરિતાપ પામતી જૈનપ્રજા એ ભયંકર રાક્ષસને પોતાના નિર્દોષ સંતાનોનો ભોગ આપે છે. એ ભયંકર રાક્ષસના પંજામાં સપડાએલાં નિકટ શ્રાવકબાળકો દુઃખી છંદગી ગાળવે છે.

આનંદા—પ્રેમદા બ્હેન, હવે તમે બરાબર સમજી ગયાં.

પ્રેમદા—આનંદા બ્હેન, એ ભયંકર રાક્ષસરૂપ બાળલગ્નનો

સ્થાને જવાને ઉભો થયો તે વખતે એક વૃદ્ધ શ્રાવિકા ઉંચે સ્વરે
બોલી—"ધર્મદાસભાઈ, મને બાધા આપો."

ધર્મદાસ—માતા, શેની બાધા લેવી છે?

વૃદ્ધા—આજથી જ્યાંસુધી હું જીવું, ત્યાંસુધી મારા કુટુંબમાં
મારે હાથે બાળલગ્ન કરવાં નહીં, એવી બાધા લેવી છે.

ધર્મદાસશેઠ—ધન્ય છે, શ્રાવિકા તમને ધન્ય છે. બહુ સા-
રો વિચાર કર્યો. તે વખતે બીજી પચાશ શ્રાવિકાઓ બોલી ઉ-
ઠી—ધર્મપિતા, અમને પણ તેવી બાધા આપો. તે જોઈ ધર્મ-
દાસશેઠ ઉંચે સ્વરે બોલ્યા—માતાઓ અને બ્હેનો, જેઓને પોતા-
ના કુટુંબમાં બાળલગ્ન ન કરવાની બાધા લેવી હોય, તેઓ હાથ
જોડી ઉભાં રહો.

ધર્મદાસશેઠનાં આવાં વચન સાંભળી બીજી સો શ્રાવિકાઓ
બાધા લેવા ઉભી થઈ, એકંદર બધી મળીને બસો શ્રાવિકાઓએ
પોતાના કુટુંબમાં સંતાનોનાં બાળલગ્ન ન કરવાની બાધા લીધી.
ધર્મદાસશેઠે ઉંચે સ્વરે પચ્ચખાણ આપ્યા. તે પછી બધી શ્રાવિ-
કાઓ આદીશ્વર ભગવાનની જય બોલાવી પોતપોતાને ઘેર ચાલતી
થઈ.

રસ્તામાં પરસ્પર વાતો કરતી શ્રાવિકાઓ જાય છે. તેઓમાં
કેટલીએક એક બીજીને પુછે છે કે "પોતાના સ્વામીની સંમતિ
વગર લીધેલી આ બાધા શી રીતે નભી શકશે.? ત્યારે તેઓ એક
બીજાને જવાબ આપે છે કે, જે શ્રાવિકાઓએ બાધા લીધી છે, તે-
ઓના પતિ કેળવણી પામેલા છે, તેથી તેમની સંમતિ મળવામાં
વાંધો આવશે નહીં. તેમાં કેટલીએક તો પુરૂષોની મરજી ન છતાં
બાળલગ્ન કરવાનો આગ્રહ રાખનારી છે. તેઓની બાધા તો મુ-
શીથી નભી શકશે." આ પ્રમાણે બાળલગ્નની બાધાની વાતો ક-

રની શ્રાવિકાઓ પોતપોતાને ઘેર જાય છે. ધર્મદાસશેઠ અને ગંગા "આજે સારો લાભ થયો" એમ માની હૃદયમાં આનંદ પામતાં પોતાને ઘેર ચાલ્યાં આવે છે. રસ્તામાં જે કોઇ શ્રાવક કે શ્રાવિકા મળે તે તેમને સાધુ ની જેવા ગણી નમન કરે છે અને તેમનું બહુ માન કરે છે. જે જે રસ્તે ધર્મદાસ શેઠ જાય છે, તે તે રસ્તે લોકો તેમનાં દર્શન કરવાને એકીગંધ ઉભા રહે છે. અને તેમને પ્રેમથી વંદન કરે છે. ધન્ય છે આવા પરોપકારી શ્રાવકના જીવનને.



દિવસ ૧૯ મો.



નિત્યના નિયમ પ્રમાણે ધર્મદાસશેઠ શ્રાવિકાશાળામાં આવે . તેમના આવવાથી બધી શ્રાવિકાઓ આદીશ્વર ભગવાનની ય બોલાવી તેમને વધાવી લે છે.

સર્વ શ્રાવિકાસમાજ ભરાયા પછી નિત્યનો સમય થયો એટલે ર્મદાસશેઠ નીચે પ્રમાણે મંગળાચરણ બોલ્યા:—

વસંતતિલકા.

જે વીરધર્મ હૃદયે ધરતી ઉમંગે,
રહેતી સદા વિનયથી નિજ નાથ સંગે;
તે શ્રાવિકા જગત્માં જયવંત થાઓ,
સંસાર કષ્ટ સઘળા ક્ષણ માંહિ જાઓ. ૧

મંગળાચરણ થઇ રહ્યા પછી ધર્મદાસશેઠે પોતાની ઉપદેશ-ર્તા નીચે પ્રમાણે શરૂ કરી. હે સદ્ગુણી શ્રાવિકાઓ, શિવચંદ્ર-ની સ્ત્રી આનંદા નિત્યનો સમય થયો એટલે પોતાની પુત્રી લ-તાને બોધ આપવાને માટે તૈયાર થઇ હમેશની જગ્યાએ આવી, વખતે ચંચળ, પ્રેમ, પુનાળી, જયા, પ્રેમદા, પોતી વગેરે બધી વિકાઓ હાજર થઇ બેઠી હતી. તેમણે આનંદાને ઉભાં થઇ માન ાપ્યું, સૌ શાંત થઇ બેઠાં અને આનંદા પોતાની ઉપદેશવાર્ત્તા ૨ કરે છે, તેવામાં આનંદાની નાની દીકરી કુમુદ હર્ષભેર દોડતી ડતી ત્યાં આવી અને પોતાની માતા આનંદા અને મોટી બ્હેન લતાને પગે લાગી. કુમુદના મુખ ઉપર આટલી બધી ખુશાલી ઇ આનંદાએ તેણીને પુછ્યું, કુમુદ, આજે આટલી બધી આનં-ાં કેમ દેખાય છે?

કુમુદ—હા, આજે હું જૈનકન્યાશાળામાંથી ઈનામ મેળવી લાવી.

આનંદા—શેનું ઈનામ મેળવ્યું?

કુમુદ—જુવો આ સુંદર સાડી લાવી.

એમ કહી આનંદાના હાથમાં સાડી આપે છે. તેને પછી બધી શ્રાવિકાઓ જુવે છે.

આનંદા—બ્હેન, આ ઈનામ શાથી મળ્યું.

કુમુદ—હું દંડકમાં પાસ થઈ, તેથી મને આ ઈનામ મળ્યું.

આનંદા—કુમુદ, કોણે પરીક્ષા લીધી હતી?

કુમુદ—વસંતબા શેઠાણીએ. તેઓ દરમાસે અમારી કન્યાશાળામાં આવી છોકરીઓની પરીક્ષા લઈ સારાં સારાં ઈનામ આપે છે.

પ્રેમદા—આનંદા બ્હેન, એ વસંતબા શેઠાણી કોણ છે?

આનંદા—શું તમે તેમને નથી ઓળખતાં? એ તો આપણા કાંતિપુરમાં પ્રખ્યાત શ્રાવિકા છે. તેઓએ જ્ઞાનશ્રી સાધ્વીજીની પાસે સારો અભ્યાસ કર્યો છે. તેમની બુદ્ધિ ઘણીજ સારી છે. થોડા વખતમાં તેમણે કર્મગ્રંથ સુધીનો અભ્યાસ કરી લીધો છે. તેઓ સારા શ્રીમંતનાં પત્ની છે. તેમના પતિ કાંતિપુરના સારા વેપારી હતા, તેમણે નીતિને માર્ગે સારો પૈસો પેદા કર્યો છે. તેઓનો સ્વર્ગવાસ થયા પછી વિધવા થયેલાં વસંતબાએ તેમની લક્ષ્મીનો સદુપયોગ કરવા માંડ્યો છે. તેઓ સાત ક્ષેત્રોમાં પોતાનું દ્રવ્ય વાપરે છે, તથાપિ તેઓ જ્ઞાનક્ષેત્ર અને શ્રાવિકાક્ષેત્ર ઉપર વધારે આસ્તા રાખે છે. તેઓએ નિશ્ચય કર્યો છે કે, જો શ્રાવિકાક્ષેત્ર સાથે જ્ઞાનક્ષેત્રને પુષ્ટિ કરવામાં આવશે તો બીજાં બધાં ક્ષેત્રો એની મેળે પુષ્ટિને પ્રાપ્ત કરશે. આવા નિશ્ચયથી તેઓ દર માસે જૈન કન્યા-

શાળા અને શ્રાવિકા શાળામાં જાય છે. અને ત્યાં પરીક્ષા લઈ સારાં સારાં ઈનામો આપે છે.

પ્રેમદા—તેમના જીવનને ધન્ય છે.

આનંદા—(કુમુદને પોતાના ખોળામાં બેસારી) બ્હેન, તેં દંડકની કેટલે સુધી પરીક્ષા આપી ?

કુમુદ—પૂરેપૂરી પરીક્ષા આપી.

પ્રેમદા—આનંદા બ્હેન, દંડક એટલે શું? એ મને સમજાવો.

પ્રેમ અને પુતળી—ધર્મમાતા, અમને પણ દંડકની ખબર નથી, માટે આજ તો તે વિષયનીજ વાર્ત્તા કરો.

લલિતા—બા, જો કે, હું દંડક ભણી છું, પણ તેમાં મને જોઈએ તેવી સમજણ પડી નથી, માટે એ વિષે કહો તો વધારે સારૂં.

ચંચળ—મારી ઈચ્છા પણ તે સાંભળવાની છે.

કુમુદ—બા, હું તો હમણાંજ દંડક ભણી ગઈ છું, તેથી જો તમે તે ટુંકામાં સમજાવશો તો મને ઘણો લાભ થશે.

ધર્મદાસશેઠ—હે શ્રાવિકાઓ, આ પ્રમાણે બધી શ્રાવિકાઓનો આગ્રહ જોઈ આનંદાએ દંડક ઉપર પોતાની ધર્મવાર્ત્તા શરૂ કરી—

બ્હેનો, આ જગત્માં જે સંસારીજીવો છે, તે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર ગતિમાં રહેલા છે. તેઓના જુદી જુદી જાતિના ભાગને દંડક કહે છે. એટલે આત્મા કર્મથી દંડાય તેને દંડક કહે છે. તે બધા મળીને ચોવીશ દંડક કહેવાય છે અને તે ચોવીશ દંડકને વિષે સમસ્ત સંસારીજીવ હમેશાં ભમ્યા કરે છે.

૧ સાત નારકીના જીવોનો એક દંડક કહેવાય છે,તેની અંદર સાતે નારકીના જીવોનો સમાવેશ થાય છે. તે સાતે નારકીનાં નામ

તમારે યાદ રાખવાં જોઈએ. પેહેલી રત્નપ્રભા, બીજી શર્કરાપ્રભા, ત્રીજી વાળુકપ્રભા, ચોથી પંકપ્રભા, પાંચમી ધૂમપ્રભા છઠી તમઃપ્રભા, અને સાતમી તમસ્તમઃપ્રભા—એ સાત નારકીના ગોત્ર છે અને ધમા. વંશા. શેલા વીગેરે તેમના સાત નામ છે. પણ હાલમાં આપણા શ્રાવકોમાં આ ગોત્રના નામ પ્રસિદ્ધ છે તેથી મેં તમોને આ નામ કહ્યાં છે. તે પછી દશ ભુવનપતિના દશ દંડક છે. એટલે બીજો દંડક અસુરકુમારનો, ત્રીજો નાગકુમારનો, ચોથો સુવર્ણકુમારનો, પાંચમો વિદ્યુત્કુમારનો, છઠો અગ્નિકુમારનો, સાતમો દ્વીપકુમારનો, આઠમો ઉદધિકુમારનો, નવમો દિશિકુમારનો, દશમો વાયુકુમારનો, અને અગીયારમો સ્તનિતકુમારનો દંડક છે. બારમો પૃથ્વીકાયનો દંડક છે, તેરમો અપકાયનો દંડક છે, ચૌદમો તેઉકાયનો દંડક છે, પંનરમો વાયુકાયનો દંડક છે, સોળમો વનસ્પતિકાયનો દંડક છે, સત્તરમો બેઇંદ્રિયજીવનો દંડક છે, અઢારમો તેઇંદ્રિયજીવનો દંડક છે, ઓગણીશમો ચૌરેંદ્રિયજીવનો દંડ છે, વીશમો તિર્યંચપંચેંદ્રિય જીવનો દંડક છે, એકવીશમો મનુષ્યનો દંડક છે, બાવીશમો વાણુવ્યંતર દેવતાનો દંડક છે, ત્રેવીશમો જ્યોતિષી દેવતાનો દંડક છે અને ચોવીશમો વૈમાનિક દેવતાનો દંડક છે. આ પ્રમાણે જુદી જુદી જાતિના જીવોના જુદા જુદા દંડક પાડેલા છે.

ચંચળ—આનંદા કાકી, જે ચોવીશમો વૈમાનિક દેવતાનો દંડક કહ્યો, તે વિષે વધારે સમજાવો.

આનંદા—બ્હેનો, તે વૈમાનિક દેવોના દંડકના મૂળ બે ભેદ છે. સકલ્પ. અને કલ્પાતીત. જે દેવતાઓ આચારવાળા હોય તે સકલ્પ કહેવાય છે. તે [1]કલ્પ બાર દેવલોકના દેવોને હોય છે, તે બાર દેવલોકનાં નામ આ પ્રમાણે છે. ૧ સૌધર્મ દેવલોક, ૨ ઈશાન દેવલોક, ૩ સનત્કુમાર દેવલોક, ૪ માહેંદ્ર દેવલોક, ૫ બ્રહ્મ દેવલોક, ૬ લાંતક દેવલોક, ૭ મહાશુક્ર

૧ જેને મેરૂ બાર.

દેવલોક, ૮ સહસ્રાર દેવલોક, ૯ આનત દેવલોક, ૧૦ પ્રાણત દેવલોક, ૧૧ આરણ દેવલોક, અને ૧૨ અચ્યુત દેવલોક—એ બાર દેવલોક કહેવાય છે.

બીજા કલ્પાતીત દેવતા કહેવાય છે. જેઓને સ્વામી સેવકનો સંબંધ નથી, તેઓ કલ્પાતીત દેવતા કહેવાય છે. તેઓના બે પ્રકાર છે. ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવતા. તેમાં ગ્રૈવેયક નવ અને અનુત્તર વિમાન પાંચ કહેવાય છે. ૧ સુદર્શન, ૨ સુપ્રતિબદ્ધ, ૩ મનોરમ, ૪ સર્વતોભદ્ર, ૫ સુવિશાળ, ૬ સુમનસ, ૭ સૌમનસ્ય, ૮ પ્રીતિકર અને ૯ આદિત્ય—એવાં તેનાં નામ છે. ૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત અને ૫ સર્વાર્થસિદ્ધ,—એ પાંચ અનુત્તર વિમાનના નામ છે.

બ્હેનો, એ ચોવીશ દંડકોને જુદા જુદા ચોવીશ દ્વારમાં ઉતાર્યા છે. તેથી તે દ્વાર કહેવાય છે. તે તમે લક્ષ દઈને સાંભળજો. તે ચોવીશ દ્વારના નામ આ પ્રમાણે છે—૧ શરીરદ્વાર, ૨ અવગાહનાદ્વાર, ૩ સંઘયણદ્વાર, ૪ સંજ્ઞાદ્વાર, ૫ સંસ્થાનદ્વાર, ૬ કષાયદ્વાર, ૭ લેશ્યાદ્વાર, ૮ ઇંદ્રિયદ્વાર, ૯ સમુદ્‌ઘાતદ્વાર, ૧૦ દૃષ્ટિદ્વાર, ૧૧ દર્શનદ્વાર, ૧૨ જ્ઞાન તથા અજ્ઞાનદ્વાર, ૧૩ યોગદ્વાર, ૧૪ ઉપયોગદ્વાર, ૧૫ ઉપપાતદ્વાર, ૧૬ ચ્યવનદ્વાર, ૧૭ આયુષ્યદ્વાર, ૧૮ પર્યાપ્તિદ્વાર, ૧૯ દિશિદ્વાર, ૨૦ સંજ્ઞાદ્વાર, ૨૧ ગતિદ્વાર, ૨૨ આગતિદ્વાર, ૨૩ વેદદ્વાર, અને ૨૪ અલ્પબહુત્વદ્વાર,—એ ચોવીશ દ્વાર જાણવાં.

૧ પહેલું શરીરદ્વાર છે. તે શરીર ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ અને ૫ કાર્મણ—એવા પાંચ પ્રકારનું છે. પંચેન્દ્રિય તિર્યંચના એક દંડક, અને વાયુકાયનો એક દંડક એ બે દંડકને વિષે ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ—એ ચાર શરીર હોય છે. [illegible] ઔદારિક, તૈજસ અને કાર્મણ—એ

त्रण शरीर होय छे अने मनुष्यना एक दंडकना जीवोने ते पांचे शरीरो होय छे. तेमां संमूर्छिम मनुष्योने औदारिक, तैजस अने कार्मण—ए त्रण शरीर होय छे—बाकीना एकवीश दंडकना जीवोमां नारकी अने देवताना मळी चौद दंडकने विषे वैक्रिय, तैजस अने कार्मण—ए त्रण शरीरो होय छे. एक वायुकाय शिवाय बाकीना स्थावरना चार दंडकना जीवोने अने विकलेंद्रियना त्रण दंडकना जीवोने औदारिक, तैजस अने कार्मण—ए त्रण शरीरो होय छे.

२ बीजुं अवगाहना द्वार छे. ते द्वारथी चोवीश दंडकना शरीरनुं प्रमाण बतावाय छे. पांच स्थावरमां वनस्पतिकाय शिवाय बाकीना चार स्थावरमां जघन्यथी अंगुलना असंख्यातमा भाग जेटलुं अने उत्कृष्टथी असंख्यात गुणो अधिक एवुं शरीरनुं प्रमाण छे. बाकीना जे वीश दंडक रह्या, ते बधामां शरीरनुं प्रमाण जघन्यथी अंगुलना असंख्यातमा भाग जेटलुं अने उत्कृष्टथी नारकीना दंडकमां पांचसो धनुष्यनुं अने देवताना तेर दंडकमां सात हाथनुं प्रमाण छे. तेमां सात नारकीना जीवना शरीरनुं प्रमाण जुदुंजुदुं कहेलुं छे. सातमीनरके पांचसो धनुष्य, छठी नारके अढीसे धनुष्य, पांचमी नारके सवासो धनुष्य, चोथी नारके बासठ धनुष्य त्रीजी नारके साडाएकत्रीश धनुष्य, बीजी नारके साडापंनर धनुष्य ने बार आंगळ अने पेहेली नारके आठ धनुष्यने छ अंगुलनुं प्रमाण छे.

देवतामां पण भवनपति, व्यंतर, ज्योतिष्क, सौधर्म तथा इशान—ए बे लोक सुधी सात हाथनुं शरीरनुं मान छे. ते पछी त्रीजा सनत्कुमार अने चोथा माहेंद्र—ए बे लोकमां छ हाथनुं शरीरनुं मान छे. पांचमा ब्रह्मलोक तथा छठा लांतक—ए बे लोकमां पांच हाथनुं शरीरनुं मान छे, तथा सातमो शुक्र अने आठ-

મો સહસ્રાર—એ બે લોકમાં ચાર હાથનું શરીરનું માન છે. નવમો આનત અને દસમો પ્રાણત અગીયારમો આરણ અને બારમો અચ્યુત—એ ચાર દેવલોકમાં ત્રણ હાથનું શરીરનું માન છે. નવ ગ્રૈવેયકમાં બે હાથનું અને પાંચ અનુત્તર વિમાનમાં એક હાથનું શરીરનું માન છે.

ગર્ભજ તિર્યંચમાં શરીરનું માન એક હજાર યોજનનું છે અને વનસ્પતિકાયના જીવોનું માન એક હજાર યોજનથી કાંઇક અધિક છે. ગર્ભજ મનુષ્ય અને ત્રણ ઇંદ્રિયવાળા જીવોનું માન ત્રણ ગાઉ સુધીનું છે, બેઇંદ્રિય જીવોના શરીરનું માન બાર યોજન સુધીનું છે. અને ચાર ઇંદ્રિય જીવોના શરીરનું માન એક યોજનનું છે.

પ્રિય બ્હેનો, જે જે દંડકના જીવને વૈક્રિય શરીર હોય છે, તે બે જાતનું હોય છે એક તો ભવોપગ્રાહી અને ઉત્તર વૈક્રિય. ભવોપગ્રાહીનું માન મેં તમોને સમજાવ્યું છે, તેમજ સમજવું અને ઉત્તર વૈક્રિય પેહેલા સમયમાં તેના શરીરનું માન અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે અને પછી વધતું વધતું જે દંડકે જેટલું વધવાનું હોય તેટલું વધી શકે છે. દેવતાનું વૈક્રિય શરીર એક લાખ યોજન સુધી વધી શકે છે,મનુષ્યનું વૈક્રિય શરીર એક લાખ યોજનથી અધિક વધી શકે છે, તિર્યંચજીવોનું વૈક્રિય શરીર નવસો યોજન સુધી વધી શકે છે અને નારકીના જીવોનું વૈક્રિય શરીર પોતાના મૂલ પ્રમાણથી બમણું થઇ શકે છે.

ચંચળ—પૂજ્ય કાકી, મારા મનમાં એક શંકા છે, તે નિવારણ કરો.

આનંદા—બ્હેન, ખુશીથી કહે.

ચંચળ—તમે જે વૈક્રિય શરીરનું માન કહ્યું પણ તે વૈક્રિયશરીર કયાં સુધી વધેલું ટકી શકતું હશે? તે સમજાવો.

આનંદા—બ્હેન ચંચળ, તેને માટે આપણા દંડકશાસ્ત્રમાં જે કહેલું છે, તે સાંભળ, નારકીના જીવોનું વૈક્રિયશરીર અંતમુહૂર્ત્ત સુધી ટકી રહે છે, અને તે પછી તે વિસરાળ થઇ જાય છે. તિર્યંચ અને મનુષ્યોનું વૈક્રિયશરીર એક પોહોર સુધી ટકી શકે છે. દેવતાઓનું વૈક્રિય શરીર પંનર દિવસ ટકી શકે છે. બ્હેનો, એવી રીતે બીજું અવગાહના દ્વાર કહ્યું, તે ધ્યાનમાં રાખજો. હવે ત્રીજું સંઘયણદ્વાર કહું છું, તે સાંભળો—

તે ચોવીશ દંડકના જીવોમાં કયા દંડકના જીવના શરીરનો બાંધો કેવો છે? તે જાણવાને માટે ત્રીજા સંઘયણદ્વારનું પ્રયોજન છે. સંઘયણના છ પ્રકારછે. ૧ વજ્રઋષભનારાચ સંઘયણ ૨ ઋષભનારાચ સંઘયણ ૩ નારાચ સંઘયણ ૪ અર્દ્ધ નારાચ સંઘયણ ૫ કીલિકા સંઘયણ અને ૬ છેવટ્ટું—સેવાર્ત્તસંઘયણ. તે દરેક સંઘયણના જુદા જુદા અર્થ છે, ને હું તમને બીજે પ્રસંગે સમજાવીશ.

સ્થાવરના પાંચ દંડક, દેવતાના તેર દંડક, નારકીનો એક—એ ઓગણીશ દંડકના જીવોને છએ સંઘયણમાંથી એકે સંઘયણ હોતું નથી. કારણકે, જે શરીરમાં હાડ તથા માંસ હોય ત્યાં સંઘયણ હોઇ શકે. અને તે ઓગણીશ દંડકના જીવોને હાડ તથા માંસ હોતા નથી. બે ઇંદ્રિય, તેંદ્રિય અને ચૌરિંદ્રિય—એ વિકલેંદ્રિયના ત્રણ દંડકના જીવોને છઠ્ઠું છેવટ્ટું અથવા સેવાર્ત્ત સંઘયણ હોયછે.

ચોથું સંજ્ઞાદ્વાર છે. સંજ્ઞાનો અર્થ જ્ઞાન થાય છે. તે સંજ્ઞા આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન—એવા ચાર પ્રકારની છે. તેમજ કામ, ક્રોધ, માન, માયા, લોભ અને લોક એ છ પ્રકારે પણ સંજ્ઞા કહેવાય છે. ઉપરની ચાર તેની સાથે મેળવતાં બધી મળીને દશ થાય છે. એકેંદ્રિય જીવથી માંડીને ચોવીશે દંડકના જીવોને એ દશ સંજ્ઞા હોય છે.

૫ પાંચમું સંસ્થાનદ્વાર છે. સંસ્થાનનો અર્થ આકૃતિ થાય છે, એટલે ચોવીશ દંડકના જીવોના શરીરની આકૃતી કેવી હોઈ શકે, તે સંસ્થાનદ્વારથી જાણી શકાય છે. એ સંસ્થાન ૧ સમચતુરસ્ર ન્યગ્રોધ, ૩ સાદિ, ૪ વામન ૫ કુબ્જ અને ૬ હુંડક એમ— છ પ્રકારે છે. તેમાં દેવતાના તેર દંડકના જીવોના શરીરની આકૃતિ સમચતુરસ્ર સંસ્થાનવાળી છે. મનુષ્ય અને તિર્યંચ—ના બે દંડકના જીવોને છએ સંસ્થાન હોઈ શકે છે. વિકલેંદ્રિયના ત્રણ દંડક અને નારકીના એક દંડકમાં હુંડક સંસ્થાન હોય છે. વનસ્પતિકાયના દંડકમાં ઘણું સંસ્થાન હોય છે. વાઉકાયના દંડકને ધજાને આકારે સંસ્થાન હોય છે. તેઉકાયના દંડકને જીવોને સોઈને આકારે સંસ્થાન હોય છે, અપ્કાયના જીવોને પરપોટાને આકારે, અને પૃથ્વીકાયના દંડકના જીવોને મસૂરની [illegible] તુવરની દાળને આકારે અથવા ચંદ્રને આકારે સંસ્થાન હોય છે.

૬ છઠું કષાય દ્વાર છે. ક્રોધ, માન, માયા અને લોભ—એ ચાર કષાય કહેવાય છે. ચોવીશે દંડકના જીવોને એ ચારે કષાય હોય છે.

૭ સાતમું લેશ્યાદ્વાર છે. લેશ્યા છ પ્રકારની છે, ૧ કૃષ્ણ લેશ્યા, ૨ નીલલેશ્યા, ૩ કાપોતલેશ્યા, ૪ તેજોલેશ્યા, ૫ પદ્મ લેશ્યા અને ૬ શુક્લલેશ્યા. [illegible]

દશ દંડક, વ્યંતર દેવતાનો એક દંડક, પૃથ્વીકાયનો એક દંડક, અને વનસ્પતિકાયનો એક દંડક—એ ચોદ દંડકને વિષે કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો-એ ચાર લેશ્યા હોયછે.

૮ આઠમું ઇંદ્રિયદ્વાર છે. જીભ, કાન, નાક, આંખ અને શરીર—એ પાંચ ઇંદ્રિયો છે. તેઓમાંથી જે દંડકે જેટલી ઇંદ્રિયો હોય, તે જાણવાને માટે આ ઇંદ્રિયદ્વારનો ઉપયોગ છે.

સ્થાવરના પાંચ દંડકમાં એક સ્પર્શ અથવા શરીર ઇંદ્રિય હોય છે. વિકલેંદ્રિયના ત્રણ દંડકમાં બે ઇંદ્રિયને બે, ત્રણ ઇંદ્રિયને ત્રણ અને ચઉરેંદ્રિયને ચાર ઇંદ્રિયો હોય છે, બાકીના સોળ દંડકમાં પાંચે ઇંદ્રિયો હોય છે.

૯ નવમું સમુદ્ઘાતદ્વાર છે. તે સમુદ્ઘાતના બે ભેદ છે. જીવ સંબંધી સમુદ્ઘાત અને અજીવ સંબંધી સમુદ્ઘાત, અહિં જીવ સંબંધી સમુદ્ઘાત લેવાની છે. આત્માની વેદના વિગેરેથી ઘાત થાય, તે સમુદ્ઘાત કહેવાય છે. તે જીવ સંબંધી સમુદ્ઘાતના સાત પ્રકાર પડે છે. ૧ વેદનાસમુદ્ઘાત, ૨ કષાયસમુદ્ઘાત, ૩ મરણ સમુદ્ઘાત, ૪ વૈક્રિય સમુદ્ઘાત, ૫ તૈજસ સમુદ્ઘાત, ૬ આહાર, સમુદ્ઘાત ૭ કેવળી સમુદ્ઘાત. એ સાત પ્રકારે આત્માના પ્રદેશ શરીરથી બાહેર નીકળે છે, માટે તે જીવ સમુદ્ઘાત કહેવાય છે.

મનુષ્યના એક દંડકમાં વેદના વીગેરે સાતે સમુદ્ઘાત હોય છે. વાયુ કાયના એક દંડક વિના બાકીના ચાર સ્થાવરના ચાર દંડકને વિષે વેદના, કષાય અને મરણ—એ ત્રણ સમુદ્ઘાત હોય છે. વિકલેંદ્રિયના ત્રણ દંડકમાં પણ તે વેદના, કષાય અને મરણ એ ત્રણ સમુદ્ઘાત હોય છે. ગર્ભજતિર્યંચનો એક દંડક અને દેવતાના તેર દંડક એ ચોદ દંડકને વિષે આહારક અને કેવળી એ બે સમુદ્ઘાત શિવાયની બાકીની પાંચ સમુદ્ઘાત હોય છે. નારકીનો એક દંડક

અને વાયુકાયનો એક દંડક, એ બે દંડકને વિષે વેદના, કષાય, મરણ અને વૈક્રિય એ ચાર સમુદ્ઘાત હોય છે.

હે બ્હેનો, દશમું દૃષ્ટિદ્વાર છે. તેના ત્રણ પ્રકાર પડે છે. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ. શ્રી વીતરાગ ભગવાને કહેલ વસ્તુ તત્ત્વનું જેમાં જ્ઞાન થાય તે સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. અને તેથી જે વિપરીત તે મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. સારૂં અને અને માઠું—એ બંનેમાં જે ખરાપણાનું જ્ઞાન થાય, તે ત્રીજી મિશ્રદૃષ્ટિ કહેવાય છે.

વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ—બંને હોયછે. સ્થાવરના પાંચ દંડકને વિષે અને સંમૂર્છિમ મનુષ્યોને વિષે એક મિથ્યાદૃષ્ટિ હોયછે. નારકીનો એક દંડક, ગર્ભજ તિર્યંચનો એક દંડક, ગર્ભજ મનુષ્યનો એક દંડક અને દેવતાના સોળ દંડકને વિષે સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ—એ ત્રણ દૃષ્ટિ હોય છે, તેમાં નવ ગ્રૈવેયકમાં સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ—એ બે દૃષ્ટિ હોય છે અને પાંચ અનુત્તર વિમાનમાં એક સમ્યગ્દૃષ્ટિજ હોય છે. જે સંમૂર્છિમ તિર્યંચના જીવો છે તેઓને સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બંને હોય છે.

પ્રિય બ્હેનો, ૧૧ અગીયારમું દર્શનદ્વાર છે. જીવનો સામાન્ય ઉપયોગ એ દર્શન કહેવાય છે. તે દર્શનના યોગથી જીવ દેખી શકે છે. ઘડો, વસ્ત્ર વગેરે, પદાર્થનો સામાન્ય આકાર જોવામાં આવે તે દર્શન અને તેનો વિશેષ આકાર એટલે તેની સારી માહિતી થવી એ જ્ઞાન કહેવાય છે, અને દર્શન અને જ્ઞાનમાં એટલો તફાવત છે. તે દર્શનના ચાર પ્રકાર છે. ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન અને ૪ કેવલદર્શન—એવા તે ચાર દર્શનના નામ છે. ચક્ષુઓવડે કોઈને “આ અમુક પદાર્થ છે” એમ જણાય, તે ચક્ષુ

દર્શન, ચક્ષુ વિના બીજી અંતઃકરણ વગેરે ઇંદ્રિયોથી તે વસ્તુનું સ્વરૂપ જોવું, તે બીજું અચક્ષુદર્શન, સામાન્ય પણે પૌદ્‌ગલિક વસ્તુનો પરિચ્છેદ કરવો તે ત્રીજું અવધિદર્શન અને જગતમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન—એ ત્રણે કાળથી વસ્તુને સામાન્યપણે જાણી લેવું તે ચોથું કેવલ દર્શન—કહેવાય છે.

સ્થાવરના પાંચ દંડક, બે ઇંદ્રિયનો એક દંડક અને તેંદ્રિયનો એક દંડક—એ સાત દંડકને વિષે અચક્ષુદર્શન હોય છે. ચાર ઇંદ્રિયોવાળા જીવોને વિષે ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન—એ બે દર્શન હોય છે. મનુષ્યના એક દંડકને વિષે ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ એ ચારે દર્શન હોય છે. દેવતાના તેર દંડક, નારકીનો એક દંડક અને પંચેંદ્રિય તિર્યંચનો એક દંડક—એ પંનર દંડના જીવોનેવિષે ચક્ષુ અચક્ષુ અને અવધિ—એ ત્રણ દર્શન હોય છે.

૧૨ બારમું જ્ઞાનદ્વાર છે. તે જ્ઞાનન. પાંચ પ્રકાર છે. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન અને ૫ કેવળજ્ઞાન, પાંચ ઇંદ્રિય અને છઠું મન એનાથી જીવને જે જ્ઞાન થાય છે, તે શબ્દના ઉપયોગમાં ન મુકાય, ત્યાં સુધી તેને મતિજ્ઞાન કહેવાય છે. બીજું શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે. દ્રવ્ય શ્રુતજ્ઞાન અને ભાવશ્રુતજ્ઞાન. તેમાં જે દ્વાદશાંગીરૂપ જ્ઞાન તે દ્રવ્યશ્રુત અને દ્વાદશાંગી જાણવાથી ઉત્પન્ન થયેલો જે ઉપયોગતે ભાવશ્રુત કહેવાય છે. ત્રીજું અવધિજ્ઞાન બે પ્રકારનું છે. ૧ ભવહેતુક. ૨ ગુણહેતુક. દેવ તથા નારકીના જીવોને જે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય, તે ભવહેતુક અને સમકિતી મનુષ્ય તથા પંચેંદ્રિય તિર્યંચ વિગેરેને જે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય, તે ગુણહેતુક સમજવું.

ચોથું મનઃપર્યવજ્ઞાનથી મનના પર્યાય જાણી શકાય છે. તે ઋજુમતિ અને વિપુલમતિ એવા બે પ્રકારનું છે. તે જ્ઞાન સા-

ચુજનનેજ પ્રાપ્ત થાય છે. પાંચમું કેવળજ્ઞાન ઘાતિકર્મનો ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે. તે જ્ઞાનથી સર્વ લોકાલોકના ભાવ જાણવામાં આવે છે.

૧૩ તેરમું અજ્ઞાનદ્વાર છે. તે અજ્ઞાનના ત્રણ ભેદ છે. ૧ મતિઅજ્ઞાન, ૨ શ્રુતઅજ્ઞાન અને ૩ વિભંગજ્ઞાન તે ત્રણે અજ્ઞાન ઉપરના પાંચ જ્ઞાનની સાથે મેળવવાથી બધા મળીને આઠ પ્રકારનાં જ્ઞાન થાય છે.

હવે ! [illegible] પાંચ પ્રકારનું જ્ઞાન અને ત્રણ પ્રકારનું અજ્ઞાન ચોવીશ દંડકમાં કેવી રીતે છે ? તે કહું છું. દેવતાના તેર દંડક, પંચેન્દ્રિય તિર્યંચનો એક દંડક અને નારકીનો એક દંડક—એ પંદર દંડકમાં [illegible] જે મિથ્યાદૃષ્ટિ જીવ હોય, તેને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન—એ ત્રણ અજ્ઞાન હોય છે, અને જે સમ્યગ્દૃષ્ટિ [illegible] હોય, તેને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હોય છે. [illegible] પાંચ દંડકને વિષે મતિઅજ્ઞાન [illegible]

[illegible]

કાયયોગ, ૧૩ આહારક કાયયોગ, ૧૪ આહારક મિશ્ર કાયયોગ અને ૧૫ તૈજસ કાર્મણ કાયયોગ. એવાં તે યોગનાં પંનર પ્રકારના નામ છે. દેવતાના તેર દંડક અને નારકીનો એક દંડક—એ ચૌદ દંડકને વિષે સત્ય મનોયોગ વિગેરે ચાર યોગ. મનના, સત્ય વચન વગેરે ચાર યોગ વચનના, વૈક્રિય, તૈજસ અને કાર્મણ—એ ત્રણ યોગ કાયાના—એમ બધા મળીને અગીયાર યોગ હોયછે. તિર્યંચના એક દંડકને વિષે આહારક કાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ શિવાયના બાકીના તેર કાયયોગ હોયછે. મનુષ્યના એક દંડકને વિષે પંદર યોગ હોયછે. વિકલેંદ્રિયના ત્રણ દંડકને વિષે ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્ર કાયયોગ, કાર્મણ કાયયોગ અને અસત્યામૃષા વચનયોગ—એ ચાર યોગ હોયછે. વાયુકાયના એક દંડકને વિષે ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્ર કાયયોગ, વૈક્રિય કાયયોગ વૈક્રિય મિશ્ર કાયયોગ અને કાર્મણ કાયયોગ—એ પાંચ યોગ હોયછે. વાયુકાય શિવાય બાકીના ચાર સ્થાવરના ચાર દંડકને વિષે ઔદારિક મિશ્ર કાયયોગ, અને કાર્મણ કાયયોગ—એ ત્રણ યોગ હોયછે.

હે બંધુઓ, ૨૫ પંદરનું ઉપયોગદ્વાર છે. જેનાથી વસ્તુનું સ્વરૂપ ઓળખવામાં આવે, તે ઉપયોગ કહેવાય છે તે ઉપયોગ નિરાકાર અને સાકાર એવા બે પ્રકારનો છે. નિરાકાર ચક્ષુદર્શન, અચક્ષુ, અવધિ અને કેવળ દર્શન—એ ચાર ભેદથી ચાર પ્રકારનો છે. અને બીજો સાકાર ઉપયોગ આઠ પ્રકારનો છે. પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન—એમ તેને અનુસરી તેમ તેના આઠ પ્રકાર થઈ શકે છે. છદ્મસ્થને પહેલા દર્શનોપયોગ હોય છે, તેને સામાન્ય ઉપયોગ કહે છે, અને પછી જ્ઞાને કરી જાણે તે વિશેષ ઉપયોગ કહેવાય છે. કેવળી ભગવાનોને પહેલા સમયમાં વિશેષ ઉપયોગ હોય છે અને બીજે દર્શનથી દેખે એટલે સામાન્ય ઉપયોગ થાય છે. તે ઉપયોગના

છે. ચામડી સાથે ફરસે તે લોમાહાર અને મોઢામાં કોળીયા નાખવા તે પ્રક્ષેપાહાર કહેવાય છે. તેમાં દેવ તથા નારકીના જીવોને ઓજાહાર અને લોમાહાર હોય છે. નારકીને તેણને આહાર મનમાં ચિંતવ્યા પછી અમનોજ્ઞ (નઠારી રીતે) પરિણમે છે અને દેવતાઓને શુભ મનોજ્ઞ (શુભ રીતે) પરિણમે છે, એકેંદ્રિય વગેરે પાંચ સ્થાવરને ઓજાહાર અને લોમાહાર હોય છે. ત્રણ વિકલેંદ્રિય, તિર્યંચ પંચેંદ્રિય, અને મનુષ્યના જીવોને ઓજાહાર, લોમાહાર અને કવલાહાર હોય છે.

હે પ્રિય બ્હેનો! હવે ૨૧ એકવીશમું સંજ્ઞાદ્વાર કહું છું, તે સાંભળો—સંજ્ઞાનો અર્થ જાણવું થાય છે. તે સંજ્ઞા ત્રણ પ્રકારની છે, દીર્ઘકાલિકી, હિતોપદેશિકી અને દૃષ્ટિવાદોપદેશિકી—જે ત્રણે કાળની વાત જાણે તે દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાય છે. જે પોતાના હિતમાં એટલે શરીર સાચવવા વિગેરે પોતાને ગમતી વાતમાં પ્રવર્તે અને જે પોતાને અહિત—અણગમતી હોય તેથી નિવર્તે તે બીજી હિતોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. જે દ્વાદશાંગી ભણવામાં કે સમ્યગ દૃષ્ટિમાં પ્રવર્તે તે ત્રીજી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક—એ ચાર પ્રકારના દેવતાના તેર દંડક તિર્યંચનો એક દંડક અને નારકીનો એક દંડક [illegible] દંડકના જીવોને પણ દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે. [illegible] અમુક કામ હું કરું છું, મેં અમુક કામ કર્યું અને અમુક કામ હું કરીશ." એમ ત્રણે કાળનું જ્ઞાન તેમને હોય છે.

વિકલેંદ્રિયના ત્રણ દંડકના જીવોને હિતોપદેશિકી સંજ્ઞા હોય [illegible]

, તેઓમાં કોઈ સમ્યગ્દૃષ્ટિ આદિ પૂર્વધારી થાય છે.

પ્રિય બ્હેનો, ૨૨ બાવીશમું ગતિદ્વાર છે. ગતિનો અર્થ ગ-
ન કરવું છે.ચોવીશ દંડક માંહેલા કયા કયા દંડકના જીવ મરીને
ા કયા દંડકમાં ગમન કરી ઉપજે છે, તે વાત આ દ્વારમાં
સાવેલી છે.

૨૩ ત્રેવીશમું આગતિદ્વાર છે. આગતિનો અર્થ આવવું
ાય છે. એટલે કયા કયા દંડકમાં કયા કયા દંડકના જીવ આવીને
ઉપજે છે, તે એ દ્વારથી જાણવામાં આવે છે. પર્યાપ્તા પંચેંદ્રિય
તીર્યંચ અને પર્યાપ્તા મનુષ્ય—એ બે દંડકના જીવો ભવનપતિ
વગેરે ચાર દેવતાના તેર દંડકમાં જાય છે. અસંખ્યાતા વર્ષના આ-
યુષ્યવાળા જુગલિયા મનુષ્ય સિવાય સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા
પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય તથા પર્યાપ્તા પૃથ્વીકાય,
અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયના પાંચ દંડકને વિષે દેવતાના
તેર દંડકના જીવ ચ્યવીને ઉપજે છે.

અસંખ્યાતા વર્ષની આયુષ્યવાળા જુગલિયા વિના સંખ્યાતા
વર્ષની આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજતિર્યંચ અને મનુષ્યના જીવો
સાતે નારકીના દંડકમાં જાય છે અને ત્યાંથી નીકળી તે નારકીના
જીવો સંખ્યાતા આયુષ્યવાળા પર્યાપ્તા મનુષ્ય તથા તિર્યંચના બે
દંડકને વિષે ઉપજે છે. બાકીના બાવીશ દંડકને વિષે નારકીના જીવ
ઉપજતા નથી. એમ ઉપરથી એટલું સમજવાનું કે, પંચેંદ્રિય તિર્યંચ
અને ગર્ભજ મનુષ્ય નારકીમાં ઉપજે છે અને તે નારકીમાંથી નીકળી
પાછો ગર્ભજતિર્યંચ અને ગર્ભજમનુષ્યમાં આવી ઉપજે છે.

બ્હેનો, આ બાબત તમારે વધારે સમજવાની છે. સંમૂર્છિમ
તિર્યંચ પંચેંદ્રિયજીવ પેહેલી નરક સુધી જાય છે. ખેચર જાતિના
જીવો ત્રીજી નારકી સુધી જાય છે, સિંહ વગેરે ચોપગા પ્રાણી ચોથી
નારકી સુધી જાય છે, ઉરપરિસર્પ જાતિના જીવો પાંચમી નારકી સુધી

જાય છે, સ્ત્રીઓ છઠ્ઠી નારકી સુધી જાય છે અને મનુષ્ય તથા મત્સ્ય જાતિના જીવ સાતમી નારકી સુધી જાય છે.

બ્હેનો, કઇ નારકીના જીવ ક્યાં આવીને ઉપજે છે? એ પણ તમારે જાણવાનું છે. સાતમી નારકીમાંથી નીકળેલો જીવ ગર્ભજ તિર્યંચમાં આવે છે અને સમકિત પણ પામે છે, છઠી નરકમાંથી નીકળેલો જીવ ગર્ભજતિર્યંચ અને ગર્ભજમનુષ્યમાં જાયછે અને તે દેશવિરતિપણું પામે છે, તે સર્વવિરતિપણું પામી શકતો નથી. પાંચમી નરકમાંથી નીકળેલો જીવ ગર્ભજ મનુષ્ય થાય અને સર્વવિરતિપણું પામે છે, પણ તે કેવળજ્ઞાન પામી શકતો નથી. ચોથી નરકમાંથી નીકળેલો જીવ ગર્ભજમનુષ્ય થાય છે અને તે કેવળજ્ઞાન પામે વા ન પામે પરંતુ તીર્થંકર તો થતોજ નથી. ત્રીજી નરકમાંથી નીકળેલો જીવ ગર્ભજમનુષ્ય થાય છે. અને તીર્થંકર પણ થઇ શકે છે, પરંતુ વાસુદેવ અથવા બળદેવ થઇ શકતો નથી. બીજી નરકમાંથી નીકળેલો જીવ મનુષ્ય થાય છે અને વાસુદેવ તથા બળદેવ પણ થઇ શકે છે. પરંતુ ચક્રવર્ત્તી થઇ શકતો નથી. પેહેલી નારકીમાંથી નીકળેલો જીવ ચક્રવર્ત્તી વગેરે સમગ્ર પદવીને પામે છે. આ પ્રમાણે નારકીના જીવોનું ગતિ અને અગતિદ્વાર જાણવું.

બ્હેનો, હવે પૃથ્વીકાય અપ્કાય અને વનસ્પતિકાય—એ ત્રણ દંડકના જીવોનું આગતિદ્વાર તથા ગતિદ્વાર કહું, તે તમે એક ચિત્તે સાંભળજો.—પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયના દંડકમાં નારકીના જીવ શિવાય બાકીના ત્રેવીશ દંડકના જીવો આવી ઉપજે છે. અને પૃથ્વી વગેરે પાંચ સ્થાવરના પાંચ દંડક, વિકલેંદ્રિયના ત્રણ દંડક, મનુષ્યનો તથા તિર્યંચનો એક દંડક—એ દશ દંડકને વિષે પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય એ ત્રણ દંડકના જીવો જાય છે. ઉપર કહેલા દશ દંડકના જીવો ત્યાંથી નીકળી તેઉકાય તથા વાયુકાય—એ બે દંડકના જીવો પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય અને એક પંચેંદ્રિય તિર્યંચ—એ નવ દંડકમાં ઉપજે છે. પૃથ્વીકાય વગેરે દશ દંડકના જીવો ચ્યવીને વિકલેંદ્રિયમાં આવે

છે અને તે વિકલેંદ્રિયના જીવો તે દશ દંડકમાં જાય છે. ગર્ભજ તિર્યંચના જીવો ચોવીશે દંડકમાં જાય છે અને આવે છે, મનુષ્યના દંડકના જીવો ચવીને ચોવીશે દંડકમાં જાય છે. તેઉકાય અને વાયુકાય વિના બાકીના બાવીશે દંડકના જીવો મનુષ્યમાં આવે છે.

હે બ્હેનો, આ પ્રમાણે તે ગતિદ્વાર અને આગતિદ્વાર સમજવું હવે હું તમને ૨૪ ચોવીશમું વેદદ્વાર કહું તે તમે લક્ષપૂર્વક સાંભળજો. અહિં વેદનો અર્થ અભિલાષ થાય છે. તે વેદના ત્રણ પ્રકાર છે. ૧ સ્ત્રીવેદ, ૨ પુરૂષ વેદ અને ૩ નપુંસક વેદ. જે પુરૂષ ઉપર અભિલાષ કરવો, તે સ્ત્રી વેદ કહેવાય છે. સ્ત્રી ઉપર જે અભિલાષ કરવો તે પુરૂષવેદ અને સ્ત્રી તથા પુરૂષ બંનેનો અભિલાષ કરવો તે નપુંસકવેદ કહેવાય છે. પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યના દંડકને વિષે સ્ત્રી વેદ, પુરૂષ વેદ અને નપુંસક વેદ ત્રણે હોય છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવતાના તેર દંડકને વિષે સ્ત્રીવેદ તથા પુરૂષવેદ હોય છે, નપુંસકવેદ હોતો નથી. સ્થાવરના પાંચ દંડક, વિકલેંદ્રિયના ત્રણ દંડક અને નારકીનો એક દંડક--એ નવ દંડકને વિષે ફક્ત નપુંસક વેદજ હોય છે. સ્ત્રીવેદ તથા પુરૂષવેદ હોતા નથી.

બ્હેનો, આ પ્રમાણે ચોવીશ દંડકના જીવોને ચોવીશદ્વારે કહેલાં છે, તે ઉપરાંત એક પચવીશમું અલ્પબહુત્વદ્વાર કહેલું છે. કયા દંડકના જીવ સર્વથી થોડા છે અને કયા દંડકના, જીવ સર્વથી વધારે છે, એ બાબત અલ્પબહુત્વદ્વારથી જણાય છે.

બ્હેનો, જગતમાં જેટલા જીવો છે, તેમાં ગર્ભજ પર્યાપ્તા મનુષ્યના જીવ સર્વથી થોડા છે. તેમનાથી બાદર અગ્નિકાય જીવ વધારે છે. તેમનાથી વૈમાનિક દેવતા વધારે છે, તેઓથી દશભુવનપતિના જીવો અધિક છે તેઓથી નારકીના જીવો અધિક છે, તેમનાથી વ્યંતરદેવ, તેમનાથી જ્યોતિષીદેવ, તેમનાથી ચોરિંદ્રિયજીવ અને તેમનાથી પંચેંદ્રિય તિર્યંચના જીવો અધિક છે. તેમનાથી બેઇંદ્રિય જીવ, તેથી તેંદ્રિયજીવ, તેથી પૃથ્વીકાયજીવ, તેથી અપ્કાયજીવ, તેથી વાયુકાય જીવ, અને તેથી વનસ્પતિકાયજીવ અધિક છે.

પ્રિયબ્હેનો એ પ્રમાણે ચોવીશ દંડકના પચ્ચવીશ દ્વાર કહેલા છે. મેં તમને તેનું ટુંક વર્ણન કરી બતાવ્યું છે, તેનું તમે બરાબર મનન કરજો. જેથી તમને જીવ સંબંધી સારૂં જ્ઞાન પ્રાપ્ત થશે.

ધર્મદાસ શેઠ કહે છે—હે શ્રાવિકાઓ, આ પ્રમાણે આનંદા પોતાની પુત્રી લલિતાને અને બીજી શ્રાવિકાઓને કહેતી હતી તેવામાં જયા બોલી—

જયા—ધર્મમાતા આનંદા કાકીજી, તમે જે દંડકની ઉપદેશવાર્ત્તા કહી, તે બધી યાદ રહે તેવી નથી, માટે તેની જો કોઇ ગરબી હોય તો કહો.

આનંદા—તે કવિતા લલિતાને આવડે છે, તે બોલશે.

કુમુદ—બા, મને પણ આવડે છે. જો તમે કહો તો ગાઈ બતાવું.

આનંદા—તું અને લલિતા બંને ગાઓ પછી લલિતા અને કુમુદ તે ચોવીશ દંડકની કવિતા ગાઇ બતાવે છે.

ધર્મદાસશેઠ—એ કવિતા અમારી શ્રાવિકા તમને ગાઇ બતાવશે.

પછી ગંગા તે કવિતા શ્રાવિકાશાળામાં ગાય છે.

દંડકની કવિતા.

ગરબી.

“ સારૂં સારૂં તે સુરત શેહેર ”—એ રાહ.

સુણો સર્વ શ્રાવક નાર, વાત વિચારીરે;
સુખકારક દંડક બોધ, લ્યો મન ધારીરે. ૧
છે ચાર ગતિના જીવ, સર્વ પ્રમાણોરે;
તે સ્થાન તણા જે ભાગ, દંડક જાણોરે. ૨

છે દશ દંડક દશ જાત, ભુવનપતિનારે;
તેમાં દશ દેવ ગણાય, [1]વિવિધ કૃતિનારે. ૩
[2]પૃથ્વી જળ તેજ પવન, વનસ્પતિ જાણોરે;
એક દંડક તેનો આપ, સદ્ય પ્રમાણોરે. ૪
છે [3]વિકલેંદ્રિયનો એક, દંડક ગણતાંરે;
[4]પંચેંદ્રિય તિર્યંચ એક, જન સહુ ભણતાંરે. ૫
માનવ, [5]વ્યંતર જ્યોતિ, વૈમાનિક દેવા;
તે દંડક એક ગણાય, તે સ્થળમાં તેવા. ૬
તે ચોવીશ દંડક સર્વ, પૂર્ણ ગણચારે;
જિન આગમ માંહે એહ, મુખ્ય ભણ્યાંછેરે. ૭
છે ચોવીશ તેનાં દ્વાર, તે સંયોગેરે;
તે સ્થિતિ બતાવે પૂર્ણ, વપુને યોગેરે. ૮
સૌ બ્હેનો ધરજો ચિત્ત, દંડક રીતિરે;
અંતરમાં ધરજો પૂર્ણ, તે પર પ્રીતિરે. ૯

ધર્મદાસ શેઠ—હે માતાઓ અને બ્હેનો, લલિતા અને કુમુદે ચોવીશ દંડકની કવિતા ગાઈ બતાવી તે સાંભળી ચંચળ વગેરે બધી શ્રાવિકાઓ ખુશી થઇ ગઇ. અને તેમણે એ કવિતા લખી મોઢે કરવાનો નિશ્ચય કર્યો હતો. પછી આનંદાએ કહ્યું કે, બ્હેનો, હવે આજે આપણો ઉપદેશવાર્ત્તા બંધ કરવાનો સમય થઈ ગયો છે, પછી આદીશ્વર ભગવાનની જય બોલાવી ચંચળ, પ્રેમ, પુતળી, જયા, પ્રેમદા, પોતી વગેરે આનંદાને પગે લાગી પોત પોતાને ઠેકાણે ચાલતાં થયાં.

ધર્મદાસ શેઠ—હવે આપણો પણ સમય થઇ ગયો છે,

૧ જુદા જુદા કામ કરનારા. ૨ પાંચ સ્થાવરેનો એક એક દંડક છે. ૩ બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય એ ત્રણનો એક એક દંડક. ૪ પંચેંદ્રિય તિર્યંચનો એક દંડક છે. ૫ વાનવ્યંતર.

તેથી ધર્મવાર્ત્તા સમાપ્ત કરવામાં આવે છે. બોલો આદિનાથ ભગવાનૂનીજય. પછી બધી શ્રાવિકાઓ આદીશ્વર ભગવાનની જય બોલી ખુશી ખુશી થતી પોતાને ઘેર ચાલતી થઈ.

ધર્મદાસ શેઠ અને ગંગા પોતાને ઘેર આવે છે. ગંગા પતિની સેવામાં હાજર રહે છે. ધર્મદાસ શેઠ ગંગાની સેવા ભક્તિ જોઈ ખુશી થાય છે અને પોતાના હૃદયમાં વિચારે છે કે, આવી શ્રાવિકા શ્રાવકસંસારને ખરેખર સુધારનારી છે. પૂર્વે મેં શાં સુકૃત કર્યા હશે કે, જેથી આવી શ્રાવિકાની સાથે મારો સંસાર જોડાયો. ધન્ય છે, આવી સ્ત્રીઓના જીવનને. જેમણે પોતાના જીવનમાં ઉચ્ચ વૃત્તિ દર્શાવી છે, તેવી સ્ત્રીઓ આ મનુષ્ય સંસારમાં સ્વર્ગનું સુખ આપનારી છે. હે વીર શાસનના દેવતા, તેવી ઉચ્ચ વૃત્તિવાળી શ્રાવિકાઓ બનાવી આભારતની જૈન પ્રજાનો ઉદ્ધાર કરો.

'तथास्तु'

श्राविकाभूषण तृतीय
अलंकार.
समाप्त.

अनुष्टुप्.

श्राविकाभूषणं कृत्वा श्राविका श्राविका भवेत् ।
श्राविका श्राविकात्मा श्राविकाभूषणं विना ॥ १ ॥